भारत में स्वच्छता एक बहुत बड़ा मुद्दा है, हालाँकि इसकी जड़ें इतिहास में भी पाई जाती हैं। मौलिक रूप से, स्वच्छता के ऐतिहासिक परिप्रेक्ष्य को देखने पर, यह सामाजिक भेदभाव से जुड़ा हुआ दिखाई देता है। स्वच्छता के आधार पर, जाति-आधारित व्यावसायिक संरचना, सामाजिक भेदभाव जैसी अवधारणाएँ भी इससे जुड़ी हुई हैं। स्वच्छता के मुद्दे के साथ, भारतीय जातिगत संरचना वर्तमान समय में भी कुछ हद तक विद्यमान है। स्वच्छता की अवधारणा के माध्यम से भारतीय समाज में एक नए प्रकार का सामाजिक समरसता लाने का प्रयास करने वाले समाज सुधारक डॉ. बिंदेश्वर पाठक हैं, जिन्हें। 'भारत का शौचालय पुरुष' भी कहा जाता है।

डॉ. बिंदेश्वर पाठक द्वारा १९७० में सुलभ शौचालय की स्थापना की गई थी। भारत में स्वच्छता की गंभीर समस्या का समाधान करने और हाथ से मैला ढोने की प्रथा को समाप्त करने के उद्देश्य से स्थापित

सुलभ इंटरनेशनल, स्वच्छता समाधानों, सामाजिक सुधारों और सामुदायिक विकास पहलों में अग्रणी एक बहुआयामी संगठन के रूप में विकसित हुआ है। सुलभ इंटरनेशनल की सफलता का श्रेय बदलती परिस्थितियों के अनुरूप ढलने और साथ ही परिवर्तनकारी बदलाव लाने की इसकी क्षमता को जाता है। इससे हाशिए पर पड़े समुदायों, विशेष रूप से महिलाओं और हाथ से मैला उठाने वालों को सशक्त बनाकर सामाजिक परिवर्तन को भी गति प्रदान की है।

हेतु :

स्वच्छता एवं स्वास्थ्य सबंधित तथ्य जांचना और स्वच्छता का ऐतिहासिक परिप्रेक्ष्य जाच करना।

बिंदेश्वर पाठक के जीवन एवं विचारों का अध्ययन और स्वच्छता आंदोलन का मूल्यांकन।

स्वच्छता और स्वास्थ्य के आपसी संबंध का विश्लेषण एवं सामाजिक परिवर्तन में स्वच्छता की भूमिका को समझना

स्वच्छता को सामाजिक गरिमा, महिला सुरक्षा और समानता से जोड़कर समझना।

स्वच्छता का ऐतिहासिक परिप्रेक्ष्य (Historical Perspective of Sanitation)

प्राचीन से प्रारम्भिक सभ्यताएँ

मानव सभ्यताओं ने प्रारंभ से ही स्वच्छता की आवश्यकता को समझा। सिंधु घाटी जैसी प्राचीन सभ्यताओं में उन्नत जलापूर्ति और अपशिष्ट निकासी प्रणालियाँ पाई जाती थीं, जबकि समय के साथ यूरोप और अन्य क्षेत्रों में इन प्रणालियों के विकास में बड़े बदलाव आए। पश्चात् कई ऐतिहासिक समाजों ने पानी की आपूर्ति, सीवर तथा मल/कचरे के व्यवस्थापन को अपने सामाजिक ढाँचे में शामिल किया। आधुनिक शोध के अनुसार इन प्रणालियों के वैचारिक और तकनीकी विकास ने सार्वजनिक स्वास्थ्य और शहरी नियोजन को प्रभावित किया। उदाहरण के लिए, प्राचीन मेसोपोटामिया में पहले जलप्रणाली के प्रमाण मिलते हैं और बाद में फ्लश टॉयलेट जैसी अवधारणाएँ १८०० के आसपास विकसित हुईं।

भारत में स्वच्छता अभियान : ऐतिहासिक विकास

भारत में संगठित स्वच्छता प्रयास स्वतंत्रता के बाद प्रारंभ हुए, किंतु व्यापक जन-आंदोलन का स्वरूप इन्हें २१वीं सदी में मिला।

1954 : ग्रामीण स्वच्छता कार्यक्रम

1986 : Central Rural Sanitation Programme

1999 : Total Sanitation Campaign

2014 : स्वच्छ भारत मिशन

इन अभियानों का मुख्य लक्ष्य खुले में शौच का उन्मूलन, स्वच्छ पर्यावरण तथा जन-स्वास्थ्य सुधार रहा।

भारतीय परंपरा और सामाजिक आंदोलन

भारत में भी स्वच्छता की प्राचीन परंपरा है जहाँ सामाजिक रीति-रिवाज़ों और धार्मिक नियमों के कारण व्यक्तिगत सफाई और सामुदायिक स्वच्छता महत्वपूर्ण मानी जाती थी। यूरोप में रोमन सभ्यता के

पतन के बाद सफ़ाई-व्यवस्थाएँ गिर गईं, लेकिन भारत में परंपराएँ बनी रहीं। इसके अलावा, भारत में स्वच्छता आन्दोलन की ऐतिहासिक पृष्ठभूमि में कई सुधारक/नेता जैसे महात्मा गांधी आदि ने स्वच्छता को सामाजिक स्वास्थ्य और नैतिकता का हिस्सा माना।

स्वच्छता केवल एक सामाजिक या पर्यावरणीय विषय नहीं है, यह मानव स्वास्थ्य के लिए आधारभूत आवश्यक सेवा है। बिना सुरक्षित शौचालय और स्वच्छ परिवेश के कारण अनेक संक्रामक रोगों जैसे डायरिया, हैजा, टाइफाइड और पैरासाइट संक्रमण का जोखिम बढ़ जाता है, जो विशेष रूप से बच्चों और कमजोर समूहों में मृत्यु और रोग-भार का प्रमुख कारण है। शोध बताते हैं कि स्वच्छता और स्वास्थ्य सीधे जुड़े हैं; उन्नत स्वच्छता प्रथाओं से सामाजिक स्वास्थ्य संकेतकों में सुधार होता है और रोग-भार कम होता है।

डॉ. बिंदेश्वर पाठक के स्वच्छता के कार्य :-

उन्होंने स्वच्छता को केवल बुनियादी सुविधा न मानकर स्वास्थ्य, मानव गरिमा और सामाजिक न्याय से जोड़ा। उन्होंने 1970 में Sulabh International Social Service Organisation की स्थापना की। उनका प्रमुख योगदान था दो-पिट शौचालय तकनीक, मैनुअल स्कैवेंजिंग उन्मूलन, स्वच्छता शिक्षा और व्यवहार परिवर्तन आदि रहा हैं। यह तकनीक ने न केवल खुले में शौच की प्रथा को रोका बल्कि मानव मल त्याग से जुड़ी स्वास्थ्य समस्याओं में भी सुधार किया तथा "मैनुअल स्कैवेंजरिंग" के खिलाफ संघर्ष को मजबूती दी। डॉ. बिंदेश्वर पाठक ने इसी स्वच्छता-स्वास्थ्य सम्बन्ध को बुनियादी मानव अधिकार और सामाजिक दायित्व के रूप में लिया और स्वच्छता सुधार को सामाजिक आंदोलन के रूप में विकसित किया। स्वच्छता भारत के सामाजिक तथा सार्वजनिक स्वास्थ्य की दिशा में एक अत्यंत महत्वपूर्ण विषय रहा है। वर्षों तक ग्रामीण और शहरी क्षेत्रों में असंभव प्रतीत होने वाले स्वच्छता, खुले में शौच की प्रथा, और मानव मलत्याग से संबंधित बीमारियों ने लाखों लोगों का जीवन प्रभावित किया। विद्यमान परिस्थितियों के आधार पर शोधकर्ताओं और सामाजिक कार्यकर्ताओं ने न केवल स्वच्छता के तकनीकी समाधान विकसित किए बल्कि सामाजिक और सांस्कृतिक बाधाओं का भी विश्लेषण किया है। डॉ. बिंदेश्वर पाठक ऐसे ही एक सामाजिक वैज्ञानिक और सुधारक थे, जिन्होंने स्वच्छता और सार्वजनिक स्वास्थ्य के क्षेत्र में क्रांतिकारी योगदान दिया।

सुलभ

सुलभ मॉडल ने ग्रामीण तथा शहरी भारत में लाखों परिवारों को सुरक्षित, सस्ते और जल संरक्षणयुक्त शौचालय उपलब्ध कराए। इसी प्रकार के प्रयासों ने बाद में स्वच्छ भारत अभियान जैसे राष्ट्रीय कार्यक्रमों के लिए मार्ग भी तैयार किया। स्वच्छता केवल तकनीकी समाधान नहीं थी, बल्कि सामाजिक मान्यताओं, व्यवहार परिवर्तन और मानवीय गरिमा का प्रश्न भी थी।

सुलभ फ्लश कम्पोस्ट

यह शौचालय एक पोर-फ्लश वाटर-सील ट्विन-पिट शौचालय है जो तकनीकी रूप से उपयुक्त, सामाजिक-सांस्कृतिक रूप से स्वीकार्य और किफायती है। यह एक स्वदेशी तकनीक है और इसे स्थानीय श्रमिकों और सामग्रियों से आसानी से बनाया जा सकता है। यह मानव मल के सुरक्षित निपटान द्वारा सभी स्वास्थ्य लाभ प्रदान करता है। फ्लश करने के लिए इसमें केवल 1.5 से 2 लीटर पानी की आवश्यकता होती है, जिससे पानी की बचत होती है। गड्ढों की सफाई के लिए सफाईकर्मियों की आवश्यकता नहीं होती है। इसमें दो गड्ढे होते

हैं; गड्ढों का आकार और क्षमता उपयोगकर्ताओं की संख्या के अनुसार भिन्न होती है। गड्ढे की क्षमता आमतौर पर 3 साल तक रखी जाती है। दोनों गड्ढों का उपयोग बारी-बारी से किया जाता है। जब एक गड्ढा भर जाता है, तो मल को दूसरे गड्ढे में स्थानांतरित कर दिया जाता है। लगभग दो साल की विश्राम अवधि में, कीचड़ पच जाता है और लगभग सूखा और रोगाणु मुक्त हो जाता है, इस प्रकार खाद के रूप में उपयोग के लिए सुरक्षित होता है। पचा हुआ कीचड़ गंधहीन अच्छी खाद और मृदा संवर्धक होता है जिसे लाभार्थी आसानी से खोदकर कृषि कार्यों में उपयोग कर सकता है।

सुलभ सार्वजनिक शौचालय

सुलभ सार्वजनिक शौचालय परिसर सार्वजनिक स्थानों और झोपड़ियों में भुगतान और उपयोग के आधार पर सार्वजनिक शौचालय परिसर उपलब्ध कराना, सामुदायिक स्वास्थ्य एवं स्वच्छता तथा पर्यावरण स्वच्छता के क्षेत्र में सुलभ संस्था की एक महत्वपूर्ण उपलब्धि है। 1974 में सुलभ संस्था द्वारा शुरू की गई भुगतान और उपयोग के आधार पर सार्वजनिक शौचालयों के कार्यान्वयन और रख-रखाव की अवधारणा को पूरे देश में जबरदस्त सफलता मिली।

सुलभ ने अब तक देश के विभिन्न हिस्सों में लगभग 6000 ऐसे शौचालय परिसरों का निर्माण किया है, जहाँ चौबीसों घंटे रखरखाव की सुविधा उपलब्ध है। ये परिसर बस स्टैंड, अस्पताल, बाजार आदि जैसे सार्वजनिक स्थानों और झुग्गी-झोपड़ियों में स्थित हैं। इन परिसरों के निर्माण, संचालन और रखरखाव के लिए, संगठन सरकारी एजेंसियों और शौचालय परिसरों के उपयोगकर्ताओं के बीच उत्प्रेरक और भागीदार की भूमिका निभाता है। संगठन द्वारा विकसित सामुदायिक शौचालयों के संचालन और रखरखाव की प्रणाली में कई महत्वपूर्ण सुधार किए गए हैं। इससे स्थानीय निकायों को शहरों को साफ रखने और पर्यावरण में सुधार लाने के प्रयासों में काफी मदद मिली।यह स्थानीय अधिकारियों, गैर-सरकारी संगठनों और समुदाय की साझेदारी का एक अनूठा उदाहरण है। शौचालयों के निर्माण के लिए स्थानीय सरकार केवल एक बार भुगतान करती है। सुलभ संस्था व्यवस्था का निर्माण करती है और उपयोगकर्ताओं से प्राप्त शुल्क से कम से कम 30 वर्षों तक इसके रखरखाव की गारंटी लेती है, जिससे स्थानीय सरकार पर कोई बोझ नहीं पड़ता।

सामाजिक परिवर्तन में स्वच्छता की भूमिका

स्वच्छता केवल शारीरिक सफाई नहीं है यह समाज के ढांचे, सामाजिक व्यवहार और मूल्यों में परिवर्तन लाने वाला शक्ति-संचालित तत्व भी है। बिंदेश्वर पाठक ने स्वच्छता को समाजिक क्रांति का माध्यम बनाया जिसमें न केवल खुले में शौच और अस्वच्छता दूर की गई, बल्कि कास्ट-पद्धति की जड़ें हटाई, मानवीय गरिमा को बहाल किया और समानता-समर्थन किया।

बिंदेश्वर पाठक का समाजवादी दृष्टिकोण

उन्होंने सिर्फ तकनीकी समाधान नहीं दिए, बल्कि गाँधीवादी मानवाधिकार और समाजिक समता के मूल्यों को लागू किया, खासकर उन समुदायों के लिए जिन्हें सामाजिक बहिष्कार और भेदभाव का सामना करना पड़ता था (जैसे मैनुअल स्कैवेंजर्स) जो प्रायः दलित महिलाओं की श्रेणी में आते थे। बिंदेश्वर पाठक का लक्ष्य था मानवता और सम्मान का पुनर्स्थापन, खासकर उन लोगों के लिए जो शौचालय साफ़ करना उनकी जन्मजात भूमिका माना जाता था।

स्वच्छता, गरिमा और समानता

बिंदेश्वर पाठक के अनुसार, शौचालय की कमी से व्यक्ति की गरिमा क्षीण होती है, क्योंकि बिना सुविधा के लोग खुले में शौच करने को मजबूर होते हैं और इस कारण उन्हें आत्म-अवमानना का सामना करना पड़ता है।

महिला सुरक्षा और स्वच्छता

स्वच्छता की कमी विशेषकर ग्रामीण और अशहरी इलाकों में महिलाओं को असुरक्षित माहौल में शौच के लिए मजबूर करती है। इस कारण महिलाओं को छेड़छाड़, हमला, जंगली जानवर जैसे महत्वपूर्ण सुरक्षा जोखिम का सामना करना पड़ता है। यह सभी मुद्दे उनके मन, शरीर और सामाजिक स्वतंत्रता को प्रभावित करते हैं। शौचालय बनाना सिर्फ सुविधा नहीं है, महिलाओं की गरिमा, सुरक्षा और समानता की लड़ाई है।

समानता और सामाजिक स्वीकृति

स्वच्छता आंदोलन ने सामाजिक भेदभाव और लैंगिक विभाजन को कम किया। सुलभ की तकनीक ने मैनुअल स्कैवेंजिंग का अंत किया — यह प्रथा विशेषकर सामाजिक रूप से वंचित समुदायों की महिलाओं को ही सौंपी जाती थी।इससे जातीय और लैंगिक भेदभाव दोनों घटे और प्रभावित समुदायों को सामाजिक स्वीकृति और आर्थिक विकल्प मिले।

समापन:-

स्वच्छता केवल जन स्वास्थ्य तक ही सीमित नहीं है, बल्कि यह सामाजिक समानता, सम्मान और मानवाधिकारों का भी सार है। स्वच्छता के सामाजिक संदर्भ में देखें तो दशकों पहले भारत में एक घटिया प्रकार की स्वच्छता व्यवस्था विद्यमान थी, जिसके कारण यह कुछ बड़ी सामाजिक और स्वास्थ्य संबंधी आपदाओं का भी शिकार हुआ, मूलतः लैंगिक असमानता और महिलाओं के यौन शोषण का एक कारण संरचनात्मक शौचालयों का अभाव है। डॉ. पाठक ने इन सभी समस्याओं को भली-भांति समझा है और उनके समाधान हेतु पर्याप्त सुविधाएँ प्रदान की हैं, जो प्रत्यक्ष या अप्रत्यक्ष रूप से मानवीय गरिमा और सामाजिक संरचना प्रभावितकरती हैं।

REFERENCE LINK:

Dr. ParthaPriya Das, Adopting to Change, Changing to Adopt: A Success Story of Sulabh International

Dr. Bindeshwar Pathak, Sulabh Sanitation Technologies to achieve Millennium Development Goals on Sanitation, Delhi Sustainable Development Summit 2004

Dr. Bindeshwar Pathak, Biography of Dr Bindeshwar Pathak – Sulabh International https://www.sulabhinternational.org/founders-profile-dr-bindeshwar-pathak/

Sulabh International https://2019.sulabhinternational.org/about-sulabh-international-social-service-organisation-new/

https://hindi.indiawaterportal.org/health-and-hygiene/savacachataa-kai-bhaarataiya-paramaparaa

Senitation And Health a movement visualizing Gandhi's Dream https://journals.lww.com/ijmr/fulltext/2019/49001/sanitation_and_health__a_movement_visualizing.9.aspx?utm_source=chatgpt.com

Bindeshwar Pathak: Helping India's Untouchables https://www.adb.org/features/bindeshwar-pathak-crusading-human-and-environmental-dignity

भारत में स्वच्छता आन्दोलन की ऐतिहासिक पृष्ठभूमि: https://hindi.indiawaterportal.org/research/bhaarata-maen-savacachataa-anadaolana-kai-aitaihaasaika-parsathabhauumai

પુનર્વિચાર સીમાઓ: સંકલિત જ્ઞાન અને વૈશ્વિક વિકાસ માટે બહુ શાખાકીય અભિગમ

રાઠોડ મનીષા કાનાભાઈ
રિસર્ચ સ્કોલર – સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ.
ડૉ.સુશીલ કુમાર દુબે
રિસર્ચ ગાઈડ - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ.

સારાંશ (abstract):

આ સંશોધન પેપરનો મુખ્ય હેતુ સંકલિત જ્ઞાન અને વૈશ્વિક વિકાસ માટે બહુ શાખાકીય અભિગમની આવશ્યકતા અને અસરનું વિશ્લેષણ કરવો છે. આધુનિક યુગમાં વિજ્ઞાન,ટેકનોલોજી,સમાજશાસ્ત્ર અને શિક્ષણ વચ્ચેના સંકલનથી નવીનતા અને વિકાસને પ્રોત્સાહન મળે છે. આ અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ડેટા વિશ્લેષણ Mean, Standard deviation અને t-test દ્વારા કરવામાં આવ્યું છે. પરિણામો દર્શાવે છે કે બહુ શાખાકીય અભિગમ વૈશ્વિક સમસ્યાઓના ઉકેલ માટે અસરકારક છે.

કીવર્ડ્સ(keywords) બહુ શાખાકીય અભિગમ, સંકલિત જ્ઞાન, વૈશ્વિક વિકાસ, શિક્ષણ, નવીનતા.

1.પરિચય(Introduction):

આજના વૈશ્વિક યુગમાં સમસ્યાઓ વધુ જટિલ બની રહી છે.પરંપરાગત એકલ શાખાના અભિગમથી આ સમસ્યાઓનું સમાધાન શક્ય નથી. તેથી બહુ શાખાકીય અભિગમ જરૂરી બની ગયો છે, જેમાં વિવિધ વિષયોનું સંકલન કરીને નવા ઉકેલો શોધવામાં આવે છે.

2.અભ્યાસનાહેતુઓ(Objectives):

*બહુ શાખાકીય અભિગમની સંકલ્પના નો અભ્યાસ કરવો
*સંકલિત જ્ઞાનના વૈશ્વિક વિકાસમાં યોગદાન વિશ્લેષણ કરવું
*શિક્ષણ ક્ષેત્રમાં બહુશાખાકીય અભિગમના પ્રભાવનું મૂલ્યાંકન કરવું

3. ઉત્કલ્પનાઓ (Hypothesis):

H1: બહુ શાખાકીય અભિગમ અને વૈશ્વિક વિકાસ વચ્ચે સકારાત્મક સંબંધ છે

Ho: બહુ શાખાકીય અભિગમ અને વૈશ્વિક વિકાસ વચ્ચે કોઈ મહત્વપૂર્ણ સંબંધ નથી.

4-સંશોધન પદ્ધતિ (Research Methodology):

*પ્રકાર: વર્ણનાત્મક સંશોધન
*નમુનો :(sample):100-પ્રતિ ભાવકો
*સાધન: પ્રશ્નાવલી
વિશ્લેષણ પદ્ધતિ: Mean,SD,t-test.

5. આંકડાકીય વિશ્લેષણ (Statistical Analysis):

કોષ્ટક1: Mean અને SD

જૂથ	N	Mean	SD
શિક્ષકો	50	72.4	8.5
વિદ્યાર્થીઓ	50	68.2	7.9

અર્થઘટન

શિક્ષકોનો સરેરાશ સ્કોર વિદ્યાર્થીઓ કરતા વધુ છે જે દર્શાવે છે કે તેઓ બહુશાખાકીય અભિગમને વધુ સમજે છે.

કોષ્ટક2: t-test વિશ્લેષણ

જૂથ	Mean	t-value	p - value
શિક્ષકો vs વિદ્યાર્થીઓ	-	2.45	0.05

અર્થઘટન:

t-value 2.45 હોવાથી પરિણામ મહત્વપૂર્ણ છે. એટલે H1 સ્વીકારવામાં કરવામાં આવે છે.

6. ચર્ચા (Discussion)

પરિણામો દર્શાવે છે કે બહુશાખાકીય અભિગમ શિક્ષણ અને વૈશ્વિક વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. વિવિધ વિષયોનું સંકલન નવીનતા અને સમસ્યાના ઉકેલમાં મદદરૂપ બને છે.

7. નિષ્કર્ષ (Conclusion)

આ અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે સંકલિત જ્ઞાન અને બહુશાખાકીય અભિગમ વૈશ્વિક વિકાસ માટે આવશ્યક છે. શિક્ષણ ક્ષેત્રમાં આ અભિગમ વધુ પ્રોત્સાહન આપવું જોઈએ.

8. ભલામણો (Suggestions)

*શિક્ષણમાં બહુશાખાકીયઅભ્યાસક્રમ અમલમાં મુકવો

*સંશોધનમાં વિવિધ વિષયોના સંકલનની પ્રોત્સાહન આપવુ

*નવીનતા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવો

9. સંદર્ભ સૂચિ (References)

*NEP(2020) રિપોર્ટ

*વૈશ્વિક વિકાસ પર સંશોધન લેખો

*શિક્ષણ અને નવીનતા સંબંધિત પુસ્તકો

AI આધારિત જોખમ મૂલ્યાંકન મોડલ : બાળ સુરક્ષામાં સામાજિક કાર્ય માટે નવી શક્યતાઓ (ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાં ગુણાત્મક અભ્યાસ)

અંકુરકુમાર ચંદ્રસિંહ ચૌધરી
સ્વામી વિવેકાનંદ ગ્રુપ ઓફ કોલેજીસ, રોણવેલ, વલસાડ, ગુજરાત

સારાંશ :

બાળ સુરક્ષા સામાજિક કાર્યનું કેન્દ્રિય ક્ષેત્ર છે. જોખમ મૂલ્યાંકનની ચોકસાઈ અત્યંત મહત્વપૂર્ણ છે, પરંતુ ઘણા વિસ્તારોમાં તે સામાજિક કાર્યકરોના અનુભવ અને અંતર્જ્ઞાન પર આધારિત હોવાથી અસંગતતા જોવા મળે છે. આ સંશોધન કૃત્રિમ બુદ્ધિ (AI) આધારિત અનુમાનિત મોડલ દ્વારા જોખમ મૂલ્યાંકનને વધુ પ્રમાણભૂત, તર્કસંગત અને કાર્યક્ષમ બનાવવાની શક્યતાઓની તપાસ કરે છે. ગુણાત્મક સંશોધન પદ્ધતિ અપનાવી, તાપી અને વલસાડ જિલ્લામાં ૧૨ સામાજિક કાર્યકરો સાથે અર્ધ-સંરચિત ઇન્ટરવ્યૂ અને ૨૫ કેસ ફાઈલોના વિશ્લેષણ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી. પરિણામો દર્શાવે છે કે AI મોડલ કેસોની પ્રાથમિકતા નક્કી કરવામાં, પ્રમાણભૂત સૂચકાંકો વિકસાવવામાં અને માનવીય પક્ષપાત ઘટાડવામાં મદદરૂપ બની શકે છે. જો કે, ડેટા ગોપનીયતા, અલ્ગોરિધમિક પક્ષપાત અને માનવ નિર્ણય સાથે સંતુલન જેવા નૈતિક પડકારો પણ મહત્વપૂર્ણ છે. તારણો સૂચવે છે કે AI એક સહાયક સાધન તરીકે ઉપયોગી છે પરંતુ તે સામાજિક કાર્યકરોના અંતિમ નિર્ણયનો વિકલ્પ બની શકતું નથી.

કીવર્ડ્સ : જોખમ મૂલ્યાંકન, AI મોડલ, બાળ સુરક્ષા, સામાજિક કાર્ય, આદિવાસી વિસ્તાર

પરિચય :

બાળ સુરક્ષા કોઈપણ સમાજની પ્રગતિનો આધારસ્તંભ છે. ભારતીય બંધારણનું અનુચ્છેદ ૩૯(ઈ) અને ૩૯(ફ) બાળકોના સંરક્ષણ અને વિકાસ માટે રાજ્યને નિર્દેશ આપે છે. જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ અને ઈન્ટિગ્રેટેડ ચાઈલ્ડ પ્રોટેક્શન સ્કીમ (ICPS) – જે હવે **મિશન વત્સલ્ય** (Mission Vatsalya) તરીકે વિસ્તૃત થઈ છે – જેવી નીતિઓ બાળ સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવાનો પ્રયાસ કરે છે. જોખમ મૂલ્યાંકન એ કેન્દ્રિય પ્રક્રિયા છે, જેના આધારે નક્કી થાય છે કે કયા બાળકને તાત્કાલિક હસ્તક્ષેપની જરૂર છે, કયા કેસમાં દેખરેખ પૂરતી છે, અને કયા કેસમાં બાળકને તેના પરિવારથી અલગ કરવાની જરૂર પડી શકે છે.

ગુજરાતના તાપી અને વલસાડ જિલ્લા આદિવાસી બહુલ વિસ્તારો છે. તાપી જિલ્લાની આદિવાસી વસ્તી આશરે ૮૦% છે, જ્યારે વલસાડ જિલ્લામાં આ ટકાવારી ૫૫%થી વધુ છે. સાક્ષરતા દર રાજ્યના સરેરાશ કરતાં નીચો છે, અને સ્થળાંતર, ગરીબી, શિક્ષણનો અભાવ અને સામાજિક-સાંસ્કૃતિક પરિબળો બાળકોને વિવિધ જોખમોમાં મૂકે છે. MSW અભ્યાસ દરમિયાન ક્ષેત્રીય કાર્યમાં જણાયું કે સામાજિક કાર્યકરો પાસે જોખમ મૂલ્યાંકન માટે કોઈ પ્રમાણભૂત સાધન નથી; તેઓ પોતાના અનુભવ, અંતર્જ્ઞાન અને ઉપલબ્ધ માહિતીના આધારે નિર્ણય લે છે. આ વ્યક્તિલક્ષી અભિગમમાં પક્ષપાત અને અસંગતતાની શક્યતા રહે છે.

આવા સંદર્ભમાં કૃત્રિમ બુદ્ધિ (AI) અને ખાસ કરીને અનુમાનિત મોડલ નવી શક્યતાઓ ખોલે છે. વૈશ્વિક સ્તરે, અમેરિકા (Allegheny Family Screening Tool), કેનેડા અને ફિનલેન્ડ જેવા દેશોમાં AI-આધારિત જોખમ મૂલ્યાંકન

સાધનોનો પ્રાયોગિક ઉપયોગ થઈ રહ્યો છે. આ સંશોધનના મુખ્ય પ્રશ્નો છે :

(૧) હાલની જોખમ મૂલ્યાંકન પ્રક્રિયાની મર્યાદાઓ શું છે?

(૨) AI મોડલ કેવી રીતે સુધારો લાવી શકે?

(૩) AI ના ઉપયોગ સાથે કયા નૈતિક પડકારો જોડાયેલા છે?

સાહિત્ય સમીક્ષા :

બાળ સુરક્ષામાં જોખમ મૂલ્યાંકન અને AI ના ઉપયોગ અંગેનું સાહિત્ય તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર રીતે વિકસ્યું છે. **કેડેલ (૨૦૧૯)** એ 'અલ્ગોરિધમિક ન્યાય' અને સામાજિક કાર્યના મૂલ્યો વચ્ચેના તણાવને ઉજાગર કર્યો છે, ચેતવણી આપતાં કે AI મોડલ જો યોગ્ય રીતે ડિઝાઈન ન કરવામાં આવે તો ઐતિહાસિક પક્ષપાતને વધુ મજબૂત બનાવી શકે છે. **કેડેલ અને બેડો (૨૦૨૩)** એ AI-આધારિત બાળ સુરક્ષા સાધનોના નૈતિક પડકારોની ચર્ચા કરતાં પારદર્શિતા, જવાબદારી અને સાંસ્કૃતિક સંવેદનશીલતાને સફળ અમલીકરણની પૂર્વશરત ગણાવી છે.

ગિલિંગહામ (૨૦૨૦) એ સામાજિક કાર્યમાં AI ના ઉપયોગ અંગે વ્યવસ્થિત સમીક્ષા કરતાં દર્શાવ્યું કે AI સાધનો મુખ્યત્વે કેસોની પ્રાથમિકતા, સંસાધનોની ફાળવણી અને દસ્તાવેજીકરણમાં ઉપયોગી છે, પરંતુ સામાજિક કાર્યકરો તેને સહાયક તરીકે જ જોવા માગે છે. **ગિલિંગહામ (૨૦૨૪)** એ તાજેતરની સમીક્ષામાં જણાવ્યું કે અનુમાનિત જોખમ મોડલ ઝડપથી વિસ્તરી રહ્યા છે, પરંતુ સામાજિક કાર્યકરોની સંડોવણી ઘણીવાર અપૂરતી રહે છે. **ફ્લુક એટ અલ. (૨૦૨૧)** એ બાળ કલ્યાણમાં નિર્ણય પ્રક્રિયાની વ્યાપક સમીક્ષામાં સૂચવ્યું કે AI-આધારિત સાધનો અંતર ભરી શકે છે, પરંતુ સ્પષ્ટ નૈતિક માર્ગદર્શિકા જરૂરી છે.

ભારતીય સંદર્ભમાં, **મિશ્રા અને ગુપ્તા (૨૦૨૨)** ના સર્વેમાં ૬૫% સામાજિક કાર્યકરોએ કેસ ફાઈલોના ડિજિટલાઈઝેશનનો અભાવ અને પ્રમાણભૂત સાધનોની ગેરહાજરીને મુખ્ય અવરોધ દર્શાવી હતી. **ઈઉબેન્ક્સ (૨૦૧૮)** ના પુસ્તક *Automating Inequality* માં AI-આધારિત સામાજિક સેવા પ્રણાલીઓમાં સહજ અસમાનતાના જોખમોને ઉજાગર કરવામાં આવ્યા છે. **રસેલ અને નોર્વિગ (૨૦૨૧)** એ AI સિસ્ટમ્સની પારદર્શિતા, જવાબદારી અને નૈતિકતાને સફળ સામાજિક ઉપયોગ માટે પૂર્વશરત ગણાવી છે. **ભારત સરકારના ICPS અહેવાલ (૨૦૨૧)** અને **મિશન વત્સલ્ય (૨૦૨૩)** મુજબ, ગુજરાતમાં બાળ સુરક્ષા એકમોમાં સરેરાશ કેસલોડ ૧:૫૦ (એક કાર્યકર દીઠ ૫૦ કેસ) છે, જે પડકારજનક છે. **ગુજરાત સરકારના સામાજિક ન્યાય વિભાગના અહેવાલ (૨૦૨૩)** મુજબ, તાપી અને વલસાડ જિલ્લામાં બાળ સુરક્ષા કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. **યુનિસેફ ઈન્ડિયા (૨૦૨૩)** એ પણ ટેક્નોલોજી-આધારિત ઉકેલોની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. એકંદરે, સાહિત્ય સૂચવે છે કે AI એક સહાયક સાધન તરીકે ઉપયોગી બની શકે છે, પરંતુ તે માનવ નિર્ણયનો વિકલ્પ નથી.

ભારતીય સંદર્ભમાં, ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં બાળ સુરક્ષા માટે AI આધારિત જોખમ મૂલ્યાંકન અંગે સંશોધન મર્યાદિત છે. આ અભ્યાસ તે ખાલી જગ્યા (Research gap) પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે.

સંશોધન પદ્ધતિ :

આ અભ્યાસ **ગુણાત્મક સંશોધન ડિઝાઈન** પર આધારિત છે, જે સામાજિક કાર્યકરોના અનુભવો, ધારણાઓ અને જોખમ મૂલ્યાંકનની પ્રક્રિયાઓની ઊંડાણપૂર્વક સમજ મેળવવા માટે યોગ્ય છે. અભ્યાસનો વિસ્તાર તાપી જિલ્લાનો વ્યારા તાલુકો અને વલસાડ જિલ્લાનો રોણવેલ વિસ્તાર છે, જ્યાં MSW ક્ષેત્રીય કાર્ય દરમિયાન પ્રવેશ સરળતાથી મળ્યો.

Purposive Sampling Method દ્વારા બાળ સુરક્ષા ક્ષેત્રમાં કાર્યરત સામાજિક કાર્યકરોની પસંદગી કરવામાં આવી.

ડેટા સંગ્રહ : ડેટા સંગ્રહ માટે બે મુખ્ય તકનીકો અપનાવવામાં આવી. (૧) તાપી જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) વ્યારા, ચાઈલ્ડ વેલફેર કમિટી (CWC) અને બાળ લાઈનમાં કાર્યરત કુલ ૧૨ સામાજિક કાર્યકરો સાથે અર્ધ-સંરચિત ઈન્ટરવ્યૂ. ઈન્ટરવ્યૂ ગાઈડમાં જોખમ મૂલ્યાંકનની હાલની પ્રક્રિયાઓ, AI ની સમજ, AI-આધારિત સાધનોની શક્યતાઓ અને નૈતિક ચિંતાઓ અંગેના પ્રશ્નો સામેલ હતા. બધા ઈન્ટરવ્યૂ ગુજરાતીમાં લેવામાં આવ્યા અને ટ્રાંસ્ક્રિપ્ટ તૈયાર કરવામાં આવી. (૨) છેલ્લા બે વર્ષની ૨૫ કેસ ફાઈલોનું વિશ્લેષણ, જે CWC વ્યારા અને રોણવેલ પોલીસ સ્ટેશનના બાળ સુરક્ષા વિભાગમાંથી મેળવવામાં આવી.

નમૂનાની વિગતો :

કોષ્ટક ૧ : સહભાગીઓ અને કેસ ફાઈલોની વિગતો

કેટેગરી	સંસ્થા / સ્ત્રોત	સંખ્યા	ટકાવારી (%)
ઈન્ટરવ્યૂ લીધેલા સામાજિક કાર્યકરો	DCPU વ્યારા	૫	૪૨%
	CWC વ્યારા	૪	૩૩%
	બાળ લાઈન	૩	૨૫%
	કુલ	૧૨	૧૦૦%
કેસ ફાઈલોનું વિશ્લેષણ	CWC વ્યારા	૧૫	૬૦%
	રોણવેલ પોલીસ સ્ટેશન	૧૦	૪૦%
	કુલ	૨૫	૧૦૦%

ડેટા વિશ્લેષણ : થીમેટિક એનાલિસિસ પદ્ધતિ અપનાવવામાં આવી. ઈન્ટરવ્યૂ ટ્રાંસ્ક્રિપ્ટ અને કેસ ફાઈલોના નોંધપત્રોનું બહુવિધ વાંચન કરી, કોડિંગ કરવામાં આવ્યું, અને પછી સમાન કોડ્સને થીમ્સમાં સંગઠિત કરવામાં આવ્યા.

નૈતિક બાબતો : તમામ સહભાગીઓ પાસેથી સૂચિત સંમતિ લેવામાં આવી. સહભાગીઓની ઓળખ ગુપ્ત રાખવા કોડ નંબર (SW01 થી SW12) આપવામાં આવ્યા. કેસ ફાઈલોના વિશ્લેષણ માટે સંસ્થાઓની પરવાનગી લેવામાં આવી. બાળકો અને પરિવારોની ઓળખ ગુપ્ત રાખવા તમામ વ્યક્તિગત વિગતો હટાવી દેવામાં આવી.

પરિણામો, વિશ્લેષણ અને ચર્ચા :

ઈન્ટરવ્યૂ અને કેસ ફાઈલ વિશ્લેષણમાંથી ત્રણ મુખ્ય થીમ્સ સામે આવી.

પ્રથમ થીમ : હાલની પ્રક્રિયાઓની મર્યાદાઓ

અભ્યાસમાં જાણવા મળ્યું કે વર્તમાન જોખમ મૂલ્યાંકન વ્યક્તિલક્ષી અને અસંગત છે. ૧૨ માંથી ૧૦ સામાજિક કાર્યકરોએ (૮૩%) સ્વીકાર્યું કે તેમની પાસે કોઈ પ્રમાણભૂત સાધન નથી. એક કાર્યકરે (SW03) જણાવ્યું :

"અમારે અમારા અનુભવ અને અંતર્જ્ઞાન પર જ આધાર રાખવો પડે છે. ક્યારેક મને લાગે છે કે જો બીજો કાર્યકર હોત તો કદાચ જુદો નિર્ણય લીધો હોત."

કેસ ફાઈલોમાં પણ સમાન સૂચકાંકો ધરાવતા કેસોમાં અલગ જોખમ સ્તર નોંધાયું હતું. વળી, સમયની મર્યાદા અને દસ્તાવેજીકરણનો અભાવ જોવા મળ્યો; માત્ર ૪૮% ફાઈલોમાં જોખમ મૂલ્યાંકનનો સ્પષ્ટ ઉલ્લેખ હતો. એક કાર્યકરે (SW07) જણાવ્યું:

"એક સમયે ૫૦થી વધુ કેસ હોય ત્યારે દરેક કેસમાં ઊંડાણપૂર્વક જોખમ મૂલ્યાંકન લખવું શક્ય નથી બનતું."

તદુપરાંત, સ્થાનિક સંદર્ભની જટિલતા – જેમ કે સ્થળાંતર, ભાષા, સામુદાયિક માન્યતાઓ – જોખમ મૂલ્યાંકનને વધુ પડકારજનક બનાવે છે. કેસ ફાઈલોમાં જોવા મળેલા સામાન્ય જોખમ સૂચકાંકો નીચેના કોષ્ટકમાં આપ્યા છે.

કોષ્ટક ૨ : કેસ ફાઈલોમાં જોખમ સૂચકાંકોની આવૃત્તિ (N=25)

જોખમ સૂચકાંક	ફાઈલોમાં ઉપસ્થિતિ (સંખ્યા)	ટકાવારી (%)
આર્થિક ગરીબી	૨૨	૮૮%
પારિવારિક હિંસા	૧૮	૭૨%
સામાજિક સમર્થનનો અભાવ	૧૭	૬૮%
માતા-પિતાનું વ્યસન	૧૬	૬૪%
શાળા છોડી દેવી	૧૪	૫૬%
સ્થળાંતરિત મજૂરી	૧૦	૪૦%

બીજી થીમ : AI-આધારિત મૂલ્યાંકનની શક્યતાઓ

૧૨ માંથી ૧૦ કાર્યકરોએ (૮૩%) માન્યું કે AI મોડલ પ્રમાણભૂત સૂચકાંકો વિકસાવવામાં મદદ કરી શકે. કોષ્ટક ૨ માં દર્શાવેલ સૂચકાંકોના આધારે AI મોડલ સરળતાથી જોખમ સ્તર નક્કી કરી શકે છે. ૧૨ માંથી ૯ કાર્યકરોએ (૭૫%) જણાવ્યું કે AI મોડલ કયા કેસમાં તાત્કાલિક હસ્તક્ષેપ જરૂરી છે તે નક્કી કરવામાં સહાયક બની શકે, ખાસ કરીને મર્યાદિત સંસાધનોને જોતાં. ૧૨ માંથી ૮ કાર્યકરોએ (૬૭%) સ્વીકાર્યું કે AI માનવીય પક્ષપાત ઘટાડવામાં મદદ કરી શકે, કારણ કે ક્યારેક કુટુંબ સાથેનો અંગત સંબંધ કે સમુદાયમાં સ્થાન મૂલ્યાંકનને અસર કરે છે.

ત્રીજી થીમ : AI ના ઉપયોગ સાથે સંકળાયેલા નૈતિક પડકારો

૧૨ માંથી ૧૧ કાર્યકરોએ (૯૨%) ડેટા ગોપનીયતાને સૌથી મોટો પડકાર ગણાવ્યો, ચિંતા વ્યક્ત કરતાં કે બાળકોના સંવેદનશીલ ડેટાનો દુરુપયોગ ન થાય. ૧૨ માંથી ૯ કાર્યકરોએ (૭૫%) અલ્ગોરિધમિક પક્ષપાતની ચિંતા કરી, જેમ કે જો AI મોડલને શહેરી કેસો પર વધુ તાલીમ આપવામાં આવી હોય તો તે આદિવાસી વિસ્તારના કેસોને ઓછું જોખમ આંકી શકે. ૧૨ માંથી ૧૦ કાર્યકરોએ (૮૩%) ભારપૂર્વક જણાવ્યું કે AI એ માર્ગદર્શક સાધન હોવું જોઈએ, નિર્ણાયક નહીં, કારણ કે ભાવનાત્મક ગતિશીલતા અને સાંસ્કૃતિક સંદર્ભ જેવી બાબતો માત્ર માનવ સમજી શકે છે.

સામાજિક કાર્યના સિદ્ધાંતો સાથે ચર્ચા :

સામાજિક ન્યાયના સિદ્ધાંત મુજબ AI યોગ્ય રીતે ડિઝાઈન કરવામાં આવે તો વધુ સમાન મૂલ્યાંકન સુનિશ્ચિત કરી શકે, પરંતુ કેડેલ (૨૦૧૯) અને ઈઉબેન્ક્સ (૨૦૧૮) ની ચેતવણી મુજબ સાવધાની જરૂરી છે. **સશક્તિકરણ**ના સિદ્ધાંતની દૃષ્ટિએ, AI સાધનો સામાજિક કાર્યકરોના નિર્ણયોને મજબૂત બનાવી શકે છે. **સ્વ-નિર્ધારણ**ના સિદ્ધાંત મુજબ, AI ના ઉપયોગમાં બાળકો અને પરિવારોની સંમતિ અને સ્વાયત્તતાનો આદર કરવો જરૂરી છે.

કેસ સ્ટડી વિશ્લેષણ (ગોપનીયતા ખાતર નામ અને સ્થળ બદલેલાં)

તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં CWC ખાતે નોંધાયેલા એક કેસનું વિશ્લેષણ કરવામાં આવ્યું. આ કેસમાં ૧૨ વર્ષનો આદિવાસી છોકરો (કોડ: C-૦૭) સામેલ હતો, જેની માતાનું અવસાન થઈ ચૂક્યું હતું અને પિતા દારૂના વ્યસનગ્રસ્ત હતા. પિતા ઘણીવાર બાળકને ઘરેથી બહાર કાઢતા હતા, જેના કારણે બાળક રસ્તા પર સમય વિતાવતો હતો. પડોશીઓની ફરિયાદથી કેસ CWC સમક્ષ રજૂ થયો.

માનવ આધારિત મૂલ્યાંકનમાં, સામાજિક કાર્યકરે પોતાના અવલોકન અને ઈન્ટરવ્યૂના આધારે નોંધ્યું કે પિતા દારૂના વ્યસની હોવા છતાં બાળક પર શારીરિક હિંસા કરતા નથી. તેથી કેસને "મધ્યમ જોખમ" તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો અને બાળકને નજીકના બાળ ગૃહમાં તાત્કાલિક રાખવાની ભલામણ કરવામાં આવી, જ્યારે પિતાને પુનર્વસન કેન્દ્રમાં સારવાર લેવા માર્ગદર્શન આપવામાં આવ્યું.

AI-આધારિત હાયપોથેટિકલ મોડલ સિમ્યુલેશનમાં, કોષ્ટક ૨ ના સૂચકાંકોના આધારે ૦-૧૦ સ્કેલ પર મૂલ્યાંકન કરવામાં આવ્યું:

પિતાનું વ્યસન : ૮/૧૦
બાળકની ઉંમર (૧૨ વર્ષ) : ૪/૧૦ (કિશોરાવસ્થાની શરૂઆત)
શાળા છોડી દેવી : ૭/૧૦
આર્થિક સ્થિતિ (અત્યંત ગરીબી) : ૯/૧૦
સામાજિક સમર્થનનો અભાવ : ૮/૧૦

કુલ સ્કોર: ૭.૨/૧૦, જે "ઉચ્ચ જોખમ" શ્રેણીમાં આવે છે (પૂર્વ-નિર્ધારિત થ્રેશોલ્ડ : ૬.૫થી વધુ = ઉચ્ચ જોખમ).

પછીના વિકાસમાં જાણવા મળ્યું કે બાળકને બાળ ગૃહમાં સ્થાનાંતરિત કર્યા બાદ પણ પિતા વારંવાર ત્યાં આવીને ત્રાસ આપતા હતા અને બાળક ભાગી જવાનો પ્રયાસ કરતું હતું. આ દર્શાવે છે કે AI દ્વારા દર્શાવાયેલ "ઉચ્ચ જોખમ" વાસ્તવિક સ્થિતિ સાથે વધુ સુસંગત હતું. તેથી, AI મોડલ બહુવિધ પરિબળોને એકસાથે વિશ્લેષિત કરીને વધુ વ્યાપક જોખમ મૂલ્યાંકન પૂરું પાડી શકે છે, પરંતુ માનવ નિર્ણય સાથે સંતુલન જાળવવું આવશ્યક છે.

નિષ્કર્ષ અને સૂચનો :

AI આધારિત જોખમ મૂલ્યાંકન સાધનો બાળ સુરક્ષા ક્ષેત્રમાં નિર્ણય પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત બનાવી શકે છે. છતાં માનવ સંવેદનશીલતા, સાંસ્કૃતિક સમજ અને વ્યાવસાયિક નિર્ણયશક્તિ મહત્વપૂર્ણ છે. તેથી AI ને સહાયક સાધન તરીકે ઉપયોગ કરવો યોગ્ય રહેશે.

અભ્યાસની મર્યાદાઓ

૧. અભ્યાસ માત્ર તાપી અને વલસાડ જિલ્લાના મર્યાદિત વિસ્તાર સુધી છે, તેથી તારણોનું સામાન્યીકરણ મર્યાદિત છે.

૨. અભ્યાસમાં AI મોડલનો વાસ્તવિક વિકાસ અને પ્રાયોગિક ઉપયોગ કરવામાં આવ્યો નથી; તે હાયપોથેટિકલ શક્યતાઓ અને સામાજિક કાર્યકરોની ધારણાઓ પર આધારિત છે.

૩. સમય અને સંસાધનોની મર્યાદાને કારણે ઈન્ટરવ્યૂ (n=12) અને કેસ ફાઈલો (n=25) ની સંખ્યા મર્યાદિત છે.

૪. તમામ કેસ ફાઈલો એક જ સમયગાળાની (બે વર્ષ) છે, જે લાંબા ગાળાના વલણો દર્શાવી શકતી નથી.

તારણો

પ્રથમ સંશોધન પ્રશ્નના જવાબમાં : ક્ષેત્રના બાળ સુરક્ષા એકમોમાં જોખમ મૂલ્યાંકનની હાલની પ્રક્રિયાઓમાં વ્યક્તિલક્ષીતા, અસંગતતા, સમયની મર્યાદા અને દસ્તાવેજીકરણનો અભાવ જેવી મુખ્ય મર્યાદાઓ છે.

બીજા સંશોધન પ્રશ્નના જવાબમાં : AI-આધારિત અનુમાનિત મોડલ પ્રમાણભૂત સૂચકાંકોનો વિકાસ, કેસોની પ્રાથમિકતા નક્કી કરવામાં સહાય, અને માનવીય પક્ષપાત ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે.

ત્રીજા સંશોધન પ્રશ્નના જવાબમાં : AI ના ઉપયોગ સાથે ડેટા ગોપનીયતા, અલ્ગોરિધમિક પક્ષપાત, અને માનવ નિર્ણય સાથે સંતુલન જેવા મુખ્ય નૈતિક પડકારો સંકળાયેલા છે.

સૂચનો

સંશોધન માટે :

ભવિષ્યમાં AI-આધારિત જોખમ મૂલ્યાંકન મોડલનો વાસ્તવિક વિકાસ અને પ્રાયોગિક ઉપયોગ કરીને ૬ મહિનાનો પાયલોટ સ્ટડી કરવો.

વિવિધ સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભો (આદિવાસી, શહેરી, ગ્રામીણ) માં AI મોડલની સ્વીકાર્યતા અને અસર અંગે તુલનાત્મક અભ્યાસ કરવા.

નીતિ નિર્માતાઓ માટે :

બાળ સુરક્ષા એકમોમાં કેસ ફાઈલોના ડિજિટલાઈઝેશન માટે એક સમાન પ્રણાલી અને ડેટા સુરક્ષા માળખું વિકસાવવું (GDPR અને ભારતીય ડેટા સંરક્ષણ કાયદા અનુરૂપ).

AI-આધારિત જોખમ મૂલ્યાંકન સાધનોના વિકાસ અને ઉપયોગ માટે બહુ-શાખીય સમિતિ (સામાજિક કાર્યકરો, ટેક્નોલોજી નિષ્ણાતો, કાયદાકીય સલાહકારો) બનાવવી અને સ્પષ્ટ નૈતિક માર્ગદર્શિકા તૈયાર કરવી.

સામાજિક કાર્યકરો માટે :

AI અને ડેટા વિશ્લેષણની મૂળભૂત સમજ વિકસાવવા ક્ષમતા વિકાસ કાર્યક્રમોમાં ભાગ લેવો.

AI-આધારિત સાધનોનો ઉપયોગ કરતી વખતે સામાજિક કાર્યના મૂલ્યો (ગોપનીયતા, સ્વ-નિર્ધારણ, સાંસ્કૃતિક સંવેદનશીલતા) નું પાલન કરવું અને AI ના નિર્ણયોને અંધશ્રદ્ધાથી ન સ્વીકારતાં તેની સમીક્ષા કરવી.

ભવિષ્યના સંશોધન માટે દિશા :

૧. ગુજરાતના અન્ય જિલ્લાઓ (અમદાવાદ શહેરી, કચ્છ ગ્રામીણ, ડાંગ આદિવાસી) માં સમાન અભ્યાસ કરીને પરિણામોની તુલના કરવી.

૨. એક સરળ AI-આધારિત જોખમ મૂલ્યાંકન મોબાઈલ એપ્લિકેશન વિકસાવીને તેની ઉપયોગિતા ચકાસવી.

૩. AI મોડલના ઉપયોગથી બાળ સુરક્ષા પરિણામો (દા.ત. પુનર્વસનની સફળતા, પુનઃ જોખમનો દર) પર થતી અસરનો લાંબા ગાળાનો અભ્યાસ કરવો.

સંદર્ભો :

Eubanks, V. (2018). Automating inequality: How high-tech tools profile, police, and punish the poor. St. Martin's Press.

Fluke, J. D., Corwin, T. W., & Hollinshead, D. M. (2021). Decision-making in child welfare: A systematic review of the literature. Children and Youth Services Review, 127, 106118.

Gillingham, P. (2020). The use of artificial intelligence in social work: A systematic review. Journal of Technology in Human Services, 38(3), 201-223.

Gillingham, P. (2024). Predictive risk modelling in child protection: Current trends and future directions. British Journal of Social Work, 54(1), 112-130.

Government of Gujarat, Department of Social Justice and Empowerment. (2023). Gujarat State Child Protection Annual Report 2022-23. Gandhinagar.

Government of India, Ministry of Women and Child Development. (2021). Integrated Child Protection Scheme (ICPS): Annual report 2020-21. New Delhi.

Government of India, Ministry of Women and Child Development. (2023). Mission Vatsalya: Guidelines for implementation. New Delhi.

Government of India. (2015). Juvenile Justice (Care and Protection of Children) Act, 2015.

Keddell, E. (2019). Algorithmic justice in child protection: Statistical fairness and social work values. The British Journal of Social Work, 49(7), 1825-1842.

Keddell, E., & Beddoe, L. (2023). Artificial intelligence and child protection: Opportunities and ethical challenges. Child & Family Social Work, 28(2), 245-258.

Mishra, S., & Gupta, A. (2022). Child protection system in India: Challenges and way forward. Indian Journal of Social Work, 83(2), 189-204.

National Commission for Protection of Child Rights (NCPCR). (2022). Child protection in India: Status report 2022. New Delhi.

Russell, S., & Norvig, P. (2021). Artificial intelligence: A modern approach (4th ed.). Pearson.

UNICEF India. (2023). Child protection systems in India: Strengthening mechanisms for vulnerable children. New Delhi.

ગાંધી દર્શન અને સર્વોદય

CHUDASAMA MAHESH BHUPATRAY
RESEARCH SCHOLAR, EDUCATION DEPARTMENT, M.K.BHAVNAGAR UNIVERSITY
BHAVNAGAR

પ્રસ્તાવના :

યુગપુરુષ મહાત્મા ગાંધીએ ભારતીય લોકો સમક્ષ સત્યતાની એરણ પર ચકાસીને સત્યના પ્રયોગોને જીવનદર્શન રૂપે રજુ કર્યા તેને જ આપણે ગાંધીદર્શનના નામે ઓળખીએ છીએ. ગાંધીજીએ પોતે ઘણીવાર કહ્યું છે કે મારું કોઈ દર્શન નથી પરંતુ તેમણે આ જીવન જે કાંઈ કહ્યું ને કર્યું એ જ દર્શનની માન્યતામાં મળી આવે છે. ડૉ.બમ્બબાલ ના મતે એમના શબ્દોમાં તો ગાંધીજી માત્ર એક આંદોલનકારી નેતા જ ન હતા. તે એક મહાન દાર્શનિક પણ હતા. એમનું દર્શન એક પોતાનું વિશિષ્ટ દર્શન છે. જે તેની આગવી વિશેષતા ધરાવે છે. જે તેમના અનુભવજન્ય જીવનદર્શનને આધારિત છે. આ માટે જ ગાંધી વિચારધારા ને ગાંધીવાદ ના નામે પણ ઓળખવામાં આવે છે. જે યથાર્થ જ છે. ખરેખર તો ગાંધી દર્શન એક સર્વોત્તમ પૂર્ણ દર્શન જ છે. જેમાં પૂર્વ અને પશ્ચિમનો અદભુત સમન્વય જોવા મળે છે.

સર્વોદયનો મહાન વિચાર ગાંધીજીના મનમાં પહેલેથી જ હતો. જે તેમને પ્રાચીન આધ્યાત્મિક ભારતીય દર્શન બુદ્ધ અને જૈન દર્શન તથા ધર્મગ્રંથો જેમાં મુખ્યત્વે ગીતા અને અન્ય ધાર્મિક ગ્રંથોનો સમન્વય સાથે વિચાર ઘડાતો જતો હતો. પરંતુ આ વિચારને તે વધું પરિપકવતા તરફ લઈ જવા માંગતા હતા. તેવા સમયમાં એમના હાથમાં એક એવું અદભુત પુસ્તક આવ્યું કે જેણે ગાંધીજીના વિચારોમાં પૂર્ણતા પ્રદાન કરી આ પુસ્તક હતું જોન રસ્કિન નું "અન્ટુ ધિસ લાસ્ટ" (unto this last) જે તેમના મિત્ર પોલક દ્વારા ભેટ આપેલ જે ગાંધીજીએ ડરબન યાત્રા દરમિયાન વાંચ્યું હતું. ગાંધીજી આ પુસ્તક વિશે કહેતા કે "જે થોડા ઘણા પુસ્તકો મેં વાંચ્યા છે તેમાં રહેલા સારને હું સારી રીતે પચાવી શક્યો છું." આ પુસ્તકોએ મારા જીવનમાં તત્કાલ મહત્વપૂર્ણ કે રચનાત્મક પરિવર્તન જોવા મળ્યું છે. જેમાં ખાસ "અન્ટુ ધિસ લાસ્ટ" પુસ્તક જ છે. ગાંધીજીએ ડરબનની ચોવીસ કલાકની મુસાફરીમાં તે પુસ્તકને સંપૂર્ણ આત્મસાત કરી લીધું અને એમના વિચારોને અમલમાં મુકવાનો દ્રઢ નિર્ણય પણ લઈ લીધો. પછી એ પુસ્તકનું ગુજરાતીમાં અનુવાદ કરવામાં આવ્યું. જેનું નામ "સર્વોદય" રાખવામાં આવ્યું. આ પુસ્તકનું જો હિન્દીમાં અનુવાદ કરવામાં આવે તો તેનો અર્થ "અન્તોદય" થાય પરંતુ ગાંધીજીએ તો "સર્વોદય" શીર્ષકથીજ તેનો પ્રભાવ સ્પષ્ટ થતો જોવા મળ્યો છે. આમ ગાંધીજી એ સર્વોદય માં રૂપાંતર કરી રસ્કીનની આ ઉચ્ચ ભાવનાઓને વ્યાપક બનાવી આપી.

સર્વોદયનો અર્થ:

સર્વોદય બે શબ્દોને જોડતો જોવા મળે છે. જેમાં સર્વ+ઉદય = સર્વોનો ઉદય થવો. જે સમગ્ર માનવજાતિના કલ્યાણ માટેની ઉચ્ચ ભાવના જોવા મળે છે. આ ઉત્તમ વિચારધારાને આધારે ગાંધીજી પ્રવર્તમાન સમાજમાં શોષણરહિત, સમતાયુક્ત સમાજના કલ્યાણ ઈચ્છે છે. દરેક વ્યક્તિને પોતાની જરૂરિયાત અનુસાર સંતોષકારક જરૂરિયાત પૂરી થાય એ જ સમાનતા છે. જે સર્વોદય અંતર્ગત સમાજની પ્રકુતિ આધ્યાત્મિક થશે. (સતયુગ) આ સમાજમાં નૈતિક મુલ્યો અને ધાર્મિક મુલ્યોને આધારે માર્ગદર્શન થશે. આમ એક આદર્શ સમાજની રચના થશે જેમાં દરેક માનવના વિકાસની સમાન તકો રહેશે.

અર્થાત સર્વોદય સિધ્ધાંત:

सर्वेभवन्ति सुखिना; सर्वे सन्तु निरामयः
सर्वेभद्राणि पश्यन्ति, मा करिचत दु:ख भाग्यवेत |

એ વૈદિક સિધ્ધાંત અનુરૂપ વ્યાવહારિક સ્વરૂપ છે.

ગાંધીજી સર્વોદયની ધારણા અંગે નૈતિક અને આધ્યાત્મિક મુલ્યોનો આદર્શ અપનાવવા માંગે છે. જે સર્વોદય પ્રત્યેક વ્યક્તિની નૈતિક જાગૃતિ અને આત્મ શુદ્ધિ પર આધારીત છે. અંતે એ આ વિચારધારા સત્ય, પ્રેમ, આત્મત્યાગ વગેરેને આધારે

બધાનું ભલું કરવાની ઉચ્ચભાવના હોવી જોઈએ ભલે એ ગોરા કે કાળા, ઉચ્ચજ્ઞાતિ કે નિમ્ન જ્ઞાતિ, માલિક હોય કે મજુર, ગરીબ હોય કે અમીર, સંત હોય કે પાપી વગેરે બધા સર્વોદય જ છે. સર્વોદયની સ્પષ્ટીકરણ કરતા ગાંધીજી લખે છે કે આપણે ઈચ્છીએ છીએ કે આપણો સર્વોદય સાચા અર્થમાં લોકતંત્રનું સ્વપ્ન સાચું હોય જે આપણે નાના-નાના ભારતવાસીઓનો છે. એના માટે શરત એ છે કે દરેક ભારતવાસી અંતઃકારણથી શુધ્ધ હોઈ અને ન હોઈ તો શુદ્ધતા પ્રાપ્ત કરે એ સાથે બુદ્ધિશાળી પણ હોવો જોઈએ

સંભવે અસંભવને પૂછ્યું : 'તારું રહેઠાણ ક્યાં ?

અસંભવે કહ્યું : 'નિર્બળના સ્વપ્નમાં !'

સર્વોદયના આધ્યાત્મિક આધારો (વ્રતો) :

ગાંધીજીએ સર્વોદય જેવા પવિત્ર સાધ્યને પ્રાપ્ત કરવા સાધનરૂપી આધારોની પવિત્રતાનું પૂરું ધ્યાન રાખવા સૂચવ્યું છે. જે આ આધારોરૂપી વ્રતો નીચે મુજબ છે.

૧. સત્ય :

ગાંધીજીના મત અનુસાર સત્ય શબ્દ सत् થી બન્યો છે. જેનો અર્થ થાય છે સત્ય અર્થાત અસ્તિત્વ, સત્ય સિવાય બીજી કોઈ હસ્તી જ નથી. આમ પરમેશ્વરનું સાચું અસ્તિત્વ જ સત્ય છે. માટે જ સત્ય જ પરમેશ્વર છે. 'सत्य हि शिव है |' સર્વોદય સમાજના દરેક વ્યક્તિઓ સત્યવાદી હોવા જોઈએ આમ ગાંધીજીના માટે વિચાર વાણી અને વર્તનમાં સત્યને વણી લેવું જોઈએ. આ સત્યને જાણ્યા પછી જગતમાં બીજું કશુજ સત્ય જાણવા જેવું નથી,

૨. અહિંસા :

અહી ગાંધીજી સકારાત્મક અહિંસાની ભાવના જણાવતા કહે છે કે કોઈપણ જીવમાત્રને શારીરિક તેમજ માનસિક રીતે દુઃખ ન પહોચાડવું તે અહિંસા. આમ સમસ્ત પ્રાણીઓ પ્રત્યે મન-કર્મ-વચન દ્વારા અહિંસામય બનવું.

૩. બ્રહ્મચર્ય :

ગાંધીજીના મતે માનવી પોતાની પાંચેય જ્ઞાનેન્દ્રિય પર કાબુ મેળવતા મેળવતા જનનેંદ્રીય ને વશ કરવામાં સફળતા મળતા બ્રહ્મચર્યનું પાલન થઈ શકે છે.

૪. સ્વાદ :

ગાંધીજી સર્વોદયના સમાજના દરેક વ્યક્તિઓને પોતાના કલ્યાણની ભાવના અર્થે ભોજન વિશે સાવધાન રહી, અશુદ્ધ અને બિનજરૂરી ખાદ્ય પદાર્થોનો ત્યાગ કરી જીભ પર સ્વાદનું નિયંત્રણ રાખી ભોજન શરીરની જરૂરિયાત પુરતો પૌષ્ટિક ખોરાકનો આગ્રહ રાખવો એમ જણાવે છે.

૫. અસ્તેય (ચોરી ન કરવી) :

અહી માત્ર બીજાની સંપત્તિ અંગેનો સવાલ નથી, પરંતુ આપણે જે વસ્તુ જરૂરીયાત જ નથી તેના વિશેનો વ્યવહાર પણ ચોરી જ છે. અહીં ગાંધીજી માનસિક, ભૌતિક, વૈચારિક ચોરીની વાત કરે છે. આમ માનવ કલ્યાણ ત્યારે જ થઈ શકે છે કે જયારે તે કોઈ પણ પ્રકારની ચોરી ન કરે.

૬. અપરિગ્રહ :(સંગ્રહ ન કરવો)

જીવન જરૂરિયાતની પ્રાથમિક આવશ્યકતાથી અધિક ચીજ વસ્તુ કે ધનનો સંચય ન કરવો. એ બીજાના વપરાશ માટે ત્યાગ કરવો. જીવનને સરળ બનાવવું જોઈએ ત્યારે જ સર્વોદય સંભવ બને.

૭. અભય :

જે વ્યક્તિ ડરી જાય છે તે આગળના વ્રત નિયમોનું પાલન કરી શકતો નથી. માટે મનમાંથી બધા જ પ્રકારના ભયને દુર કરવા જરૂરી છે. રોમારોલા ના મતે "જે વ્યક્તિ નિર્ભય છે એજ 'સત્ય અને આત્માની શક્તિ' થી પોતાની રક્ષા કરે છે."

૮. સ્વદેશી :

આપણા દેશ કે ધર્મ, ભાષા, રાજનૈતિક પદ્ધતિ અને ઉપયોગી વસ્તુઓ ખરીદવી કે સ્વીકારવાનો આગ્રહ રાખવો. સર્વોદય માં આ સ્વદેશી સાધનને વ્યાપક અર્થમાં સ્વીકાર્યા છે. જેમાં સ્વાર્થને કોઈપણ સ્થાન જ નથી અને ધ્રુણાત્મક બાબતોને પણ નિઃસ્વાર્થ સેવાના સિદ્ધાંતોને એકદમ શુદ્ધ ભાવનાથી અહિંસા કે પ્રેમભાવથી આમ સર્વોદયનો આ આવશ્યક આધાર છે.

૯. કાર્યશ્રમ :

સર્વોદયમાં મહત્વનું સાધન અને આધાર છે. કાર્યશ્રમ એ ફ્રિનિક્સમાં બધા માટે ફરજીયાત કરવામાં આવેલ આ વિચાર ગાંધીજીને ટોલસ્ટોય રસ્કિન એક બાઈબલથી ગ્રહણ કર્યો હતો. ગાંધીજીએ તેને ભગવત ગીતાના ત્રીજા અધ્યાયમાંથી પણ તારવ્યા કે "યજ્ઞ કર્યા વગર ખાવાવાળો અન્નની ચોરી કરે છે" આ યજ્ઞનો ભાવ કાર્ય, શ્રમ, મહેનતની રોટી જ યોગ્ય છે. એ કાર્યશ્રમ બાઈબલમાં પણ જણાવે છે કે, "પોતાની રોટી તું પોતાના પરસેવો વહાવીને કમાઈ થી ખાવી" આમ આ કાર્યશ્રમ દ્વારા વ્યક્તિનો વાસ્તવિક કલ્યાણ થઈ જાય છે.

આમ આ વ્રત સાધનો સિવાય પણ ગાંધીજીએ સર્વોદય માટે બે અન્ય આધારો બતાવ્યા છે. જેમાં સર્વધર્મ અને અસ્પૃશ્યતા નિવારણ સર્વોદય સમાજ માટે આ બન્ને સાધનોનું પાલન કરવું જરૂરી છે. આ રીતે સમાજ કલ્યાણ ત્યારે જ થઈ શકે કે વ્યક્તિ ઉપર જણાવેલ વ્રતોનું પાલન કરીને પોતાના જીવનમાં અપનાવે અને સમાજ અન્ય માનવીઓને એટલો જ પ્રેમ કરે જેટલો એ વ્યક્તિ પોતાની જાત સાથે કરતો હોય.

સર્વોદય નો મૂળ સિદ્ધાંત :

ગાંધીજીના શબ્દોમાં –"મારો એ વિશ્વાસ છે જે ચીજ મારી અંદરની ગહેરાઈઓમાં છુપાઈને પડી હતી. એ રસ્કિનના ગ્રંથ રત્ન "અન્ટુ ધિસ લાસ્ટ" માં એનું સ્પષ્ટ પ્રતિબિંબ જોવા મળ્યું અને તેની હૃદય અંતઃકરણ સુધી અસર થઈ કે તે ગ્રંથમાં આપેલા વિચારોને હું અમલમાં મુકવા આતુર બની ગયો. ગાંધીજીએ તેમના એ વિચારોને આધારે નીચે મુજબ ત્રણ સિદ્ધાંતો રજુ કર્યા.

૧. બધાની ભલાઈમાં આપણી પણ ભલાઈ છુપાયેલી જ છે :

આમ તો દરેક વ્યક્તિ ચોક્કસ સમાજનો એક અંગ છે. માટે જયારે લોકહિતમાં સમાજના હિત વિશે વાત વિચારીએ છીએ ત્યારે તેમાં પોતાની વ્યક્તિગત પણ સમાવેશ થઈ જાય છે. આમ સમાજથી વિરુદ્ધ કે અલગ વ્યક્તિ પોતાનું ય હિત નથી.

૨. બુદ્ધિગત અને શ્રમગતના કાર્યોની કિંમત સરખી જ હોવી જોઈએ :

આ એક અત્યંત ક્રાંતિકારી અને વિવાદાસ્પદ સિદ્ધાત છે. જેના માટે ગાંધીજી કહે છે કે બુદ્ધિ અને શ્રમના આધારે કાર્યોમાં ભેદ સમજવો જોઈએ નહિ બંને સમાન મહત્વ ધરાવે છે. કારણકે આ-જીવિકા નો અધિકાર બધાને સરખો જ મળવો જોઈએ આથી સમાજમાં બધા જ માનવીઓને સમાન માન-પ્રતિષ્ઠા મળવી જોઈએ જ્ઞાન અને કર્મ વચ્ચેના યુદ્ધમાં એક ઉચ્ચ અને એક નીમ્નનો ભાવાવેશ સર્વોદયના સિદ્ધાંત વિપરીત છે .

૩. શ્રમજીવી રૂપી જીવન જ સાચું જીવન છે.:-

ગાંધીજીના મત અનુસાર સાદી મહેનત મજુરી કરવાવાળો અને ખેડૂતનું જીવન જ સાચું જીવન છે. સર્વોદય ત્યારે જ સિદ્ધ થઈ શકે કે દરેક વ્યક્તિ આત્મ સંયમથી શ્રમ ની નૈતિકતા અંગેના જ્ઞાનનો આત્મ સાક્ષાત્કાર કરે એ સિદ્ધાંતનો અમલ એમને દક્ષિણ આફ્રીકામાં રહીને પ્રાયોગિક અને વ્યવહારીક રીતે અમલ એમણે ડરબ માં ફ્રિનીક્સ આશ્રમમાં કરેલ. ત્યાં બધી જ જાતી અને ધર્મના લોકો હતા જે બધા જ ખેડૂત હતા. મોટાભાગે ત્યાના લોકો શ્રમ કાર્ય દ્વારા જ પોતાનું કાર્ય પૂર્ણ કરતા. એ જ સાચા અર્થમાં સર્વોદય આશ્રમનું પ્રતિક હતું. જ્યાં સર્વ માનવીઓનો ઉદય માટે પ્રયત્નો હતા.

આ સિદ્ધાત વિશે ગાંધીજી લખે છે કે "પહેલો સિધ્ધાંત હું જાણતો જ હતો. બીજો સિધ્ધાંત વિશે મનમાં ધૂંધળા સ્વરૂપે મેં તે જોયેલો હતો અને ત્રીજો સિધ્ધાંત વિશે નો વિચાર મેં કોઈ દિવસ વિચાર જ કર્યા ન હતો. આમ સર્વોદય દ્વારા જ એ મને દીવાની જેમ દિશા દેખાડી કે જેમાં પહેલો સિધ્ધાંતરૂપી વિચાર સાથે જ બીજો અને ત્રીજો વિચારરૂપી સિધ્ધાંત નો સમાવેશ થઈ જાય છે.

ગાંધીજીના સર્વોદય દ્વારા માર્કસવાદ અને ઉપોયોગીતાવાદનું ખંડન :-

માર્કસવાદ અને ઉપયોગીતાવાદ બંને વિચારધારાઓ સમાજના લોક કલ્યાણ સાથે જોડાયેલી છે. જેમાં માર્કસવાદ એ સંઘર્ષના સિદ્ધાંતને ટેકો આપે છે જે મજુરવર્ગના કલ્યાણ માટે ધનિક વર્ગ જે વર્ષોથી મજૂરોનું શોષણ કરે છે તેમને હિંસક ક્રાન્તિથી ધનીક વર્ગનો નાશ કરવો અને રાજ્યમુક્ત તથા વર્ગમુક્ત સમાજની સ્થાપના કરવાની કલ્પના રજુ કરે છે. જયારે સર્વોદય ની વિચાર ધારા એક સરસ તંદુરસ્ત સમાજ ઘડતર ની વાત કરે છે તે કોઈ સંઘર્ષ કે હિંસક બાબતોમાં માનતો નથી. અમીર વર્ગનો નાશ ન કરતા તેમને સત્ય, પ્રેમ, અને અહિંસાના આધારે હૃદયપરિવર્તન કરીએ પોતાની સંપત્તિ સમાજમાં સમાજના કલ્યાણ માટે વાપરે આ વિચાર દ્વારા માત્ર એક વર્ગની નહિ પરંતુ સમગ્ર સમાજમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો નું સ્થાપના કરી એક આદર્શ રામરાજ્ય સ્થાપિત કરવાનો વિચાર રજુ કર્યો છે.

બીજી પશ્ચિમ વિચારધારા બધા જ વ્યક્તિઓને વધુની વાત કરે છે જે માત્ર ભૌતિક સુખ છે. જેમાં શારીરિક સુખ સુવિધા ભોગ- વિલાસ ની વાત કરે છે. જયારે ગાંધીજી સર્વોદય દ્વારા દરેક માનવીને અધ્યાત્મિક સુખ ની ભાવના દ્વારા જગત કલ્યાણની ઉચ્ચ ભાવના સાથે કોઈપણ માનવીના મનમાં કોઈ દુરભાવ ન રહે. વ્યક્તિ ત્યાગ, સેવા, બલિદાન, સત્ય, પ્રેમ, અહિંસા , બન્ધુત્વભાવના ના આધારે એક બીજાના સહાયક બની પોતાનું હિત સમાજના હિતમાં છુપાયેલું છે તેવી ઉચ્ચ આધ્યાત્મીક સુખ પ્રાપ્ત કરે.

જીવનની કેડી પર કાંટા અને ફૂલોને હસતા મુખે સ્વીકારી ધન્ય થઈ જનાર એવા અહિંસાના પુજારી એવા સાબરમતીના સંતને કોટી કોટી વંદન.

સંદર્ભ સૂચિ :

૧.ગાંધીજીની જીવનયાત્રા એમના જ શબ્દોમાં

સંકલન – મહેન્દ્ર મેઘાણી લોકમિલાપ ટ્રસ્ટ – અમદાવાદ

૨.ગાંધીજી : એક રાષ્ટ્રીય સેવક : પ્રો.મહેબુબ દેસાઈ

પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ પ્રથમ આવૃત્તિ – ૨૦૧૨

૩.ગાંધી દર્શન વિદ્યા જૈન – રાવત પબ્લિકેશન, ન્યુ દિલ્લી.

૪.ભારતીય ચિંતકોનું શિક્ષણ અને ચિંતન.

તૃતીય આવૃત્તિ ૨૦૧૩ ,શાસ્ત્રી જયેન્દ્ર દવે, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.,ગુજરાત રાજ્ય અમદાવાદ -૦૬.

૫.હિન્દ સ્વરાજ : એક અધ્યયન

કાંતિ શાહ, ત્રીજી આવૃત્તિ ૨૦૦૯, યજ્ઞ પ્રકાશન-વડોદરા.

૬.ગાંધી ચિંતન અને માનવીય મુલ્ય –

ડૉ.અપૂર્વ સેન રાજ, પ્રથમ આવૃત્તિ -૨૦૧૪, નિખીલ પબ્લિકેશન એન્ડ ડીસ્ટ્રિબ્યુટર્સ – આગ્રા

૭.પહેલો ગિરમીટીયો – ગિરીરાજ કિશોર બીજી આવૃત્તિ – ૨૦૧૦

નવજીવન પ્રકાશન મંદિર-અમદાવાદ

૮.જીવન શિક્ષણ- જી.સી.આર.ટી. ગાંધીનગર

અંક-ફેબ્રુઆરી -૨૦૧૫

વૈશ્વિક મોંઘવારી અને આર્થિક સ્થિરતા (2025-2026)

AYESHBHAI BIPINBHAI GAMIT
MAHADEV SAMAJSEVA MAHAVIDYALAYA, AHMEDABAD

પ્રસ્તાવના :

વૈશ્વિક અર્થતંત્ર માર્ચ 2026 ના સમયગાળામાં એક અત્યંત જટિલ અને પરિવર્તનશીલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. વર્ષ 2022 માં કોવિડ-19 મહામારીના પશ્ચાતવર્તી પ્રભાવો અને રશિયા-યુક્રેન યુદ્ધના કારણે વૈશ્વિક મોંઘવારી દર 8.7% ની ઐતિહાસિક ટોચે પહોંચ્યો હતો, જેણે સમગ્ર વિશ્વમાં ખરીદશક્તિ અને આર્થિક સંતુલનને હચમચાવી દીધું હતું. ત્યારબાદ, 2023 થી 2025 દરમિયાન વિશ્વભરની કેન્દ્રીય બેંકો દ્વારા અપનાવવામાં આવેલી કડક નાણાકીય નીતિઓને કારણે મોંઘવારી દરમાં ક્રમશઃ ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, માર્ચ 2026 ની વર્તમાન સ્થિતિ સૂચવે છે કે ભૌગોલિક-રાજકીય તણાવ, ખાસ કરીને પશ્ચિમ એશિયામાં ઈરાન સંઘર્ષ અને હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hormuz) ની નાકાબંધીએ વૈશ્વિક આર્થિક સ્થિરતા સામે પુનઃ નવા જોખમો ઉભા કર્યા છે. આ અહેવાલ વૈશ્વિક અને ભારતીય સંદર્ભમાં મોંઘવારીના પરિબળો, કેન્દ્રીય બેંકોની ભૂમિકા, ટેક્નોલોજીનો પ્રભાવ અને ભવિષ્યના પડકારોનું ગહન વિશ્લેષણ પ્રસ્તુત કરે છે.

1. પરિચય અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ:

મોંઘવારી, જે અર્થશાસ્ત્રની પરિભાષામાં વસ્તુઓ અને સેવાઓના ભાવમાં થતો સતત વધારો છે, તે સીધી રીતે નાણાંના વાસ્તવિક મૂલ્ય અથવા ખરીદશક્તિમાં ઘટાડો સૂચવે છે. જ્યારે આ દર અનિયંત્રિત બને છે, ત્યારે તે રોકાણ, બચત, આવકનું વિતરણ અને એકંદર આર્થિક વિકાસ દર (GDP growth) પર નકારાત્મક અસર કરે છે. વર્ષ 2022 માં મોંઘવારીના ઉછાળા બાદ, 2025 માં તે ઘટીને 4.1% આસપાસ રહેવાનો અંદાજ હતો, અને 2026 માટે પ્રારંભિક અંદાજો 3.6% થી 3.8% ની આસપાસ હતા.

આર્થિક સ્થિરતા જાળવવા માટે સામાન્ય રીતે 2% થી 3% ની મધ્યમ મોંઘવારી આદર્શ ગણવામાં આવે છે, કારણ કે તે વપરાશને પ્રોત્સાહન આપે છે અને ડિફ્લેશન (ભાવમાં ઘટાડો) ના જોખમને અટકાવે છે, જે આર્થિક મંદીનું કારણ બની શકે છે. જોકે, ફેબ્રુઆરી 2026 ના અંતમાં શરૂ થયેલા ઈરાન સંઘર્ષે ઊર્જાના ભાવમાં આકસ્મિક ઉછાળો લાવી દીધો છે, જેના કારણે સ્ટેગફ્લેશન (Stagflation) - એટલે કે ઊંચી મોંઘવારી અને નીચો વિકાસ દર - નું જોખમ માર્ચ 2026 માં નોંધપાત્ર રીતે વધ્યું છે.

વૈશ્વિક આર્થિક વૃદ્ધિ અને મોંઘવારીના અંદાજો (2024-2027) :

વૈશ્વિક અર્થતંત્રમાં આવતા બદલાવોને સમજવા માટે નીચેનું કોષ્ટક IMF ના તાજેતરના અંદાજો દર્શાવે છે

સૂચકાંક (વૈશ્વિક)	2024 (વાસ્તવિક)	2025 (અંદાજીત)	2026 (પ્રક્ષેપિત)	2027 (પ્રક્ષેપિત)
GDP વૃદ્ધિ દર (%)	3.2	3.3	3.3	3.2
હેડલાઈન મોંઘવારી (%)	5.9	4.1	3.8	3.4
વિકિસત દેશોની મોંઘવારી (%)	2.6	2.5	2.2	2.1
વિકાસશીલ દેશોની મોઘવારી (%)	8.1	5.2	4.8	4.3

2. વૈશ્વિક મોંઘવારીના મુખ્ય કારણો:

વર્તમાન સમયમાં મોંઘવારીના કારણો બહુપક્ષીય છે, જે પુરવઠા અને માંગ બંને બાજુના પરિબળોથી પ્રભાવિત છે.

સપ્લાય શોક્સ અને ભૌગોલિક-રાજકીય તણાવ:

પુરવઠા સાંકળમાં વિક્ષેપ એ 2026 ની મોંઘવારીનું સૌથી મોટું ચાલક બળ છે. 28 ફેબ્રુઆરી, 2026 ના રોજ શરૂ થયેલા ઈરાન યુદ્ધ અને ત્યારબાદ 4 માર્ચના રોજ હોર્મુઝની સામુદ્રધુની બંધ થવાથી વૈશ્વિક તેલ પુરવઠામાં લગભગ 20% નો ઘટાડો થયો છે. આ ઘટના 1973 અને 1990 ના તેલ સંકટ કરતા પણ વધુ ગંભીર માનવામાં આવે છે, કારણ કે દૈનિક 20 મિલિયન બેરલ તેલનો પુરવઠો અટકી પડ્યો છે. આના પરિણામે બ્રેન્ટ ક્રૂડના ભાવ $70 થી વધીને $120 ને પાર કરી ગયા છે.

ડિમાન્ડ-પુલ અને કોસ્ટ-પુશ પરિબળો:

રોગચાળા પછીના સમયગાળામાં વિવિધ દેશો દ્વારા આપવામાં આવેલા સ્ટિમ્યુલસ પેકેજોએ ગ્રાહક માંગમાં વધારો કર્યો હતો, જેને 'ડિમાન્ડ-પુલ' ઈન્ફ્લેશન કહેવામાં આવે છે. બીજી તરફ, શ્રમની અછતને કારણે વેતનમાં થયેલો વધારો અને ઊર્જાના વધતા ભાવ 'કોસ્ટ-પુશ' પરિબળો તરીકે કામ કરે છે, જે ઉત્પાદન ખર્ચમાં વધારો કરે છે અને અંતે ગ્રાહકો પર ભાવ વધારા તરીકે લાદવામાં આવે છે.

વૈશ્વિક વેપાર નીતિઓ અને ટેરિફ:

અમેરિકા અને અન્ય મોટા અર્થતંત્રો વચ્ચેના ટ્રેડ વોર અને ટેરિફ વધારાએ પણ ચીજવસ્તુઓના ભાવમાં વધારો કર્યો છે. ખાસ કરીને અમેરિકામાં ટેરિફ પાસ-થ્રુ (Tariff pass-through) ને કારણે કોર ઈન્ફ્લેશન ઊંચું રહ્યું છે. વેપારનું વિખંડન (Trade fragmentation) અને મિત્ર દેશો સાથે જ વેપાર કરવાની નીતિ (Friend-shoring) થી કાર્યક્ષમતા ઘટી છે અને ખર્ચમાં વધારો થયો છે.

3. વર્તમાન વૈશ્વિક મોંઘવારીની સ્થિતિ (2024–2026):

વર્ષ 2024 થી 2026 ના ગાળામાં વૈશ્વિક મોંઘવારીના વલણોમાં પ્રાદેશિક તફાવત જોવા મળે છે. વિકસિત દેશોમાં મોંઘવારી ઝડપથી અંકુશમાં આવી રહી હતી, પરંતુ માર્ચ 2026 ના ઉર્જા આંચકાએ આ ગતિ ધીમી પાડી છે.

અમેરિકા અને યુરોપની સ્થિતિ:

અમેરિકામાં ફેડરલ રિઝર્વના મતે 2026 ના અંત સુધીમાં મોંઘવારી 2.7% રહેવાની ધારણા છે, જે અગાઉના 2.4% ના અંદાજ કરતા વધુ છે. યુરોપમાં, ઉર્જાની આયાત પર નિર્ભરતા વધુ હોવાથી સ્થિતિ વધુ નાજુક છે. યુરોપિયન સેન્ટ્રલ બેંક (ECB) એ 2026 માટે તેના મોંઘવારી અંદાજને 1.9% થી વધારીને 2.6% કર્યો છે. જેપી મોર્ગનના વિશ્લેષણ મુજબ, 2026 ના પ્રથમ છ મહિનામાં અમેરિકા અને યુરોપ વચ્ચે મોંઘવારીનો મોટો તફાવત (Inflation gap) સર્જાવાની શક્યતા છે.

વિકાસશીલ અને ઉભરતા બજારો:

વિકાસશીલ દેશોમાં સ્થિતિ વધુ અસ્થિર છે. આર્જેન્ટિના જેવા દેશોમાં, જ્યાં 2024 માં મોંઘવારી 300% હતી, ત્યાં કડક નાણાકીય નીતિને કારણે 2026 માં તે ઘટીને 13.7% થવાની અપેક્ષા છે. જોકે, આફ્રિકા અને દક્ષિણ એશિયાના ઘણા દેશો દેવાના બોજ અને ક્લાયમેટ શોક્સને કારણે મોંઘવારી સામે લડી રહ્યા છે.

4. મોંઘવારીનો આર્થિક સ્થિરતા પર પ્રભાવ:

મોંઘવારી માત્ર કિંમતો વધારતી નથી, પરંતુ તે અર્થતંત્રના પાયાના માળખાને પ્રભાવિત કરે છે.

નકારાત્મક પ્રભાવો:

ખરીદશક્તિમાં ઘટાડો: સ્થિર આવક ધરાવતા પરિવારો માટે જીવનનિર્વાહનો ખર્ચ વધતા વાસ્તવિક આવક ઘટે છે.

બચત અને રોકાણમાં અવરોધ: ભવિષ્યની અનિશ્ચિતતાને કારણે લોકો લાંબા ગાળાના રોકાણથી દૂર રહે છે, જે મૂડી નિર્માણને અસર કરે છે.

આવક અસમાનતા: મોંઘવારીની સૌથી વધુ અસર ગરીબ વર્ગ પર થાય છે, કારણ કે તેમના બજેટનો મોટો હિસ્સો ખોરાક અને ઊર્જા પાછળ ખર્ચાય છે, જેના ભાવ સૌથી વધુ વધે છે.

સ્ટેગફ્લેશનનું જોખમ: જ્યારે મોંઘવારી વધે અને આર્થિક વૃદ્ધિ ઘટે, ત્યારે સ્ટેગફ્લેશન સર્જાય છે. માર્ચ 2026 માં જર્મની અને ઇટાલી જેવા દેશોમાં ટેકનિકલ મંદી (Technical recession) આવવાની શક્યતા વધી છે.

સકારાત્મક પ્રભાવ (મધ્યમ સ્તર):

જો મોંઘવારી 2% ની આસપાસ સ્થિર રહે, તો તે અર્થતંત્ર માટે પ્રોત્સાહક બની શકે છે. તે ગ્રાહકોને ખરીદી કરવા પ્રેરે છે (કારણ કે ભવિષ્યમાં ભાવ વધવાની અપેક્ષા હોય છે) અને દેવાદારો માટે દેવું ચૂકવવું સરળ બનાવે છે, કારણ કે નાણાંનું મૂલ્ય ઘટતું હોય છે.

5. કેન્દ્રીય બેંકની ભૂમિકા:

વિશ્વની અગ્રણી કેન્દ્રીય બેંકો ભાવ સ્થિરતા જાળવવા માટે મુખ્યત્વે વ્યાજદરોનો ઉપયોગ કરે છે.

ફેડરલ રિઝર્વ (US Fed):

માર્ચ 18, 2026 ના રોજ ફેડરલ રિઝર્વે વ્યાજદરોને 3.5% થી 3.75% ની રેન્જમાં સ્થિર રાખ્યા હતા. આ નિર્ણય પાછળ ઈરાન યુદ્ધને કારણે સર્જાયેલી આર્થિક અનિશ્ચિતતા જવાબદાર હતી. ફેડના ચેરમેન જેરોમ પોવેલે સંકેત આપ્યો હતો કે જ્યાં સુધી મોંઘવારી 2% ના લક્ષ્યાંક તરફ સ્થિર ગતિએ ન વધે ત્યાં સુધી વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવશે નહીં.

યુરોપિયન સેન્ટ્રલ બેંક (ECB):

ECB એ તેના ડિપોઝિટ રેટને 2.00% પર યથાવત રાખ્યો છે. યુરોપિયન બેંક અત્યારે "વેઇટ એન્ડ વોચ" ની સ્થિતિમાં છે, કારણ કે ઊર્જાના ભાવમાં વધારો ટૂંકા ગાળાનો છે કે કાયમી તે સમજવું મુશ્કેલ છે. જો યુદ્ધ લાંબુ ચાલે, તો જૂન 2026 માં ECB વ્યાજદરોમાં વધારો કરી શકે છે.

ભારતીય રિઝર્વ બેંક (RBI):

RBI એ ફેબ્રુઆરી 2026 માં રેપો રેટ 5.25% પર સ્થિર રાખ્યો હતો. ભારતની મજબૂત GDP વૃદ્ધિ (7.4%) અને પ્રમાણમાં નીચી મોંઘવારીને કારણે RBI પાસે નીતિવિષયક રાહત હતી. જોકે, રૂપિયાના મૂલ્યમાં થતા ઘટાડાને રોકવા માટે માર્ચના અંતમાં RBI એ બેંકોની નેટ ઓપન પોઝિશન (NOP) પર $100 મિલિયનની મર્યાદા લાદી છે.

6. સરકારની નીતિઓ અને પગલાં:

મોંઘવારી નિયંત્રણ માટે માત્ર નાણાકીય નીતિ પૂરતી નથી; સરકારની ફિસ્કલ પોલિસી (રાજકોષીય નીતિ) પણ એટલી જ મહત્વની છે.

રાજકોષીય શિસ્ત અને સબસિડી:

સરકારો ખાદ્ય અને ઊર્જા સબસિડી દ્વારા સામાન્ય જનતાને ભાવ વધારાથી બચાવવાનો પ્રયાસ કરે છે. ભારતે માર્ચ 2026 માં પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં ₹10 પ્રતિ લીટરનો ઘટાડો કર્યો છે. આનાથી સરકારની તિજોરી પર ₹1.3 - 1.4 લાખ કરોડનો વાર્ષિક બોજ પડશે, પરંતુ તે રિટેલ મોંઘવારીને વધતી અટકાવશે.

સપ્લાય-સાઈડ સુધારા:

સરકારો લાંબા ગાળાના ઉકેલ તરીકે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવા, કૃષિ ઉત્પાદકતા સુધારવા અને ઉત્પાદન ક્ષેત્રે પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભારતમાં GST રેશનલાઈઝેશન અને નવા ટ્રેડ ડીલ્સ (અમેરિકા અને EU સાથે) થી સપ્લાય ચેઈન ખર્ચ ઘટાડવામાં મદદ મળી છે.

7. ગ્લોબલાઈઝેશન અને મોંઘવારી:

ગ્લોબલાઈઝેશનના યુગમાં કોઈ પણ દેશની મોંઘવારી અન્ય દેશોની સ્થિતિથી અલિપ્ત રહી શકતી નથી.

વેપાર માર્ગોમાં વિક્ષેપ:

લાલ સમુદ્ર (Red Sea) અને સુએઝ કેનાલના સંકટ પછી હવે હોર્મુઝની સામુદ્રધુની બંધ થવાથી શિપિંગ ખર્ચમાં મોટો ઉછાળો આવ્યો છે. કન્ટેનર શિપ્સને હવે આફ્રિકાના કેપ ઓફ ગુડ હોપ થઈને લાંબો માર્ગ અપનાવવો પડે છે, જેનાથી ઈંધણનો વપરાશ અને સમય વધે છે. આ વધારાનો ખર્ચ અંતે ગ્રાહક કિંમતોમાં પ્રતિધ્વનિત થાય છે.

ટ્રેડ ફ્રેગ્મેન્ટેશન:

વૈશ્વિક અર્થતંત્ર અત્યારે બે બ્લોક્સમાં વહેંચાઈ રહ્યું હોય તેવું લાગે છે. આના કારણે કાર્યક્ષમ પુરવઠા સાંકળો તૂટી રહી છે. IMF મુજબ, વેપારમાં આવતા અવરોધો વૈશ્વિક GDP માં 0.2% થી 1.3% સુધીનો ઘટાડો કરી શકે છે.

8. ટેક્નોલોજી અને મોંઘવારી:

આજના યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ઓટોમેશન મોંઘવારી ઘટાડવા માટેના શક્તિશાળી સાધનો તરીકે ઉભરી રહ્યા છે.

ઉત્પાદકતામાં વધારો:

AI ના ઉપયોગથી કંપનીઓ ઓછા ખર્ચે વધુ ઉત્પાદન કરી શકે છે. અમેરિકામાં 2025 ના ત્રીજા ક્વાર્ટરમાં ઉત્પાદકતામાં 4.9% નો વધારો જોવા મળ્યો હતો, જે મોંઘવારીના દબાણને ઓછું કરવામાં મદદરૂપ થયો છે. AI ટેક્નોલોજી દ્વારા હેલ્થકેર, એડમિનિસ્ટ્રેશન અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ખર્ચ ઘટાડવાની મોટી તકો છે.

જોખમો અને પડકારો:

જોકે, ટેક્નોલોજીને કારણે નોકરીઓ ગુમાવવાનું જોખમ પણ રહેલું છે, જે સામાજિક અસમાનતા વધારી શકે છે. વ્યાપાર જગતમાં 79% મોટી કંપનીઓ હવે જનરેટિવ AI નો ઉપયોગ કરી રહી છે, જે લાંબા ગાળે વેતન માળખામાં ફેરફાર લાવી શકે છે.

9. વિકસિત અને વિકાશીલ દેશોની તુલના:

મોંઘવારી સામે લડવાની ક્ષમતા દરેક દેશની આર્થિક સ્થિતિ પર નિર્ભર કરે છે.

વિષય	વિકિસત દેશો (Advanced Economies)	વિકાસશીલ દેશો (EMDEs)
મોંઘવારી દર	નીચો અને સ્થિર (~2.2%)	ઊંચો અને અસ્થિર (~4.8%)
મખ્યુ પડકાર	સર્વિસ સેકટર અને વેજ ગ્રોથ	ખાદ્ય અને ઉર્જાના ભાવ
કેન્દ્રીય બર્કેની વિશ્વસનીયતા	મજબતૂ, સ્વતત્રં સંસ્થાઓ	સંસ્થાકીય માળખું નબળું હોઈ શકે
નાણાકીય સાધનો	ટેક્નોલોજી અને મૂડી બજારનો ઉપયોગ	વિદેશી હૂંડિયામણ અને સબિસડી પર નિર્ભરતા

સ્રોત: IMF અને જેપી મોર્ગન રિસર્ચ.

10. ભારતમાં મોંઘવારી અને સ્થિરતા:

ભારતે વૈશ્વિક અસ્થિરતા વચ્ચે પણ નોંધપાત્ર સ્થિરતા જાળવી રાખી છે.

CPI અને WPI વિશ્લેષણ:

ફેબ્રુઆરી 2026 માં ભારતની રિટેલ મોંઘવારી (CPI) 3.21% નોંધાઈ હતી, જે જાન્યુઆરીના 2.74% થી થોડો વધારો દર્શાવે છે. આ વધારા પાછળ ખાદ્ય પદાર્થો (ખાસ કરીને ફળો) અને સોના-ચાંદીના ભાવ જવાબદાર હતા. જથ્થાબંધ મોંઘવારી (WPI) 2.13% રહી છે, જે મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં વધતા ખર્ચને સૂચવે છે.

RBI ના ટાર્ગેટ અને અનુમાન:

RBI એ 2026 થી 2031 સુધી 4% મોંઘવારીનો લક્ષ્યાંક (+/- 2% બેન્ડ સાથે) જાળવી રાખ્યો છે. FY26 માટે સરેરાશ મોંઘવારી 2.1% થી 3.2% ની વચ્ચે રહેવાની ધારણા છે.

રૂપિયાની સ્થિતિ:

ઈરાન સંઘર્ષને કારણે રૂપિયો ડોલર સામે 94.85 ના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયો હતો, પરંતુ RBI ના હસ્તક્ષેપ અને બેંકો પર લાદવામાં આવેલી મર્યાદાઓને કારણે તે રિકવર થઈને 93.57 પર આવ્યો છે.

11. ભવિષ્યની પડકારો અને તકો:

2026 ના બાકીના સમયગાળા માટે આર્થિક લેન્ડસ્કેપ પડકારજનક છે.

પડકારો (સ્ટેગફ્લેશનનો ખતરો):

જો તેલના ભાવ $170 સુધી પહોંચે, તો વૈશ્વિક મંદી નિશ્ચિત છે. ખાદ્ય સુરક્ષા પણ જોખમમાં છે, કારણ કે ખાતરના ભાવમાં 50% થી વધુનો વધારો થયો છે. એવિએશન અને ટુરિઝમ સેક્ટર પશ્ચિમ એશિયામાં લગભગ ઠપ્પ થઈ ગયા છે.

તકો:

ટેક્નોલોજી દ્વારા ઉત્પાદકતા વધારવી એ સૌથી મોટી તક છે. આ ઉપરાંત, ગ્રીન એનર્જી તરફનું સંક્રમણ તેલ પરની નિર્ભરતા ઘટાડી શકે છે. સપ્લાય ચેઈનને વધુ વૈવિધ્યસભર બનાવીને ભવિષ્યના આંચકા સામે રક્ષણ મેળવી શકાય છે.

12. સંદર્ભ સૂચિ:

IMF World Economic Outlook (Jan 2026): વૈશ્વિક વિકાસ અને મોંઘવારી અંદાજો.

Trading Economics / MOSPI India: ભારતીય રિટેલ મોંઘવારી (CPI) ફેબ્રુઆરી 2026 ડેટા.

Wikipedia / Economic Impact of 2026 Iran War: ઈરાન સંઘર્ષની વૈશ્વિક અસરો અને તેલ સંકટ.

Federal Reserve Bank of Dallas: હોર્મુઝની સામુદ્રધુનીની નાકાબંધી અને તેલ પુરવઠામાં ઘટાડો.

FocusEconomics: યુરોપિયન સેન્ટ્રલ બેંક (ECB) વ્યાજદર અને મોંઘવારી અંદાજ.

Business Today Research: વૈશ્વિક ખાતરના ભાવ અને ખાદ્ય સુરક્ષા પર સંકટ.

VisionIAS: ભારત સરકાર દ્વારા પેટ્રોલ-ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો.

J.P. Morgan Global Research: યુએસ અને યુરોપ વચ્ચેના ઈન્ફ્લેશન ગેપનું વિશ્લેષણ.

World Bank: વૈશ્વિક આર્થિક સંભાવનાઓ અને ગરીબ દેશો પર અસર.

Multibagg / RBI MPC: ભારતીય રેપો રેટ અને ગ્રોથ આઉટલુક.

Economic Times Indicators: ભારત-યુએસ ટ્રેડ ડીલ અને ટેરિફમાં ઘટાડો.

DD News / RBI Malhotra: નાણાકીય વર્ષ 2025-26 માટે ભારતીય મોંઘવારી અંદાજો.

IMF EMDE Notes: વિકાસશીલ દેશો માટે ઈન્ફ્લેશન ટાર્ગેટિંગની વ્યૂહરચના.

Trading Economics India YoY: રિટેલ ઈન્ફ્લેશનના 11 મહિનાના ઉચ્ચ સ્તરનું વિશ્લેષણ.

Forbes India Retail Update: સોના-ચાંદીના ભાવ અને પર્સનલ કેર મોંઘવારી.

Union Bank of India Research: ફેબ્રુઆરી CPI માં ખાદ્ય મોંઘવારીનો આશ્ચર્યજનક ઉછાળો.

ભારતીય આર્થિક સ્થિતિ અને આજના યુદ્ધ

ડો. સુરેશભાઈ પુનાભાઈ રાવલ
HOD. અર્થશાસ્ત્ર વિભાગ, સી. & એસ. એચ. દેશાઈ આર્ટસ & એલ. કે. એલ. દોશી કોમર્સ કોલેજ, બાલાસિનોર.

સારાંશ

આ સંશોધન પેપરનો મુખ્ય હેતુ ભારતની વર્તમાન આર્થિક સ્થિતિ અને આજના વૈશ્વિક યુદ્ધોની તેની પર પડતી અસરને સરળ ભાષામાં સમજાવવાનો છે. આજના સમયમાં યુદ્ધો માત્ર સૈન્ય સંઘર્ષ પૂરતા મર્યાદિત નથી રહ્યા, પરંતુ તેઓ વૈશ્વિક અર્થતંત્ર, વેપાર, ઊર્જા અને નાણાકીય પ્રણાલીઓને પણ અસર કરે છે. ખાસ કરીને Russia-Ukraine War અને Israel-Hamas War જેવા યુદ્ધોએ વિશ્વભરના બજારોમાં અસ્થિરતા પેદા કરી છે. ભારત જેવી વિકસતી અર્થવ્યવસ્થા માટે આ પરિસ્થિતિઓ પડકારો તેમજ તકો બંને ઉભી કરે છે. આ પેપર દ્વારા મોંઘવારી, વેપાર, ઊર્જા અને રોકાણ જેવા પરિબળો પર પડતી અસરનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

Keywords: ભારતીય અર્થતંત્ર, વૈશ્વિક યુદ્ધો, મોંઘવારી, વેપાર પ્રભાવ, ઊર્જા સંકટ, આર્થિક વિકાસ

પરિચય

આધુનિક યુગમાં કોઈપણ દેશની આર્થિક સ્થિતિ માત્ર આંતરિક પરિબળો પર આધારિત નથી રહેતી. વૈશ્વિક પરિસ્થિતિઓ, ખાસ કરીને યુદ્ધો, દેશના અર્થતંત્રને સીધી અને આડકતરી રીતે અસર કરે છે. ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંનું એક છે અને તેની આર્થિક પ્રગતિ વૈશ્વિક પરિસ્થિતિઓ સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલી છે. આજના યુદ્ધો માત્ર જમીન અથવા રાજકીય સીમાઓ માટે જ નથી લડાતા, પરંતુ તેઓ આર્થિક પ્રભુત્વ અને વ્યૂહાત્મક હિતો માટે પણ થાય છે. યુદ્ધોના કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન, ઊર્જા બજારો અને રોકાણના પ્રવાહોમાં મોટા ફેરફારો થાય છે, જેનાથી ભારત જેવી અર્થવ્યવસ્થાઓ પર નોંધપાત્ર અસર પડે છે.

ભારતીય આર્થિક સ્થિતિ

ભારતની આર્થિક સ્થિતિ છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર રીતે મજબૂત બની છે. દેશે કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રમાં સંતુલિત વિકાસ નોંધાવ્યો છે. સેવા ક્ષેત્ર, ખાસ કરીને માહિતી ટેક્નોલોજી અને બેંકિંગ, સૌથી ઝડપથી વિકસતું ક્ષેત્ર બની ગયું છે અને તે દેશની આવકમાં મોટો ફાળો આપે છે. કૃષિ ક્ષેત્ર હજુ પણ મોટી જનસંખ્યા માટે રોજગારીનું મુખ્ય સ્ત્રોત છે, જોકે તેની ઉત્પાદકતા હજુ પણ પડકારરૂપ છે. ઉદ્યોગ ક્ષેત્રમાં પણ ધીમે ધીમે વૃદ્ધિ જોવા મળી રહી છે. ડિજિટલ અર્થતંત્ર, સ્ટાર્ટઅપ સંસ્કૃતિ અને ઈ-કોમર્સના વિકાસથી ભારત વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ મજબૂત બનાવી રહ્યું છે. તેમ છતાં, બેરોજગારી, આવક અસમાનતા અને મોંઘવારી જેવા પ્રશ્નો હજુ પણ આર્થિક વિકાસ માટે અવરોધરૂપ છે.

આજના યુદ્ધોનું સ્વરૂપ

આજના યુદ્ધો પરંપરાગત યુદ્ધોથી અલગ છે. હવે યુદ્ધો માત્ર સૈન્ય શક્તિના આધારે જ નહીં, પરંતુ આર્થિક અને ટેક્નોલોજીકલ પ્રભાવના આધારે પણ લડાય છે. વિશ્વમાં હાલમાં ચાલી રહેલા Russia-Ukraine War અને Israel-Hamas War જેવા સંઘર્ષોએ વૈશ્વિક અર્થતંત્રને ઊંડી અસર પહોંચાડી છે. આ યુદ્ધોના કારણે ઊર્જા પુરવઠામાં વિક્ષેપ, વેપારમાં અવરોધ અને નાણાકીય બજારોમાં અસ્થિરતા જોવા મળી છે.

ભારતીય અર્થતંત્ર પર યુદ્ધોની અસર

આજના યુદ્ધો ભારતના અર્થતંત્ર પર અનેક રીતે અસર કરે છે. સૌપ્રથમ, ઊર્જા ક્ષેત્રમાં તેની અસર સ્પષ્ટ જોવા મળે છે. ભારત તેની ઊર્જાની જરૂરિયાત માટે મોટા પ્રમાણમાં કાચા તેલની આયાત પર નિર્ભર છે. યુદ્ધોના કારણે તેલના ભાવમાં વધારો થાય છે, જેના પરિણામે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધી જાય છે અને મોંઘવારી વધે છે. મોંઘવારીના કારણે સામાન્ય નાગરિકના જીવન ખર્ચમાં વધારો થાય છે અને તેની ખરીદ શક્તિ ઘટે છે.

તે ઉપરાંત, વૈશ્વિક વેપાર પર પણ યુદ્ધોની અસર પડે છે. યુદ્ધોના કારણે સપ્લાય ચેઈનમાં વિક્ષેપ આવે છે, જેના કારણે માલની આવક-જાવકમાં વિલંબ થાય છે. આથી ઉદ્યોગોને જરૂરી કાચા માલ મળવામાં મુશ્કેલી પડે છે અને ઉત્પાદન પ્રક્રિયા પ્રભાવિત થાય છે. આ પરિસ્થિતિનો સીધો અસર રોજગારી અને આવક પર પડે છે.

વિદેશી રોકાણ પર પણ યુદ્ધોની અસર થાય છે. વૈશ્વિક અસ્થિરતાના સમયમાં રોકાણકારો જોખમ ટાળવા માટે પોતાના રોકાણ ઘટાડે છે, જેના કારણે ભારતીય મૂડી બજારોમાં અસ્થિરતા આવે છે. આ સાથે જ, ભારતીય રૂપિયાની કિંમતમાં ઘટાડો થાય છે, જેના કારણે આયાત વધુ મોંઘી બને છે.

સરકારના ખર્ચ પર પણ યુદ્ધોની અસર પડે છે. યુદ્ધોની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને સરકાર રક્ષણ ક્ષેત્રમાં ખર્ચ વધારે છે, જેના કારણે અન્ય વિકાસલક્ષી ક્ષેત્રો માટેના સંસાધનોમાં ઘટાડો થાય છે. આથી દેશના લાંબા ગાળાના વિકાસ પર અસર પડી શકે છે.

ભારત માટે તકો

યુદ્ધોની પરિસ્થિતિઓ માત્ર પડકારો જ નહીં, પરંતુ તકો પણ ઉભી કરે છે. ભારત વૈશ્વિક સપ્લાય ચેઈનમાં પોતાની ભૂમિકા મજબૂત બનાવી શકે છે અને નવા વેપાર ભાગીદારો શોધી શકે છે. "આત્મનિર્ભર ભારત" અભિયાન દ્વારા દેશ સ્થાનિક ઉત્પાદન વધારી શકે છે અને આયાત પરની નિર્ભરતા ઘટાડે છે. ઉપરાંત, રક્ષણ ઉદ્યોગમાં વિકાસ માટે પણ નવી તકો ઊભી થાય છે, જેનાથી રોજગારી અને ટેક્નોલોજીકલ વિકાસને પ્રોત્સાહન મળે છે.

સરકારની નીતિઓ

ભારત સરકાર યુદ્ધોની અસર ઘટાડવા માટે વિવિધ નીતિઓ અમલમાં મૂકે છે. ઊર્જા સ્ત્રોતોમાં વૈવિધ્યતા લાવવા, મોંઘવારી નિયંત્રિત કરવા અને નિકાસ વધારવા માટે પ્રયાસ કરવામાં આવે છે. આ સાથે જ, નાણાકીય અને મોનેટરી નીતિઓ દ્વારા આર્થિક સ્થિરતા જાળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સરકાર સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે અને વિદેશી રોકાણને આકર્ષવા માટે અનુકૂળ વાતાવરણ ઉભું કરે છે.

પડકારો

વૈશ્વિક યુદ્ધોના કારણે ભારતને અનેક પડકારોનો સામનો કરવો પડે છે. મોંઘવારીમાં વધારો, બેરોજગારી, ગરીબી અને વૈશ્વિક અનિશ્ચિતતા જેવા મુદ્દાઓ આર્થિક વિકાસને અસર કરે છે. આ પડકારોને પહોંચી વળવા માટે યોગ્ય નીતિઓ અને આયોજન જરૂરી છે.

નિષ્કર્ષ

આ રીતે જોવામાં આવે તો આજના યુદ્ધો ભારતની આર્થિક સ્થિતિ પર ઊંડી અસર કરે છે. તેલના ભાવ, વેપાર, રોકાણ અને મોંઘવારી જેવા ક્ષેત્રોમાં પડકારો ઉભા થાય છે. છતાં, યોગ્ય નીતિઓ, ટેક્નોલોજી અને આયોજન દ્વારા ભારત આ પડકારોને તકોમાં ફેરવી શકે છે. મજબૂત અને સ્થિર અર્થતંત્ર માટે ભારતને વૈશ્વિક પરિસ્થિતિઓને સમજવી અને તેના અનુસાર નીતિઓ ઘડવી અત્યંત જરૂરી

BIBLIOGRAPHY

ભારત સરકારના આર્થિક સર્વે અહેવાલો,

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અહેવાલો,

World Bank અને International Monetary Fund ના અહેવાલો

આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રના પાઠ્યપુસ્તકો

ધોરણ-12 ના વિદ્યાર્થીઓ માં સ્માર્ટફોન વ્યસન અંગેનો અભ્યાસ

મેઘનાથી કિંજલ ભૂપતગીરી
સંશોધન છાત્ર, મનોવિજ્ઞાન વિભાગ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

સારાંશ

પ્રસ્તુત અભ્યાસ વિદ્યાર્થીઓમાં વધતા સ્માર્ટફોન ના વ્યસન અંગેનો છે. આ અભ્યાસનો હેતુ જૂનાગઢ શહેરના ધોરણ-12 ના કોમર્સ અને સાયન્સ ના વિદ્યાર્થીઓ માં સ્માર્ટફોન વ્યસન ના અતિશય વપરાશ ને જાણવા અંગેનો છે. સ્માર્ટફોન વ્યસન અંગેની માહિતી એકત્રિત કરવા માટે સ્માર્ટફોન અડીકશન સ્કેલ શોર્ટ–વર્ઝન(SAS-SV) નો ઉપયોગ કરવામાં આવ્યો છે.આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ માટે t-test નો ઉપયોગ કર્યો છે. નમૂનો લેવા માટે રેન્ડમ નમૂના પસંદગી નો ઉપયોગ કર્યો છે. 40 છોકરીઓ અને 40 છોકરાઓ એમ કરી કુલ 80 નમૂના લીધેલ છે. પરિણામ જોવા મળ્યું કે છોકરીઓ અને છોકરાઓ માં સ્માર્ટફોન વ્યસનના પ્રાપ્તાંકો વચ્ચે તફાવત નથી. તેમ કોમર્સ અને સાયન્સ ના વિદ્યાર્થીઓ માં પણ સ્માર્ટફોનના વ્યસનમાં તફાવત નથી. પરંતુ, વિદ્યાર્થીઓમાં અમુક અંશે સ્માર્ટફોન વ્યસનનું જોખમી પ્રમાણ જોવા મળ્યું છે.

મુખ્ય શબ્દો-સ્માર્ટફોન વ્યસન, માનસિક સ્વાસ્થ્ય, SAS-SV

પ્રસ્તાવના

આજનો યુગ એ ડિજિટલ યુગ છે. તેથી, શિક્ષણમાં પણ વિદ્યાર્થીઓને મોબાઈલ, કમ્પ્યુટર જેવા સાધનો સાથે વધુ જોડાઈ રહેવું પડે છે. તેના કારણે આજે સ્માર્ટફોન નો અતિરેક ઉપયોગ થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ સ્માર્ટફોન માં રહેલી વિવિધતા ના કારણે સ્માર્ટફોન ના વ્યસની બની ગયા છે. જે વિદ્યાર્થીઓના શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક સંબંધો પર નકારાત્મક અસરો જન્માવે છે.

સ્માર્ટફોન વ્યસન એટલે મોબાઈલ નો એવો અતિશય અને અનિયંત્રિત ઉપયોગ જેના કારણે વિદ્યાર્થી ના જીવન પર ખરાબ અસર પડે છે મોબાઈલ સુવિધા ની જગ્યાએ ઉપયોગ ની મજબૂરી બની જાય ત્યારે તે વ્યસન બની જાય છે.

હેતુ

આ અભ્યાસ ના હેતુ નીચે પ્રમાણે બે છે.

ધોરણ-12 ના વિદ્યાર્થીઓ ની જાતિ ના સંદર્ભમાં સ્માર્ટફોન વ્યસન નો અભ્યાસ કરવો.

ધોરણ-12 ના વિદ્યાર્થીઓના પ્રવાહ ના સંદર્ભમાં સ્માર્ટફોન વ્યસન નો અભ્યાસ કરવો.

ઉત્કલ્પના

આ અભ્યાસમાં હેતુ ને આધારે શૂન્ય ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

$H0_1$ ધોરણ-12 ના વિદ્યાર્થીઓમાં જાતિ ના સંદર્ભમાં સ્માર્ટફોન વ્યસન ના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

$H0_2$ ધોરણ-12 ના વિદ્યાર્થીઓમાં પ્રવાહ ના સંદર્ભમાં સ્માર્ટફોન વ્યસન ના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

પરીવર્ત્યો

અભ્યાસના પરિવર્ત્યો નીચે પ્રમાણે છે.

સ્વતંત્ર પરીવર્ત્યો

જાતિ–સ્ત્રી, પુરુષ

પ્રવાહ–કોમર્સ, સાયન્સ

આધારિત પરીવર્ત્ય

1.સ્માર્ટફોન વ્યસન ના પ્રાપ્તાંકો

નિયંત્રિત પરીવર્ત્યો

આ અભ્યાસ માત્ર જૂનાગઢ શહેર ના ધોરણ-12 ના કોમર્સ અને સાયન્સ ના વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત છે.

વ્યાપવીશ્વ અને નીદર્શ

આ અભ્યાસ નું વ્યાપવિશ્વ જૂનાગઢ શહેર ના ધોરણ-12 ના કોમર્સ અને સાયન્સ ના વિદ્યાર્થીઓ છે.

આ અભ્યાસ માં 40 છોકરીઓ અને 40 છોકરાઓ એમ કરી ને કુલ 80 નીદર્શ ને પસંદ કર્યા છે.

ક્રમ	માહિતી	કોમર્સ	સાયન્સ	કુલ
	છોકરીઓ	20	20	40
	છોકરાઓ	20	20	40
કુલ		40	40	80

સાધનો

1.સ્માર્ટફોન એડીકશન સ્કેલ શોર્ટ–વર્ઝન(SAS-SV)

પ્રાથમિક માહિતી પત્રક

માહિતી પ્રાપ્ત કરવા માટે જૂનાગઢ શહેર ના ધોરણ-12 ના કોમર્સ અને સાયન્સ ના વિદ્યાર્થીઓ પાસે પ્રાથમિક માહિતી પત્રક ભરાવવામાં આવશે. જેમાં, વિદ્યાર્થીનું નામ, જાતિ અને પ્રવાહ ની માહિતી ભરાવવામાં આવશે.

સ્માર્ટફોન એડીકશન સ્કેલ શોર્ટ–વર્ઝન(SAS-SV)

સ્માર્ટફોન વ્યસન તુલા(ટૂંકું સંસ્કરણ) 2013 માં મીન કવોન(min kwon) અને તેના સહયોગીઓ (દાઈ–જિન કિમ અને અન્ય) દ્વારા વિકસાવવામાં આવી અને ફેબ્રુઆરી 2013 માં 'PLoI ONE' જર્નલ માં પ્રકાશિત થઈ હતી.

મૂળ સ્માર્ટફોન એડીકશન સ્કેલ(SAS) 2013 માં પ્રકાશિત થઈ અને તેનું ટૂંકું સંસ્કરણ SAS-SV 2013 ના અંત માં ડિસેમ્બર માં રજુ કરવામાં આવી.

SAS-SV માં 10 પ્રશ્નો છે. જેમાં પુરુષો માટે 31 થી વધુ સ્કોર અને સ્ત્રી માટે 33 થી વધુ સ્કોર સ્માર્ટફોન વ્યસન નું જોખમ છે તેવું દર્શાવે છે. SAS-SV સ્માર્ટફોન વ્યસન થી થતી સમસ્યા અને તેની અતિશયતા ને માપે છે. જેનાથી શારીરિક સ્થિતિ, માનસિક સ્થિતિ, સતત તેના વિચારો અને અનિયંત્રિત ઉપયોગ વિશે જાણવા મળે છે.

સંશોધન ડિઝાઈન

જેમાં, 2×2 ફેકટોરિયલ ડિઝાઈન બને છે.

A.જાતિ–A1 સ્ત્રી, A2 પુરુષ

B. પ્રવાહ–B1 કોમર્સ, B2 સાયન્સ

આંકડાશાસ્ત્રીય પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં t-test નો ઉપયોગ કરવામાં આવ્યો છે. t-test બે જૂથો ના સરેરાશ વચ્ચે તફાવત છે કે નહિ તે જાણવા માટે વપરાય છે. પ્રસ્તુત અભ્યાસમાં જાતિના સંદર્ભમાં સ્ત્રી અને પુરુષ, કોમર્સ અને સાયન્સ બે જૂથો વચ્ચે સ્માર્ટફોન ના વ્યસન નો તફાવત છે કે નહિ તે જાણવા માટે t-test નો ઉપયોગ કર્યો છે. જેમાં સ્વતંત્ર નિદર્શ t-test નો ઉપયોગ કર્યો છે.

પરિણામ ટેબલ

ધોરણ-12 ની છોકરીઓ અને છોકરાઓમાં સ્માર્ટફોન વ્યસન નું મધ્યક, પ્રમાણિત વિચલન અને t સ્કોર દર્શાવતું કોષ્ટક

ટેબલ–1

ક્રમ	જુથ	N	MEAN	SD	df	t	P	ટેબલ કિંમત (0.05)	Sig
1	છોકરીઓ	40	32.20	7.19	78	0.453	0.652	1.99	NS
2	છોકરાઓ	40	31.40	8.54					સાર્થક નથી.

ધોરણ-12 ના કોમર્સ અને સાયન્સ ના વિદ્યાર્થીઓમાં સ્માર્ટફોન વ્યસનનું મધ્યક, પ્રમાણિત વિચલન અને t સ્કોર દર્શાવતું કોષ્ટક

ટેબલ-2

ક્રમ	જુથ	N	MEAN	SD	df	t	P	ટેબલ કિંમત (0.05)	Sig
1	કોમર્સ	40	31.80	8.82	78	0.039	0.968	1.99	NS
2	સાયન્સ	40	31.73	7.57					સાર્થક નથી

પરિણામ ચર્ચા

પ્રસ્તુત અભ્યાસમાં આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. અને સ્માર્ટફોન ના વ્યસનનું માપન કરવા માટે SAS-SV સ્કેલ નો ઉપયોગ કરી વિદ્યાર્થી પાસે માહિતી પ્રાપ્ત કરી છે.

ટેબલ -1 માં જોવા મળ્યું કે છોકરીઓ અને છોકરાઓ માં ક્રમશ: મધ્યક 32.20 અને 31.40 છે. જેમાં, t સ્કોર 0.453 આવ્યો છે જે દર્શાવે છે કે, છોકરાઓ અને છોકરીઓ માં સ્માર્ટફોન ના વ્યસન માં સાર્થક તફાવત નથી. બંને સરેરાશ સમાન છે. અહી, P=0.652 છે. જે 0.05 કરતા વધારે હોવાથી સાબિત થાય છે કે, છોકરાઓ અને છોકરીઓ ના સ્માર્ટફોન

એડિકશનમાં કોઈ સાર્થક તફાવત નથી. તેથી, H01 ધોરણ-12 ના વિદ્યાર્થીઓમાં જાતિના સંદર્ભમાં સ્માર્ટફોન વ્યસન ના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ. એ શૂન્ય ઉત્કલ્પનાં સ્વીકાર થાય છે.

ટેબલ-2 માં જોવા મળે છે કે, કોમર્સ અને સાયન્સ ના વિદ્યાર્થીઓ માં મધ્યક ક્રમશ: 31.80 અને 31.73 છે. જેમાં t સ્કોર 0.039 છે. જે દર્શાવે છે કે કોમર્સ અને સાયન્સ ના વિદ્યાર્થીઓમાં સ્માર્ટફોન વ્યસન માં સાર્થક તફાવત નથી. બંને સરેરાશ સમાન છે. અહી, P–968 છે. જે 0.05 કિંમત કરતા મોટી હોવાથી જોવા મળ્યું કે કોમર્સ અને સાયન્સ ના વિદ્યાર્થીઓમાં સ્માર્ટફોન વ્યસનમાં કોઈ સાર્થક તફાવત નથી. તેથી, H02 ધોરણ-12 ના વિદ્યાર્થીઓમાં પ્રવાહ ના સંદર્ભમાં સ્માર્ટફોન વ્યસન ના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ. એ ઉત્કલ્પના નો સ્વીકાર થાય છે.

નિષ્કર્ષ

ધોરણ–12 ના વિદ્યાર્થીઓમાં જાતિના સંદર્ભમાં સ્માર્ટફોન વ્યસનના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો નથી. ધોરણ–12 ના વિદ્યાર્થીઓમાં પ્રવાહ ના સંદર્ભમાં સ્માર્ટફોન વ્યસનના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો નથી. પરંતુ, વિદ્યાર્થીઓ માં અમુક અંશે સ્માર્ટફોન વ્યસનનું પ્રમાણ જોખમી જોવા મળ્યું હોવાથી તેના નિવારણ માટે કામ કરવું પડે એમ છે.

સંદર્ભ સૂચિ

દેસાઈ, કે. જી. (૨૦૦૫). મનોવિજ્ઞાન અને શિક્ષણમાં આંકડાશાસ્ત્ર. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

ક્વાન, એમ., કિમ, ડી. જે., ચો, એચ., અને યાંગ, એસ. (૨૦૧૩). ધ સ્માર્ટફોન એડિકશન સ્કેલ: ડેવલપમેન્ટ એન્ડ વેલિડેશન ઓફ અ શોર્ટ વર્ઝન ફોર અડોલેસન્ટ્સ. પ્લોસ વન (PLoS ONE), ૮(૧૨), e૮૩૫૫૮.doi.org

જૈન, એસ. (૨૦૨૨). એ સ્ટડી ઓફ ઈન્ટરનેટ અડિકશન અમંગ એડોલેસંટ્સ યુઝિંગ સ્માર્ટફોન [ડોક્ટરલ ડેઝર્ટેશન અડિકશન પંજાબ યુનિવર્સીટી]. શોધગંગા. http://hdl.handle.net/10603/536154

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના લક્ષ્યો અને ગિજુભાઈનું મૂલ્યશિક્ષણ: એક નૂતન દ્રષ્ટિકોણ

વિપુલ પી. રાવલ
PH.D સ્કોલર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ

સારાંશ

પ્રસ્તુત સંશોધન પત્રનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય શિક્ષણના અગ્રણી ચિંતક ગિજુભાઈ બધેકા(૧૮૮૫-૧૯૩૯) દ્વારા પ્રસ્તુત મૂલ્ય શિક્ષણના સિદ્ધાંતોનું રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ (NEP-2020)ના પરિપ્રેક્ષ્યમાં ચિંતનાત્મક વિશ્લેષણ કરવાનો છે. ગિજુભાઈ, જે 'મૂછાળી મા' તરીકે જાણીતા છે, તેમણે બાળકેન્દ્રી શિક્ષણ અને બાળકના સર્વાંગી વિકાસ પર ભાર મૂક્યો હતો. તેમનું શિક્ષણ દર્શન બાળકના સ્વાતંત્ર્ય, આનંદ અને સહજ વિકાસને કેન્દ્રમાં રાખે છે, જે આધુનિક શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતો સાથે સુસંગત છે. આ અભ્યાસમાં NEP-2020 દ્વારા પ્રસ્તાવિત મૂલ્ય-આધારિત શિક્ષણ, ચારિત્ર્ય નિર્માણ અને ફાઉન્ડેશનલ સ્ટેજ (પાયાના તબક્કા)ની જોગવાઈઓનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

ગિજુભાઈના શિક્ષણ દર્શનના સાત મુખ્ય સ્તંભો– બાળશિક્ષણની વિભાવના, સ્વાવલંબન, સ્વનિયમન, ઈન્દ્રિય શિક્ષણ, સર્જનાત્મક અભિવ્યક્તિ, શિક્ષણ પ્રક્રિયામાં શિક્ષકની ભૂમિકા અને બાળશિક્ષણની પદ્ધતિનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ સંશોધન દર્શાવે છે કે ગિજુભાઈના બાળકેન્દ્રી શૈક્ષણિક સિદ્ધાંતો, NEP-2020ના પાયાના તબક્કા માટેના રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા(NCF-FS)માં સમાવિષ્ટ પ્રવૃત્તિ-આધારિત અને સર્વગ્રાહી વિકાસના લક્ષ્યો સાથે સંપૂર્ણપણે સુસંગત છે. NEP-2020 ભારતીય મૂલ્યો, નૈતિકતા અને બંધારણીય મૂલ્યોના સમાવેશ દ્વારા વિદ્યાર્થીઓના સર્વગ્રાહી વિકાસ પર ભાર મૂકે છે. આ અભ્યાસ તારણ આપે છે કે ગિજુભાઈના શિક્ષણ દર્શનને NEP-2020ના અમલીકરણમાં એક માર્ગદર્શક સિદ્ધાંત તરીકે અપનાવવાથી ભારતીય શિક્ષણ પ્રણાલીમાં મૂલ્ય-આધારિત અને માનવતાવાદી શિક્ષણના લક્ષ્યોને અસરકારક રીતે હાંસલ કરી શકાય છે. આ ચિંતનાત્મક અભ્યાસ નીતિ નિર્માતાઓ, શિક્ષકો અને શિક્ષણશાસ્ત્રીઓ માટે ગિજુભાઈના શાશ્વત સિદ્ધાંતોને વર્તમાન શૈક્ષણિક માળખામાં કેવી રીતે એકીકૃત કરી શકાય તે અંગેની સમજ પૂરી પાડે છે.

ચાવીરૂપ શબ્દો : ગિજુભાઈ બધેકા, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, મૂલ્યશિક્ષણ, બાળકેન્દ્રી શિક્ષણ.

પ્રાસ્તાવિક

શિક્ષણ એ માત્ર જ્ઞાનનું સંપાદન નથી, પરંતુ તે વ્યક્તિના ચારિત્ર્ય, નૈતિકતા અને મૂલ્યોના ઘડતરની પ્રક્રિયા છે. ભારતીય સંદર્ભમાં, શિક્ષણના હેતુને હંમેશા 'સા વિદ્યા યા વિમુક્તયે' (જે મુક્તિ અપાવે તે વિદ્યા)ના સૂત્ર દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે. આધુનિક ભારતીય શિક્ષણના ઈતિહાસમાં, ગિજુભાઈ બધેકાનું નામ એક એવા યુગપ્રવર્તક તરીકે અંકિત છે, જેમણે પરંપરાગત શિક્ષક-કેન્દ્રી શિક્ષણ પદ્ધતિને પડકારીને બાળકેન્દ્રી શિક્ષણનો પાયો નાખ્યો. ગિજુભાઈએ ભારતમાં મોન્ટેસરી પદ્ધતિનો પ્રચાર કર્યો અને 'બાલમંદિર'ની સ્થાપના દ્વારા પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ(ECCE) ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન લાવ્યા. તેમનું સમગ્ર શિક્ષણ દર્શન મૂલ્ય શિક્ષણ પર આધારિત હતું, જ્યાં બાળકને ભયમુક્ત, આનંદમય અને સ્વાતંત્ર્યપૂર્ણ વાતાવરણમાં શીખવાની તક મળે.

બીજી તરફ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ એ ૨૧મી સદીના ભારતની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને શિક્ષણ પ્રણાલીમાં આમૂલ પરિવર્તન લાવવાનો મહત્વાકાંક્ષી દસ્તાવેજ છે. NEP–2020માં સર્વાંગી વિકાસ (Holistic Development), બહુભાષીયતા અને ભારતીય મૂલ્યોના સંવર્ધન પર વિશેષ ભાર મૂકેલ છે. આ નીતિનો એક મુખ્ય આધારસ્તંભ મૂલ્ય-આધારિત શિક્ષણ (Value-Based Education) છે, જે વિદ્યાર્થીઓમાં નૈતિકતા, બંધારણીય મૂલ્યો અને માનવતાવાદી દૃષ્ટિકોણનું સિંચન કરે.

પ્રસ્તુત સંશોધન પત્ર ગિજુભાઈના મૂલ્ય શિક્ષણના સાત મુખ્ય સિદ્ધાંતો અને NEP-2020 ની મૂલ્ય શિક્ષણની જોગવાઈઓ વચ્ચેના જોડાણ અને સુસંગતતાનો ચિંતનાત્મક અભ્યાસ કરે છે. આ અભ્યાસ એ સમજવાનો પ્રયાસ કરે છે કે ગિજુભાઈના શાશ્વત વિચારો, વર્તમાન નીતિના સફળ અમલીકરણમાં કેવી રીતે માર્ગદર્શક ભૂમિકા ભજવી શકે છે ?

ગિજુભાઈ બધેકાનું શિક્ષણ દર્શન: મૂલ્ય શિક્ષણના સાત સ્તંભો

ગિજુભાઈ બધેકાનું શિક્ષણ દર્શન બાળકના સહજ વિકાસ અને મૂલ્યનિષ્ઠ ઘડતર પર કેન્દ્રિત છે. તેમણે બાળકના માનસને સમજીને, તેના સર્વાંગી વિકાસ માટે વ્યવહારુ અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવી. તેમના મૂલ્ય શિક્ષણના મુખ્ય સિદ્ધાંતોને નીચેના સાત સ્તંભોમાં વિભાજિત કરી શકાય છે:

2.1 શિક્ષણ બાલ શિક્ષણની વિભાવના

ગિજુભાઈએ ભારપૂર્વક જણાવ્યું કે શિક્ષણ બાળક માટે છે, બાળક શિક્ષણ માટે નથી. તેમની બાળશિક્ષણની વિભાવના બાળકના સ્વાતંત્ર્ય, આનંદ અને સહજતા પર આધારિત છે. તેમણે બાળકને એક સક્રિય, જિજ્ઞાસુ અને સ્વયં-શીખનાર વ્યક્તિ તરીકે જોયો. તેમના મતે, બાળ શિક્ષણનો હેતુ માત્ર જ્ઞાન આપવાનો નહીં, પણ બાળકના આંતરિક શક્તિઓ અને સંભાવનાઓને ખીલવવાનો છે. આ વિભાવના પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓથી વિપરીત છે, જ્યાં બાળકને માત્ર એક ખાલી પાત્ર માનવામાં આવતું હતું જેને જ્ઞાનથી ભરવાનું હોય. ગિજુભાઈએ બાળકના માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી.

2.2 સ્વાવલંબન, પર્યાવરણ અને કુદરત પરિચય

ગિજુભાઈએ સ્વાવલંબન (Self-reliance)ને મૂલ્ય શિક્ષણનો એક મહત્વપૂર્ણ ભાગ ગણાવ્યો. તેમના મતે, બાળકને નાનપણથી જ પોતાના કામ જાતે કરવાની તાલીમ મળવી જોઈએ, જે તેને આત્મવિશ્વાસ અને જવાબદારીની ભાવના શીખવે છે. આ સ્વાવલંબન માત્ર શારીરિક કાર્યો પૂરતું મર્યાદિત નહોતું, પરંતુ તે માનસિક અને નૈતિક સ્વાવલંબન તરફ પણ દોરી જાય છે. તેમણે પર્યાવરણ અને કુદરત પરિચય પર પણ વિશેષ ભાર મૂક્યો. ગિજુભાઈ માનતા હતા કે, બાળકનું શિક્ષણ ચાર દીવાલોની અંદર નહીં, પરંતુ કુદરતના ખુલ્લા વાતાવરણમાં થવું જોઈએ. કુદરત સાથેનો સીધો સંપર્ક બાળકોમાં પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા, આદર અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવે છે. આ અભિગમ બાળકોને જીવનના વ્યવહારુ પાસાઓ સાથે જોડે છે અને તેમને વાસ્તવિક દુનિયાના મૂલ્યો શીખવે છે.

2.3 સ્વનિયમન

ગિજુભાઈના શિક્ષણમાં સ્વનિયમન (Self-regulation)નો સિદ્ધાંત કેન્દ્રીય છે. તેમણે બાહ્ય શિસ્ત (સજા કે ડર દ્વારા લાદવામાં આવેલી શિસ્ત) ને બદલે આંતરિક શિસ્ત અથવા સ્વનિયમન પર ભાર મૂક્યો. તેમનો ઉદ્દેશ્ય બાળકને એવું વાતાવરણ પૂરું પાડવાનો હતો જ્યાં તે પોતાની ભૂલોમાંથી શીખે અને પોતાના વર્તનને નિયંત્રિત કરવાનું શીખે. તેમના શબ્દોમાં કહીયે તો, "બાળકને શિક્ષક કે માતા-પિતાના ડરથી નહીં, પણ પોતાના આંતરિક આવેગથી શિસ્તબદ્ધ થવું જોઈએ." આ સ્વનિયમનનો વિકાસ બાળકના નૈતિક અને ભાવનાત્મક વિકાસ માટે અનિવાર્ય છે, જે તેને ભવિષ્યમાં જવાબદાર અને વિચારશીલ નાગરિક બનાવે છે.

2.4 ઇન્દ્રિય શિક્ષણ

ગિજુભાઈએ મોન્ટેસરી પદ્ધતિના પ્રભાવ હેઠળ ઇન્દ્રિય શિક્ષણ (Sensory Education) ને બાળ શિક્ષણની પદ્ધતિનો આધાર બનાવ્યો. તેઓ માનતા હતા કે જ્ઞાનની શરૂઆત ઇન્દ્રિયો દ્વારા થાય છે. બાળકોને સ્પર્શ, દૃષ્ટિ, શ્રવણ, સ્વાદ અને ગંધ દ્વારા શીખવાની તક મળવી જોઈએ. ઇન્દ્રિય શિક્ષણ માટે તેમણે ખાસ સાધનો અને પ્રવૃત્તિઓનો ઉપયોગ કર્યો, જે બાળકોને વસ્તુઓના આકાર, રંગ, કદ અને ગુણધર્મોને સીધા અનુભવ દ્વારા સમજવામાં મદદ કરે છે. આ પદ્ધતિ માત્ર જ્ઞાનાત્મક વિકાસ જ નહીં, પણ બાળકની એકાગ્રતા અને નિરીક્ષણ શક્તિમાં પણ વધારો કરે છે, જે મૂલ્ય શિક્ષણના પાયાના ગુણો છે.

2.5 સર્જનાત્મક અભિવ્યક્તિ

ગિજુભાઈએ બાળકની સર્જનાત્મક અભિવ્યક્તિ (Creative Expression)ને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો. તેમણે કલા, સંગીત, નૃત્ય, ચિત્રકામ અને વાર્તા કહેવા જેવી પ્રવૃત્તિઓને શિક્ષણનો અભિન્ન ભાગ બનાવ્યો. તેમના મતે, સર્જનાત્મકતા એ બાળકના આંતરિક વિચારો અને લાગણીઓને વ્યક્ત કરવાનું માધ્યમ છે. સર્જનાત્મક અભિવ્યક્તિ બાળકોમાં કલ્પનાશક્તિ, સ્વતંત્ર વિચારસરણી અને સૌંદર્યલક્ષી મૂલ્યોનો વિકાસ કરે છે. આ પ્રવૃત્તિઓ દ્વારા બાળકને પોતાની જાતને મુક્તપણે વ્યક્ત કરવાની તક મળે છે, જે તેના ભાવનાત્મક વિકાસ અને આત્મસન્માન માટે મહત્વપૂર્ણ છે.

2.6 શિક્ષણ પ્રક્રિયામાં શિક્ષક

ગિજુભાઈએ શિક્ષણ પ્રક્રિયામાં શિક્ષકની ભૂમિકાને પરંપરાગત 'જ્ઞાન આપનાર'માંથી બદલીને 'માર્ગદર્શક' (Facilitator) અને 'બાળકના મિત્ર' તરીકે સ્થાપિત કરી. તેમણે શિક્ષકને 'મૂછાળી મા' નું બિરુદ આપ્યું, જે માતા જેવી સંવેદનશીલતા અને પિતા જેવી માર્ગદર્શકતા દર્શાવે છે. શિક્ષકે બાળકના વિકાસમાં માત્ર દખલગીરી ન કરવી જોઈએ, પરંતુ તેને યોગ્ય વાતાવરણ પૂરું પાડવું જોઈએ. શિક્ષકનું મુખ્ય કાર્ય બાળકને નિરીક્ષણ કરવું, તેની જરૂરિયાતો સમજવી અને તેને યોગ્ય સાધનો અને પ્રવૃત્તિઓ દ્વારા સ્વયં શીખવા માટે પ્રોત્સાહિત કરવું છે. શિક્ષકનું પોતાનું આચરણ અને મૂલ્યો બાળકના મૂલ્ય શિક્ષણ માટેનું સૌથી મોટું ઉદાહરણ છે.

2.7 બાળશિક્ષણની પદ્ધતિ

ગિજુભાઈની બાલ શિક્ષણની પદ્ધતિ મુખ્યત્વે પ્રવૃત્તિ-આધારિત, રમત-આધારિત અને વાર્તા-આધારિત હતી. તેમની પદ્ધતિમાં નીચેનાનો સમાવેશ થાય છે:

બાલમંદિર: મોન્ટેસરી પદ્ધતિ પર આધારિત, જ્યાં બાળકને કામ કરવા માટે મુક્ત વાતાવરણ મળે.

વાર્તા કથન: નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું સિંચન કરવા માટે વાર્તાઓનો ઉપયોગ.

ગીત અને સંગીત: આનંદમય શિક્ષણ અને ભાષા વિકાસ માટે.

સ્વયં-સુધારણા: ભૂલોને સજા વિના સુધારવાની તક આપવી.

આ પદ્ધતિનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકને આનંદ સાથે શીખવવાનો અને તેના આંતરિક વિકાસને પ્રોત્સાહન આપવાનો હતો, જે મૂલ્ય શિક્ષણનો પાયો છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦: મૂલ્ય શિક્ષણ અને પાયાનો તબક્કો ફાઉન્ડેશનલ સ્ટેજ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦(NEP-2020) ભારતીય શિક્ષણ પ્રણાલીને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક અને ભારતીય મૂળભૂત મૂલ્યો સાથે જોડાયેલી બનાવવાનો લક્ષ્ય ધરાવે છે. આ નીતિમાં મૂલ્ય શિક્ષણને કેન્દ્રીય સ્થાન આપવામાં આવ્યું છે.

3.1 NEP 2020 માં મૂલ્ય શિક્ષણનું મહત્વ

NEP 2020 સ્પષ્ટપણે જણાવે છે કે શિક્ષણનો ઉદ્દેશ્ય માત્ર જ્ઞાન અને કૌશલ્યોનો વિકાસ કરવાનો નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં મૂળભૂત ફરજો અને બંધારણીય મૂલ્યો, દેશ પ્રત્યેનો ઊંડો આદર અને માનવતાવાદી, નૈતિક, તર્કસંગત અને કરુણાપૂર્ણ વિચારસરણી વિકસાવવાનો છે. આ નીતિમાં સૂચવવામાં આવ્યું છે કે મૂલ્ય શિક્ષણને અભ્યાસક્રમમાં અલગ વિષય તરીકે નહીં, પરંતુ સમગ્ર શિક્ષણ પ્રક્રિયામાં સર્વગ્રાહી રીતે એકીકૃત કરવું જોઈએ. આ એકીકરણ ભારતીય જ્ઞાન પ્રણાલી (Indian Knowledge Systems - IKS) અને ભારતીય સંસ્કૃતિના મૂળભૂત મૂલ્યો પર આધારિત હશે.

3.2 ફાઉન્ડેશનલ સ્ટેજ (પાયાનો તબક્કો) અને મૂલ્યો

NEP 2020 ની સૌથી ક્રાંતિકારી જોગવાઈઓમાંની એક છે ૫+૩+૩+૪ નું નવું શૈક્ષણિક માળખું, જેમાં પ્રથમ પાંચ વર્ષને ફાઉન્ડેશનલ સ્ટેજ (૩ થી ૮ વર્ષની વય) તરીકે ઓળખવામાં આવે છે. આ તબક્કો બાળકના જીવનનો સૌથી મહત્વપૂર્ણ તબક્કો છે, જ્યાં મગજનો ૮૫% વિકાસ થાય છે.ફાઉન્ડેશનલ સ્ટેજની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે:

બહુ-સ્તરીય, રમત-આધારિત અને પ્રવૃત્તિ-આધારિત શિક્ષણ.

ECCE (પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ) પર ભાર.

શારીરિક, જ્ઞાનાત્મક, સામાજિક-ભાવનાત્મક અને નૈતિક વિકાસ પર ધ્યાન.

આ તબક્કામાં, મૂલ્યોનું સિંચન ઔપચારિક શિક્ષણ દ્વારા નહીં, પરંતુ વાર્તાઓ, રમતો, ગીતો અને દૈનિક ક્રિયાકલાપો દ્વારા થવું જોઈએ. આ અભિગમ ગિજુભાઈના શિક્ષણ દર્શન સાથે સીધો સુસંગત છે.

ગિજુભાઈના સાત સિદ્ધાંતોની NEP-2020 ના સંદર્ભમાં સુસંગતતાનું ચિંતનાત્મક વિશ્લેષણ

ગિજુભાઈના સાત સ્તંભો NEP-2020 ના ફાઉન્ડેશનલ સ્ટેજ(FS) માટેના રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા(NCF-FS) ના અમલીકરણ માટે એક મજબૂત અને સાંસ્કૃતિક રીતે મૂળભૂત માર્ગદર્શિકા પૂરી પાડે છે.

4.1 ગિજુભાઈના સિદ્ધાંતો અને NEP-2020 વચ્ચેનું જોડાણ:

ગિજુભાઈનો સિદ્ધાંત	NEP-2020/NCF-FSમાં સુસંગત જોગવાઈ	વિશ્લેષણ
૧.બાળશિક્ષણની વિભાવના	ECCE અને ફાઉન્ડેશનલ સ્ટેજ પર ભાર; બાળકેન્દ્રી શિક્ષણની હિમાયત.	ગિજુભાઈનો બાળકેન્દ્રી અભિગમ NEP 2020 ના FS ના મૂળભૂત ઉદ્દેશ્યને સીધો સમર્થન આપે છે, જે બાળકને શિક્ષણ પ્રક્રિયાના કેન્દ્રમાં રાખે છે.
૨.સ્વાવલંબન, પર્યાવરણ અને કુદરત પરિચય	જીવન કૌશલ્યો (Life Skills) નો વિકાસ; પર્યાવરણીય શિક્ષણ અને સ્થાનિક જ્ઞાન પ્રણાલી (IKS) સાથે જોડાણ.	NEP 2020 માં 'પર્યાવરણ' અને 'સ્થાનિક સંદર્ભ' પરનો ભાર ગિજુભાઈના કુદરત પરિચયના સિદ્ધાંત સાથે મેળ ખાય છે, જે વ્યવહારુ મૂલ્યોનું સિંચન કરે છે.
૩. સ્વનિયમન	સામાજિક-ભાવનાત્મક શિક્ષણ (SEL); નૈતિકતા અને બંધારણીય મૂલ્યોનું સિંચન.	ગિજુભાઈનું સ્વનિયમન NEP 2020 ના SEL ના લક્ષ્યને હાંસલ કરવા માટે એક અસરકારક પદ્ધતિ પૂરી પાડે છે, જે આંતરિક શિસ્ત અને નૈતિક જવાબદારી વિકસાવે છે.
૪. ઇન્દ્રિય શિક્ષણ	પ્રવૃત્તિ-આધારિત,રમત-આધારિત અને અનુભવજન્ય શિક્ષણ(Experiential Learning) પર ભાર.	NEP 2020 માં FS માટે સૂચવેલ પદ્ધતિઓ ગિજુભાઈના ઇન્દ્રિય શિક્ષણના સિદ્ધાંત પર આધારિત છે, જે બાળકોને સીધા અનુભવ દ્વારા શીખવા માટે પ્રોત્સાહિત કરે છે.
૫.સર્જનાત્મક અભિવ્યક્તિ	કલા સંકલન (Art Integration); સર્જનાત્મકતા અને જટિલ વિચારસરણીનો વિકાસ.	ગિજુભાઈનો કલા અને સર્જનાત્મકતા પરનો ભાર NEP-2020 ના કલા-સંકલિત શિક્ષણના ઉદ્દેશ્યને મજબૂત બનાવે છે, જે બાળકોના ભાવનાત્મક અને સૌંદર્યલક્ષી મૂલ્યોનું ઘડતર કરે છે.
૬. શિક્ષણ પ્રક્રિયામાં શિક્ષક	શિક્ષકને સશક્તિકરણ; શિક્ષકને 'માર્ગદર્શક' તરીકેની ભૂમિકા; CPD (સતત વ્યાવસાયિક વિકાસ).	ગિજુભાઈની શિક્ષકની ભૂમિકા NEP 2020ની શિક્ષક તાલીમ અને ભૂમિકાના પરિવર્તનની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે છે.

ગિજુભાઈનો સિદ્ધાંત	NEP-2020/NCF-FSમાં સુસંગત જોગવાઈ	વિશ્લેષણ
૭. બાળશિક્ષણની પદ્ધતિ	બહુ-સ્તરીય,રમત-આધારિત પદ્ધતિ; વાર્તા કથન અને સંવાદ પર ભાર.	ગિજુભાઈની પદ્ધતિઓ NEP-2020 ના FS માટેના NCF-FS દ્વારા સૂચવેલ શિક્ષણ પદ્ધતિઓનો પાયો છે.

4.2 ચિંતનાત્મક વિશ્લેષણ: ગિજુભાઈના સિદ્ધાંતોનું યોગદાન

ગિજુભાઈના સિદ્ધાંતો NEP 2020 ના અમલીકરણમાં નીચે મુજબનું અનન્ય યોગદાન આપી શકે છે:

મૂલ્ય શિક્ષણનું વ્યવહારુ માળખું: NEP-2020 મૂલ્ય શિક્ષણની વાત કરે છે, પરંતુ ગિજુભાઈએ વાર્તાઓ, ગીતો અને દૈનિક પ્રવૃત્તિઓ દ્વારા મૂલ્યોને કેવી રીતે શીખવી શકાય તેનું વ્યવહારુ માળખું પૂરું પાડ્યું છે. તેમનું બાળસાહિત્ય ભારતીય મૂલ્યોના સિંચન માટેનું એક અમૂલ્ય સંસાધન છે, જે NEP-2020 ના IKS (Indian Knowledge Systems) ના લક્ષ્યને પૂર્ણ કરે છે.

ઇન્દ્રિય શિક્ષણ દ્વારા સર્વગ્રાહી વિકાસ: ગિજુભાઈનું ઇન્દ્રિય શિક્ષણ એ NEP-2020 ના અનુભવજન્ય શિક્ષણ (Experiential Learning)નો પાયો છે. ઇન્દ્રિયો દ્વારા શીખવાથી માત્ર જ્ઞાનાત્મક વિકાસ જ નહીં, પણ બાળકનું શારીરિક અને માનસિક સંતુલન પણ જળવાય છે, જે સર્વગ્રાહી વિકાસ માટે અનિવાર્ય છે.

સ્વનિયમન અને ભાવનાત્મક બુદ્ધિ: NEP-2020 સામાજિક-ભાવનાત્મક શિક્ષણ(SEL) પર ભાર મૂકે છે. ગિજુભાઈનો સ્વનિયમનનો સિદ્ધાંત બાળકોને તેમની લાગણીઓ અને આવેગોને સમજવા અને નિયંત્રિત કરવામાં મદદ કરે છે, જે આધુનિક શિક્ષણની સૌથી મોટી જરૂરિયાત છે. આનાથી બાળકોમાં આત્મવિશ્વાસ, સહાનુભૂતિ અને નૈતિક નિર્ણય લેવાની ક્ષમતા વિકસે છે.

શિક્ષકનું સશક્તિકરણ: ગિજુભાઈએ શિક્ષકને 'માર્ગદર્શક' તરીકેની ભૂમિકા આપીને તેમને સન્માન અને જવાબદારી આપી. NEP-2020માં શિક્ષક તાલીમ પરનો ભાર ગિજુભાઈના આદર્શ શિક્ષકની વિભાવનાને સાકાર કરવા માટેનો માર્ગ છે. શિક્ષકોને ગિજુભાઈના દર્શનથી પરિચિત કરાવવાથી તેઓ બાળકના સ્વાતંત્ર્ય અને સ્વનિયમનને પ્રોત્સાહન આપવા માટે સક્ષમ બનશે.

ગિજુભાઈના સિદ્ધાંતોનું વ્યવહારુ અમલીકરણ

ગિજુભાઈના મૂલ્ય શિક્ષણના સિદ્ધાંતોને NEP-2020 ના માળખામાં સફળતાપૂર્વક અમલમાં મૂકવા માટે નીચેના પગલાં સૂચવી શકાય:

5.1 ફાઉન્ડેશનલ સ્ટેજ માટે અભ્યાસક્રમની રચના

ગિજુભાઈના 'દિવાસ્વપ્ન' અને 'બાલમંદિર'ના અનુભવો પર આધારિત અભ્યાસક્રમ વિકસાવવો જોઈએ. આ અભ્યાસક્રમમાં નીચેનાનો સમાવેશ થવો જોઈએ.

ઇન્દ્રિય-આધારિત પ્રવૃત્તિઓ: ઇન્દ્રિય શિક્ષણને પ્રોત્સાહન આપતા સાધનો અને પ્રવૃત્તિઓનો ઉપયોગ, જેમ કે મોન્ટેસરી સાધનો અને કુદરતી વસ્તુઓ સાથેની રમતો.

સ્વાવલંબન કૌશલ્યો: દૈનિક જીવનના કાર્યો (જેમ કે કપડાં પહેરવા, જમવું, સ્વચ્છતા જાળવવી) ને અભ્યાસક્રમનો ભાગ બનાવવો, જે સ્વાવલંબનનું મૂલ્ય શીખવે.

સર્જનાત્મકતાનું સંવર્ધન: કલા, સંગીત અને નાટ્ય જેવી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય અને મુક્ત વાતાવરણ પૂરું પાડવું, જેથી સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન મળે.

5.2 શિક્ષક તાલીમ અને સશક્તિકરણ

શિક્ષકોને ગિજુભાઈના શિક્ષણ દર્શનની ફિલસૂફીથી પરિચિત કરાવવા માટે વિશેષ તાલીમ કાર્યક્રમો શરૂ કરવા જોઈએ. આ તાલીમમાં નીચેના પાસાંઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ:

બાળમનોવિજ્ઞાન અને સ્વનિયમન: શિક્ષકોને બાળકના માનસને સમજવા અને સ્વનિયમન વિકસાવવા માટે સજા કે ડર વિનાના અભિગમો શીખવવા.

મોન્ટેસરી અને પ્રવૃત્તિ પદ્ધતિઓ: ગિજુભાઈ દ્વારા અપનાવવામાં આવેલી મોન્ટેસરી પદ્ધતિ અને અન્ય પ્રવૃત્તિ-આધારિત શિક્ષણ પદ્ધતિઓમાં શિક્ષકોને નિપુણ બનાવવા.

નિરીક્ષણ અને માર્ગદર્શન: શિક્ષકને માત્ર ભણાવનાર નહીં, પણ બાળકના વિકાસનું નિરીક્ષણ કરનાર અને માર્ગદર્શન આપનાર તરીકેની ભૂમિકા માટે તૈયાર કરવા.

5.3 માતા-પિતાનું શિક્ષણ અને પર્યાવરણ સાથે જોડાણ

ગિજુભાઈએ માતા-પિતાને પણ શિક્ષણ પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બનાવ્યા હતા. NEP- 2020 ની સફળતા માટે માતા-પિતાને સમજાવવું જરૂરી છે કે પ્રારંભિક વર્ષોમાં મૂલ્ય શિક્ષણ અને સર્વગ્રાહી વિકાસ પરીક્ષાના ગુણ કરતાં વધુ મહત્વપૂર્ણ છે.

વધુમાં, ગિજુભાઈના કુદરત પરિચયના સિદ્ધાંતને અનુસરીને, શાળાઓએ બાળકોને નિયમિતપણે કુદરતી વાતાવરણમાં લઈ જવા જોઈએ અને પર્યાવરણ પ્રત્યે આદર અને સંવેદનશીલતાના મૂલ્યોનું સિંચન કરવું જોઈએ.

સમાપન અને ભવિષ્યની દિશા

આ ચિંતનાત્મક અભ્યાસ સ્પષ્ટપણે દર્શાવે છે કે ગિજુભાઈ બધેકાનું મૂલ્ય શિક્ષણનું દર્શન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના મૂળભૂત સિદ્ધાંતો સાથે ઊંડી સુસંગતતા ધરાવે છે. ગિજુભાઈએ એક સદી પહેલા જે બાળકેન્દ્રી, આનંદમય અને મૂલ્ય-આધારિત શિક્ષણની હિમાયત કરી હતી, તે જ ફિલસૂફી NEP-2020 ના ફાઉન્ડેશનલ સ્ટેજ અને સર્વગ્રાહી વિકાસના ઉદ્દેશ્યોનો પાયો બની શકે છે.

ગિજુભાઈના સાત સિદ્ધાંતો – બાળ શિક્ષણની વિભાવના, સ્વાવલંબન, સ્વનિયમન, ઇન્દ્રિય શિક્ષણ, સર્જનાત્મક અભિવ્યક્તિ, શિક્ષકની ભૂમિકા અને બાલ શિક્ષણની પદ્ધતિ એ NEP- 2020ના અમલીકરણ માટે વ્યવહારુ અને સાંસ્કૃતિક

રીતે મૂળભૂત માર્ગ પૂરો પાડે છે. ખાસ કરીને, તેમનું ઇન્દ્રિય શિક્ષણ અને સ્વનિયમન પરનું ધ્યાન NEP-2020 દ્વારા પ્રસ્તાવિત અનુભવજન્ય શિક્ષણ અને સામાજિક-ભાવનાત્મક વિકાસના લક્ષ્યોને હાંસલ કરવા માટે નિર્ણાયક છે.

નીતિ નિર્માતાઓ અને શિક્ષણશાસ્ત્રીઓએ ગિજુભાઈના વિપુલ બાળસાહિત્ય અને શિક્ષણ પદ્ધતિઓને આધુનિક અભ્યાસક્રમમાં એકીકૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ભવિષ્યમાં, આ સંશોધન પત્ર ગિજુભાઈના સિદ્ધાંતોના આધારે ફાઉન્ડેશનલ સ્ટેજ માટે એક વિગતવાર અભ્યાસક્રમ માળખું (Curriculum Framework) વિકસાવવા માટેનો આધાર પૂરો પાડી શકે છે. આનાથી ભારતીય શિક્ષણ પ્રણાલીમાં માત્ર જ્ઞાનનું જ નહીં, પણ ચારિત્ર્ય અને નૈતિકતાનું પણ અસરકારક રીતે સિંચન થઈ શકશે, જે ૨૧મી સદીના ભારત માટે મૂલ્યનિષ્ઠ નાગરિકોનું નિર્માણ કરશે.

संदर्भसूचि (References)

દવે, જયેન્દ્ર શાસ્ત્રી (2013). તૃ. આ. ભારતીય ચિન્તકોનું શિક્ષણ ચિન્તન. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગાંધીનગર.

પાઠક, ભારતલાલ. (1978). શિક્ષણનું કેળવણીમાં પ્રદાન. આર. આર. શેઠની કંપની, અમદાવાદ.

પુરાણી, છો. બા. (1917). મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિ. વડોદરા.

પ્રકાશ- નાનાભાઈ અને ગિજુભાઈ. (1988). ગિજુભાઈ: મોન્ટેસોરી પદ્ધતિ. ભાવનગર.

બધેકા, ગિરિજાશંકર. (1981). વાર્તાનું શાસ્ત્ર. દક્ષિણામૂર્તિ ભવન, ભાવનગર.

મહેતા, દીપક પ્ર. (સં) (1984). ગિજુભાઈ એક પરિચય. ગિજુભાઈ જન્મ શતાબ્દી સમિતિ, વડોદરા.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020). માનવ સંસાધન મંત્રાલય, ભારત સરકાર

National Curriculam Framework for School Education (2023). N.C.E.R.T.

Ministry of Education, Government of India. National Education Policy 2020*. Retrieved from: https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/NEP_Final_English_0.pdf*

NCERT. National Curriculum Framework for Foundational Stage*. Retrieved from: https://www.ncert.nic.in/pdf/NCF_for_Foundational_Stage_20_October_2022.pdf*

બનાસકાંઠા જિલ્લામાં અત્યાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૯: સામાજિક પડકારો અને કાનૂની સુરક્ષાનું વિશ્લેષણ

NARESHKUMAR SARUPABHAI MANAVAR
RESEARCH SCHOLAR, GOKUL GLOBAL UNIVERSITY, SIDDHPUR, DIST-PATAN
DR. BHARATBHAI ROJASARA
ASST. PROFESSOR, GOKUL GLOBAL UNIVERSITY,SIDDHPUR, DIST-PATAN

સમીક્ષા

બનાસકાંઠા જિલ્લો ભૌગોલિક રીતે મોટો અને સામાજિક રીતે વિવિધતા ધરાવતો જિલ્લો છે, જ્યાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ની મોટા ભાગની વસ્તીઓ વસવાટ કરે છે. ભારતના બંધારણની પ્રસ્તાવનામાં સમાનતાના હક્કો હોવા છતાં, બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ ગામડાના વિસ્તારોમાં આજે પણ વ્યવસાય આધારિત વિકસેલી જૂની જ્ઞાતિ વ્યવસ્થાના અવશેષો મોટા ભાગે જોવા મળે છે, જે ક્યારેક અસ્પૃશ્યતા કે ભેદભાવનું રૂપ ધારણ કરે છે.

પરિચય

"જો કડવી વસ્તુ હોય તો તમે તેને વધુ મીઠી બનાવી શકતા નથી. દરેક વસ્તુનો સ્વાદ અલગ હોઈ શકે છે, પરંતુ ઝેરમાંથી અમૃત બનાવી શકાતું નથી." -ડૉ. બી.આર. આંબેડકર

બનાસકાંઠા જિલ્લો, જે રણ અને પહાડોની વચ્ચે વસેલો જિલ્લો છે, ત્યાં ૧૯મી સદીના સમયગાળાથી જ જ્ઞાતિ પ્રથાના મૂળ ઊંડા રહેલા છે. જ્યારે ભારતના અન્ય ભાગોમાં 'અસ્પૃશ્યતા' સામે વિરોધ શરૂ થયો, ત્યારે બનાસકાંઠાના અંતરિયાળ ગામડાઓમાં પણ દલિત અને શોષિત વર્ગો પરના અત્યાચારોની ઘટનાઓ બનતી હતી. જોકે, સામાજિક પછાતપણા અને શિક્ષણના અભાવ ના લીધે તે સમયે આવી ઘણી બધી ઘટનાઓની જાણ થઈ શકતી નહોતી. બ્રિટિશ કાળ દરમિયાન, ખાસ કરીને "બ્રિટિશ ઈન્ડિયા એક્ટ ૧૯૧૯" હેઠળ પણ પુરાવાઓના અભાવે આ SC/ST ના સમુદાયોને યોગ્ય ન્યાય મળવો ખૂબ જ મુશ્કેલ હતો.

સંશોધન સમસ્યા

જ્યાં સુધી ભારતની ન્યાયિક પ્રણાલી અને વહીવટી તંત્રમાં જ્ઞાતિવાદ એક સુક્ષ્મ સમસ્યા તરીકે જીવંત રહેશે, ત્યાં સુધી દલિતો અને આદિવાસીઓની સ્થિતિમાં અપેક્ષિત સુધારો આવવો ખુબજ મુશ્કેલ છે, બનાસકાંઠા જેવા જિલ્લામાં, જ્યાં પરંપરાગત સામાજિક માળખું અત્યંત મજબૂત છે, ત્યાં ન્યાયિક અને વહીવટી પ્રક્રિયાઓ ઘણીવાર રહસ્યમય અને સામાન્ય જનતા માટે અણધારી સાબિત થાય છે.

તેઓ સામાન્ય જનતાને સમાનતાના મુદ્દાઓ પર સકારાત્મક દૃષ્ટિકોણ આપે, પરંતુ જ્ઞાતિગત પૂર્વગ્રહો આ આશાને ઠગારી નીવડે છે.અને SC/ST (PoA) એક્ટની પ્રસ્તાવના મુજબ, તેનો મુખ્ય ઉદ્દેશ્ય અત્યાચારોને પ્રતિબંધિત કરવાનો, વિશેષ અદાલતો (Special Courts) દ્વારા કેસ ચલાવવાનો અને પીડિતો માટે પુનર્વસન તેમજ રાહતની જોગવાઈ કરવાનો છે. આ કાયદો દલિતોને સન્માનજનક જીવન જીવવાનો અધિકાર આપે છે. જો કે, બનાસકાંઠામાં આ કાયદાના અમલીકરણના દાયકાઓ પછી પણ અપેક્ષિત પરિણામો મળ્યા નથી. જેના લીધે જિલ્લાના કેટલાક ગામોમાં અત્યાચારની ફરિયાદ નોંધાવ્યા

પછી દલિત સમુદાયનો સામાજિક બહિષ્કાર કરવામાં આવે છે અને તેમને ખેતીકામ/મજૂરીથી કે સર સમાન લેવામાથી વંચિત રાખવા જેવા કિસ્સાઓ 'બ્લેકમેલ' અને 'દબાણ'ના સાધન તરીકે મોટા પાયે વપરાય છે. આ કાયદાના અમલીકરણમાં એક મોટી મર્યાદા એ છે કે તે માત્ર સરકારની નિર્ધારિત યાદીમાં સમાવિષ્ટ જાતિઓ સુધી જ સીમિત છે. જે લોકોએ ધર્મ પરિવર્તન કર્યું છે.

સાહિત્ય સમીક્ષા

બનાસકાંઠા જિલ્લામાં SC/ST (PoA) એક્ટ, ૧૯૮૯ના અમલીકરણની સ્થિતિ સમજવા માટે વિવિધ સરકારી માર્ગદર્શિકાઓ, વિદ્વતાપૂર્ણ પ્રકાશનો અને સ્થાનિક વહીવટી અહેવાલોનું મુખ્ય વિશ્લેષણ કરવામાં આવ્યું છે જેના લીધે જિલ્લાના વિશિષ્ટ ભૌગોલિક અને સામાજિક માળખાને ધ્યાનમાં લેતા, SC સમુદાય માટે સામાજિક અને આર્થિક વિકાસ એ જાતિ આધારિત ભેદભાવ સામેનું સૌથી મોટું રક્ષણ છે.બનાસકાંઠા જિલ્લાની કુલ વસ્તીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો મોટો હિસ્સો છે.

તાજેતરના સાહિત્ય મુજબ, ૨૦૧૫નો સુધારો અને ૨૦૧૬નો સુધારો બનાસકાંઠા જિલ્લામાં નોંધાયેલા કેસોમાં જાતિવાદી ટિપ્પણીઓ અને સામાજિક બહિષ્કાર જેવા ગુનાઓનું પ્રમાણ કેવી રીતે બદલાયું છે, તે તપાસવું સંશોધનનો વિષય છે. સંસાધનોની સુલભતા અને વિકાસ યોજનાઓના સીધા લાભો (DBT) દ્વારા સામાજિક પરિવર્તન લાવવાના પ્રયાસો જિલ્લામાં માથાદીઠ આવક વધારવા અને માનવ સુખાકારી માટેના માધ્યમ તરીકે જોવામાં આવે છે.

સાહિત્યમાં વર્ણવેલી 'ગરીબી' અને 'વંચિતતા' બનાસકાંઠાના રણકાંઠાના અને પહાડી વિસ્તારોમાં કેવી રીતે અલગ પડે છે તેની ચર્ચા કરવી.

બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં નોંધાતા કેસોમાં પણ પોલીસ તપાસમાં વિલંબ, સાક્ષીઓનું ફરી જવું અને સામાજિક સમાધાનનું દબાણ જેવા પરિબળો સજાના દરને અસર કરે છે, જમીની વાસ્તવિકતા એ છે કે અત્યાચારનો ભોગ બનેલા પરિવારો આર્થિક નબળાઈ છતાં કેવી રીતે ન્યાય માટે લડત આપે છે, તે જિલ્લાના સામાજિક માળખાને સમજવા માટે જરૂરી છે.

ઉદ્દેશો

બનાસકાંઠા જિલ્લામાં ૧૯૮૯ ના "SC/ST (અત્યાચાર નિવારણ) અધિનિયમ" ના અમલીકરણની વર્તમાન સ્થિતિ અને વહીવટી પ્રક્રિયાનું વિગતવાર વિશ્લેષણ કરવું.

બનાસકાંઠામાં આ કાયદાના કથિત દુરુપયોગના કિસ્સાઓ અને ૨૦૧૮ ના સુધારા (કલમ ૧૮A) પછી ધરપકડની પ્રક્રિયામાં આવેલા બદલાવ પર સંશોધન કરવું.

બનાસકાંઠાના સામાજિક માળખાને ધ્યાનમાં રાખીને અત્યાચારની સમસ્યાના ઉકેલ માટે અને કાયદાના ધ્યેયને પૂર્ણ કરવા માટે વ્યવહારુ સૂચનો રજૂ કરવા.

પૂર્વધારણા

૧૯૮૯ ના અત્યાચાર નિવારણ અધિનિયમ અને ૧૯૫૫ ના અસ્પૃશ્યતા વિરોધી કાયદાની હાજરી હોવા છતાં, બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં જ્ઞાતિ આધારિત ગુનાઓ હજુ પણ એક ગંભીર પડકાર છે. આ બાબતે વહીવટી તંત્રમાં જોવા મળતી કોઈપણ શિથિલતા પીડિતો માટે જોખમી સાબિત થાય છે.

કાયદાના અમલીકરણમાં રહેલી ખામીઓ હોવા છતાં, બનાસકાંઠામાં આ જોગવાઈઓએ SC અને ST સમુદાયને એક મજબૂત સુરક્ષા કવચ પૂરું પાડ્યું છે, જેનાથી દેખીતા ભેદભાવમાં નાટકીય રીતે ઘટાડો થયો છે. જોકે, જિલ્લામાં કાયદાના દુરુપયોગ અંગેના દાવાઓ પણ સમાંતર રીતે ચર્ચાઈ રહ્યા છે.

કાયદાકીય જોગવાઈઓ અત્યંત મજબૂત હોવા છતાં, બનાસકાંઠાના પછાત અને આર્થિક રીતે આ સમુદાયો માટે જટિલ ન્યાયિક પ્રક્રિયા, આર્થિક ભીંસ અને સામાજિક દબાણને કારણે પોતાના અધિકારો મેળવવા અત્યંત મુશ્કેલ છે.

સંશોધન પદ્ધતિ

બનાસકાંઠા જિલ્લામાં SC/ST (PoA) એક્ટના અમલીકરણનો અભ્યાસ કરવા માટે પ્રયોગમૂલક અને બિન-અનુભવમૂલક એમ બંને પદ્ધતિઓનો સમન્વય કરવામાં આવ્યો છે:

આ અંતર્ગત બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક કચેરીના વાર્ષિક અહેવાલો, જિલ્લા કલેક્ટર કચેરીના સમાજ કલ્યાણ વિભાગના ડેટા, અને પાલનપુર સ્થિત સ્પેશિયલ એટ્રોસિટી કોર્ટના મહત્વના ચુકાદાઓનો વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, વિવિધ કાયદા જર્નલ્સ અને પુસ્તકોનો ગૌણ સ્ત્રોત તરીકે ઉપયોગ થયો છે.

બનાસકાંઠાના જુદા-જુદા તાલુકાઓ ના ઉત્તરદાતાઓ પાસેથી સીધી માહિતી એકત્રિત કરવામાં આવી છે. જેમાં પીડિતો, સામાજિક કાર્યકરો અને સરકારી અધિકારીઓના ૧૯૮૯ ના કાયદા પ્રત્યેના જ્ઞાન અને સરકારી નીતિઓના અમલીકરણ વિશેના મંતવ્યો લેવામાં આવ્યા છે.

બનાસકાંઠા જિલ્લા ગેઝેટિયર, સરકારી એજન્સીઓની હેન્ડબુક, જિલ્લા પંચાયતની વેબસાઈટ અને સ્થાનિક ન્યૂઝપેપરના અહેવાલોમાંથી માહિતી મેળવવામાં આવી છે.

અભ્યાસનું મહત્વ

આ સંશોધન દર્શાવે છે કે બનાસકાંઠા જેવા પછાત અને સંવેદનશીલ જિલ્લામાં ૧૯૮૯ (PoA) અધિનિયમ વાસ્તવિક રીતે જમીની સ્તરે કેવી રીતે લાગુ કરવામાં આવે છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દલિતો અને આદિવાસીઓ પરના હુમલા ટાળવા અને સામાજિક ભેદભાવ દૂર કરવાના પ્રયાસોનું આ પેપર નિર્ણાયક મૂલ્યાંકન કરે છે.

બનાસકાંઠાના પરંપરાગત જ્ઞાતિવાદી માળખામાં નવા પ્રકારના સાંસ્કૃતિક ચળવળો અને સામાજિક સુધારણા દ્વારા માનસિકતા બદલવાની આવશ્યકતા પર આ અભ્યાસ ભાર મૂકે છે.

આ અભ્યાસ એવા ફેરફારો સૂચવે છે જેથી જિલ્લાના SC/ST અને બિન-SC/ST એમ બંને વર્ગો કાયદાની જોગવાઈઓ પ્રત્યે સુરક્ષિત અનુભવે અને કાયદાના દુરુપયોગની શક્યતાઓ ઘટે.

આશા છે કે આ સંશોધન બનાસકાંઠામાં કાર્યરત NGO, બૌદ્ધિકો, પોલીસ અધિકારીઓ અને શિક્ષણવિદોને SC/ST ના મૂળભૂત મુદ્દાઓના કાયમી ઉકેલ માટે માર્ગદર્શન પૂરું પાડશે.

બનાસકાંઠામાં ૧૯૮૯ (PoA) કાયદાના અમલીકરણની સ્થિતિ

બનાસકાંઠા જિલ્લાની ભૌગોલિક અને સામાજિક વિષમતાના સંદર્ભમાં જોતા, ૧૯૫૫નો અસ્પૃશ્યતા નિવારણ અધિનિયમ એવા સમયે અમલમાં આવ્યો હતો જ્યારે જિલ્લાના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં જ્ઞાતિગત રૂઢિચુસ્તતા અત્યંત પ્રબળ હતી. જોકે, આ કાયદાની જોગવાઈઓ બનાસકાંઠાના વિભિન્ન સમુદાયોમાં સમાનતા લાવવામાં આંશિક રીતે નિષ્ફળ રહી હતી, અને અસ્પૃશ્યતાની પ્રથાના મૂળિયાં જમીની સ્તરે ઉખેડી શકાયા નહોતા. કાયદાની આ મર્યાદાઓ અને છટકબારીઓ જિલ્લાના શોષિત વર્ગો માટે એક મોટો પડકાર હતો. ૧૯૭૬માં જ્યારે ૧૯૫૫ના કાયદાને 'નાગરિક અધિકારોનું રક્ષણ' (PCR Act) તરીકે નવું સ્વરૂપ આપવામાં આવ્યું, ત્યારે બનાસકાંઠા જિલ્લા ના વિસ્તારોમાં દલિતો સાથે અનાદર, અપમાન અને ઉત્પીડનથી બચાવવા માટે વહીવટી સ્તરે પ્રયાસો જડપી થયા. આ સમયગાળા દરમિયાન બનાસકાંઠા જિલ્લાના દલિત અને

આદિવાસી સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધતા, લોકો અસ્પૃશ્યતા જેવી બદીઓ સામે જાગૃત થયા. આ જાગૃતિને કારણે સમાજમાં રહેલા પૂર્વગ્રહો જે તેમને વર્ષોથી ભયભીત રાખતા હતા, તેની સામે વિરોધના સૂર ઉઠ્યા.

પરંતુ, બનાસકાંઠાના પહાડી અને રણ સરહદી વિસ્તારોમાં થતા અત્યાચારોને ઓળખવામાં ૧૯૫૫નો નાગરિક અધિકાર અધિનિયમ અને 'ભારતીય ન્યાય સંહિતા' (BNS) ની સામાન્ય જોગવાઈઓ ઘણીવાર અપૂરતી સાબિત થઈ. ખાસ કરીને આદિવાસી વિસ્તારો તેમજ મધ્ય બનાસકાંઠાના દલિત વિસ્તારોમાં SC/ST વિરુદ્ધના ગુનાઓની તપાસ માટે વધુ કડક કાયદાની જરૂરિયાત વર્તાઈ હતી. આથી, પાછલી જોગવાઈઓની નિષ્ફળતા અને અસરમાં આવેલી ખામીઓને ધ્યાનમાં લઈને સંસદે ૧૯૮૯નો અત્યાચાર નિવારણ અધિનિયમ (PoA Act) અને ૧૯૯૫ના નિયમો અમલી બનાવ્યા. બનાસકાંઠા જિલ્લાના સામાજિક ન્યાયના ઈતિહાસમાં આ કાયદો એક સીમાચિહ્નરૂપ સાબિત થયો, જેણે પીડિતોને માત્ર રક્ષણ જ નહીં પરંતુ વિશેષ અદાલતો અને પુનર્વસન દ્વારા ન્યાયની નવી આશા પૂરી પાડી છે.

અત્યાચારનો અર્થ અને બનાસકાંઠાનો સામાજિક સંદર્ભ

બનાસકાંઠા જિલ્લામાં ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં ૧૯૮૯નો 'એટ્રોસિટી એક્ટ' લાગુ થયો તે પહેલાં સામાન્ય જનતા ઉપર 'અત્યાચાર' શબ્દના કાયદાકીય પાસાઓથી મોટાભાગે અજાણ હતી. આ કાયદા હેઠળ, ખાસ કરીને કલમ ૩(૧) અને ૩(૨) મુજબ, અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) વિરુદ્ધના ચોક્કસ કૃત્યોને સજાપાત્ર ગુના તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે.

બનાસકાંઠામાં SC અને ST સમુદાય વિરુદ્ધ થતા વિશિષ્ટ ગુનાઓ જેમ કે સામાજિક અપમાન કે પાયાના અધિકારોનો ભોગ ને દર્શાવવા માટે 'એટ્રોસિટી' શબ્દ પ્રચલિત બન્યો છે.

આ શબ્દ માત્ર ગુનાને જ નહીં, પરંતુ તે કૃત્યમાં રહેલી ક્રૂરતા અને અમાનવીયતાને પણ દર્શાવે છે, બનાસકાંઠાના પહાડી વિસ્તારો અને રણકાંઠા પાસે આવેલા ગામોમાં ઘણીવાર અમાનવીય વર્તનના કિસ્સાઓ આ કાયદા હેઠળ ઘણા બધા નોંધાય છે.

આ કાયદો સ્પષ્ટ કરે છે કે જો કોઈ બિન-SC/ST વ્યક્તિ દ્વારા આ વર્ગો ઉપર હુમલો કે અપમાન કરવામાં આવે, તો તેને 'અત્યાચાર' ગણવામાં આવે છે. બનાસકાંઠાના પરંપરાગત જ્ઞાતિ માળખામાં જ્યાં વર્ચસ્વની લડાઈ હોય છે, ત્યાં જાતિનો વિચાર અત્યંત મહત્વનો બની જાય છે.

બનાસકાંઠા જિલ્લામાં જાતિ ભેદભાવ અને અસ્પૃશ્યતાની પ્રથાઓ ચાલુ હતી અને અત્યારે પણ જાતિ ભેદભાવ અને અસ્પૃશ્યતા બનાસકાંઠાના ઘણા વિસ્તારમાં જોવા મળે છે, જોકે ૧૮૫૦માં બ્રિટિશ શાસન હેઠળ 'જાતિ વિકલાંગતા નિવારણ અધિનિયમ' દ્વારા તેને ગેરકાયદેસર બનાવવામાં આવી હતી, પરંતુ તેની અસર જિલ્લાના છેવાડાના ગામો સુધી પહોંચી ન શકી. આઝાદી પછી, ૧૯૫૫ના 'અસ્પૃશ્યતા (ગુના) અધિનિયમ' અને ૧૯૭૬ના 'નાગરિક અધિકારોના રક્ષણ અધિનિયમ' (PCR Act) દ્વારા રાષ્ટ્રીય સ્તરે પરિવર્તન આવ્યું, જેની સીધી અસર બનાસકાંઠાના વહીવટી તંત્ર અને સામાજિક સ્થિતિ પર પડી.

બનાસકાંઠામાં પણ ન્યાયિક વિલંબ અને પુરાવાઓના અભાવે સજાનો દર રાષ્ટ્રીય સરેરાશ કરતા નીચો હોવાની શક્યતા છે, સાક્ષીઓનું ફરી જવું એ પણ સ્પેશિયલ કોર્ટમાં પણ એક મુખ્ય સમસ્યા તરીકે ઉભરી આવે છે.

SC/ST ACT, ૧૯૮૯ ના અમલીકરણની સ્થિતિ

ઐતિહાસિક રીતે, ૧૯૮૯ ના અત્યાચાર નિવારણ અધિનિયમનો ઉદ્દેશ્ય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પર બિન-SC/ST લોકો દ્વારા થતા અત્યાચારોને ડામવાનો છે, બનાસકાંઠા જિલ્લા ના સંદર્ભમાં, આ કાયદાના અમલીકરણ માટે પાલનપુર ખાતે વિશેષ અદાલત અને સમર્પિત જાહેર પ્રોસિક્યુટરની નિમણૂક કરવામાં આવી છે, જે કાયદાની કલમ ૨૧ અને ૨૩ મુજબ સરકારની પ્રાથમિક જવાબદારી છે.

૧૯૯૫ ના નિયમો (નિયમ ૩, ૮, ૯ વગેરે) મુજબ અત્યાચારની પૂર્વધારણા ધરાવતા વિસ્તારોની ઓળખ કરવી અને પીડિતોને ત્વરિત સુરક્ષા આપવી ફરજિયાત છે. જોકે, બનાસકાંઠાના કેટલાક અંતરિયાળ તાલુકાઓમાં અધિકારીઓની ઉદાસીનતાને કારણે આ નિયમોનું કડક પાલન ઘણીવાર કાગળ પર જ રહી જાય છે. પરિણામે, કાયદો અસ્તિત્વમાં હોવા છતાં, પીડિતો રાજ્યના સંસાધનો અને વળતરથી વંચિત રહી જાય છે.

રાજસ્થાનના જયપુર, અલવર અને ભરતપુરમાં દલિતો વિરુદ્ધ સૌથી વધુ ગુના નોંધાયા છે. બનાસકાંઠા જિલ્લો રાજસ્થાનની સરહદને અડીને આવેલો હોવાથી, આ સરહદી વિસ્તારોના ગુનાખોરીના વલણોની અસર અહીં પણ જોવા મળે છે અને રાજસ્થાનના જે જિલ્લાઓમાં વધુ ગુના છે (જેમ કે જાલોર કે સિરોહી), તેની ભૌગોલિક નિકટતા બનાસકાંઠાના વાવ, થરાદ અને અમીરગઢ સાથે છે. અહીં સામાજિક માળખું સમાન હોવાથી અત્યાચારની પ્રકૃતિ પણ સમાન જોવા મળે છે કે રાજસ્થાનની જેમ જ બનાસકાંઠામાં પણ શારીરિક હુમલો, જમીન વિવાદ, અને જાતીય છેડતીના કેસો મુખ્યત્વે નોંધાય છે, જેવી રીતે રાજસ્થાનમાં જયપુર અને અલવર મોખરે છે, તેવી જ રીતે બનાસકાંઠા જિલ્લામાં કેસોનું વિભાજન નીચે મુજબના 'બાર ગ્રાફ' દ્વારા સમજી શકાય છે, બનાસકાંઠા જિલ્લામાં વસ્તીની ગીચતા અને જાગૃતિને કારણે અહીં 50 વિરુદ્ધના ગુનાઓની નોંધણી વધુ અને આદિવાસી બહુલ વિસ્તારો હોવાથી અહીં ST વિરુદ્ધના અત્યાચારો અને વન જમીન સંબંધિત વિવાદો વધુ જોવા મળે છે, વ્યવસાયિક અને ખેતીકામમાં સર્જાતા ગજગ્રાહોને કારણે અત્યાચારના કિસ્સાઓ નોંધાય છે.

બનાસકાંઠા જિલ્લામાં ૨૦૧૮ ના કાયદાકીય સુધારા (કલમ ૧૮-એ) અને તેની અસરો

બનાસકાંઠા જિલ્લાના ન્યાયિક માળખામાં ૨૭ ઓગસ્ટ, ૨૦૧૮ થી અમલી બનેલા નવા સુધારાઓએ અત્યાચાર નિવારણ અધિનિયમને વધુ મજબૂત બનાવ્યો છે. આ સુધારાઓની અસર જિલ્લાના પોલીસ સ્ટેશનો અને કોર્ટની કાર્યવાહી પર સીધી રીતે જોવા મળે છે.

બનાસકાંઠા જિલ્લામાં અગાઉના ચુકાદાઓને કારણે એફ.આઈ.આર. નોંધતા પહેલા જે પ્રારંભિક તપાસની જરૂરિયાત ઉભી થઈ હતી, તેને ૨૦૧૮ ના સુધારા દ્વારા રદ કરવામાં આવી છે, અને કલમ ૧૮-એ મુજબ, બનાસકાંઠામાં પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરતા પહેલા કોઈ પણ ઉચ્ચ અધિકારીની પૂર્વ મંજૂરી લેવાની જરૂર રહેતી નથી કે એફ.આઈ.આર. દાખલ કરતા પહેલા કોઈપણ પ્રકારની પ્રારંભિક તપાસ કરવાની જરૂરિયાતને આ સુધારા દ્વારા દૂર કરવામાં આવી છે, અને બનાસકાંઠાની સ્પેશિયલ કોર્ટ કાર્યવાહીમાં આ સુધારાની સૌથી મોટી અસર એ છે કે, આ કાયદા હેઠળના ગુનાઓમાં આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ ૪૩૮ હેઠળ આગોતરા જામીન મળી શકતા નથી. કોઈપણ કોર્ટના આદેશ કે નિર્દેશ હોવા છતાં, આ જોગવાઈ અત્યંત ચુસ્ત રીતે લાગુ પડે છે.

સુભાષ કાશીનાથ મહાજન અને પૃથ્વીરાજ ચૌહાણ કેસ

બનાસકાંઠામાં આ કાયદાના અમલીકરણ વખતે "સુભાષ કાશીનાથ મહાજન વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય" ના કેસમાં અપાયેલા રક્ષણાત્મક નિર્દેશોને કારણે ઘણી મર્યાદાઓ આવી હતી. જોકે, ત્યારબાદ "પૃથ્વીરાજ ચૌહાણ વિરુદ્ધ ભારત સંઘ"

ના કેસમાં કલમ ૧૮-એ ની બંધારણીય માન્યતાને સ્વીકારવામાં આવી છે, જે બનાસકાંઠાના દલિત અને આદિવાસી પીડિતો માટે ન્યાય મેળવવાનો માર્ગ મોકળો કરે છે, અને બનાસકાંઠામાં પીડિતો અને સાક્ષીઓને રક્ષણ આપવા અને તેમના અધિકારોનું આહ્વાન કરવા માટે કલમ ૧૫-એ અત્યંત મહત્વની છે, જ્યારે સામૂહિક દંડ માટે કલમ ૧૬ નો ઉપિયોગ જિલ્લાના કોઈ ગામમાં સામૂહિક રીતે અત્યાચાર થયો હોય, તો રાજ્ય સરકારને તે વિસ્તાર પર સામૂહિક દંડ લાદવાની સત્તા મળે છે.

નિષ્કર્ષ

બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ ના અમલીકરણ અંગેના આ સંશોધનના ન્યાયિક ચુકાદાઓ અને સામાજિક પ્રતિક્રિયા 'સુભાષ કાશીનાથ મહાજન વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય' કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાએ બનાસકાંઠા જિલ્લાના રાજકીય અને સામાજિક ક્ષેત્રે પણ તીવ્ર ચર્ચા જગાવી હતી. જિલ્લાના દલિત અને આદિવાસી સંગઠનો દ્વારા આ ચુકાદા સામે મિશ્ર પ્રતિક્રિયાઓ આપવામાં આવી હતી. આ વિષય ભાવનાત્મક હોવા છતાં, બનાસકાંઠાના સંદર્ભમાં તેના પર તર્કસંગત ચર્ચા થવી અનિવાર્ય છે, સુપ્રીમ કોર્ટની એ દલીલ કે સરકારી કર્મચારીઓને પાયાવિહોણા આરોપોથી બચાવવા માટે પ્રક્રિયાગત રક્ષણ મળવું જોઈએ, તે સંપૂર્ણપણે નકારી શકાય તેમ નથી, બનાસકાંઠા જેવાજિલ્લાઓમાં વહીવટી તંત્રના SC/ST કર્મચારીઓ પણ ઘણીવાર સમાન સ્તરના અશક્તિકરણનો અનુભવ કરે છે.

જોકે, એ વાસ્તવિકતા ભૂલવી ન જોઈએ કે જિલ્લાના મોટાભાગના SC/ST પરિવારો હજુ પણ આર્થિક અને સામાજિક રીતે હાંસિયામાં ધકેલાયેલા છે, જે તેમને જાતિગત ગુનાઓ સામે વધુ સંવેદનશીલ બનાવે છે,જે બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારોમાં જ્યાં કાનૂની ઉપાયોની પહોંચ હજુ પણ મર્યાદિત છે, ત્યાં પ્રાથમિક તપાસ વિના FIR દાખલ ન કરવી કે આગોતરા જામીન આપવા જેવી બાબતો પીડિતો માટે ન્યાય મેળવવો વધુ જટિલ બનાવી શકે છે. આ સંશોધન સૂચવે છે કે કોઈપણ કાયદાકીય નિર્ણય લેતી વખતે માત્ર કાગળ પરના તથ્યો જ નહીં, પરંતુ બનાસકાંઠાની સામાજિક ગતિશીલતા ને ધ્યાનમાં લેવી અનિવાર્ય છે,કે બનાસકાંઠા જિલ્લામાં કરવામાં આવેલી તપાસ મુજબ, અત્યાચાર નિવારણ કાયદાના કથિત નબળા પડવા અંગે સ્થાનિક દલિત સંગઠનો અને નિષ્ણાતો દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓ પાયાવિહોણી નથી. આ જિલ્લો રાજસ્થાનની સરહદ સાથે જોડાયેલો હોવાથી અને અહીં જ્ઞાતિગત માળખું જટિલ હોવાથી, કાયદાનું કડક અને સંવેદનશીલ અમલીકરણ જ સામાજિક ન્યાયની ખાતરી આપી શકે તેમ છે.

સંદર્ભો

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯.

ભારતનું બંધારણ અનુચ્છેદ ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૪૬, ૩૩૦, ૩૩૨, ૩૩૫, ૩૩૮ અને ૩૪૨ ની સમજૂતી.

જાતિ પ્રથાનું નિર્મૂલન (Annihilation of Caste) - ડૉ. બી.આર. આંબેડકર.

ડૉ. બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથ-૧૪ અસ્પૃશ્યો કોણ હતાં? અને તેઓ અસ્પૃશ્યો કેવી રીતે બન્યા.

ગુલામગીરી - મહાત્મા જ્યોતિરાવ ફૂલે

જુથન ખંડ 1 અને ખંડ 2 [2 પુસ્તકોનો સમૂહ]

અંગલિયાત સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા ઉત્તમ ગુજરાતી નવલકથા -2022 જોસેફ મેકવાન

બક્ષી એસ.આર. "બી.આર. આંબેડકરનો સામાજિક વિચારધારા", નવી દિલ્હી, ડીપ એન્ડ ડીપ પબ્લિકેશન.2001

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અધિનિયમની કલમ ૧૮ અને ૧૮એના ઉપયોગના અવકાશની તપાસ. ૬ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ ધ ડેઇલી

સામાજિક ઈતિહાસ અને વિચારધારા ડૉ. આંબેડકરના લખાણો http://gyansampada.baou.edu.in:8080/server/api/core/bitstreams/acf70a5f-9fa9-47ef-80bf-5867c37e28d4/content

ચૌહાણ, એસ. (૨૦૧૭, એપ્રિલ ૨૫). SC/ST (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 વિશે તમારે જે જાણવાની જરૂર છે તે બધું, 4 ડિસેમ્બર, 2022 ના રોજ | Pleaders માંથી મેળવેલ; https://blog.ipleaders.in/prevention-atrocities

ધુઆ, એ. (2019). ભારતમાં જાતિ વિરોધી કાયદા પર તાજેતરના ચર્ચા. આંતરરાષ્ટ્રીય ભેદભાવ અને કાયદાનું જર્નલ,

ભારત, ડી.એસ. (2022, જૂન 17), ગુનાઓ પર સલાહકાર SCI ST, ભારત સરકાર

ગૃહ મંત્રાલય. દિલ્હી, ભારત સંઘ, ભારત: ભારત સરકાર ગૃહ મંત્રાલય મામલા.

ભારત સરકાર સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય.

પૃથ્વીરાજ ચૌહાણ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા કેસ, પિટિશન (C) નં. ૧૦૧૫ ઓફ ૨૦૧૮ (SC ફેબ્રુઆરી ૧૦, ૨૦૧૮).

અધિનિયમ, ૧૯૮૯ ની કલમ ૧૦એ હેઠળ. (૨૦૨૦, માર્ચ ૭). ૪ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ એડવોકેટ ખોજ પરથી મેળવેલ: https://advocatekhoj.com

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯. (૨૦૧૮, સુધારા)

સુભાષ કાશીનાથ મહાજન વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય, ૨૦૧૮ ની અપીલ નં.૪૧૬ (SC માર્ચ ૨૦, 2018).

રાજસ્થાનમાં દલિત વિદ્યાર્થી સામે હિંસા. (2022, 15 ઓગસ્ટ). 6 ડિસેમ્બર, 2022 ના રોજ મેળવેલ, ધ ઈન્ડિયન એક્સપ્રેસ પરથી :https://www.indianexpress.com.

ગોરધન ભેંસાણિયાની વાર્તાઓમાં ગ્રામ્ય જીવન અને સામાજિક વાસ્તવિકતા

હિમાનીબેન એમ. દેસાઈ
પીએચ.ડી શોધાર્થી, ગોકુલ યુનિ. સિદ્ધપુર, ગુજરાત

સારાંશ:

પ્રસ્તુત સંશોધન પત્ર અર્વાચીન ગુજરાતી વાર્તાસાહિત્યના સમર્થ સર્જક ગોરધન ભેંસાણિયાના સાહિત્યિક પ્રદાનનું વિશ્લેષણાત્મક અધ્યયન રજૂ કરે છે. આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય ભેંસાણિયાની વાર્તાઓમાં આલેખાયેલા ગ્રામીણ પરિવેશ અને તેની સાથે જોડાયેલી કઠોર સામાજિક વાસ્તવિકતાને ઉજાગર કરવાનો છે. 'પડથરો' અને 'એક તણખલાની વાત' જેવા મહત્વના વાર્તાસંગ્રહોના વિશેષ સંદર્ભમાં, આ પત્ર સૌરાષ્ટ્રના જનજીવન, કૃષિ સંસ્કૃતિ અને પરંપરાગત રીત-રિવાજોના આબેહૂબ આલેખનની તપાસ કરે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતે અત્યાર સુધીનું સૌથી વધુ વાર્ષિક એફડીઆઈ (૮૧.૯૭ અબજ ડોલર) નોંધાવ્યું હતું, જે દર્શાવે છે કે વૈશ્વિક અસ્થિરતા વચ્ચે પણ ભારત એક સલામત રોકાણ સ્થળ છે. ખાસ કરીને ઉત્પાદન ક્ષેત્રમાં એફડીઆઈ પ્રવાહ ૨૦૨૪-૨૫માં ૧૮% વધીને ૧૯.૦૪ અબજ ડોલર થયો છે. રોકાણના આ પ્રવાહમાં મહારાષ્ટ્ર ૩૯% સાથે મોખરે છે, ત્યારબાદ કર્ણાટક (૧૩%) અને દિલ્હી (૧૨%) આવે છે.

જોકે, આંકડાકીય વિશ્લેષણ એ પણ દર્શાવે છે કે જીડીપીની ટકાવારી તરીકે એફડીઆઈમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. ૨૦૨૩-૨૪માં ચોખ્ખો એફડીઆઈ પ્રવાહ જીડીપીના માત્ર ૦.૮% રહ્યો હતો, જે ૨૦૦૭-૨૦૧૫ ના ૨.૧૪% ની તુલનામાં ઓછો છે. આ ઘટાડો સૂચવે છે કે ભારતને વધુ આક્રમક રીતે નીતિગત અવરોધો દૂર કરવાની અને 'ગ્રાઉન્ડ લેવલ' પર વેપારની સરળતા વધારવાની જરૂર છે.

લોજિસ્ટિક્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આધુનિકીકરણ:

ઉત્પાદન ક્ષેત્ર માટે લોજિસ્ટિક્સ ખર્ચ એ ભારતની મોટી નબળાઈ રહી છે, જે ચીન જેવા દેશોની સરખામણીમાં ઘણી ઊંચી છે. આ સમસ્યાને ઉકેલવા માટે સરકારે બે મુખ્ય પહેલ કરી છે: પીએમ ગતિશક્તિ અને નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી. પીએમ ગતિશક્તિ (PM GatiShakti) નેશનલ માસ્ટર પ્લાન ૨૦૨૧ માં શરૂ કરવામાં આવ્યો હતો, જેનો ઉદ્દેશ્ય રેલવે, માર્ગો, બંદરો અને વિમાની મથકો વચ્ચે મલ્ટી-મોડલ કનેક્ટિવિટી સ્થાપિત કરવાનો છે. તે માળખાગત પ્રોજેક્ટ્સના અમલીકરણમાં થતા વિલંબ અને ખર્ચને ઘટાડવા માટે ડેટા-આધારિત નિર્ણય લેવાની સિસ્ટમ પૂરી પાડે છે.

નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી (NLP) ૨૦૨૨ નો ઉદ્દેશ્ય ભારતને લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સમાં ૨૦૩૦ સુધીમાં ટોચના ૨૫ દેશોમાં લાવવાનો છે. આ નીતિ દ્વારા લોજિસ્ટિક્સ ખર્ચને સિંગલ ડિજિટમાં લાવવાની યોજના છે, જેથી ભારતીય માલ વૈશ્વિક બજારમાં કિંમતની દ્રષ્ટિએ સ્પર્ધાત્મક બની શકે. આ સાથે નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ ૧૨ નવા ઈન્ડસ્ટ્રીયલ સ્માર્ટ સિટીઝ વિકસાવવા માટે ૨૮,૬૦૨ કરોડ રૂપિયાના રોકાણને મંજૂરી આપવામાં આવી છે.

ક્ષેત્રવાર સફળતા અને પરિવર્તનનું વિશ્લેષણ;

ઈલેક્ટ્રોનિક્સ અને મોબાઈલ મેન્યુફેક્ચરિંગમાં ક્રાંતિ:

મોબાઈલ મેન્યુફેક્ચરિંગ એ 'મેક ઈન ઈન્ડિયા' ની સૌથી તેજસ્વી સફળતા છે. ૨૦૧૪માં ભારતમાં મોબાઈલ ઉત્પાદન માત્ર ૧૮,૦૦૦ કરોડ રૂપિયા હતું, જે ૨૦૨૪-૨૫માં ૨૮ ગણું વધીને ૫.૪૫ લાખ કરોડ રૂપિયા થયું છે. ભારત હવે વિશ્વનું બીજું સૌથી મોટું મોબાઈલ ઉત્પાદક છે અને ૨૦૨૪-૨૫માં ૨ લાખ કરોડ રૂપિયાના મોબાઈલ ફોનની નિકાસ કરવામાં આવી છે. સિયોમી (Xiaomi), સેમસંગ અને એપલના ભાગીદાર ફોક્સકોન જેવી કંપનીઓએ ભારતમાં મોટા પાયે ફેક્ટરીઓ સ્થાપી છે.

સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા:

સંરક્ષણ ક્ષેત્રમાં ભારતની આયાત પરની નિર્ભરતામાં મોટો ઘટાડો થયો છે. સંરક્ષણ નિકાસ ૨૦૧૩-૧૪ થી ૨૦૨૩-૨૪ વચ્ચે ૩૧ ગણી વધી છે. ભારત હવે તેજસ ફાઈટર જેટ, આઈએનએસ વિક્રાંત જેવી સ્વદેશી સિસ્ટમો બનાવી રહ્યું છે અને ખાનગી કંપનીઓ આર્મી માટે જરૂરી દારૂગોળો અને કમ્યુનિકેશન સિસ્ટમ્સ તૈયાર કરી રહી છે.

ફાર્માસ્યુટિકલ્સ અને હેલ્થકેર:

ભારત 'વિશ્વની ફાર્મસી' તરીકે ઓળખાય છે. પીએલઆઈ યોજના હેઠળ ભારત હવે લાઈનર એક્સિલરેટર, એમઆરઆઈ (MRI) અને સીટી-સ્કેન જેવા હાઈ-એન્ડ મેડિકલ ઉપકરણોનું ઉત્પાદન કરી રહ્યું છે. એપીઆઈ (API) અને પેનિસિલિન-જી જેવા કાચા માલ માટે ચીન પરની નિર્ભરતા ઘટાડવા માટે સ્થાનિક ઉત્પાદન એકમો કાર્યરત થયા છે.

રિન્યુએબલ એનર્જી અને ગ્રીન હાઈડ્રોજન:

'પંચામૃત' એક્શન પ્લાન હેઠળ ભારત ૨૦૩૦ સુધીમાં ૫૦૦ GW બિન-અશ્મિભૂત ઈંધણ ક્ષમતા હાંસલ કરવા માંગે છે. નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન ૮ લાખ કરોડ રૂપિયાના રોકાણ સાથે ૬ લાખ નવી નોકરીઓ ઊભી કરશે અને ગેસ આયાતમાં ૧ લાખ કરોડ રૂપિયાની બચત કરશે.

કૌશલ્ય વિકાસ અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ:

ઉત્પાદન ક્ષેત્રની સફળતા કુશળ માનવશક્તિ પર આધારિત છે. 'સ્કિલ ઈન્ડિયા' (Skill India) મિશન દ્વારા વાર્ષિક ૧ કરોડ યુવાનોને તાલીમ આપવામાં આવી રહી છે. ૨૦૨૫-૨૬ ના બજેટમાં આ કાર્યક્રમ માટે ૧.૧ અબજ ડોલરની ફાળવણી કરવામાં આવી છે. ટાટા આઈએઈએસ (Tata IIS) જેવી સંસ્થાઓ ડેટા-આધારિત કૌશલ્ય તાલીમ આપી રહી છે, જેના કારણે મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં રોજગારી ૧૫% વધી છે.

સમર્થ ઉદ્યોગ (SAMARTH Udyog) ભારત ૪.૦

ભારે ઉદ્યોગ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલ આ પહેલનો ઉદ્દેશ્ય ભારતીય કારખાનાઓને 'સ્માર્ટ ફેક્ટરી' માં ફેરવવાનો છે. તેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT), રોબોટિક્સ અને ૩ડી પ્રિન્ટિંગ જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. આ ટેકનોલોજીના અમલીકરણથી ઉત્પાદન ખર્ચમાં ૨૦% સુધીનો ઘટાડો અને કાર્યક્ષમતામાં વધારો થઈ શકે છે.

૫ ટ્રિલિયન ડોલરનું વિઝન ૨૦૨૭-૨૮:

ભારત હાલમાં ૩.૯૧ અબજ ડોલરની જીડીપી સાથે વિશ્વનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર છે. આશાવાદી અંદાજો મુજબ, ભારત ૨૦૨૭-૨૮ સુધીમાં ૫ ટ્રિલિયન ડોલરના સીમાચિહ્નને વટાવી જશે અને ૨૦૩૦ સુધીમાં જાપાન અને જર્મનીને પાછળ છોડી ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે. નીતિ આયોગના રોડમેપ મુજબ, ૨૦૩૫ સુધીમાં ઉત્પાદન ક્ષેત્રનો જીડીપીમાં હિસ્સો ૨૫% સુધી પહોંચી શકે છે જો આપણે ફ્રન્ટિયર ટેકનોલોજીને ઝડપથી અપનાવીએ.

નિષ્કર્ષ અને સેમિનાર રિપોર્ટ માટેની ભલામણો:

'મેક ઈન ઈન્ડિયા' એ ભારતીય અર્થતંત્રના ઔદ્યોગિક માળખાને નવો શ્વાસ પૂરો પાડ્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં ભારતે આયાત-નિર્ભર દેશમાંથી નિકાસ-લક્ષી દેશ બનવા તરફ મોટી છલાંગ લગાવી છે. મોબાઈલ મેન્યુફેક્ચરિંગ, સંરક્ષણ અને ફાર્મા ક્ષેત્રમાં જે સફળતા મળી છે તે અન્ય ક્ષેત્રો માટે બ્લુપ્રિન્ટ બની શકે છે.

મુખ્ય ભલામણો:

શ્રમ અને જમીન સુધારા: રાજ્ય સ્તરે જમીન સંપાદન પ્રક્રિયાને ડિજિટલ અને ઝડપી બનાવવી જરૂરી છે.

MSME સશક્તિકરણ: નાના ઉદ્યોગો માટે પીએલઆઈ યોજનાના માપદંડો હળવા કરવા અને તેમને 'ક્લસ્ટર-આધારિત' ટેકનોલોજી સપોર્ટ આપવો.

R&D માં રોકાણ: ભારતીય ઉદ્યોગોએ માત્ર એસેમ્બલી કરવાને બદલે ઈનોવેશન અને રિસર્ચ પર ધ્યાન આપવું જોઈએ જેથી ભારત હાઈ-વેલ્યુ પ્રોડક્ટ્સ બનાવી શકે.

કૌશલ્ય મેપિંગ: ઉદ્યોગોની બદલાતી જરૂરિયાતો મુજબ શૈક્ષણિક અભ્યાસક્રમોમાં ફેરફાર કરવો જેથી 'ઇન્ડસ્ટ્રી ૪.૦' માટે તૈયાર કાર્યબળ મળી રહે.

સંદર્ભ યાદી:

Make in India – સત્તાવાર વેબસાઈટ

https://www.makeinindia.com/about

ભારત સરકાર – પ્રધાનમંત્રી કાર્યાલય

https://www.pmindia.gov.in/en/major_initiatives/make-in-india/

Press Information Bureau (PIB) રિપોર્ટ

https://www.pib.gov.in

Make in India – Wikipedia

https://en.wikipedia.org/wiki/Make_in_India

NITI Aayog રિપોર્ટ

https://www.niti.gov.in

Production Linked Incentive (PLI) Scheme – PIB

https://www.pib.gov.in

Startup India & Skill India Reports

ભારત સરકારના સત્તાવાર દસ્તાવેજો

મોંઘવારીનો ખર્ચ એકાઉન્ટિંગ અને ટેક્સ આયોજન પર પ્રભાવ

SUBHASHKUMAR CHIMANBHAI GAMIT
SMT. JAYABEN B. PATEL COLLEGE COMMERCE STUDIES AND RESEARCH SARDAR PATEL UNIVERSITY, V. V NAGAR, ANAND

1. પરિચય

મોંઘવારી, જેને અર્થશાસ્ત્રની પરિભાષામાં ફુગાવો (Inflation) તરીકે ઓળખવામાં આવે છે, તે કોઈપણ રાષ્ટ્રના આર્થિક સ્વાસ્થ્યને અસર કરતું સૌથી મહત્વપૂર્ણ પરિબળ છે. તે માત્ર ગ્રાહકો માટે ચીજવસ્તુઓના ભાવમાં થતો વધારો નથી, પરંતુ તે નાણાંના આંતરિક મૂલ્યમાં થતા સતત ઘટાડાની પ્રક્રિયા છે. જ્યારે અર્થતંત્રમાં ફુગાવો વધે છે, ત્યારે ચલણના દરેક એકમની ખરીદશક્તિ ઘટે છે, જેનો અર્થ એ છે કે ગ્રાહક સમાન રકમથી પહેલા કરતા ઓછી વસ્તુઓ અથવા સેવાઓ ખરીદી શકે છે. આ સ્થિતિ વ્યવસાયો માટે નાણાકીય અહેવાલો તૈયાર કરવાની પ્રક્રિયાને જટિલ બનાવે છે, કારણ કે પરંપરાગત એકાઉન્ટિંગ પદ્ધતિઓ ઐતિહાસિક ખર્ચ (Historical Cost) પર આધારિત હોય છે, જે બદલાતા ભાવ સ્તરને ધ્યાનમાં લેતી નથી.

મોંઘવારીની વ્યાખ્યા:

મોંઘવારીને વ્યાપકપણે સમય જતાં અર્થતંત્રમાં ચીજવસ્તુઓ અને સેવાઓના સામાન્ય ભાવ સ્તરમાં થતા સતત વધારા તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે. તે નાણાંના જથ્થા અને ઉત્પાદન વચ્ચેના અસંતુલનનું પરિણામ છે, જ્યાં "વધારે પડતા નાણાં ખૂબ ઓછી વસ્તુઓ પાછળ દોડે છે". આ ઘટનાને કારણે નાણાંની ખરીદશક્તિમાં ક્રમશઃ ઘટાડો થાય છે, જેનો અર્થ એ છે કે નાણાકીય મૂલ્યો હવે વાસ્તવિક આર્થિક મૂલ્યોને સચોટ રીતે પ્રતિબિંબિત કરતા નથી.

મોંઘવારીના પ્રકારો:

ફુગાવાને તેની તીવ્રતા અને કારણોના આધારે વિવિધ પ્રકારોમાં વહેંચી શકાય છે. મુખ્ય પ્રકારોમાં માંગ-પ્રેરિત ફુગાવો (Demand-pull Inflation), ખર્ચ-પ્રેરિત ફુગાવો (Cost-push Inflation), અને સંરચનાત્મક ફુગાવો (Structural Inflation) નો સમાવેશ થાય છે. જ્યારે કુલ માંગ પુરવઠા કરતા વધી જાય છે, ત્યારે માંગ-પ્રેરિત ફુગાવો સર્જાય છે, જે ઘણીવાર આર્થિક તેજી અથવા નાણાકીય વિસ્તરણ દરમિયાન જોવા મળે છે. ખર્ચ-પ્રેરિત ફુગાવો ત્યારે થાય છે જ્યારે ઉત્પાદનના ઘટકો જેવા કે કાચો માલ, વેતન અથવા ઈંધણના ભાવમાં વધારો થાય છે, જે ઉત્પાદકોને કિંમતો વધારવા માટે દબાણ કરે છે. હાઈપર-ઈન્ફ્લેશન (Hyperinflation) એ ફુગાવાનું સૌથી આત્યંતિક સ્વરૂપ છે, જેમાં કિંમતો અતિશય ઝડપે વધે છે.

વિષયનું મહત્વ:

વ્યવસાયિક જગતમાં ફુગાવાને સમજવું અનિવાર્ય છે કારણ કે તે સીધી રીતે નફાકારકતા અને મિલકતોના મૂલ્યાંકનને અસર કરે છે. ૨૦૨૪-૨૦૨૬ના વૈશ્વિક અને ભારતીય આર્થિક પરિદ્રશ્યમાં, જ્યાં ભૌગોલિક રાજકીય તણાવ અને પુરવઠા શૃંખલાના અવરોધો કિંમતો પર દબાણ લાવી રહ્યા છે, ત્યાં ખર્ચ એકાઉન્ટિંગ અને ટેક્સ પ્લાનિંગની ભૂમિકા અત્યંત ગંભીર બની

ગઈ છે. જો ફુગાવાને એકાઉન્ટિંગ રેકોર્ડ્સમાં યોગ્ય રીતે સમાવવામાં ન આવે, તો તે "નફાની ભ્રાંતિ" (Profit Illusion) પેદા કરી શકે છે, જેના કારણે કંપનીઓ તેમના મૂડી આધારને ધોઈ નાખે તેવા નિર્ણયો લઈ શકે છે.

2. મોંઘવારીના કારણો

મોંઘવારી પાછળના કારણો બહુપક્ષીય હોય છે, જેમાં સ્થાનિક આર્થિક પરિસ્થિતિઓથી લઈને વૈશ્વિક બજારના વલણો સુધીના પરિબળોનો સમાવેશ થાય છે. ભારતીય સંદર્ભમાં, ફુગાવો ઘણીવાર ખાદ્યપદાર્થોના ભાવ અને આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલની કિંમતો સાથે જોડાયેલો હોય છે.

માંગ આધારિત મોંઘવારી (Demand-pull)

આ પ્રકારની મોંઘવારી અર્થતંત્રમાં નાણાંના પ્રવાહમાં વધારો થવાથી થાય છે. જ્યારે સરકારી ખર્ચ વધે છે અથવા વ્યાજદરમાં ઘટાડો થાય છે, ત્યારે લોકોની નિકાલજોગ આવક વધે છે, જે માંગમાં વધારો કરે છે. જો અર્થતંત્ર તેની ઉત્પાદન ક્ષમતાની નજીક હોય, તો આ વધારાની માંગ પુરવઠા દ્વારા પૂરી કરી શકાતી નથી, જેના પરિણામે કિંમતો વધે છે.

ખર્ચ આધારિત મોંઘવારી (Cost-push):

જ્યારે ઉત્પાદન પ્રક્રિયામાં વપરાતા ઈનપુટ્સ મોંઘા થાય છે, ત્યારે ખર્ચ-પ્રેરિત ફુગાવો ઉદ્ભવે છે. આમાં મજૂર વેતનમાં વધારો, કાચા માલની અછત અથવા વીજળી અને પરિવહન ખર્ચમાં વધારો સામેલ હોઈ શકે છે. બાંધકામ ઉદ્યોગમાં સ્ટીલ અને સિમેન્ટના ભાવમાં થતો વધારો આ પ્રકારના ફુગાવાનું ઉત્તમ ઉદાહરણ છે. "સ્ટીકી વેજ" (Sticky Wage) ની સમસ્યા પણ અહીં મહત્વની છે, જ્યાં ફુગાવાના પ્રતિસાદમાં વેતન વધે છે પરંતુ ઘટાડાના કિસ્સામાં તે સરળતાથી ઘટતા નથી.

વૈશ્વિક પરિબળો

આજના વૈશ્વિકરણના યુગમાં, આયાતી ફુગાવો (Imported Inflation) ત્યારે થાય છે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલ અથવા સોના જેવી કોમોડિટીના ભાવ વધે છે. ૨૦૨૪-૨૦૨૬ના ગાળા માટે, મધ્ય પૂર્વના સંઘર્ષો અને શિપિંગ ખર્ચમાં વધારો વૈશ્વિક પુરવઠામાં અવરોધ લાવી શકે છે. વધુમાં, યુએસ ફેડરલ રિઝર્વની નાણાકીય નીતિઓ અને ડોલરના મૂલ્યમાં ફેરફાર પણ અન્ય દેશોના ફુગાવા પર અસર કરે છે.

3. મોંઘવારી અને અર્થતંત્ર:

ફુગાવાની અસર માત્ર કિંમતો પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે સમગ્ર આર્થિક માળખાને હચમચાવી દેવાની ક્ષમતા ધરાવે છે. આર્થિક વૃદ્ધિ, ગ્રાહક વર્તન અને સરકારી નીતિઓ ફુગાવાના સ્તર દ્વારા નક્કી થાય છે.

આર્થિક વૃદ્ધિ પર અસર:

હળવો અને નિયંત્રિત ફુગાવો ઘણીવાર આર્થિક વૃદ્ધિ માટે અનુકૂળ માનવામાં આવે છે. જો કે, જ્યારે ફુગાવો અનિયંત્રિત બને છે, ત્યારે તે અનિશ્ચિતતા પેદા કરે છે. ૨૦૨૫-૨૦૨૬માં ભારતની જીડીપી વૃદ્ધિ ૭.૪% થી ૮% ની આસપાસ રહેવાની ધારણા છે. "પ્રોક્સી હાયપોથેસીસ" (Proxy Hypothesis) મુજબ, વધતો ફુગાવો ભવિષ્યની આર્થિક પ્રવૃત્તિમાં ઘટાડો સૂચવે છે, જે શેરબજારના મૂલ્યોમાં પણ પ્રતિબિંબિત થાય છે.

ખરીદી શક્તિ પર અસર:

ફુગાવાની સૌથી વિનાશક અસર સામાન્ય માણસની ખરીદશક્તિ પર પડે છે. નાણાંનું વાસ્તવિક મૂલ્ય ઘટવાને કારણે લોકો તેમની જીવનશૈલી જાળવી રાખવા માટે સંઘર્ષ કરે છે. આ ખાસ કરીને તેવા જૂથોને અસર કરે છે જેમની આવક ફુગાવા સાથે જોડાયેલી નથી.

વ્યાજદર અને નાણાકીય નીતિ:

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ફુગાવાને કાબૂમાં લેવા માટે વ્યાજદરનો ઉપયોગ કરે છે. ૨૦૨૬ ના ફેબ્રુઆરીમાં, RBI એ રેપો રેટને ૫.૨૫% પર યથાવત રાખ્યો હતો, જે અગાઉના વર્ષમાં ૧૨૫ બેસિસ પોઈન્ટ્સના ઘટાડા પછી સ્થિરતા દર્શાવે છે.

વર્ષ	જીડીપી વૃદ્ધિ અંદાજ (%)	ફુગાવો (CPI) અંદાજ (%)	રેપો રેટ (RBI) (%)
૨૦૨૪-૨૫	૭.૩	૪.૫	૫.૫૦
૨૦૨૫-૨૬	૭.૪ - ૮.૦	૨.૧	૫.૨૫
૨૦૨૬-૨૭ (Q1)	૬.૯	૪.૦	૫.૨૫

4. ખર્ચ એકાઉન્ટિંગનો પરિચય:

ખર્ચ એકાઉન્ટિંગ એ વ્યવસાયિક કામગીરીના આંતરિક આર્થિક પાસાઓને માપવા અને તેનું વિશ્લેષણ કરવાની પ્રક્રિયા છે.

ખર્ચ એકાઉન્ટિંગની વ્યાખ્યા:

તે એક એવી પદ્ધતિ છે જે ઉત્પાદનના દરેક તબક્કે ખર્ચને ટ્રેક કરે છે. આધુનિક સમયમાં, તે AI-સંચાલિત વિશ્લેષણ અને પ્રિડિક્ટિવ મોડેલિંગ સુધી વિસ્તરી છે.

હેતુ અને મહત્વ:

ખર્ચ એકાઉન્ટિંગનો મુખ્ય હેતુ બિનકાર્યક્ષમતાને દૂર કરવી અને સંસાધનોની ફાળવણીને શ્રેષ્ઠ બનાવવી છે. ફુગાવાના સમયમાં, તે વ્યવસાયને એ સમજવામાં મદદ કરે છે કે ક્યાં ખર્ચ વધ્યો છે અને શું તે ગ્રાહક પર ટ્રાન્સફર કરી શકાય તેમ છે.

5. મોંઘવારીનો ખર્ચ એકાઉન્ટિંગ પર પ્રભાવ:

ઐતિહાસિક ખર્ચનો ઉપયોગ વાસ્તવિક નફાને અતિશયોક્તિભર્યો દર્શાવે છે, જે વ્યવસાય માટે જોખમી બની શકે છે.

ઉત્પાદન ખર્ચમાં વધારો:

બાંધકામ જેવા ક્ષેત્રોમાં, પ્રોજેક્ટ શરૂ થયાના સમયથી તે પૂર્ણ થાય ત્યાં સુધીમાં ખર્ચમાં ૨૧% થી ૫૫% નો વધારો જોવા મળ્યો છે. આનાથી કંપનીઓના માર્જિન ધોવાઈ જાય છે, ખાસ કરીને જો તેઓ ફિક્સ્ડ-પ્રાઈસ કોન્ટ્રાક્ટમાં હોય.

સ્ટોક મૂલ્યાંકન પર અસર:

ઈન્વેન્ટરી મૂલ્યાંકનની પદ્ધતિ ફુગાવા દરમિયાન નફા પર મોટો પ્રભાવ પાડે છે:

FIFO (First-In, First-Out): આ પદ્ધતિ નીચો COGS અને તેથી ઊંચો નફો દર્શાવે છે, જે ઘણીવાર ભ્રામક હોય છે કારણ કે માલને ફરીથી ખરીદવા માટે વધુ રકમ ચૂકવવી પડશે.

LIFO (Last-In, First-Out): આ પદ્ધતિ વર્તમાન બજાર કિંમતોને વધુ સારી રીતે પ્રતિબિંબિત કરે છે અને ટેક્સ જવાબદારી ઘટાડે છે.

ડિપ્રિસિએશન પર અસર:

ઐતિહાસિક ખર્ચ પર આધારિત ઘસારો ફુગાવા દરમિયાન અપૂરતો હોય છે કારણ કે તે મિલકતોના રિપ્લેસમેન્ટ ખર્ચને આવરી શકતો નથી. આનાથી કંપનીના વાસ્તવિક મૂડી આધારનું નુકસાન થાય છે.

નફાની ભ્રાંતિ (Profit Illusion):

જ્યારે કંપનીઓ ઐતિહાસિક ખર્ચનો ઉપયોગ કરે છે, ત્યારે ખર્ચ ઓછો અને આવક વધુ દેખાય છે, જે નફાને વધારીને દર્શાવે છે. આ ભ્રામક નફાના આધારે બિનજરૂરી ડિવિડન્ડ અને વધુ ટેક્સ ચૂકવવો પડે છે, જે રોકડની અછત સર્જે છે.

6. ટેક્સેશનનો પરિચય:

ટેક્સેશન એ સરકારની નાણાકીય શક્તિનો પાયો છે. તે અર્થતંત્રમાં સંસાધનોની પુનઃવહેંચણી માટેનું સાધન છે.

ટેક્સના પ્રકારો:

પ્રત્યક્ષ ટેક્સ (Direct Tax): ઈન્કમ ટેક્સ જેવા કર.

પરોક્ષ ટેક્સ (Indirect Tax): GST જેવા કર.

ફુગાવો ટેક્સ (Inflation Tax): જ્યારે સરકાર નવી નોટો છાપે છે અને ચલણનું મૂલ્ય ઘટે છે, ત્યારે તે લોકોની ખરીદશક્તિ પર અદ્રશ્ય ટેક્સ તરીકે કામ કરે છે.

7. મોંઘવારીનો ટેક્સ આયોજન પર પ્રભાવ:

મોંઘવારી ટેક્સ પ્લાનિંગને અત્યંત જટિલ બનાવે છે, કારણ કે તે કરદાતાને વાસ્તવિક આવક વધ્યા વગર ઉચ્ચ ટેક્સ સ્લેબમાં ધકેલી શકે છે.

બ્રેકેટ ક્રિપ (Bracket Creep):

જ્યારે ફુગાવાને કારણે વ્યક્તિની આવક વધે છે, ત્યારે તે ઉચ્ચ ટેક્સ બ્રેકેટમાં ધકેલાઈ જાય છે.

અસર: સરેરાશ ટેક્સ રેટ વધે છે અને નિકાલજોગ આવક ઘટે છે.

ભારતનો કિસ્સો: ૨૦૧૪ પછી જૂના ટેક્સ રિજીમમાં ₹૨.૫ લાખની મૂળભૂત મર્યાદા બદલાઈ નથી, જેના કારણે ફુગાવા છતાં કરદાતાઓ પર ભાર વધ્યો છે.

ઈન્વેસ્ટમેન્ટ નિર્ણયો:

કરદાતાઓ હવે એવા સાધનો શોધે છે જે ફુગાવા પછી હકારાત્મક વળતર આપે.

કલમ 80C હેઠળ રોકાણ: PPF, NPS અને ELSS લોકપ્રિય છે.

ઈન્ડેક્સેશન (Indexation): કેપિટલ ગેઈન્સ ટેક્સમાં ફુગાવાને એડજસ્ટ કરવા માટે કોસ્ટ ઈન્ફ્લેશન ઈન્ડેક્સ (CII) નો ઉપયોગ કરવામાં આવે છે.

8. વૈશ્વિક દ્રષ્ટિકોણ (2024–2026):

વૈશ્વિક સ્તરે ફુગાવો ૨૦૨૪ ના ૫.૯% થી ઘટીને ૨૦૨૬ સુધીમાં ૩.૭% - ૩.૮% થવાની ધારણા છે. ભારતનો ફુગાવો વિશ્વના અન્ય દેશોની સરખામણીએ નોંધપાત્ર રીતે ઘટ્યો છે, જે ૨૦૨૫ ના અંત સુધીમાં ૨% ની આસપાસ રહેવાની શક્યતા છે.

9. પડકારો અને ઉકેલો:

પડકારો:

ખર્ચ નિયંત્રણમાં મુશ્કેલી અને બજેટ ઓવરરન.
સાચી નફાકારકતા માપવામાં સમસ્યાઓ.

ઉકેલો:

ઈન્ફ્લેશન એકાઉન્ટિંગ: Current Purchasing Power (CPP) અને Current Cost Accounting (CCA) પદ્ધતિઓનો ઉપયોગ.
ટેક્નોલોજી: AI અને ERP સિસ્ટમ્સ દ્વારા પ્રિડિક્ટિવ કોસ્ટ એનાલિસિસ અને બજેટ ઓટોમેશન.

10. કેસ સ્ટડી:

હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (HUL):

HUL એ "પ્રોજેક્ટ સિમ્ફની" અને ડિજિટલ ઈન્વેન્ટરી કંટ્રોલ દ્વારા ખર્ચ નિયંત્રણમાં સફળતા મેળવી છે. કંપનીએ ૨૦૨૦-૨૦૨૪ દરમિયાન તેની કાર્યક્ષમતા વધારીને ROCE ને ૧૯% થી વધારીને ૨૮.૫% સુધી પહોંચાડ્યું છે.

લાર્સન એન્ડ ટુબ્રો (L&T):

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં L&T ના મેન્યુફેક્ચરિંગ અને ઓપરેટિંગ ખર્ચમાં ૧૭.૧% નો વધારો થયો (₹૧,૭૦,૯૭૩ કરોડ), જેનાથી EBITDA માર્જિનમાં ૩૦ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો થયો. જો કે, ઊંચા બિઝનેસ વોલ્યુમને કારણે ઓપરેટિંગ પ્રોફિટમાં ૧૨.૫% ની વૃદ્ધિ જોવા મળી છે.

11. નિષ્કર્ષ:

ફુગાવો એ આર્થિક વાસ્તવિકતા છે જે સાચા નફાને છુપાવે છે અને ટેક્સનો ભાર વધારે છે. ૨૦૨૪-૨૦૨૬ ના ગાળામાં આર્થિક સ્થિરતા માટે ઈન્ફ્લેશન એકાઉન્ટિંગ અને AI-આધારિત નાણાકીય આયોજન અત્યંત જરૂરી છે. વ્યવસાયોએ માત્ર આવક પર જ નહીં, પણ "વાસ્તવિક આર્થિક મૂલ્ય" પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

12. સંદર્ભ યાદી

IBN Technologies. (2024). કંપનીઓ માટે મોંઘવારી એકાઉન્ટિંગ પર કેવી અસર કરે છે?

Larsen & Toubro. (2025). Overall Financial Review 2024–25.

Finance Strategists. (2024). Current Purchasing Power Method.

Press Information Bureau. (2026). Economic Survey 2025–26.

Reserve Bank of India. (2026). Monetary Policy Statement.

Trading Economics. (2026). India Interest Rate Data.

International Monetary Fund. (2026). World Economic Outlook.

World Bank. (2026). Global Monthly Report.

Income Tax Department India. (2025–26). ટેક્સ નીતિઓ અને માર્ગદર્શિકા.

HDFC Mutual Fund. (2025). ટેક્સ બચતની રણનીતિઓ.

નિર્ણયકારક તત્વોના સંદર્ભમાં ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની બહુવિધ બુદ્ધિનો અભ્યાસ

પ્રીતીબેન ગોસાઈ
રિસર્ચ સ્કૉલર- શિક્ષણશાસ્ત્ર, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ
ડૉ. ફાલ્ગુની નાયક
અસોસિએટ પ્રોફેસર- શિક્ષણશાસ્ત્ર, કોલેજ ઓફ હ્યુમિનીટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

સારાંશ:

આ સંશોધનનો હેતુ ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની બહુવિધ બુદ્ધિની તપાસ કરવાનું છે. સંશોધનમાં, વિધાર્થીઓની બહુવિધ બુદ્ધિને લિંગના સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવી છે. આ માટે, સંશોધકોએ ગાર્ડનરના બહુવિધ બુદ્ધિના સિદ્ધાંતના આધાર પર 40 વિધાનોનો માપદંડ તૈયાર કર્યો હતો. માપદંડને ગૂગલ ફોર્મમાં ઢાળવામાં આવ્યો હતો અને વિદ્યાર્થીઓ પાસેથી પ્રતિચાર મેળવવા માટે મોકલવામાં આવ્યો હતો. 218 વિધાર્થીઓના પરિણામો પરથી તફાવત ન જોવા મળ્યો, જે દર્શાવે છે કે છોકરાઓ અને છોકરીઓની બહુવિધ બુદ્ધિ સમાન છે. શિક્ષણ સંસ્થાઓએ આ તારણોના આધારે, વિવિધ પ્રવૃત્તિઓ અને અભ્યાસક્રમ દ્વારા વિદ્યાર્થીઓની બુદ્ધિનો વિકાસ કરવા જરૂરી પગલાં લેવા જોઈએ.

ચાવીરૂપ શબ્દો: બહુવિધ બુદ્ધિ, ગાર્ડનરનો સિદ્ધાંત, ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ, લિંગ તફાવત, શૈક્ષણિક કારકિર્દી, બુદ્ધિ માપદંડ

1. પ્રસ્તાવના

આદિમાનવથી આધુનિક માનવ બનવા સુધી માનવ વિકાસના જુદા જુદા તબક્કામાંથી પસાર થાય છે. બાળકની આ વિકાસ યાત્રામાં પોતપોતાની રીતે અને પોતાની બુદ્ધિ કક્ષા અનુસાર પોતાનો ફાળો આપે છે. દરેક વિદ્યાર્થીની બુદ્ધિ એક સરખી હોતી નથી. આથી એક જ શિક્ષક જોડે ભણેલા તમામ વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દી એક સરખી હોતી નથી. આથી શિક્ષકે તેના તમામ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્ન કરવા જોઈએ. વિદ્યાર્થીઓની બુદ્ધિ કક્ષામાં તફાવત હોવાના કારણે જ દરેક ને ન્યાય આપવો હોય તો વિદ્યાર્થીઓની બુદ્ધિ કક્ષા જાણવી જોઈએ. (Binay) "ચોક્કસ દિશામાં જવાબ અને તે દિશાને જાળવી રાખવા માટીની વૃત્તિ તથા અપેક્ષિત લક્ષ્યની પ્રાપ્તિ માટે અનુકૂલન સાધવા અને સ્વયંભૂ વિવેચના કરવાથી શક્તિ એટલે બુદ્ધિ." આમ બુદ્ધિનો સર્વસામાન્ય અને સર્વસ્વીકાર્ય અર્થ આપવાનું કામ ખૂબ જ અઘરું છે. તેમ છતાં મનોવૈજ્ઞાનિકોએ બુદ્ધિને માપવા માટે વિવિધ બુદ્ધિના સિધ્ધાંતો રજુ કરેલા છે. જેવા કે એક અવયવ સિદ્ધાંત, વિઘટક સિદ્ધાંત,સામાન્ય સિદ્ધાંત,બર્ટનનો સિદ્ધાંત,ગિલફર્ડનો સિદ્ધાંત, કેટલ બહુઘટક સિદ્ધાંત આ સિદ્ધાંતો મોટેભાગે તાર્કિક અને શાબ્દિક બૌદ્ધિક આધારિત છે. પ્રસ્તુત સંશોધનમાં ગાર્ડનરની આઠ પ્રકારની બહુવિધ બુદ્ધિનો સિદ્ધાંત આપ્યો છે. તેના આધારે સંશોધકે ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની બહુવિધ બુદ્ધિનો અભ્યાસ કરવાનું નક્કી કરેલું છે.

2. બહુવિધ બુદ્ધિના સિદ્ધાંતની વ્યાખ્યા

પરંપરાગત દ્રષ્ટીએ બુદ્ધિની વ્યાખ્યા 'પરંપરાગત દ્રસ્ટીકોણમાં, બુદ્ધિને બુદ્ધિ પરીક્ષણો (આઈક્યૂ ટેસ્ટ) પરની વસ્તુઓનો વસ્તુઓનો જવાબ આપવાની ક્ષમતાતરીકે કાર્યકારી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે -(ગાર્ડનર 1993).

3. બુદ્ધિની M.I.થિયરીનીવ્યાખ્યા

'કોઈ એક સંસ્કૃતિમાં માન્ય રીતે સમસ્યા ઉકેલ કે સર્જન કરવામાં મદદરૂપ થતું કોઈપણ પ્રકારનું કૌશલ્ય એટલે બુદ્ધિ',

(ગાર્ડનર 1982)

4. હેતુઓ

ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની બહુવિધ બુદ્ધિને જાણવા માટે અભિપ્રાયવલીની રચના કરવી.

ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની બહુવિધ બુદ્ધિને જાતીના સંદર્ભમાં અભ્યાસ કરવો.

5. ચલ

સ્વતંત્ર ચલ	**છોકરાઓ**	**છોકરીઓ**
પરતંત્ર ચલ	**બહુવિધ બુદ્ધિ**	

6. ઉત્કલ્પના

ઉચ્ચ પ્રાથમિક શાળાના છોકરાઓ અને છોકરીઓની ભાષાકીય બુદ્ધિના મેળવેલ સરાસરીપ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

ઉચ્ચ પ્રાથમિક શાળાના છોકરાઓ અને છોકરીઓની તાર્કિક ગાણિતિક બુદ્ધિના મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

ઉચ્ચ પ્રાથમિક શાળાના છોકરાઓ અને છોકરીઓનીસાંગીતિક બુદ્ધિના મેળવેલ સરાસરીપ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

ઉચ્ચ પ્રાથમિક શાળાના છોકરાઓ અને છોકરીઓનીઅવકાશીય બુદ્ધિના મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

ઉચ્ચ પ્રાથમિક શાળાના છોકરાઓ અને છોકરીઓનીશારીરિક બુદ્ધિનામેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

ઉચ્ચ પ્રાથમિક શાળાના છોકરાઓ અને છોકરીઓનીપ્રાકૃતિક બુદ્ધિના મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

ઉચ્ચ પ્રાથમિક શાળાના છોકરાઓ અને છોકરીઓની વૈયક્તિક બુદ્ધિના મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

ઉચ્ચ પ્રાથમિક શાળાના છોકરાઓ અને છોકરીઓની બુદ્ધિના આંતર વૈયક્તિક મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

7. નમુનો

પ્રસ્તુત અભ્યાસમાં નીચે પ્રમાણેના વિદ્યાર્થીઓ નમૂના તરીકે સમાવેશ થઈશક્યાહતા.

કુમાર	92
કન્યા	126
કુલ	218

8. ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે બહુવિધ બુદ્ધિના બુદ્ધિ મૂલ્યાંકનના ઘટકોને ધ્યાનમાં લઈને ઉપકરણ તૈયાર કરી હતી. જેમાં નીચે પ્રમાણેના ઘટકોને અનુલક્ષીને વિધાનો મુકવામાં આવ્યા હતા.આમ આઠ ઘટકોને આધારે બહુવિધ બુદ્ધિ માપદંડની રચના કરવામાં આવી હતી. પ્રત્યેક ઘટક માટે પાંચ પાંચ વિધાનો મુકવામાં આવ્યા હતા. આ માપદંડ ત્રિબિંદુ પ્રકારનો તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં હંમેશા,ક્યારેક,કદાપીનહીં એમ ત્રીબિંદુમાં વિદ્યાર્થીઓએ પ્રતિચાર આપવાનો હતો. આમ કુલ 40 વિધાનોનો માપદંડ તૈયાર થયો હતો. અને આ માપદંડને google ફોર્મના સ્વરૂપમાં ઢાળીને તેને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવ્યા હતા.માહિતી એકત્રીકરણમાટે સંશોધકે ગુગલ ફોર્મની રચના કરી હતી. જેની લીંક સાથે વિદ્યાર્થીઓ માટે એક સંદેશ મૂકવામાં આવ્યો હતો. જેમાં અભ્યાસનું મહત્વ અને તેમના પ્રતિચારનું મૂલ્ય પણ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું. આમ google ફોર્મ દ્વારા વિદ્યાર્થીઓ પોતાના પ્રતિચાર વિધાનમાં સ્પષ્ટ કર્યા હતા.


માહિતી વિશ્લેષણ અને અર્થઘટન ગુગલ ફોર્મ દ્વારા મેળવવામાં આવેલી માહિતીનું માઈક્રોસોફ્ટ એક્સેલની મદદથી વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પ્રત્યેક વિધાન માટે ત્રણ,બે,એક એ પ્રમાણે ગુણાંકન કરીને માહિતી તૈયાર કરવામાં આવી હતી. આ પ્રમાણે પ્રતિચારોને સંખ્યાત્મક માહિતીમાં પરિવર્તન કરીને તેના આધારે CRમૂલ્યની ગણતરી કરીને ઉત્કલ્પનાઓની ચકાસણી કરવામાં આવી હતી. માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન નીચે પ્રમાણે રજૂ કરવામાં આવ્યું છે.

સારણી ક્રમાંક 1

બહુવિધ બુદ્ધિના મેળવેલ પ્રાપ્તકો વચ્ચે જાતિ સંદર્ભે તફાવત માટે t કસોટીનું અંકશાસ્ત્ર

Intelligences	Gender	N	Mean	S.D.	SED	CR	Remarks
ભાષાકીય	Boys	92	12.11	1.90	0.42	0.55	0.77
	Girls	126	12.54	1.75			
અવકાશીય	Boys	92	9.83	1.94	0.50	0.64	0.78
	Girls	126	10.34	1.53			
શારીરિક	Boys	92	10.20	1.53	0.26	0.53	0.48
	Girls	126	9.94	1.45			
તાર્કિક ગાણિતિક	Boys	92	12.58	1.93	0.15	0.41	0.36
	Girls	126	12.73	1.70			
સાંગીતિક	Boys	92	9.42	1.89	0.28	0.65	0.43
	Girls	126	9.14	2.22			
પ્રાકૃતિક બુદ્ધિ	Boys	92	12.20	2.08	0.27	0.49	0.58
	Girls	126	11.92	2.15			
વૈયક્તિક	Boys	92	11.53	2.07	0.13	0.61	0.21
	Girls	126	11.46	1.97			

આંતર વૈયક્તિક	Boys	92	12.26	1.82	0.89	0.160	0.055
	Girls	126	12.26	1.91			



આલેખ ક્રમાંક 1: બહુવિધ બુદ્ધિના મેળવેલ પ્રાપ્તકોનો જાતિ સંદર્ભે મધ્યકોનો તફાવત દર્શાવતો સ્તંભાલેખ

9. તારણો

પ્રસ્તુત સંશોધનમાં છોકરાઓ અને છોકરીઓની બહુવિધ બુદ્ધિ પર મેળવેલ પ્રાપ્તાંકોમાં તફાવત જોવા મળતું નથી આથી એના પરથી એવું સાબિત થાય છે કે જાતીયતાની દ્રષ્ટિએ બહુવિધબુદ્ધિનુસમાન પ્રમાણ જોવા મળે છે.

10. શૈક્ષણિક ફલિતાર્થ

પ્રસ્તુત સંશોધનમાં તારણો પરથી કહી શકાય કે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં બહુવિધ બુદ્ધિનો વિકાસ થાય તે માટે શિક્ષકોએ વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિલક્ષી શિક્ષણ આપવું જોઈએ.

શાળામાં ગણિતશાસ્ત્રીઓના જન્મ દિવસની ઉજવણી કરવી જોઈએ.

શાળામાં પ્રાર્થના સંગીતમય બનાવવી જોઈએ.

ભાષાકીય બુદ્ધિના વિકાસ માટે અવનવી શબ્દ-રમતો વાર્તા,જોડકણા,કહેવતો વગેરેનો વર્ગખંડમાં નિયમિત ઉપયોગ કરવો જોઈએ.

શાળામાં વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ કાર્ય આપવું જોઈએ.

સંદર્ભસૂચિ

કે. જી. દેસાઈ અને અન્ય (૧૯૮૪). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

આર. એસ. પટેલ (૨૦૧૫). સંશોધન પદ્ધતિ શાસ્ત્ર અમદાવાદ જય પબ્લિકેશન

એસ. એસ. શુક્લ (૨૦૧૩-૧૪). શૈક્ષણિક મનોવિજ્ઞાન આગ્રા: અગ્રવાલ પબ્લિકેશન

ઢીલા બી. ડી. (૨૦૧૮). સંશોધન પદ્ધતિ અક્ષર પબ્લિકેશન

ઉચાટ ડી.એ.(૨૦૧૨).શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર (પારસ પ્રકાશન, રાજકોટ)

Intelligences in the classroom Virginia Association for supervision and curriculam Development.

રશિયન સાહિત્ય: વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં

મહેન્દ્ર.એમ.પરમાર
રિસર્ચ ફેલો, અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

રશિયન સાહિત્ય એ માત્ર અક્ષરોની અભિવ્યક્તિ નથી, પરંતુ માનવ આત્માના ઊંડાણમાં ઉતરીને નૈતિકતા, અસ્તિત્વવાદ અને સામાજિક ન્યાયના પાયાના પ્રશ્નોને હલ કરવાનો એક ભવ્ય પ્રયાસ છે. ૧૯મી સદીના સુવર્ણયુગથી લઈને ૨૦મી સદીના રજતયુગ અને આધુનિકકાળ સુધી, રશિયન લેખકોએ વૈશ્વિક સાહિત્યિક ફલક પર જે ઊંડી છાપ છોડી છે, તે અન્ય કોઈ પણ રાષ્ટ્રીય સાહિત્ય માટે દુર્લભ ગણી શકાય. રશિયન સાહિત્યનો ઇતિહાસ રશિયાના રાજકીય અને સાંસ્કૃતિક પરિવર્તનો સાથે અતૂટ રીતે જોડાયેલો છે, જેમાં ઝારશાહીના અન્યાયો, ભૂદાસ પ્રથા (serfdom) ના સંઘર્ષો અને છેવટે સામ્યવાદી ક્રાંતિના વમળોનો પડઘો સંભળાય છે. આ શોધપત્ર રશિયન સાહિત્યના વિવિધ પાસાઓ, તેના સર્જકો, વૈશ્વિક સ્તરે પડેલા પ્રભાવો અને ખાસ કરીને ભારતીય તથા ગુજરાતી સાહિત્ય સાથેના તેના ગાઢ સંબંધોનું વિગતવાર વિશ્લેષણ કરે છે.

રશિયન સાહિત્યના વિકાસને સમજવા માટે તેને ચોક્કસ કાલખંડોમાં વિભાજિત કરવું અનિવાર્ય છે. દરેક યુગ પોતાની સાથે એક નવી વિચારધારા અને કલાત્મક શૈલી લઈને આવ્યો હતો, જે તે સમયના રશિયન સમાજ અને રાજકારણનું પ્રતિબિંબ હતું.આપણે તેને કોષ્ટક દ્વારા સમજીએ જે નીચે પ્રમાણે છે.

સાહિત્યિક યુગ	સમયગાળો	પ્રમુખ લાક્ષણિકતાઓ	પ્રતિનિધિ લેખકો
પ્રારંભિક અને રોમેન્ટિક યુગ	૧૮૦૦ - ૧૮૩૫	જ્ઞાનોદયનો પ્રભાવ, સ્વચ્છંદતાવાદ અને રાષ્ટ્રીય ઓળખની શોધ	એલેક્ઝાન્ડર પુશકિન, વાસિલી ઝુકોવ્સ્કી
સુવર્ણ યુગ (Golden Age)	૧૮૪૦ - ૧૮૯૦	વાસ્તવવાદ, મનોવૈજ્ઞાનિક ગહનતા, સામાજિક અને નૈતિક પ્રશ્નો	લિયો ટોલ્સટોય, ફ્યોદોર દોસ્તોયેવ્સ્કી, ઈવાન તુર્ગેનેવ
રજત યુગ (Silver Age)	૧૮૯૦ - ૧૯૧૭	પ્રતીકવાદ, આધુનિકતાવાદ, પરાભૌતિક સત્યની શોધ	એલેક્ઝાન્ડર બ્લોક, અન્ના અખ્માતોવા, વ્લાદિમીર માયાકોવ્સ્કી
સોવિયેત યુગ	૧૯૧૭ - ૧૯૯૧	સમાજવાદી વાસ્તવવાદ, રાજ્ય પ્રચાર, સેન્સરશિપ અને ભૂગર્ભ સાહિત્ય	મેક્સિમ ગોર્કી, મિખાઈલ શોલોખોવ, બોરિસ પાસ્તરનાક

સાહિત્યિક યુગ	સમયગાળો	પ્રમુખ લાક્ષણિકતાઓ	પ્રતિનિધિ લેખકો
અનુ-સોવિયેત યુગ	૧૯૯૧ થી વર્તમાન	અનુ-આધુનિકતાવાદ, વ્યંગ્ય અને રશિયન ઇતિહાસનું પુનઃપરીક્ષણ	વ્લાદિમીર સોરોકિન, વિક્ટર પેલેવિન, લ્યુડમિલા ઉલિત્સ્કાયા

૧૯મી સદીને રશિયન સાહિત્યનો 'સુવર્ણ યુગ' ગણવામાં આવે છે કારણ કે આ સમયગાળામાં રશિયન કવિતા અને નવલકથા તેની સર્વોચ્ચ ઊંચાઈએ પહોંચ્યા હતા. આ યુગનો પ્રારંભ એલેક્ઝાન્ડર પુશકિનના આગમન સાથે થયો હતો, જેમણે રશિયન સાહિત્યિક ભાષાને ઘાટ આપ્યો અને તેને પશ્ચિમના પ્રભાવમાંથી મુક્ત કરીને એક સ્વતંત્ર ઓળખ આપી. આ સમયગાળાના લેખકો માત્ર કલાકારો નહોતા, પરંતુ તેઓ સમાજના નૈતિક ચોકીદારો પણ હતા. ૧૮૪૮ની ક્રાંતિઓ અને ભૂદાસ પ્રથાની નાબૂદી અંગેના વિવાદોએ કલાકારોને વાસ્તવિકતા તરફ વળવા મજબૂર કર્યા હતા. સુવર્ણ યુગના લેખકોએ રશિયન સમાજની વિસંગતતાઓ અને અન્યાયોને ઉજાગર કરવા માટે 'વાસ્તવવાદ' (Realism) ને મુખ્ય શસ્ત્ર બનાવ્યું હતું.

રશિયન સાહિત્યને વૈશ્વિક સ્તરે જે સન્માન મળ્યું છે, તેમાં આ પાંચ લેખકોનો ફાળો સર્વોપરી છે. તેમનું કાર્ય માત્ર સાહિત્ય પૂરતું સીમિત નથી, પણ તે માનવ સ્વભાવના પાયાના સિદ્ધાંતોનું વિશ્લેષણ કરે છે.

એલેક્ઝાન્ડર પુશકિન (૧૭૯૯-૧૮૩૭) એ રશિયન સાહિત્યના આદિપુરુષ છે. તેમણે રશિયન ભાષાને લોકબોલીની નજીક લાવીને તેને લવચીક અને કાવ્યાત્મક બનાવી. તેમની પદ્ય-નવલકથા 'યુજેન વનગિન' (૧૮૨૩) એ રશિયન જીવનનો એક જીવંત દસ્તાવેજ છે, જેમાં રોમેન્ટિસિઝમ અને શરૂઆતના વાસ્તવવાદનો સંગમ જોવા મળે છે. પુશકિનના સાહિત્યમાં પ્રેમ, સ્વતંત્રતા અને રાષ્ટ્રીય ઓળખના વિષયો મુખ્ય હતા. પુશકિનનું જીવન પોતે પણ એક સાહિત્યિક કૃતિ જેવું રોમાંચક અને કરુણ હતું; તેમણે પોતાના સન્માનની રક્ષા માટે ૨૦ થી વધુ દ્વંદ્વયુદ્ધો ખેલ્યા હતા, અને છેવટે ૩૭ વર્ષની અકાળે વયે એક આવા જ યુદ્ધમાં ઘાયલ થઈને તેમનું અવસાન થયું. તેમની 'ધ ક્વીન ઓફ સ્પેડ્સ' જેવી વાર્તાઓએ પાછળથી દોસ્તોયેવ્સ્કી જેવા લેખકોને મનોવૈજ્ઞાનિક ઊંડાણ લાવવા માટે પ્રેરણા આપી હતી.

નિકોલાઈ ગોગોલ (૧૮૦૯-૧૮૫૨) એ રશિયન સાહિત્યમાં 'નાના માણસ' (small man) ના ખ્યાલને પ્રતિષ્ઠા અપાવી. તેમની વાર્તા 'ધ ઓવરકોટ' (The Overcoat, ૧૮૪૨) રશિયન સાહિત્યની સૌથી પ્રભાવશાળી કૃતિઓમાંની એક છે, જે અમલદારશાહીની જડતા અને ગરીબ કારકુનની આત્મસન્માનની લડાઈને ઉજાગર કરે છે. ગોગોલની શૈલીમાં વ્યંગ્ય અને કરુણતાનો અદભૂત સમન્વય જોવા મળે છે. તેમની નવલકથા 'ડેડ સોલ્સ' (Dead Souls) રશિયન જમીનદારોના ભ્રષ્ટાચાર પર આકરો પ્રહાર કરે છે. ગોગોલનું પાત્રાલેખન એટલું પ્રબળ હતું કે તેમના પાત્રો વાસ્તવિકતા અને અતિવાસ્તવિકતાની વચ્ચે ઝૂલતા દેખાય છે, જેણે પાછળથી ફ્રાન્ઝ કાફ્કા જેવા પશ્ચિમી આધુનિકતાવાદી લેખકોને પ્રભાવિત કર્યા હતા.

ફ્યોદોર દોસ્તોયેવ્સ્કી (૧૮૨૧-૧૮૮૧) વિશ્વના સૌથી મહાન મનોવૈજ્ઞાનિક નવલકથાકાર ગણાય છે. તેમના જીવનના કારાવાસ અને દેશનિકાલના અનુભવોએ તેમના સાહિત્યને એક ઊંડી આધ્યાત્મિક અને દાર્શનિક ગહનતા આપી. 'ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ' (Crime and Punishment), 'ધ ઈડિયટ' (The Idiot) અને 'ધ બ્રધર્સ કરામાઝોવ' (The

Brothers Karamazov) જેવી તેમની મહાન કૃતિઓમાં તેઓ માનવ મનના અંધકારમય ખૂણાઓને ફંફોસે છે. દોસ્તોયેવ્સ્કીના પાત્રો અસ્તિત્વવાદના પ્રશ્નો, અપરાધભાવ, મુક્તિ અને ઈશ્વરના અસ્તિત્વ જેવી ગૂંચવણોમાં ફસાયેલા હોય છે. આધુનિક મનોવિજ્ઞાનના પિતા સિગ્મંડ ફ્રોઈડ અને દાર્શનિક ફ્રેડરિક નીત્શેએ પણ દોસ્તોયેવ્સ્કીની મનોવૈજ્ઞાનિક સૂઝની પ્રશંસા કરી હતી. તેમની 'પોલીફોનિક' (Polyphonic) નવલકથાની શૈલીએ પાઠકને વિવિધ વૈચારિક દ્રષ્ટિકોણો વચ્ચે પસંદગી કરવાની સ્વતંત્રતા આપી છે.

લિયો ટોલ્સટોય (૧૮૨૮-૧૯૧૦) રશિયન સાહિત્યના એવા સ્તંભ છે જેમના વિચારોએ ગાંધીજી અને માર્ટિન લ્યુથર કિંગ જેવી હસ્તીઓને અહિંસા અને સત્યાગ્રહ માટે પ્રેરણા આપી છે. તેમની નવલકથાઓ 'વોર એન્ડ પીસ' (War and Peace) અને 'અન્ના કારેનિના' (Anna Karenina) વિશ્વ સાહિત્યની સર્વોચ્ચ સિદ્ધિઓ મનાય છે. ટોલ્સટોયની શૈલી અદભૂત રીતે વિગતોથી ભરેલી અને જીવનની જીવંત અનુભૂતિ કરાવનારી છે. પાછળના જીવનમાં તેમણે 'ખ્રિસ્તી અરાજકતાવાદ' અને શારીરિક શ્રમનો સિદ્ધાંત અપનાવ્યો. 'ધ ડેથ ઓફ ઈવાન ઈલિચ' જેવી તેમની નવલકથામાં તેઓ મૃત્યુની અનિવાર્યતા અને જીવનની નિરર્થકતા વચ્ચેના સંઘર્ષને અત્યંત માર્મિક રીતે રજૂ કરે છે.

એન્ટોન ચેખોવ (૧૮૬૦-૧૯૦૪) વ્યવસાયે ડોક્ટર હતા, પણ સાહિત્યમાં તેમણે ટૂંકી વાર્તા અને નાટકને એક નવી દિશા આપી. ચેખોવની વાર્તાઓમાં કોઈ મોટો નૈતિક ઉપદેશ કે ક્લાઈમેક્સ નથી હોતો, પણ તે રોજિંદા જીવનની સાદી ક્ષણોમાં રહેલી કરુણતા અને રહસ્યને ઉજાગર કરે છે. 'ધ લેડી વિથ ધ ડોગ' અને 'વોર્ડ નં. ૬' જેવી તેમની વાર્તાઓ માનવ સંબંધોની નાજુકાઈ અને સામાજિક એકલતાનું સચોટ ચિત્રણ કરે છે. ચેખોવના નાટકો જેવા કે 'ધ ચેરી ઓર્કાર્ડ' અને 'થ્રી સિસ્ટર્સ' માં સંવાદો વચ્ચે રહેલી શાંતિ અને અસ્પષ્ટતા (ambiguity) એ આધુનિક રંગભૂમિનો પાયો નાખ્યો છે.

૧૯મી સદીના વાસ્તવવાદના થાક પછી રશિયન સાહિત્યમાં ૧૮૯૦ થી ૧૯૧૭ દરમિયાન 'રજત યુગ' (Silver Age) નો ઉદય થયો. આ સમયગાળો કવિતાના પુનરુત્થાન અને પરમ સત્યની શોધનો હતો.

રજત યુગ દરમિયાન પ્રતીકવાદ (Symbolism) મુખ્ય ચળવળ હતી, જેણે ભૌતિક વાસ્તવિકતા કરતાં ઉચ્ચ નૈતિક અને આધ્યાત્મિક સત્યને મહત્વ આપ્યું. એલેક્ઝાન્ડર બ્લોક આ સમયના અગ્રણી કવિ હતા. બીજી તરફ, એવેન્ટ-ગાર્ડ ચળવળે કલા અને જીવન વચ્ચેના ભેદને મિટાવવાનો પ્રયાસ કર્યો. ૧૯૧૫માં માલેવિચનું 'બ્લેક સ્ક્વેર' પેઈન્ટિંગ અને માયાકોવ્સ્કીની ફ્યુચરિસ્ટ કવિતાઓએ સામાજિક પરિવર્તન માટે અવાજ ઉઠાવ્યો. આ ગાળામાં રશિયન ફોર્માલિસ્ટોએ સાહિત્યના વિવેચનમાં નવા સિદ્ધાંતો આપ્યા, જેણે પાછળથી પશ્ચિમી સ્ટ્રક્ચરલિઝમ (structuralism) ને પ્રભાવિત કર્યું છે.

૧૯૧૭ની બોલ્શેવિક ક્રાંતિ પછી સાહિત્યનું સ્વરૂપ ધરમૂળથી બદલાઈ ગયું. સાહિત્ય હવે રાજ્યના પ્રચારનું સાધન બન્યું અને ૧૯૩૪માં 'સમાજવાદી વાસ્તવવાદ' ને એકમાત્ર સ્વીકાર્ય શૈલી જાહેર કરવામાં આવી. લેખકોને "માનવ આત્માના એન્જિનિયરો" કહેવામાં આવ્યા. જે લેખકોએ રાજ્યની વિચારધારાનો વિરોધ કર્યો, તેમણે જેલવાસ કે દેશનિકાલ ભોગવવો પડ્યો. અન્ના અખ્માતોવા, મિખાઈલ બલ્ગાકોવ અને બોરિસ પેસ્ટર્નક જેવા સર્જકોએ આ કપરા કાળમાં પણ પોતાની કલાને જીવંત રાખી. એલેક્ઝાન્ડર સોલ્ઝેનિત્સિનની 'વન ડે ઈન ધ લાઈફ ઓફ ઈવાન દેનિસોવિચ' અને 'ધ ગુલાગ આર્કિપેલાગો' એ સોવિયેત જેલ પ્રણાલીની ક્રૂરતાને વિશ્વ સમક્ષ ખુલ્લી પાડી છે.

રશિયન સાહિત્યનો પ્રભાવ રશિયાની ભૌગોલિક સીમાઓ ઓળંગીને સમગ્ર વિશ્વમાં ફેલાયો છે. તેની મનોવૈજ્ઞાનિક ગહનતા અને સામાજિક નિસબતે વિશ્વના અનેક મહાન લેખકો અને ચિંતકોને નવી દ્રષ્ટિ આપી છે.

૧૯મી સદીના અંતમાં જ્યારે યુરોપિયન વાચકોએ દોસ્તોયેવ્સ્કી અને ટોલ્સટોયનો પરિચય મેળવ્યો, ત્યારે તેમને એક એવી દુનિયા જોવા મળી જે માત્ર ભૌતિકવાદ પૂરતી મર્યાદિત નહોતી. વર્જિનિયા વુલ્ફે દોસ્તોયેવ્સ્કીને "જન્મેલા સૌથી મહાન લેખક" તરીકે નવાજ્યા હતા. અર્નેસ્ટ હેમિંગ્વેએ ઈવાન તુર્ગેનેવની શૈલીમાંથી સંક્ષિપ્તતા અને ચોકસાઈ શીખી હતી. રશિયન નવલકથા યુરોપિયન વિદ્યાર્થીઓ માટે નૈતિકતા, દોષ અને જવાબદારી જેવા પ્રશ્નો પર વિચાર કરવાનું માધ્યમ બની ગઈ છે.

પ્રભાવિત લેખક	રશિયન સ્ત્રોત / પ્રભાવ	સાહિત્યિક ક્ષેત્ર
ફ્રાન્ઝ કાફ્કા	નિકોલાઈગોગોલ(અસંગતતા અને અમલદારશાહી)	આધુનિક નવલકથા
વર્જિનિયા વુલ્ફ	દોસ્તોયેવ્સ્કી (ચેતનાનો પ્રવાહ)	સ્ત્રીવાદી અને આધુનિક સાહિત્ય
આલ્બેર કામુ	દોસ્તોયેવ્સ્કી (અસ્તિત્વવાદ અને નિહિલિઝમ)	ફિલસૂફી અને સાહિત્ય
હારુકી મુરાકામી	દોસ્તોયેવ્સ્કી (મનોવૈજ્ઞાનિક ગહનતા)	સમકાલીન જાપાની સાહિત્ય
હેનરી લોંગફેલો	રશિયન ભાષા અને કવિતાનો અમેરિકામાં પ્રસાર	અમેરિકન કવિતા

રશિયન સાહિત્ય એશિયામાં એક 'દબાયેલા લોકોના સાહિત્ય' તરીકે ઓળખાયું. જાપાનમાં મેઈજી ક્રાંતિ પછી ફુતાબાતેઈ શિમેઈ જેવા લેખકોએ રશિયન લેખકોના પ્રભાવ હેઠળ જાપાનની પ્રથમ આધુનિક નવલકથા 'ઉકીગુમો' લખી, જેમાં તેમણે રશિયન શૈલીના આંતરિક મનોમંથન (interior monologue) નો ઉપયોગ કર્યો. ચીનમાં ૧૯૧૯ની ચોથી મેની ચળવળ દરમિયાન લુ શુન જેવા ક્રાંતિકારી લેખકો ગોગોલની વાર્તાઓથી અત્યંત પ્રભાવિત હતા, જેનો પુરાવો તેમની વાર્તા 'એ મેડમેન્સ ડાયરી' (A Madman's Diary) માં જોવા મળે છે. રશિયન સાહિત્યની 'નાના માણસ' પ્રત્યેની કરુણાએ ચીની અને જાપાની લેખકોને પોતાની પરંપરાગત સામંતશાહી વિચારધારામાંથી બહાર આવવામાં મદદ કરી છે.

ભારત અને રશિયા વચ્ચેના મજબૂત સાંસ્કૃતિક સંબંધોમાં સાહિત્યનો ફાળો સર્વોપરી રહ્યો છે. ભારતીય ક્રાંતિકારીઓ અને સમાજ સુધારકોએ રશિયન સાહિત્યમાં પોતાના સંઘર્ષોનું પ્રતિબિંબ જોયું હતું. રવીન્દ્રનાથ ટાગોર રશિયન લેખકો, ખાસ કરીને ઈવાન તુર્ગેનેવના પ્રશંસક હતા. ૧૯૩૦માં તેમણે સોવિયેત યુનિયનની મુલાકાત લીધી અને ત્યાંના જમીનદારી પ્રથાના અંત અને શિક્ષણના પ્રસારને જોઈને અત્યંત પ્રભાવિત થયા. તેમના 'રશિયાના પત્રો' (Letters from Russia) માં તેમણે રશિયાને પોતાની સ્વપ્નની ભૂમિ તરીકે વર્ણવી હતી. ટાગોરે પશ્ચિમી ભૌતિકવાદ સામે રશિયન આધ્યાત્મિકતા અને સામાજિક સમાનતાના આદર્શને બિરદાવ્યો હતો.

હિન્દી અને ઉર્દૂ સાહિત્યના સમ્રાટ મુન્શી પ્રેમચંદને 'ભારતના ગોર્કી' તરીકે ઓળખવામાં આવે છે. તેમણે ટોલ્સટોયની ટૂંકી વાર્તાઓનો અનુવાદ કર્યો હતો કારણ કે તેમની શૈલી સાદી અને નૈતિકતાથી ભરેલી હતી. પ્રેમચંદના સાહિત્યમાં રશિયન વાસ્તવવાદનો ગાઢ પ્રભાવ જોવા મળે છે, જે ગ્રામીણ ગરીબો અને ખેડૂતોના શોષણ સામે અવાજ ઉઠાવે છે. ૧૯૩૬માં ભારતીય પ્રગતિશીલ લેખક સંઘ (Progressive Writers' Association) ના પ્રમુખ તરીકે પ્રેમચંદનું ભાષણ રશિયન

સાહિત્યિક આદર્શોથી પ્રેરિત હતું, જેણે ભારતની આખી એક પેઢીને સામાજિક નિસબત ધરાવતું સાહિત્ય લખવા પ્રેરણા આપી હતી.

ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં રશિયન લેખકોનો પ્રભાવ બે રીતે જોવા મળે છે: એક વૈચારિક પ્રભાવ તરીકે અને બીજો પ્રત્યક્ષ અનુવાદો દ્વારા. ગાંધી યુગ અને આધુનિક યુગ બંનેમાં રશિયન સાહિત્ય એક મહત્વનું બળ રહ્યું છે.

ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશી (૧૯૧૧-૧૯૮૮) રશિયન સાહિત્ય અને ચિંતનથી ઊંડે સુધી પ્રભાવિત હતા. ૧૯૩૧માં યેરવડા જેલ દરમિયાન તેમણે માર્ક્સવાદ અને સોશિયલિઝમનો અભ્યાસ કર્યો હતો, તેમજ જવાહરલાલ નહેરુ અને ટાગોરના રશિયા પ્રવાસના અહેવાલો વાંચ્યા હતા. ઉમાશંકર જોશીએ પોતાની કવિતા 'વિશ્વશાંતિ' માં જે વૈશ્વિક શાંતિનો આદર્શ રજૂ કર્યો, તેમાં ગાંધીજીના વિચારોની સાથે ટોલ્સટોયની માનવતાવાદી દ્રષ્ટિનો પણ ફાળો હતો. ૧૯૭૩માં તેમને રશિયન પ્રભાવ હેઠળના 'સોવિયેત લેન્ડ નહેરુ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા હતા, જે તેમના રશિયન સાહિત્ય સાથેના ગાઢ સંબંધની સાક્ષી પૂરે છે.

ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાવાદના પ્રણેતા સુરેશ જોશી (૧૯૨૧-૧૯૮૬) એ ગુજરાતી સાહિત્યને પરંપરાગત વલણોમાંથી બહાર લાવીને તેને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં મૂકવા માટે રશિયન લેખકોનો સહારો લીધો હતો. તેમણે દોસ્તોયેવ્સ્કી, સાર્ત્ર અને કામુ જેવા લેખકોના વિચારોનો ગુજરાતી વિવેચનમાં સમાવેશ કર્યો. સુરેશ જોશીએ 'ઘટનાવિલોપ' નો સિદ્ધાંત આપ્યો, જે પશ્ચિમી અને રશિયન સાહિત્યના પ્રયોગોથી પ્રેરિત હતો. તેમણે રશિયન સાહિત્યની મનોવૈજ્ઞાનિક ગહનતાને ગુજરાતી ટૂંકી વાર્તા અને નવલકથામાં ઉતારવા માટે અનેક લેખો લખ્યા છે.

સોવિયેત યુનિયનના સમયગાળા દરમિયાન ભારતની ૧૩ પ્રાદેશિક ભાષાઓમાં વાર્ષિક આશરે ૨૫ મિલિયન સોવિયેત પુસ્તકો વેચાતા હતા. ગુજરાતી વાચકો માટે 'રાદુગા' (Raduga) પ્રકાશન દ્વારા રશિયન ક્લાસિક્સ અને લોકવાર્તાઓ અત્યંત સસ્તા દરે ઉપલબ્ધ હતી. શ્રુતિ શાહ (લગ્ન પહેલાં શ્રુતિ મહેતા) એ ૧૯૮૬ થી ૧૯૯૩ દરમિયાન મોસ્કોમાં રાદુગા પબ્લિશિંગ હાઉસમાં રહીને ૩૦ થી વધુ પુસ્તકોનો સીધો રશિયનમાંથી ગુજરાતીમાં અનુવાદ કર્યો. તેમણે તેમના બ્લોગ 'સંકાલ' (Sankaal) પર આમાંના અનેક પુસ્તકો ડિજિટલ સ્વરૂપે મૂક્યા છે.

ગુજરાતી અનુવાદિત પુસ્તકનું નામ	રશિયન મૂળ લેખક	વિષયવસ્તુ
સરકારી ઓફિસર (Sarkari Officer)	નિકોલાઈ ગોગોલ	ભ્રષ્ટાચાર અને અમલદારશાહી પર વ્યંગ્ય નાટક
એનતોવ ચેખોવની વાર્તાઓ	એન્ટોન ચેખોવ	માનવ સંબંધોની સંવેદનશીલ ટૂંકી વાર્તાઓ
જીવનભરનાં સંભારણા (Zhivi i Pomni)	વેલેન્ટિન રાસ્પુટિન	સાઇબેરિયન જીવન અને નૈતિક દ્વંદ્વ
શ્યામ કર્ણી સફેદ બીમ (White Bim Black Ear)	ગેવરીલ ત્રોપોલ્સ્કી	એક કુતરાની વફાદારીની હૃદયસ્પર્શી વાર્તા
પાઈક આજ્ઞા આપે છે (By the Pike's Wish)	રશિયન લોકવાર્તા	પ્રખ્યાત રશિયન પરીકથા
સોનેરી પ્યાલો (The Golden Cup)	રશિયન લોકવાર્તા	જાદુઈ અને બોધપ્રદ લોકવાર્તા

રશિયન સાહિત્યની લોકપ્રિયતાનું મુખ્ય કારણ તેની સાર્વત્રિક થીમ્સ છે, જે દરેક દેશ અને કાળના વાચકોને પોતાની લાગે છે નાનો માણસ (The Little Man) આ ખ્યાલ રશિયન વાસ્તવવાદનો પાયો છે. ગોગોલનો અકાકી અકાકિયેવિચ કે પુશકિનનો સેમસન વિરિન એવા પાત્રો છે જે સમાજની નજરમાં નગણ્ય છે, પણ સાહિત્યમાં તેમનું ગૌરવ સ્થાપવામાં આવ્યું છે. વધારાનો માણસ (The Superfluous Man)૧૯મી સદીના રશિયન ઉચ્ચ વર્ગના એવા યુવાનો જે બુદ્ધિશાળી અને શિક્ષિત હોવા છતાં સમાજમાં કોઈ સાર્થક કામ કરી શકતા નથી. પુશકિનનો ઓનેગિન અને લર્મોન્ટોવનો પેચોરિન આના શ્રેષ્ઠ ઉદાહરણો છે. અત્યાચાર અને સહનશક્તિ રશિયન સાહિત્યમાં વેદના (suffering) ને એક પવિત્ર અનુભવ તરીકે જોવામાં આવ્યો છે. દોસ્તોયેવ્સ્કીના મતે વેદના દ્વારા જ આત્માની શુદ્ધિ અને સત્યની પ્રાપ્તિ શક્ય છે. બ્યુરોક્રસી અને ભ્રષ્ટાચાર રશિયન સાહિત્યમાં અમલદારશાહી પરનો આકરો વ્યંગ્ય એક કાયમી વિષય રહ્યો છે, જે ગોગોલથી લઈને સોલ્ઝેનિત્સિન સુધી જોવા મળે છે. રશિયન સાહિત્ય પર ગહન સંશોધન કરવા ઈચ્છતા વિદ્વાનો માટે વિશ્વભરની લાઈબ્રેરીઓ અને જર્નલોમાં વિપુલ સામગ્રી ઉપલબ્ધ છે. હાર્વર્ડ યુનિવર્સિટીની હ્યુટન લાઈબ્રેરી (Houghton Library) રશિયા બહાર રશિયન સાહિત્યના દુર્લભ હસ્તપ્રતો અને પ્રથમ આવૃત્તિઓનો સૌથી મોટો સંગ્રહ ધરાવે છે.

જર્નલનું નામ	પ્રકાશન સંસ્થા / દેશ	ફોકસ એરિયા
Russian Literature	Elsevier / નેધરલેન્ડ	રશિયન સાહિત્ય પરના સંશોધન લેખો
Slavic Review	Cambridge University Press	સ્લેવિક ભાષાઓ અને સંસ્કૃતિ
The Dostoevsky Journal	Brill / આંતરરાષ્ટ્રીય	દોસ્તોયેવ્સ્કીના સાહિત્યનું વિશ્લેષણ
Pushkin Review	Association for Slavic Studies	પુશકિનના જીવન અને કાર્ય પર સંશોધન
Russkaia Literatura	Pushkinskii Dom / રશિયા	રશિયન એકેડેમી ઓફ સાયન્સ દ્વારા પ્રકાશિત અધિકૃત જર્નલ
Tolstoy Studies Journal	Tolstoy Society of North America	ટોલ્સટોયના ચિંતન અને સાહિત્ય પર સંશોધન

રશિયન સાહિત્ય એ માત્ર એક રાષ્ટ્રની મર્યાદામાં બંધાયેલું નથી, પણ તે વૈશ્વિક માનવતાનો અવાજ છે. તેની સૌથી મોટી વિશેષતા એ છે કે તે ક્યારેય પણ માનવીય વેદના અને નૈતિક પ્રશ્નોથી મોં ફેરવતું નથી. આજના ૨૧મી સદીના સંઘર્ષમય સમયમાં, જ્યારે દુનિયા વૈચારિક અસ્પષ્ટતા અને નૈતિક પતનનો સામનો કરી રહી છે, ત્યારે ટોલ્સટોયનો અહિંસાનો માર્ગ અને દોસ્તોયેવ્સ્કીનું આંતરિક મનોમંથન વધુ પ્રસ્તુત લાગે છે.ભારત અને ખાસ કરીને ગુજરાત માટે રશિયન સાહિત્ય હંમેશા એક પ્રેરણારૂપ દીવાદાંડી રહ્યું છે. ગુજરાતી સાહિત્યના આધુનિકીકરણમાં રશિયન લેખકોએ જે ભૂમિકા ભજવી છે, તે સાબિત કરે છે કે સાહિત્ય માટે કોઈ ભૌગોલિક સીમાઓ હોતી નથી. ભવિષ્યમાં પણ રશિયન કૃતિઓના સીધા અનુવાદો અને

તેના પરના સંશોધનો ભારતીય વાચકો અને લેખકોને માનવ સ્વભાવના ઊંડા સત્યો સમજવા માટે મદદરૂપ થતા રહેશે. રશિયન સાહિત્યનું 'પ્રોફેટિક મિશન' (Prophetic Mission) એ જ છે કે તે આપણને સતત યાદ અપાવતું રહે કે ભૌતિક સંપત્તિ અને સત્તા કરતાં માનવીય આત્માની સ્વતંત્રતા અને નૈતિકતા વધુ મૂલ્યવાન છે.

संदर्भसूचि:-

A History of Russian Literature - D.S. Mirsky

Reference Guide to Russian Literature - Neil Cornwell

Dictionary of Russian Literature - William E. Harkins

Nightingale Fever: Russian Poets in Revolution - Ronald Hingley

સુરેશ જોશીનું સાહિત્ય વિશ્વ ભાગ:૧&૨ – શિરીષ પંચાલ

વાર્તાનો વૈભવ અને ખંડકાવ્યની સંવેદના

પ્રા.સંદિપ.કે. દરજી
શ્રી જે.એમ.પટેલ આર્ટ્સ કૉલેજ,આણંદ

પ્રસ્તાવના:

ગુજરાતી સાહિત્યના વિશાળ આકાશમાં ગદ્યઅનેપદ્ય એ બે એવા છેડા છે જે માનવસંવેદનાને પોતપોતાની રીતે અભિવ્યક્ત કરે છે. પરંતુ જ્યારે આ બંનેનો સમન્વય થાય છે, ત્યારે 'ખંડકાવ્ય' જેવું ભવ્ય સાહિત્યસ્વરૂપ પ્રગટે છે. ખંડકાવ્ય એટલે માત્ર કવિતા નહીં, પણ એક એવી કલાત્મક રચના જેના મૂળમાં કોઈ સબળ વાર્તા કે કથા રહેલી હોય છે. વાર્તાએ ખંડકાવ્યનો પાયો છે, જે તેને વસ્તુનિષ્ઠા પૂરી પાડે છે, જ્યારે કવિની કલ્પના અને છંદોબદ્ધલય તેમાં પ્રાણ ફૂંકે છે.

સામાન્ય રીતે વાર્તામાં ઘટનાનો પ્રવાહ મુખ્ય હોય છે, જ્યાં વાચક' પછી શું થશે?' તેની ઉત્સુકતામાં રહે છે. પરંતુ જ્યારે કોઈ પ્રતિભાશાળી કવિ એજ વાર્તાના કોઈ એક વિશિષ્ટ 'ખંડ' અથવા પ્રસંગને પસંદ કરીને તેને કાવ્યદેહ આપે છે, ત્યારે તેનું સ્વરૂપ બદલાઈ જાય છે. અહીં'વાર્તાનો વૈભવ' એ માત્ર પ્રસંગો પૂરતો મર્યાદિત ન રહેતા, પાત્રોના મનોમંથન અને હૃદયની ઊંડી સંવેદનામાં પરિવર્તિત થાય છે. સંસ્કૃત સાહિત્યના વારસામાંથી ઉતરી આવેલા આ સ્વરૂપને ગુજરાતી સાહિત્યકારોએ પૌરાણિક, ઐતિહાસિક અને લોકકથાઓના માધ્યમથી અત્યંત સમૃદ્ધ બનાવ્યું છે. આમ, વાર્તાના હાડપિંજર પર જ્યારે છંદોના આભૂષણો અને સંવેદનાના રંગો ચડે છે, ત્યારે તે ભાવકના હૃદયમાં એક સ્થાયી અને ગહન છાપ છોડી જાય છે.

વાર્તામાંથી ખંડકાવ્ય બનવાની પ્રક્રિયા

વાર્તામાંથી ખંડકાવ્ય બનવાની પ્રક્રિયાએ માત્ર ગદ્યનું પદ્યમાં ભાષાંતર નથી, પરંતુ એક સર્જનાત્મક પુનઃનિર્માણ છે. આ પ્રક્રિયાના મુખ્ય તબક્કાઓ નીચે મુજબ છે:

નિર્ણાયક ક્ષણની પસંદગી:

વાર્તામાં આખું જીવન કે લાંબો સમયગાળો હોઈ શકે છે, પણ ખંડકાવ્ય આખી વાર્તા નથી કહેતું. કવિ વાર્તામાંથી એવી એક તીવ્ર ક્ષણ પસંદ કરે છે જ્યાં પાત્રના જીવનનો સૌથી મોટો વળાંક આવતો હોય.

ઉદાહરણ: મહાભારતની લાંબી વાર્તામાંથી કાન્તે માત્ર એ ક્ષણ લીધી જ્યારે પાંડુરાજા માદ્રીને જોઈને સંયમ ગુમાવે છે ('વસંતવિજય').

આંતરિક સંઘર્ષ પર ભાર:

વાર્તામાં શું બન્યું (ઘટના) તે મહત્વનું છે, જ્યારે ખંડકાવ્યમાં પાત્રના મનમાં શું ચાલે છે (સંવેદના) તે મુખ્ય છે. કવિ પાત્રના હૃદયમાં ઉઠતા વિચારો, દ્વિધા, ભય અને પ્રેમનું નિરૂપણ કરે છે. ગદ્યમાં જે વાત વિગતે લખવી પડે, તે ખંડકાવ્યમાં પાત્રના મનોમંથન દ્વારા રજૂ થાય છે.

છંદોનુંઆયોજન :

આ પ્રક્રિયાનો સૌથી મહત્વનો તબક્કો છે. કવિ વાર્તાના જુદા જુદા ભાવો માટે જુદા જુદા છંદો નક્કી કરે છે.
જો વાર્તામાં પ્રકૃતિનું વર્ણન હોય તો લયબદ્ધ છંદ.

જો પાત્ર દુઃખી હોય તો ધીમો અને ગંભીર છંદ.
જો વાર્તામાં અચાનક કોઈ ઘટના બને તો ઝડપી છંદ.
આ રીતે છંદોના માધ્યમથી વાર્તામાં નાટ્યાત્મકતા ઉમેરાય છે.

પ્રકૃતિનું પાત્રીકરણ

વાર્તામાં સ્થળ અને વાતાવરણ માત્ર પૃષ્ઠભૂમિ હોય છે, પણ ખંડકાવ્ય બનતી વખતે પ્રકૃતિ સજીવ બને છે. તે પાત્રના સુખમાં હસે છે અને દુઃખમાં રડે છે. પ્રકૃતિના વર્ણનો દ્વારા વાર્તાનો 'મૂડ' સેટ કરવામાં આવે છે.

કલ્પના અને મૌલિકતા :

કવિ મૂળ વાર્તામાં ફેરફાર કર્યા વગર પોતાની કલ્પનાથી નવા અર્થો ઉમેરે છે. વાર્તા જે બોધ આપે છે, ખંડકાવ્ય તેનાથી આગળ વધીને એક સાર્વત્રિક સત્ય કે માનવ સ્વભાવની લાચારી પ્રગટ કરે છે.

પૌરાણિક કથાઓનો કાવ્યાત્મક વ્યાપ:

પૌરાણિક કથાઓ જ્યારે ખંડકાવ્યનું રૂપ લે છે, ત્યારે તે માત્ર ધાર્મિક વાર્તાઓ મટીને માનવ સંવેદનાનું વિશાળ ફલક બની જાય છે. તેનો 'કાવ્યાત્મક વ્યાપ' નીચેના મુદ્દાઓ દ્વારા સમજી શકાય છે.

પાત્રોનું માનવીય કરણ:

પૌરાણિક કથાઓમાં પાત્રો ઘણી વાર દેવી-દેવતા કે અસાધારણ શક્તિ ધરાવતા હોય છે, પરંતુ ખંડકાવ્યમાં કવિ તેમને આપણા જેવા સામાન્ય માનવીના હૃદય અને ભાવો આપે છે.

દા.ત. 'અશ્વત્થામા' ખંડકાવ્યમાં તે માત્ર એક શાપિત અમરપાત્ર નથી, પણ અનંતકાળ સુધી એકલતા અને વેદના ભોગવતા આધુનિક માનવીનું પ્રતીક બની જાય છે.

શાશ્વત સંઘર્ષનું નિરૂપણ:

પુરાણોની વાર્તાઓ દ્વારા કવિઓ જીવનના મૂળભૂત દ્વંદ્વ રજૂ કરે છે.
કામ અને સંયમ : 'વસંતવિજય'માં પાંડુરાજાના માધ્યમથી મનુષ્યની નબળાઈ અને પ્રકૃતિના આકર્ષણ વચ્ચેનો શાશ્વત જંગ દેખાય છે.
જ્ઞાન અને લાચારી: 'અતિજ્ઞાન'માં સહદેવ પાસે જ્ઞાન છે, પણ તે વિધિના વિધાનને બદલી શકતો નથી. આ વ્યાપ વાર્તાને ગહન ચિંતન તરફ લઈ જાય છે.

પ્રતીકાત્મકતા

પૌરાણિક ઘટનાઓનો વ્યાપ વધારવા માટે કવિઓ તેને પ્રતીકો તરીકે વાપરે છે.
જટાયુ: રાવણ સામે લડતું માત્ર એક પક્ષી નથી, પણ તે 'અન્યાય સામે અવાજ ઉઠાવનાર નિર્ભય યોદ્ધા'નું પ્રતીક છે.
ચક્રવાક મિથુન: તે પક્ષીઓની વાર્તા નથી, પણ આ સંસારમાં જ્યાં પ્રકાશ (સુખ) છે ત્યાં અંધકાર (દુઃખ) અનિવાર્ય છે તેવા જીવનના દર્શનનો વ્યાપ છે.

નૂતન અર્થઘટન:

કવિઓ જૂની કથાઓમાં નવા અર્થો પૂરે છે. જે પ્રસંગ વાર્તામાં ગૌણ હોય, તેને ખંડકાવ્યમાં કેન્દ્રમાં લાવીને તેનો વ્યાપ વધારવામાં આવે છે.

બાહુક: નળ-દમયંતીની કથામાં નળનું કુરૂપ બનવું એ માત્ર શરીરનું બદલાવું નથી, પણ વ્યક્તિના આત્મવિશ્વાસનું તૂટવું છે. કવિ અહીં માનસ શાસ્ત્રીય વ્યાપ ખેડે છે.

છંદો દ્વારા ભવ્યતા:

પૌરાણિક કથાઓ પોતે જ ભવ્ય હોય છે. તેને અનુરૂપ સંસ્કૃતના ગંભીર છંદો (મંદાક્રાન્તા, શિખરિણી, શાર્દૂલવિક્રીડિત) વાપરીને કવિ વાર્તાના ફલકને ભવ્ય અને ગરિમામય બનાવે છે.

છંદ અને પ્રકૃતિ: સંવેદનાના વાહક

ખંડકાવ્યમાં છંદ અને પ્રકૃતિ એ માત્ર શણગાર નથી, પરંતુ વાર્તાના હૃદયમાં રહેલી સંવેદનાને વાચક સુધી પહોંચાડનારા સબળ 'વાહક' છે. આ બંને તત્ત્વો કેવી રીતે કાર્ય કરે છે તેની વિગત વાર સમજૂતી નીચે મુજબ છે.

છંદ: સંવેદનાનો લય:ખંડકાવ્યમાં છંદોનું કામ વાર્તાના બદલાતા ભાવોને નાટ્યાત્મક વળાંક આપવાનું છે.ગદ્ય વાર્તામાં જે ગંભીરતા શબ્દોથી આવે છે, ખંડકાવ્યમાં તે છંદના લયથી ઉભી થાયછે.

ભાવ અને છંદનું જોડાણ:ગંભીર ચિંતન કે વિરહ: જ્યારે પાત્ર કોઈ ઊંડા વિચારમાં કે દુ:ખમાં હોય ત્યારે મંદાક્રાન્તા છંદ વપરાય છે (જેમ કે'ચક્રવાક મિથુન'માં વિરહની ક્ષણોમાં). તેની ગતિ ધીમી અને ગંભીર હોય છે.

ગતિ અને ઘટના: જ્યારે વાર્તામાં કોઈ ઝડપી વળાંક આવે કે યુદ્ધ જેવો પ્રસંગ હોય ત્યારે અનુષ્ટુપ છંદનો પ્રયોગ થાય છે. તે ટૂંકો અને વેગીલો હોવાથી વાર્તાની ગતિ વધારે છે.

ભવ્યતા અને ઉન્માદ: જ્યારે કોઈ ભવ્ય દૃશ્ય કે આવેગ હોય ત્યારે શાર્દૂલવિક્રીડિત કે શિખરિણી જેવા છંદો વાર્તાના ફલકને મોટું બનાવે છે.

છંદ પલટો: વાર્તામાં જ્યારે પરિસ્થિતિ બદલાય ત્યારે કવિ છંદ બદલી નાખે છે. આ 'છંદ પલટો' વાચકને માનસિક રીતે નવા ભાવ માટે તૈયાર કરે છે.

પ્રકૃતિ: સંવેદનાનુંપ્રતિબિંબ :

ખંડકાવ્યમાં પ્રકૃતિ માત્ર જડ વસ્તુ નથી, પણ તે પાત્રના સુખ-દુ:ખમાં સહભાગી બનતું એક 'સજીવપાત્ર' છે.

પ્રકૃતિનું સજીવી કરણ:

'વસંતવિજય' માં વસંતઋતુ માત્ર વાતાવરણ નથી, પણ તે રાજા પાંડુના મનમાં કામના જગાડનાર એક 'ઉદ્દીપક' છે. અહીં પ્રકૃતિ રાજાની ભીતરના સંઘર્ષને બહાર લાવે છે.

'ચક્રવાકમિથુન' માં સૂર્યાસ્ત એ માત્ર દિવસનો અંત નથી, પણ પ્રેમીઓના મિલનના અંતનીકરુણતા છે. આખું આકાશ અને પર્વતો પણ જાણે વિરહમાં ડૂબેલા લાગે છે.

ભાવનુંઉદ્દીપન: પ્રકૃતિ ઘણીવાર પાત્રના ભાવને તીવ્ર બનાવે છે. જો પાત્ર દુ:ખી હોય તો પ્રકૃતિ ભયાનક કે કરુણ દેખાય છે, અને જો પાત્ર ખુશ હોય તો તે મનોહર લાગે છે.

પ્રતીકાત્મક પ્રકૃતિ: 'ગ્રામમાતા' માં શેરડીનો રસ સુકાઈ જવો એ પ્રકૃતિનો બદલાવ નથી, પણ રાજાના મનમાં જન્મેલા લોભનું સીધું પ્રતિબિંબ છે. અહીં પ્રકૃતિ નૈતિકતાનો અરીસો બને છે.

છંદ અને પ્રકૃતિનો સમન્વય

જ્યારે પ્રકૃતિના વર્ણનમાં લયબદ્ધ છંદો ભળે છે, ત્યારે વાર્તા એકા એક જીવંત થઈ ઉઠે છે. દાખલા તરીકે, વસંતના ખીલવાના વર્ણન વખતે જો લય ઉછળતો હોય, તો વાચક પોતે પણ તે આનંદનો અનુભવ કરે છે. આ રીતે, છંદ કાન દ્વારા અને પ્રકૃતિ કલ્પના દ્વારા વાર્તાની સંવેદનાને વાચકના હૃદય સુધી વહેવડાવે છે.

કરુણ સંવેદના

ખંડકાવ્યમાં કરુણ સંવેદનાએ આ સાહિત્ય પ્રકારનો પ્રાણ છે. વાર્તા જ્યારે ખંડકાવ્ય બને છે, ત્યારે તેમાં રહેલી વેદના કે ટૂંકા પ્રસંગની કરુણતા એટલી સઘન બની જાય છે કે તે વાચકના હૃદયને હચમચાવી દે છે. ખંડકાવ્યમાં કરુણસંવેદનાના મુખ્યપાસાઓ નીચે મુજબ છે.

નિયતિ અને માનવીની લાચારી

ખંડકાવ્યની કરુણતા ઘણી વાર 'નિયતિ' (નસીબ) માંથી જન્મે છે. પાત્ર બધું જ જાણતું હોય અથવા સજ્જન હોય, છતાં તે વિધિના લેખ સામે હારી જાય છે.

દા.ત. 'અતિજ્ઞાન': સહદેવ પાસે જ્ઞાન છે કે પાંડવોનો નાશ થશે અને કુરુક્ષેત્રમાં લોહીની નદીઓ વહેશે, છતાં તે આ સત્ય કોઈને કહી શકતો નથી. આ 'જ્ઞાન' જ તેની સૌથી મોટી કરુણતા અને વેદના બની જાય છે.

આંતરિક દ્વંદ્વ અને પશ્ચાતાપ

ઘણી વાર કરુણતા પાત્રના પોતાના નિર્ણયો કે ભૂલમાંથી જન્મે છે, જે પાછળથી પશ્ચાતાપમાં પરિણમે છે.

દા.ત. 'વસંતવિજય': પાંડુરાજા શાપિત છે, છતાં વસંતના પ્રભાવમાં સંયમ ગુમાવે છે. જે ક્ષણે તેઓ માદ્રીનો સ્પર્શ કરે છે, તે ક્ષણથી જ તેમનું મૃત્યુ નિશ્ચિત બને છે. સુખની એ ક્ષણ કેવી ભયાનક કરુણતામાં બદલાઈ જાય છે, તેનું વર્ણન કાન્તે અત્યંત વેધક રીતે કર્યું છે.

અપરિહાર્યવિયોગ

પ્રેમ અને મિલન પછીનો વિરહ કરુણ સંવેદનાને ચરમ સીમાએ પહોંચાડે છે.

દા.ત. 'ચક્રવાકમિથુન': સૂર્યપ્રકાશમાં સાથે રહેતા ચક્રવાક-ચક્રવાકી માટે રાત્રિનો વિરહ અનિવાર્ય છે. તેઓ એક બીજાને છોડવા નથી માંગતા, છતાં પ્રકૃતિનો નિયમ તેમને જુદા પાડે છે. અંતે, પ્રકાશની શોધમાં તેઓ ખીણમાં ઝંપલાવે છે આ કરુણ અંત વાચકની આંખ ભીની કરી દે છે.

નૈતિક પતન અને સામાજિક કરુણતા:

કલાપીના ખંડકાવ્યોમાં કરુણતા માનવીના હૃદયની સંકુચિતતામાંથી જન્મે છે.દા.ત. 'ગ્રામમાતા' એક દયાળુ ખેડૂત સ્ત્રી રાજાને પ્રેમથી શેરડીનો રસ આપે છે, પણ રાજાના મનમાં લોભ જાગતા જ શેરડીનો રસ સુકાઈ જાય છે. રાજાના પસ્તાવાની અને પેલા ગરીબ કુટુંબની જે લાચારી આલેખાઈ છે, તે કરુણ સંવેદનાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

કરુણ રસને અનુરૂપ છંદોનું આયોજન

કરુણ સંવેદનાને વધુ ઘેરી બનાવવા કવિઓ 'શિખરિણી' કે 'મંદાક્રાન્તા' જેવા ધીમી ગતિના અને ગંભીર છંદો વાપરે છે. આ છંદોનો લય જ એવો હોય છે કે વાર્તા વાંચતા-વાંચતા વાચક શોકમગ્ન થઈ જાય છે.

આધુનિક દ્રષ્ટિકોણ:

આધુનિક યુગના કવિઓએ જૂની પૌરાણિક કે ઐતિહાસિક વાર્તાઓને માત્ર ધાર્મિક દ્રષ્ટિકોણથી જોવાને બદલે તેને વર્તમાન માનવી નામનો વિજ્ઞાન અને અસ્તિત્વના પ્રશ્નો સાથે જોડી છે. ખંડકાવ્યમાં આધુનિક દ્રષ્ટિકોણ નીચેના મુદ્દાઓ દ્વારા સ્પષ્ટ થાય છે.

પાત્રોનું નવું અર્થઘટન:

આધુનિક ખંડકાવ્યોમાં પાત્રો હવે માત્ર આદર્શ કે દેવી-શક્તિ ધરાવતા નથી, પણ તેઓ સંઘર્ષ કરતા અને ભૂલ કરતા સામાન્ય માણસ જેવા દેખાય છે.

'જટાયુ' (સિતાંશુ યશશ્ચંદ્ર): અહીં જટાયુ માત્ર એક પક્ષી નથી, પણ તે સત્તા (રાવણ) સામે અવાજ ઉઠાવતા એક સામાન્ય માણસની વીરતા અને તેની લાચારીનું પ્રતીક છે. આધુનિક દ્રષ્ટિએ આ કાવ્ય 'અન્યાય સામેના અવાજ' તરીકે ઓળખાય છે.

અસ્તિત્વવાદઅનેએકલતા

આધુનિક કવિઓ વાર્તાના પાત્ર દ્વારા આધુનિક માનવીની એકલતા અને તેના અસ્તિત્વના સંઘર્ષને રજૂ કરે છે.

'અશ્વત્થામાની સ્વગતોક્તિ' (નલિન રાવળ): અશ્વત્થામાનું અમરત્વ અહીં વરદાન નહીં પણ એક સજા છે. તે આજના યુગના એવા માણસનું પ્રતીક છે જે ભીડમાં પણ એકલો છે અને અનંતકાળ સુધી પોતાની પીડા ભોગવવા મજબૂર છે.

સ્ત્રી-પુરુષનામનોવૈજ્ઞાનિકદ્રંદ્વ:

પરંપરાગત વાર્તાઓને આધુનિક મનોવિજ્ઞાનના ચશ્માથી જોવામાં આવે છે.

'શિખંડી' (વિનોદજોશી) મહાભારતના પાત્ર શિખંડી દ્વારા કવિએ સ્ત્રીત્વ અને પુરુષત્વ વચ્ચેની પાતળી રેખા અને પાત્રની આંતરિક સંવેદનાને જે રીતે આલેખી છે, તે તદ્દન આધુનિક અને સંવેદનશીલ દ્રષ્ટિકોણ છે.

'બાહુક' (ચિનુ મોદી): નળરાજાનું કુરૂપ બનવું એ માત્ર દેખાવ બદલાવો નથી, પણ આધુનિક પરિભાષામાં તે વ્યક્તિના 'સ્વ'નું વિભાજન છે.

પરંપરાગત મૂલ્યો સામે પ્રશ્નાર્થ:

આધુનિક ખંડકાવ્યોમાં વાર્તાના જૂના મૂલ્યોને સીધે સીધા સ્વીકારવામાં આવતા નથી, પણ તેના પર પ્રશ્નો ઉઠાવવામાં આવે છે.

'કુરુક્ષેત્ર' જેવા કાવ્યોમાં યુદ્ધની ભયાનકતા ને તેની નિરર્થકતા પર ભાર મૂકીને શાંતિનો સંદેશ આપવામાં આવે છે, જે આજના પરમાણુયુગના સંદર્ભમાં અત્યંત પ્રસ્તુત છે.

કાવ્યશૈલી અને મુક્તછંદનો પ્રયોગ

આધુનિક દ્રષ્ટિકોણ આવતા ખંડકાવ્યના સ્વરૂપમાં પણ ફેરફાર થયો છે. હવે કવિઓ માત્ર સંસ્કૃતના કડક છંદોને વળગી રહેવાને બદલે વાર્તાના ભાવ મુજબ મુક્ત છંદ કે ગદ્ય કાવ્ય જેવી શૈલીનો પ્રયોગ પણ કરે છે, જેથી સંવેદના વધુ સહજતાથી વ્યક્ત થઈ શકે.

નિષ્કર્ષ:

સમગ્રપણે જોતા કહી શકાય કે, વાર્તા અને ખંડકાવ્ય વચ્ચેનો સંબંધ દેહ અને આત્મા જેવો છે. વાર્તા જે વૈભવ (કથાવસ્તુ, પાત્રો અને પ્રસંગો) પૂરો પાડે છે, ખંડકાવ્ય તેને છંદ અને લયના માધ્યમથી અત્યંત ગહન સંવેદનામાં પરિવર્તિત કરે છે.

સાહિત્યિક સંગમ: વાર્તાએ ખંડકાવ્યની મર્યાદા નથી, પણ તેની શક્તિ છે. વાર્તાના ચોક્કસ માળખાને કારણે ખંડકાવ્ય વધુ લક્ષ્યગામી અને સચોટ બને છે. જ્યારે વાર્તાનો વ્યાપ સીમિત હોય છે, ત્યારે ખંડકાવ્ય તેને વૈશ્વિક સત્ય કે દર્શન સુધી લઈ જાય છે.

માનવ હૃદયનો અરીસો: પૌરાણિક કે લોકકથાઓના માધ્યમથી નિરૂપાયેલા આ ખંડકાવ્યો સાબિત કરે છે કે સમય ભલે બદલાય, પણ માનવીની મૂળભૂત સંવેદનાઓ જેવી કે પ્રેમ, વિરહ, પશ્ચાતાપ,અને નિયતિ સામેની લાચારી શાશ્વત રહે છે. કાન્તની કળા હોય કે કલાપીની વેદના, આ તમામ રચનાઓ વાર્તાના માધ્યમથી માનવ હૃદયના ઊંડા સ્તરોને સ્પર્શે છે

કલાત્મક અમરત્વ: વાર્તા કદાચ કાળક્રમે ભુલાઈ જાય, પણ જ્યારે તે ખંડકાવ્યનું રૂપ ધારણ કરે છે ત્યારે તે અમર બની જાય છે. છંદોબદ્ધ પંક્તિઓ અને પ્રકૃતિના સજીવ વર્ણનો વાર્તાના સાદા પ્રસંગને એક 'કાલજયી કૃતિ'માં ફેરવી નાખે છે.

ભવિષ્યની પ્રસ્તુતતા: આધુનિક કવિઓએ જે રીતે જૂની વાર્તાઓને નવા સંદર્ભો આપ્યા છે, તે જોતા કહી શકાય કે ખંડકાવ્ય હજુ પણ જીવંત અને પ્રસ્તુત સાહિત્ય પ્રકાર છે. તે સાબિત કરે છે કે વાર્તાનો ગમે તેટલો વૈભવ હોય, પણ તેને વાચકના હૃદય સુધી પહોંચવા માટે ખંડકાવ્યની સંવેદનાની પાંખોની જરૂર પડે છે.

ટૂંકમાં ,વાર્તાએ એક સ્થિર ચિત્ર છે, જ્યારે ખંડકાવ્યએ તે ચિત્રમાં ભરેલા જીવંત રંગો અને ભાવ છે. ગુજરાતી સાહિત્યના સમૃદ્ધ વારસામાં વાર્તાધારિત ખંડકાવ્યો હંમેશા એક અમૂલ્ય રત્ન તરીકે શોભતા રહેશે.

સંદર્ભ સૂચિ :

પુસ્તકો:

ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ (અર્વાચીન કાળ): *સંપાદક – મનસુખલાલ ઝવેરી / ઉમાશંકર જોશી.*

કાવ્ય પ્રકાશ: *મમ્મટ (ખંડકાવ્યના સંસ્કૃત મૂળ અને લક્ષણો માટે).*

કાન્તનાં કાવ્યો (પૂર્વાલાપ): *મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત' (વસંતવિજય, ચક્રવાક મિથુન અને અતિજ્ઞાનના અભ્યાસ માટે).*

કલાપીનો કેકારવ: *સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી' (ગ્રામમાતા અને બિલ્વ મંગળના સંદર્ભ માટે) .*

અર્વાચીન કવિતા: *સુન્દરમ્ (ગુજરાતી ખંડકાવ્યના વિકાસ ક્રમ માટે).*

૨ વિવેચન ગ્રંથો:

આપણા ખંડકાવ્યો: *ડૉ. અનંતરાય રાવળ.*

સાહિત્યિક સંશોધન: *ડો. ધીરુભાઈ ઠાકર (ખંડકાવ્યના સ્વરૂપ અને વિકાસ પરના લેખો).*

કાવ્ય સ્પંદિત: *વિનોદ જોશી (આધુનિક ખંડકાવ્યના પરિપ્રેક્ષ્યમાં).*

૩. સામયિકો અને વેબ સ્ત્રોતો:

પરબ *અને* ***કુમાર*** *સામયિકના જૂના અંકો (વિશિષ્ટ ખંડકાવ્યો પરના વિવેચન માટે).*

ગુજરાતી વિશ્વકોશ *'ખંડકાવ્ય' અને'કાન્ત' વિષય પરના લેખો.*

વૈશ્વિક સંસ્કૃતિ: વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં

પ્રતીકકુમાર ભીખાભાઇ ભોઈ
રિસર્ચ ફેલો, અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

માનવ સભ્યતાના ઉદભવથી લઈને આધુનિક યુગ સુધી 'સંસ્કૃતિ' એક સતત પરિવર્તનશીલ અને ગતિશીલ પ્રક્રિયા રહી છે. વર્તમાન સમયમાં 'વૈશ્વિક સંસ્કૃતિ' (Global Culture) એ માત્ર એક શૈક્ષણિક વિભાવના નથી, પરંતુ એક જીવંત વાસ્તવિકતા છે જે પૃથ્વીના દરેક ભૌગોલિક અને સામાજિક ખૂણાને સ્પર્શી રહી છે. વૈશ્વિક સંસ્કૃતિ એ વહેંચાયેલા મૂલ્યો, સામાજિક ધોરણો અને વ્યવહારિક પદ્ધતિઓનો એક એવો સમૂહ છે જે ૨૦મી સદીના ઉત્તરાર્ધથી શરૂ થયેલા અત્યંત તીવ્ર વૈશ્વિકીકરણના પરિણામે ઉદભવ્યો છે. આ પ્રક્રિયાએ રાષ્ટ્રો અને વિવિધ સમુદાયો વચ્ચેની પરસ્પર નિર્ભરતામાં અભૂતપૂર્વ વધારો કર્યો છે. આર્થિક ઉદારીકરણ, રાજકીય જોડાણો, માહિતી ટેકનોલોજીની ક્રાંતિ અને માસ મીડિયાની વ્યાપક પહોંચે સાંસ્કૃતિક આદાન-પ્રદાનને એટલી હદે ઝડપી બનાવ્યું છે કે હવે કોઈ પણ સંસ્કૃતિ સંપૂર્ણપણે અલગ-અલગ રહી શકતી નથી.

સંસ્કૃતિ શબ્દનો અર્થ સમજવા માટે આપણે તેના મૂળ સુધી જવું પડે છે. સામાન્ય અર્થમાં સંસ્કૃતિ એટલે માનવીને જંગલી અવસ્થામાંથી સભ્ય અવસ્થા તરફ લઈ જનારી પ્રક્રિયાઓ અને સામાજિક પરિબળો. તે માનવ મન અને સમાજનું 'ખેડાણ' છે. સંસ્કૃતિ માટે અંગ્રેજીમાં વપરાતો 'Culture' શબ્દ જર્મન ભાષાના 'Kultur' પરથી ઉતરી આવ્યો છે, જેનો પ્રારંભિક પ્રયોગ કૃષિના અર્થમાં થતો હતો. ૧૯મી સદીના અંત ભાગમાં આ શબ્દનો વ્યાપક વિકાસ થયો અને તેને મનુષ્યના બૌદ્ધિક અને કલાત્મક વિકાસ સાથે જોડવામાં આવ્યો. ઐતિહાસિક રીતે, નૃવંશશાસ્ત્રી ઈ. બી. ટાયલરે ૧૮૭૧માં સંસ્કૃતિની પાયાની વ્યાખ્યા આપતા જણાવ્યું હતું કે સંસ્કૃતિ એ એક એવી જટિલ સમગ્રતા છે જેમાં જ્ઞાન, માન્યતા, કલા, નૈતિકતા, કાયદો, રિવાજ અને સમાજના સભ્ય તરીકે માનવીએ મેળવેલી તમામ ક્ષમતાઓ અને આદતોનો સમાવેશ થાય છે. મૅલિનોવ્સ્કીના મતે, સંસ્કૃતિ એ જીવન જીવવાની સંપૂર્ણ પ્રણાલી છે જે માનવની પ્રાણીશાસ્ત્રીય જરૂરિયાતોને સંતોષવા માટે વિકસી છે. સંસ્કૃતિ કોઈ બંધિયાર સરોવર નથી પરંતુ વહેતી નદી છે; તે સતત વિકસતી રહે છે અને સમય જતાં તેમાં નવા તત્વો જોડાય છે અને જૂના તત્વો પરિવર્તિત થાય છે. વૈશ્વિક સંસ્કૃતિના નિર્માણમાં કોઈ એક પરિબળ નહીં, પરંતુ અનેક જટિલ પ્રક્રિયાઓનો હાથ રહ્યો છે. રોલેન્ડ રોબર્ટસન જેવા સમાજશાસ્ત્રીઓ દલીલ કરે છે કે વૈશ્વિકીકરણ માત્ર એક ઉદ્દેશ્યલક્ષી તકનીકી પ્રક્રિયા નથી, પરંતુ તે સાંસ્કૃતિક ચેતનાના વિસ્તરણની પ્રક્રિયા પણ છે.

વૈશ્વિક સંસ્કૃતિના પ્રસારમાં ટેકનોલોજીએ 'સમય અને અવકાશના સંકોચન' (Time-Space Compression) ની સ્થિતિ પેદા કરી છે. ડેવિડ હાર્વે અને એન્થોની ગિડન્સ જેવા વિચારકો નોંધે છે કે ઝડપી સંચાર અને પરિવહન સાધનોએ ભૌગોલિક અંતરના મહત્વને ઘટાડી દીધું છે. ઈન્ટરનેટ અને સેટેલાઈટ સંચારને કારણે વિશ્વના એક ખૂણે બનતી ઘટના કે સાંસ્કૃતિક ફેરફારની અસર બીજા ખૂણે ત્વરિત થાય છે. આ પ્રક્રિયાએ વિશ્વને એક 'ગ્લોબલ વિલેજ' અથવા વૈશ્વિક ગ્રામમાં ફેરવી દીધું છે, જ્યાં લોકો ભૌતિક અંતર હોવા છતાં એકબીજા સાથે સતત જોડાયેલા રહે છે. માસ મીડિયા એ

વૈશ્વિક સંસ્કૃતિનો સૌથી મોટો વાહક છે. હોલીવુડની ફિલ્મો, પોપ સંગીત અને વૈશ્વિક ન્યૂઝ નેટવર્ક્સ (જેમ કે CNN, BBC) દ્વારા પશ્ચિમી મૂલ્યો અને જીવનશૈલીનો પ્રસાર સમગ્ર વિશ્વમાં થયો છે. જ્હોન સ્ટોરી દલીલ કરે છે કે મીડિયાએ સંસ્કૃતિઓને એકબીજા પર ત્વરિત પ્રભાવ પાડવાની તક આપી છે. આના પરિણામે વૈશ્વિક સ્તરે 'સાંસ્કૃતિક ઉપભોક્તાવાદ' (Cultural Consumerism) વધ્યો છે, જ્યાં લોકો બ્રાન્ડેડ કપડાં, ફાસ્ટ ફૂડ અને મનોરંજનના એ જ સાધનો વાપરે છે જે વિશ્વના અન્ય ભાગોમાં લોકપ્રિય છે. વૈશ્વિક બજારોના એકીકરણે એક એવી સંસ્કૃતિને જન્મ આપ્યો છે જ્યાં મૂલ્યોનું નિર્ધારણ ખરીદશક્તિ (Purchasing Power) દ્વારા થાય છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ તેમના ઉત્પાદનો વેચવા માટે એવા જાહેરાત અભિયાનો ચલાવે છે જે વૈશ્વિક સ્તરે એકસરખી આકાંક્ષાઓ જગાડે છે. આ પ્રક્રિયામાં સ્થાનિક બજારો અને ઉત્પાદન પદ્ધતિઓ પર વૈશ્વિક ધોરણોનું પ્રભુત્વ વધ્યું છે.

વૈશ્વિક સંસ્કૃતિની જટિલતાને સમજવા માટે વિવિધ સમાજશાસ્ત્રીઓએ પ્રાયોગિક અને સૈદ્ધાંતિક માળખાં રજૂ કર્યા છે. આ સિદ્ધાંતો સમજાવે છે કે કેવી રીતે વૈશ્વિક અને સ્થાનિક તત્વો વચ્ચે સંઘર્ષ અને સંમિશ્રણ થાય છે. રોલેન્ડ રોબર્ટસન વૈશ્વિકીકરણના અભ્યાસના પાયાના વિચારક છે. તેમણે 'ગ્લોકલાઈઝેશન' શબ્દને લોકપ્રિય બનાવ્યો, જે જાપાનીઝ વ્યવસાયિક શબ્દ 'દોચાકુકા' (Dochakuka) પરથી પ્રેરિત છે, જેનો અર્થ સ્થાનિક પરિસ્થિતિ મુજબ ખેતીની પદ્ધતિઓ અપનાવવી એવો થાય છે. રોબર્ટસન દલીલ કરે છે કે વૈશ્વિકીકરણ એ માત્ર એકરૂપતા (Homogenization) તરફની ગતિ નથી, પરંતુ તે 'વિશિષ્ટતાનું સાર્વત્રિકીકરણ' (Universalization of Particularism) અને 'સાર્વત્રિકતાનું વિશિષ્ટીકરણ' (Particularization of Universalism) છે. તેમના મતે, વૈશ્વિક પ્રવાહો જ્યારે સ્થાનિક સ્તરે પહોંચે છે, ત્યારે તેઓ સ્થાનિક સંસ્કૃતિને સંપૂર્ણપણે નષ્ટ કરતા નથી, પરંતુ તેની સાથે ભળીને એક નવું સ્વરૂપ ધારણ કરે છે. ઉદાહરણ તરીકે, મેકડોનાલ્ડ્સ જેવી વૈશ્વિક બ્રાન્ડ ભારતમાં શાકાહારી 'મેક આલૂ ટીક્કી' બર્ગર આપે છે અથવા ઇઝરાયેલમાં 'કોશેર' ભોજન પીરસે છે. આ પ્રક્રિયા દર્શાવે છે કે વૈશ્વિક માળખાઓને ટકી રહેવા માટે સ્થાનિક રુચિઓ અને પરંપરાઓનો આદર કરવો પડે છે.

અર્જુન અપ્પાદુરાઈએ તેમના પુસ્તક 'Modernity at Large' માં વૈશ્વિક સાંસ્કૃતિક પ્રવાહને સમજવા માટે પાંચ પરિમાણો આપ્યા છે. તેઓ માને છે કે વર્તમાન વૈશ્વિકીકરણ 'ડિજન્કચર' (Disjuncture) એટલે કે વિસંગતતાઓથી ભરેલું છે, જ્યાં અર્થતંત્ર, રાજનીતિ અને સંસ્કૃતિ એકસાથે અને એકસરખી ગતિએ ચાલતા નથી.

૧) **એથનોસ્કેપ** (Ethnoscape): પ્રવાસીઓ, શરણાર્થીઓ, કામદારો અને પ્રવાસીઓની ગતિશીલતા જે રાષ્ટ્રોની રાજનીતિ અને સામાજિક માળખાને અસર કરે છે.

૨) **ટેક્નોસ્કેપ** (Technoscape): ટેકનોલોજીનો વૈશ્વિક પ્રસાર. દાખલા તરીકે, અમેરિકામાં ભારતીય સોફ્ટવેર એન્જિનિયરોનો પ્રવાહ જે ટેકનોલોજી અને માનવ સંસાધનનું મિશ્રણ બનાવે છે.

૩) **ફાયનાન્સસ્કેપ** (Finanscape): શેરબજારો અને કરન્સીના માધ્યમથી નાણાંનો અત્યંત ઝડપી પ્રવાહ જે રાષ્ટ્રીય અર્થતંત્રોને અસ્થિર કરવાની ક્ષમતા ધરાવે છે.

૪) **મીડિયાસ્કેપ (Mediascape):** ડિજિટલ પ્લેટફોર્મ્સ અને ટેલિવિઝન દ્વારા ફેલાતી છબીઓ અને વાર્તાઓ જે લોકોના મનમાં 'કલ્પિત વિશ્વ' (Imagined Worlds) ઊભું કરે છે.

૫) **આઈડિયોસ્કેપ (Ideoscape):** લોકશાહી, માનવ અધિકારો અને કલ્યાણકારી રાજ્ય જેવા રાજકીય વિચારોનો પ્રવાહ. જોકે, આ વિચારોનો અર્થ અલગ-અલગ રાજકીય સંદર્ભમાં બદલાઈ શકે છે.

સમાજશાસ્ત્રી જ્યોર્જ રિત્ઝરે 'મેકડોનાલ્ડાઈઝેશન'નો ખ્યાલ રજૂ કર્યો, જે મેક્સ વેબરના તર્કબદ્ધતા (Rationalization) ના સિદ્ધાંત પર આધારિત છે. રિત્ઝરના મતે, આધુનિક સંસ્થાઓ હવે કાર્યક્ષમતા, ગણતરીપાત્રતા, આગાહીક્ષમતા અને નિયંત્રણના સિદ્ધાંતો પર ચાલે છે. આ માત્ર ફાસ્ટ ફૂડ ઉદ્યોગ પૂરતું મર્યાદિત નથી, પરંતુ શિક્ષણ, ધર્મ અને બિન-સરકારી સંસ્થાઓમાં પણ આ જ તર્ક જોવા મળે છે. વધુમાં, રિત્ઝરે 'ગ્લોબલાઈઝેશન ઓફ નથિંગ' (Globalization of Nothing) વિશે લખ્યું છે. 'નથિંગ' એટલે એવી સામાજિક રચનાઓ જે અર્થપૂર્ણ વિશિષ્ટ સામગ્રીથી વંચિત છે, જેમ કે શોપિંગ મોલ્સ, એરપોર્ટ અને ક્રેડિટ કાર્ડ્સ. આ વસ્તુઓ વિશ્વમાં ગમે ત્યાં હોય, તે એકસરખી લાગે છે અને તેમાં સ્થાનિક સંસ્કૃતિની કોઈ છાપ હોતી નથી. રિત્ઝર તેને 'ગ્રોબલાઈઝેશન' (Grobalization) કહે છે, જેમાં નફાખોરી માટે શક્તિશાળી રાષ્ટ્રો અને કોર્પોરેશનો પોતાની સંસ્કૃતિ અન્ય પર લાદે છે.

૨૧મી સદીમાં વૈશ્વિક સંસ્કૃતિનો સૌથી મોટું ચાલક બળ સોશિયલ મીડિયા છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ અને ટિકટોક જેવા પ્લેટફોર્મ્સે ભૌગોલિક સરહદોને સંપૂર્ણપણે નકામી બનાવી દીધી છે. આ માધ્યમો દ્વારા લોકો માત્ર માહિતી જ નથી મેળવતા, પરંતુ પોતાની સાંસ્કૃતિક ઓળખ પણ રજૂ કરે છે. સંશોધન દર્શાવે છે કે સ્થળાંતરિત લોકો નવી સંસ્કૃતિમાં ભળવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે, જ્યારે તે જ સમયે તેઓ પોતાના વતનની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવા માટે પણ તેનો ઉપયોગ કરે છે. આ પ્રક્રિયાએ 'દ્વિ-સાંસ્કૃતિક' ઓળખને જન્મ આપ્યો છે. યુટ્યુબ જેવા પ્લેટફોર્મ્સે જૂના સ્ટીરિયોટાઈપ્સ (રૂઢિચુસ્ત છાપ) ને તોડવામાં મદદ કરી છે, કારણ કે લોકો હવે સીધી રીતે અન્ય દેશોની જીવનશૈલી જોઈ શકે છે. નવા મીડિયાએ 'ડિજિટલ એસ્થેટિક' (Digital Aesthetic) વિકસાવી છે, જેમાં ઈન્ટરએક્ટિવિટી અને સામગ્રીની હેરફેર (Manipulation) મુખ્ય છે. લોકો હવે માત્ર માહિતીના ગ્રાહક નથી, પણ સર્જક પણ છે. આનાથી 'ડેમાસીફિકેશન' (Demassification) ની પ્રક્રિયા શરૂ થઈ છે, જ્યાં સમૂહ પ્રેક્ષકોને બદલે ચોક્કસ રુચિ ધરાવતા નાના જૂથો માટે સામગ્રી તૈયાર થાય છે. જોકે, સોશિયલ મીડિયાએ 'ફિલ્ટર બબલ્સ' (Filter Bubbles) અને સામાજિક ધ્રુવીકરણ (Polarization) જેવા પડકારો પણ ઊભા કર્યા છે, જ્યાં લોકો માત્ર પોતાના જેવા જ વિચારો ધરાવતા જૂથો સાથે જોડાયેલા રહે છે, જે સાંસ્કૃતિક સંઘર્ષોને વેગ આપી શકે છે.

વૈશ્વિક સંસ્કૃતિના વિવેચકો વારંવાર 'સાંસ્કૃતિક સામ્રાજ્યવાદ' (Cultural Imperialism) નો ભય વ્યક્ત કરે છે. આ વિચારધારા મુજબ, ઉત્તરીય દેશો ખાસ કરીને અમેરિકા પોતાની સંસ્કૃતિ દક્ષિણી દેશો પર લાદી રહ્યા છે. સાંસ્કૃતિક એકરૂપતા (Cultural Homogenization) ના કારણે સ્થાનિક ભાષાઓ, પરંપરાઓ અને રિવાજો લુપ્ત થઈ રહ્યા છે. વર્લ્ડવાઈડ ફંડ ફોર નેચર અથવા યુનેસ્કો જેવા સંગઠનો નોંધે છે કે વિશ્વની હજારો ભાષાઓ જોખમમાં છે કારણ કે નવી પેઢી વૈશ્વિક ભાષા તરીકે અંગ્રેજીને જ પ્રાથમિકતા આપે છે. આનાથી માનવ સભ્યતાના સાંસ્કૃતિક વારસાને ન ભરપાઈ થઈ શકે તેવું નુકસાન થઈ

રહ્યું છે. સાંસ્કૃતિક સામ્રાજ્યવાદ સામે પ્રતિકાર પણ જોવા મળે છે. ઘણી સંસ્કૃતિઓ પોતાની વિશિષ્ટ ઓળખ જાળવી રાખવા માટે 'રેઝિસ્ટન્સ આઈડેન્ટિટી' (Resistance Identity) અપનાવે છે. ઉદાહરણ તરીકે, ફ્રાન્સમાં મેકડોનાલ્ડ્સે તેના માસ્કોટ રોનાલ્ડ મેકડોનાલ્ડને બદલે ફ્રેન્ચ કાર્ટૂન પાત્ર 'એસ્ટેરિક્સ'નો ઉપયોગ કરવો પડ્યો હતો. આ દર્શાવે છે કે સ્થાનિક સંસ્કૃતિઓ સંપૂર્ણપણે નિષ્ક્રિય નથી, પરંતુ તેઓ સક્રિયપણે વૈશ્વિક પ્રવાહો સાથે વાટાઘાટો કરે છે.

ભારતીય સંસ્કૃતિ તેના સાતત્ય અને લવચીકતા માટે જાણીતી છે. સિંધુ ખીણની સંસ્કૃતિથી લઈને આધુનિક ભારત સુધી, ભારતે અનેક આક્રમણો અને પ્રભાવોને સ્વીકાર્યા છે છતાં પોતાની મૌલિકતા જાળવી રાખી છે. ભારતીય સમાજશાસ્ત્રી એમ. એન. શ્રીનિવાસે 'સંસ્કૃતિકરણ' (Sanskritization) અને 'પશ્ચિમીકરણ' (Westernization) ના ખ્યાલો દ્વારા ભારતીય સમાજમાં આવતા પરિવર્તનોને સમજાવ્યા છે. પશ્ચિમીકરણ એ બ્રિટિશ શાસન દરમિયાન શરૂ થયેલી પ્રક્રિયા છે જેમાં ભારતીય મધ્યમ વર્ગે પશ્ચિમી પોશાક, શિક્ષણ અને જીવનશૈલી અપનાવી. બીજી તરફ, સંસ્કૃતિકરણમાં નીચલી જાતિઓ ઉચ્ચ જાતિના રિવાજો અપનાવીને સામાજિક ગતિશીલતા મેળવવાનો પ્રયાસ કરે છે. આજે, વૈશ્વિકીકરણના યુગમાં આ બંને પ્રક્રિયાઓ તીવ્ર બની છે.

વૈશ્વિક સંસ્કૃતિ માત્ર એકતરફી નથી; ભારત જેવી સંસ્કૃતિઓએ પણ વિશ્વને પ્રભાવિત કર્યું છે. યોગ અને આયુર્વેદ આજે વૈશ્વિક કક્ષાએ સ્વીકાર્ય બન્યા છે. ૨૧ જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવાની યુનાઈટેડ નેશન્સની જાહેરાત એ ભારતીય 'આઈડિયોસ્કેપ' અને 'એથનોસ્કેપ'ના વૈશ્વિક પ્રભાવનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. વિશ્વના વિવિધ દેશોમાં વસતા કરોડો ભારતીયો વૈશ્વિક સંસ્કૃતિના મજબૂત સેતુ સમાન છે. તેઓ વિદેશમાં પોતાની પરંપરાઓ જેમ કે દિવાળીની ઉજવણી જાળવી રાખે છે અને સાથે સાથે પશ્ચિમી મૂલ્યો સાથે પણ તાલ મિલાવે છે. આનાથી એક 'ગ્લોકલ' ભારતીય ઓળખ ઉભરી રહી છે, જે આધુનિક પણ છે અને પરંપરાગત પણ છે.

વૈશ્વિક સંસ્કૃતિના નિર્માણમાં આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાયાની ભૂમિકા ભજવે છે. તેઓ એવા ધોરણો અને કાયદાઓ બનાવે છે જે વિશ્વભરમાં માન્ય રાખવામાં આવે છે.

યુનાઈટેડ નેશન્સ (UN): માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા એ વૈશ્વિક નૈતિક સંસ્કૃતિનો પાયો છે.

યુનેસ્કો (UNESCO): વિશ્વના સાંસ્કૃતિક વારસા (દા.ત. તાજમહેલ, લંડનનો ટાવર) ના રક્ષણ દ્વારા તે 'વિશ્વ નાગરિકતા'ની ભાવના જગાડે છે.

આંતરરાષ્ટ્રીય રમતગમત: ઓલિમ્પિક અને ફિફા વર્લ્ડ કપ જેવા કાર્યક્રમો વૈશ્વિક એકતા અને સ્પર્ધાત્મકતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે.

વૈશ્વિક પર્યાવરણીય ચળવળો: ક્લાયમેટ ચેન્જ જેવી સમસ્યાઓ સામે લડવા માટે વિશ્વભરના લોકો એકઠા થાય છે, જે એક નવી 'વૈશ્વિક પર્યાવરણીય સંસ્કૃતિ'નો નિર્દેશ કરે છે.

વૈશ્વિક સંસ્કૃતિના વિકાસમાં સૌથી મોટો અવરોધ અસમાનતા છે. જ્યારે પશ્ચિમી દેશો પાસે માહિતી અને ટેકનોલોજીના તમામ સાધનો છે, ત્યારે આફ્રિકા અને એશિયાના ઘણા દેશો હજુ પણ પાયાની જરૂરિયાતો માટે ઝઝૂમી રહ્યા છે. આ સ્થિતિમાં, વૈશ્વિક સંસ્કૃતિ ઘણીવાર માત્ર અમીર વર્ગની જ સંસ્કૃતિ બની રહે છે, જેને 'ડાવોસ સંસ્કૃતિ' (Davos

Culture) તરીકે ઓળખવામાં આવે છે. વધુમાં, 'ડિજિટલ વિભાજન' (Digital Divide) સાંસ્કૃતિક અસમાનતાને વધુ ઘેરી બનાવે છે. જે લોકો પાસે ઈન્ટરનેટ અને ડિજિટલ સાક્ષરતા નથી, તેઓ વૈશ્વિક સાંસ્કૃતિક સંવાદમાંથી બહાર ફેંકાઈ જાય છે, જે સામાજિક અન્યાયમાં વધારો કરે છે.

વૈશ્વિક સંસ્કૃતિ એ કોઈ સ્થિર સ્થિતિ નથી પરંતુ એક વહેતી પ્રક્રિયા છે. તે આપણને આર્થિક તકો, જ્ઞાનનો ભંડાર અને વિશ્વ શાંતિ માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. પરંતુ તે જ સમયે, તે આપણને આપણી વિશિષ્ટ ઓળખ ગુમાવવાનું જોખમ પણ બનાવે છે. ભવિષ્યમાં, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને વર્ચ્યુઅલ રિયાલિટી (VR) જેવી ટેકનોલોજીઓ માનવ સંસ્કૃતિને વધુ ઊંડાણપૂર્વક બદલશે. આપણે એવા યુગ તરફ જઈ રહ્યા છીએ જ્યાં 'વર્ચ્યુઅલ સંસ્કૃતિ' એ વાસ્તવિક સંસ્કૃતિ જેટલી જ મહત્વની હશે. વૈશ્વિક સંસ્કૃતિને માત્ર પશ્ચિમીકરણના ચશ્માથી જોવી એ ભૂલભરેલું છે. તે વાસ્તવમાં વિશ્વની તમામ સંસ્કૃતિઓ વચ્ચેનો એક જટિલ સંવાદ છે. રોબર્ટસન અને અપ્પાદુરાઈ જેવા વિચારકોએ દર્શાવ્યું છે કે સંસ્કૃતિ હંમેશા 'ગ્લોકલ' (Glocal) હોય છે. સાચી વૈશ્વિક સંસ્કૃતિ એ હોવી જોઈએ જે વિવિધતામાં એકતા શોધે અને પૃથ્વીના દરેક નાગરિકને ગૌરવપૂર્ણ ઓળખ આપે. આપણે એવા વિશ્વના નિર્માણ તરફ ગતિ કરવી જોઈએ જ્યાં વૈશ્વિકીકરણ એ કોઈ સંસ્કૃતિનો અંત નહીં પણ નવી અને વધુ સમૃદ્ધ સંસ્કૃતિનો પ્રારંભ હોવો જોઈએ.

સંદર્ભસૂચિ :-

'The Consequences of Modernity' - Anthony Giddens

'Modernity at Large: Cultural Dimensions of Globalization'- Arjun Appadurai

'Globalization: Social Theory and Global Culture'- Roland Robertson

'The Globalization of Nothing'- George Ritzer

'Modernization of Indian Tradition'- Yogendra Singh

'ભારતીય સંસ્કૃતિ: સ્વરૂપ અને વિકાસ' - પ્રવીણચંદ્ર પરીખ.

'સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો' - ડો. વાય. એ. પરમાર.

'આધુનિક ભારતનો ઈતિહાસ' - રમણલાલ ધારૈયા.

‘ઔરંગઝેબ’ નાટક: એક અભ્યાસ

વોરા નિકિતાબેન ભરતભાઈ

‘ખલીફાનો વેશ’ યાની ‘ઔરંગઝેબ’ નાટક ભારતના ઈતિહાસમાં ખલનાયક તરીકે જાણીતા બનેલા ઔરંગઝેબના જીવનની મહત્વની ઘટનાઓનું દ્રશ્યાત્મક નિરૂપણ છે. ત્રણ અંક અને ચૌદ દ્રશ્યમાં વિભાજિત ‘ઔરંગઝેબ’ નાટક ઈતિહાસના મુઘલ સલ્તનતના સુખ્યાત કથાવસ્તુ આધારિત છે. નાટકનું કથાવસ્તુ ઐતિહાસિક હોવા છતાં ચિનુ મોદીએ નાટકમાં અભિવ્યક્તિની દ્રષ્ટિએ એમાં મૌલિક ઉમેરણ કર્યા છે. એ જ આ નાટકનું આકર્ષણનું કેન્દ્ર બને છે. ઈતિહાસે ઔરંગઝેબને સત્તાપ્રેમી, ધર્મ રૂઢિચુસ્તી, ક્રૂર, સંકુચિત, સંગીત વિરોધી તરીકે ચીતર્યો છે, તેના આવા વ્યક્તિગત અને સ્વભાવગત લક્ષણ પાછળ રહેલ પરિબળો શું હતા તેના ઉપર લેખકે પ્રકાશ પાડ્યો છે. દરેક માણસના વ્યક્તિતત્વના સારા અને ખરાબ એમ બંને પાસાં હોય છે, આપણે ઔરંગઝેબના ખરાબ પાસાંને જાણીએ છીએ. અહી લેખકે ઔરંગઝેબના સારા પાસાંને આપણી સામે મૂક્યા છે. તે નાટકની અને નાટ્યકારની સિધ્ધી ગણાય છે.

પ્રથમ અંકના પ્રથમ દ્રશ્યમાં એક ફકીર જાદુઈ ગોળો લઈને રંગમંચ પર પ્રવેશે છે. તે પ્રેક્ષકોને મૃતક વ્યક્તિઓની રુહ આ ગોળા દ્વારા બોલાવી તેની સાથે વાત કરાવવાનું કહે છે. ત્યારબાદ ફકીર પોતાના પાપી પેટની વાત કરતાં જ ખબર પડે છેકે તે રોજીરોટી માટે આ બધુ કરે છે. પ્રેક્ષકગણમાંથી ઈર્શાદ(લેખક પોતે) ઊભા થઈને એ ફકીરને દસ રૂપિયાની નોટ આપે છે અને ફકીર કોની સાથે વાત કરવી છે ? એમ પૂછે છે ત્યારે ઈર્શાદ જન્નત-જહન્નુમ માનતો એમ જણાવી ચાલવા માંડે છે. ફકીર ઈર્શાદને હિપ્નોટાઈઝ કરી જન્નતની હૂર અને વીંછી ડંખતા ચીસો પાડતો જહન્નુમનો અનુભવ કરાવે છે. ત્યારે તે જન્નત-જહન્નુમમાં માને છે એમ જણાવે છે. ફકીર ઔરંગઝેબની રુહને ગોળામાં બોલાવે છે. લેખકની ફકીરના જાદુઈ ગોળાવાળી ટેકનિક સાર્થક અને આકર્ષક લાગે છે. ઈર્શાદ જન્નત અને જહન્નુમમાં વિશ્વાસ કરતાં નથી અને કાલ્પનિક બાબતોમાં રસ નથી. ઔરંગઝેબની રુહ કયામતના દિવસની રાહ જોવે છે. કયામતનો દિવસ એટલે મરેલા દરેક મુસલમાનની તકદીરનો ફેંસલો થાય છે કે તેને જન્નત મળશે કે જહન્નુમ એવો અર્થ અહીં ફકીર જણાવે છે.

પ્રથમ અંકના બીજા દ્રશ્યમાં ફ્લેશબેક દ્વારા ઔરંગઝેબનો બાલ્યાકાળ દર્શાવાયો છે. માતા-પિતાથી દૂર દાદા-દાદી પાસે નજરકેદમાં ઉછરતો ઔરંગઝેબ બાળપણથી જ રાજખટપટને બહુ નજીકથી નીરખે છે. ઝરૂખે ઊભા રહેલા ઔરંગઝેબને દાદી નૂરજહાં ઉદાસીનું કારણ પૂછે ત્યારે તેનો જવાબ આપતા કહે છે - “પાંજરામાં પોપટને શું ના મળે ? આમ છતાં એ બેચેન તો રહે જ ને દાદી અમ્મા ? ઔરંગઝેબની બુધ્ધિચાતુર્યથી વિસ્મય પામેલા દાદી નૂરજહાં કહે છે છે કે, “નાની ઉંમરમાં તું વધારે સમજણો થઈ ગયો છે.”[૧] ન્યાયપ્રિય જહાંગીર પાસે જ્યારે એક વૃધ્ધ પંડિતજી ન્યાય માંગવા આવે છે ત્યારે તેની બુધ્ધિ પ્રતિભાનો પરિચય થાય છે. તે પંડિત ફરિયાદ કરી છે કે તેના દીકરાએ તેની મિલકત પડાવી લઈને તેને ઘરની બહાર કાઢી મૂક્યો છે. આ ફરિયાદ સાંભળી ઔરંગઝેબ આ ફરિયાદીની ફરિયાદ વજૂદ વગરની ગણાવે છે અને કહે છે કે “જો સોતા હૈ વહ ખોતા હૈ, જે ભરોસો રાખે છે તેને ખરાબ નસીબની મુલાકાત થાય જ છે.”[૨]

પ્રથમ અંકના ત્રીજા દ્રશ્યમાં સુરતસુંદર અને સુધાકર નામના બે હાથીઓના દ્વન્દ્વ આલેખાયેલો છે. ઔરંગઝેબની કિશોરાવસ્થામાં વિકસતી જતી નિર્ભયતા અને ક્રૂરતાને વ્યક્ત કરવામાં આવી છે. હાથીના દ્વન્દ્વને જોવા ઔરંગઝેબ, દારા, સુજા વગેરે આવ્યા છે. આ દ્વન્દ્વમાં સુધાકર ઔરંગઝેબની પાછળ દોડે છે ત્યારે તે તલવારથી સુધાકરને જખ્મી કરે છે. શાહજહાં

ઔરંગઝેબની પ્રશંસા કરે છે, ત્યારે મુમતાઝ ઔરંગઝેબના લક્ષણો જોઈને ભવિષ્યમાં થનારી તેની કટ્ટર અને વિધ્વંશક વૃતિ વિશે મનોમન કહે છે કે, "હા બેજુબાન જનાવરની કતલથી બોલતા માણસની કતલ સુધી પહોંચતાં એને ઓછો સમય લાગશે, અલ્લાહ !"[૩] જ્યારે સુધાકર ઔરંગઝેબની પાછળ દોડે ત્યારે સામે બેઠેલી પ્રજામાં એક વ્યક્તિ એમ બોલે છે કે જો હાથીનું નામે સુધાકરની બદલે સુલેમાન હોત તો શાહજાદા પર હુમલો કરત?

પ્રથમ અંકના ચોથા દ્રશ્યમાં ઔરંગઝેબ તેની માસીને ત્યાં રહેતી બાંદી હીરાબાઈના પ્રેમમાં પડે છે. હીરાબાઈના રૂપથી મોહિત થયેલા ઔરંગઝેબને મુર્શિદકુલીખાન તેને સુવડાવવા મથે છે પણ તેને ઊંઘ નથી આવતી તે હીરાબાઈને પ્રાપ્ત કરવા માટે તડફડે છે. પણ અહી તેના માસા ખુદ તે બાંદીના પ્રેમમાં ડૂબેલા છે. આ વાતની જાણ તેની માસીને થાય છે ત્યારે તે ઔરંગઝેબને કહે છે કે, તારા માસાને ખબર પડશે તો પહેલા મારુ અને પછી બાંદીનું માથું વાઢિ નાખશે તેથી તેને બાંદીના પ્રેમમાં ન પડવા વિનવે છે. ખાન બહાર આ વાતચીત સાંભળી જાય છે તે આ વાત માસાને હીરાબાઈના બદલામાં છત્તરબાઈ આપવાની વાત કરે છે ત્યારે માસાઅબ્બા તૈયાર થઈ જાય છે. આ ખુશખબર તે ઔરંગઝેબને આપતા જ ખૂબ જ ખુશ થાય છે અને માસીનો શુક્રગુજાર માને છે. માસી હીરાબાઈના વખાણ કરતાં કહે છે કે, તે ફક્ત રૂપનો ખજાનો જ નથી, ગુણનો ભંડાર છે, સાથે બહુ જ નેક બાંદી અને સમજદાર બાંદી છે. હીરાબાઈ બહાર ઊભી બધુ સાંભળે છે.

પ્રથમ અંકના પાંચમા દ્રશ્યમાં હીરાબાઈ ઔરંગઝેબની પ્રેમની પરીક્ષાનું આલેખન છે. ઔરંગઝેબ નમાજ પઢવામાં લીન છે ત્યારે હીરાબાઈ ઝાંઝર ઝણકાવતી ઔરંગઝેબનું ધ્યાન ખેચવા જાત-ભાતના અખતરા કરે છે, છતાં પણ ઔરંગઝેબનું ધ્યાનભંગ થતું નથી ત્યારે પ્રિયતમાં/બેગમ હીરાબાઈ રિસાઈને દૂર ઊભી રહી જાય છે. અહી હીરાબાઈ ઔરંગઝેબને કહે છે કે તમે અલ્લાહના પ્યારમાં છો અને હું તમારા પ્રેમમાં હવેથી હું તમારી પ્રેમની આડે ન આવું એમ કહેતી હીરાબાઈ પોતાને અંત:પુરથી મુક્ત કરવાનું કહે છે. ઔરંગઝેબ તેને ધર્મમાં ન નડતી હોવાનું કહી તેને માટે પોતે પોતાની જાતને કુરબાન કરવાની તત્પરતા બતાવે છે. હીરાબાઈ હજૂરિયા પાસે અંગૂરનો શરાબ મંગાવે છે ત્યારે ઔરંગઝેબ મુસલમાન માટે શરાબ હરામ છે એમ જણાવે છે અને એક નો બે થતો નથી. હીરાબાઈ પોતાના પ્રેમની કસોટી આપવા અંગૂરના શરાબની પ્યાલી ઔરંગઝેબની આગળ ધરે છે અને આ પ્યાલી ફેંકી દેતાં પહેલા એટલો વિચાર કરજો કે આ પ્યાલી નથી આ મારુ હૃદય છે અને એ પ્યાલીમાં ભરેલી શરાબ એ મારી મહોબ્બત છે. ઔરંગઝેબ મુસલમાન માટે શરાબ હરામ હોવા છતાં પોતે મહોબ્બત તરફ઼ ઢળી પડે છે અને રંગમંચ પર અંધકાર છવાઈ જાય છે.

બીજા અંકના પ્રથમ દ્રશ્ય યુદ્ધભૂમિનું છે. ઔરંગઝેબની ઉંમર ત્રીસ વર્ષે પહોચી છે. હવે તે શાહજાદાથી શહેનશાહ બની ગયો છે. સેનાપતિ મર્દાનખાન લશ્કરના અન્ન-પાણી ખૂટી ગયા હોવાના સમાચાર આપે છે. ભૂખ-તરસ વેઠીને પણ સૈનિકો જંગ લડવા માટે તૈયાર છે. સૈનિકોનાં સમાચાર સાંભળી ઔરંગઝેબ ખુદા પર ભરોસો કરવાનું કહે છે અને અઝીઝખાનની ચાલ બાબતે પૂછે છે. ખુદા પર ભરોસો રાખ આજનો જંગ આખરી હશે. આજે સૈનિકોની હાલત જોઈ પોતે પણ નાસ્તો કરવાનો ઈન્કાર કરી છે. ઔરંગઝેબ પોતાને અહીં શહેનશાહ નહીં એક સિપાહી જ માને છે. આ વાત સાંભળી ગયેલો અઝીઝનો જાસૂસ પણ કહે છે કે ઔરંગઝેબને હરાવવો મુશ્કેલ છે. તે વર્ષોથી જાસૂસ છે પણ તેના જેવો સીપેહસાલાર જોયો નથી. યુદ્ધ શરૂ થાય છે. યુધ્ધભૂમિ પર શત્રુના હુમલાની ચિંતા કર્યા વિના, પાંચ-પાંચ વખત નમાજ પઢતા ઔરંગઝેબનું ધર્મપરસ્ત, પાકમુસલમાનનું તરીકિનું તેનું વ્યક્તિત્વનું ચિત્ર ખડું થાય છે. આ જોઈને અઝીઝ તેનાથી પ્રભાવિત થાય છે અને સૈનિકોને આદેશ આપે છે કે, " હથિયાર ફેંકી દો, મારા સિપાહીઓ હથિયાર ફેંકી દો. આવા ઓલિયા સાથે લડવું કોઈ મુસલમાનને પરવડે નહીં. આપણે અલ્લાના ગુનેગાર થઈએ એ પહેલા હથિયાર ફેંકી દો."[૪] અઝીઝ જેવા શસ્ત્ર-સરંજામથી સજ્જ ઉજબેકી યૌદ્ધાએ પણ ઔરંગઝેબની સામે પોતાનું મસ્તક ઝુકાવી લીધું.

મુસ્લિમ સલ્તનતની રાજકીય ખટપટ અને પ્રપંચનો અસલ ચહેરો બીજા અંકના બીજા દ્રશ્યમાં પ્રગટ થાય છે. ઔરંગઝેબ પોતાના સસરા શાહનવાઝને કેદ કરે છે. ઔરંગઝેબને શાહનવાઝની દીકરી દિલરસબાનુ સાથે સંબંધ હતો એમનો મહમદ નામનો એક દીકરો પણ હતો. અહી દિલરસબાનુ અને તેની સાથે હીરાબાઈ પણ અવસાન પામી હતી. શાહનવાઝને કેદી બનાવવાનું કારણ ઊંડું છે. ઔરંગઝેબ જેવા ધર્મપરસ્ત માણસને દારાની સર્વધર્મ સમભાવની નીતિ તેને જરાય પસંદ નથી. એમાં વળી પિતા શાહજહાં મોટાભાઈ દારાને ગાદી પર બેસાડવા માંગે છે. જો દારા ગાદી પર આવશે તો ઈસ્લામ ખતરામાં મુકાય જાશે એવી ભીતિમાં જીવતો ઔરંગઝેબ દારાને સત્તાથી દૂર રાખવા માટે શાહનવાઝ સાથે મળીને પિતા સામે બળવો કરવાનું વિચારે છે પણ શાહનવાઝ શાહજહાં વિરુદ્ધ જવાની ના પાડે છે ત્યારે ઔરંગઝેબ પોતાનો આશય પ્રગટ કરતાં કહે છે કે, "આ હિન્દુસ્તાનની ધરતી પર આપણે મુસલમાનો હજી આજેય પારકા લેખાઈએ છીએ, હજી આપણે અહીં પરાયા છીએ. એ બધું તો ઠીક દેશમાં આપની વસ્તી પણ ઓછી છે. આ વાત આપણે ખ્યાલ બહાર ન રાખી શકીએ એમ કરીએ તો આપણે, આ પારકી ધરતી પરના મુસલમાનોને રાતા પાણીએ રડવાનો વારો આવે."[૫] શાહનવાઝ શાહજહાં સામે કાવતરામાં સામિલ થતાં નથી અને વફાદાર રહીને જેલમાં જવાનું પસંદ કરે છે.

બીજા અંકના ત્રીજા દ્રશ્યમાં જહાંઆરા શાહજહાંનો સંદેશો લઈને ઔરંગઝેબને સમજાવવા આવે છે. જહાંઆરા પ્રવેશતા જ તેના આશયને સમજી ગયેલા ઔરંગઝેબને ખોફનાક જંગલમાં અટવાય ગયાનું મંથન અનુભવે છે. અહી શાહજહાંએ બે શરતો મૂકી છે. પેલી કે આ મુલ્ક ચારેય ભાઈઓમાં વચ્ચે સરખે હિસ્સે વહેંચવા તૈયાર છે એમાં પહેલી માંગણીનો અધિકાર ઔરંગઝેબનો રહેશે પણ ઔરંગઝેબને આ શરતને મંજૂર કરતો નથી. ઔરંગઝેબ સામી શરત મુકતા કહે છે કે જો અબ્બાજાન દારા ભાઈજાનની હત્યા કરાવે તો મારે આ મુલ્કમાંથી તસુભાર પણ જમીન નથી જોઈતી એવું જણાવે છે. ત્યારે જહાંઆરા શાહજહાંની બીજી શરત જણાવે છે કે તાજમહેલ જેવો જ પણ કાળા આરસપહાણનો એક મકબરો યમુનાના સામા કાંઠે જો ઔરંગઝેબ બનાવી આપે તો તેને આ મુલ્ક, તખ્ત અને તાજ અબ્બાજાન તમને આપશે. ત્યારે ઔરંગઝેબ જણાવે છે કે હું આ રૈયતનો બાદશાહ બનુ તો રૈયતના તમામ મિલકત અને પૈસા મારી નથી બની જતાં એ તો એમાં રૈયતનો જ હક હોય છે. ઔરંગઝેબ પોતાને આ બાગનો બાગબાન જ ગણે છે, માલિક નહીં. ઔરંગઝેબ બંને શરતો નામંજૂર કરે છે અને જહાંઆરાને જવાનો હુકમ કરે છે.

બીજા અંકના ચોથા દ્રશ્યમાં શાસક ઔરંગઝેબના જુલમોને મૂંગી થઈને સહન કરી લેતી પ્રજાની મનોવૃત્તિનું વર્ણન છે. અહી પુરુષ-૧ અને પુરુષ-૨ વચ્ચેના વાર્તાલાપને મૂકવામાં આવ્યો છે. પુરુષ-૧ ઔરંગઝેબના શાસન સામે માથું ઊંચકવા તૈયાર થાય છે ત્યારે પુરુષ-૨ કે છે કે આ તો રાજખટપટ છે, ભાઈ થઈને ભાઈને મારવા ઈચ્છે છે ત્યારે પુરુષ-૨ જણાવે છે કે આ ભાઈ-ભાઈ વચ્ચેનો ઝઘડો નથી આ તો સારા અને નરસાનો ખેલ છે આનું જે પરિણામ આવશે તે આપણાં ઉપર અસર કરશે.

બીજા અંકના પાંચમા દ્રશ્યમાં વ્હાઈટ સાયક્લોરામા પર ત્રીસ સેકંડ સુધી કરોળિયાના જાળાંનો વિઝ્યુઅલ રહે છે. આ 'કરોળિયો' અહીં સત્તાપ્રાપ્તિ માટે દારાની હત્યા કરાવવા માટે કાવતરા કરતાં ઔરંગઝેબને પ્રતિક તરીકે પ્રયોજ્યો છે. અહીં રોશનઆરા ઔરંગઝેબને મળવા આવે છે. ઔરંગઝેબ રોશનઆરાને કહે છે કે જ્યાં સુધી દારા ભાઈજાન જીવે છે ત્યાં સુધી ઈસ્લામ ખતરામાં છે. ઔરંગઝેબ હિંદુસ્તાનમાં રહેતા દરેક ઈન્સાનને મુસલમાન બનાવવા માંગે છે પરંતુ દારા તો સર્વધર્મમાં માનનારો છે તેથી આપનો ખતરા છે એવું રોશનઆરાને કહે છે. ઔરંગઝેબ રોશનઆરાના વિચારો મળતા આવે છે. દારાને દોષિત ઠેરવીને મૃત્યુદંડ અપાવવા માટે ઔરંગઝેબ યુક્તિ શોધે છે. ઔરંગઝેબ જાણે છે કે પ્રજા દારાને ખૂબ ચાહે છે જો તેને સીધેસીધો મૃત્યુદંડ આપે તો પોતાના માટે જોખમ છે અને જો તેને મૃત્યુદંડનો હુકમ આપે તો પ્રજા તેને સત્તાલાલચુ ગણીને તેની સામે વિદ્રોહ કરે તેવો તેને ભય છે. ધર્મના રસ્તે નડતાં દારાને હટાવ્યા વગર છૂટકો નથી અને પાક મુસલમાન હોવાના નાતે આ કરવું પડે એમ સમજાવી ઔરંગઝેબ બીજા દિવસે અદાલતમાં દારા વિરુદ્ધ તહોમતનામું મૂકવા માટે સહમત કરે છે. ઔરંગઝેબ

પોતાના ભૂતકાળમાં વિસરી જાય છે જ્યારે પોતે બાળપણમાં દાદાઅબ્બા સાથે નજરકેદ હતો ત્યારે દારા ભાઈજાન તેની સંભાળ રાખતો એ યાદો તાજી થાય છે પણ હવે ઔરંગઝેબ માટે ઈસ્લામ સર્વસ્વ છે, દારા નહીં.

ત્રીજા અંકના પ્રથમ દ્રશ્યમાં કમાલબક્ષ કાબૂલથી પોતાની માશૂકા રસુલનબાઈને કોઠે મળવા આવે છે. કમાલબક્ષને કાબૂલ ગયે અને ઔરંગઝેબ ગાદી પર આવ્યાને અગિયાર વર્ષ વીતી ગયા. કમાલબક્ષ મૂળ ભારતીય છે. અહિયાં આવીને જોવે છે કે, ઔરંગઝેબે પોતાના મુલ્કમાં તવાયફ, કોઠા, નાચ, મુજરા, ગાયકી, જુગાર, શરાબ, અફીણ, ભાંગ અને સાથે-સાથે જરકસી જામા પહેરવા, સિક્કા પર કલમા કોતરવા, કબર પર દીવો પ્રગટાવવા ઉપર પ્રતિબંધ લગાવી દીધો છે. આ શાસન વ્યવસ્થાથી માત્ર હિન્દુ ધર્મના લોકો નહીં પણ મુસલમાનો પણ કંટાળી ગયા છે. કમાલબક્ષ રસુલનબાઈને કાબૂલ લઈ જઈ તેની સાથે નિકાહ પઢી, શાદી કરવાનું કહે છે, પરંતુ રસુલનબાઈ રસાલા સાથે જવા અને ત્યાં કાબૂલમાં બજારમાં બેસી ગાવાનું કહે છે કમાલબક્ષ તેને મહેલમાં બેગમ હશે એમ કહે છે પરંતુ રસુલનબાઈને બેડીબદ્ધ નથી રહેવું અર્થાત તેને સ્વતંત્ર રહેવું છે. અહી રસુલનબાઈનો વતનપ્રેમ પણ દેખાય આવે છે. રસુલનબાઈ બાંદીને બહાર જવાનો રસ્તો બતાવવાનું કહે છે, ત્યારે કમાલબક્ષને ગુસ્સો આવે છે તે રસુલનબાઈના ગરદન પર તલવાર મૂકી તેના માથાને ગરદન પરથી ઉતારી લેવાની વાત કરે પરંતુ આ ગળું ઠૂમરી ગાનારું ગળું હોવાથી તેને છોડી દે છે.

ત્રીજા અંકના બીજા દ્રશ્યમાં મંદિરનો માહોલની વાત મૂકીને ઔરંગઝેબની ક્રૂર કટ્ટરતા પ્રગટ કરી છે. બાલાજીના મંદિરનુ પરિવેશ દર્શાવાયો છે. ઔરંગઝેબ સમગ્ર હિંદુસ્તાનમાં હિન્દુઓના તમામ મંદિરોને નષ્ટ કરી તેની જગ્યાએ મસ્જિદો બંધાવી હતી. બાલાજીનું પ્રાચીન મંદિર આર્થિક રીતે સૌથી સમૃદ્ધ અને સૌથી ધનાઢ્ય મંદિર હતું તેથી તેનો ખજાનો તેના શાહીખજાનામાં આવતો હોવાથી તેને નષ્ટ કરતો નથી. એક યુવાનની હત્યા કરી નાખે છે.

ત્રીજા અંકના ત્રીજા દ્રશ્યમાં હિન્દુ પાસે જજીયાવેરો ઉઘરાવતા અમીન અને રસુલખાનનું ચિત્ર રજૂ થયું છે. જે વ્યક્તિ લશ્કરમાં હોય તો તેને જજીયાવેરામાં મુક્તિ હતી પણ અહી ધર્મે હિન્દુ હતા એટલે જજીયાવેરો ભરવો પડતો. એક સ્ત્રી જેનો પતિ લશ્કરમાં ગયો છે, કેટલાક મહિનાઓથી પગાર મળ્યો નથી, એનો દીકરો બીમાર છે તેના ઈલાજ માટે પણ દીરમ નથી તેથી વેરો ન ભરાતાં કોયડા ખાતી સ્ત્રીની વેદના અહી દર્શાવાય છે.

ત્રીજા અંકના ચોથા દ્રશ્યમાં ઔરંગઝેબની અંતિમ ક્ષણોનું આલેખન કર્યું છે. જિનતઉન્નિસાના ખભાનો ટેકો લઈને, કમરથી વળી ગયેલો ઔરંગઝેબ સ્હેજ લંગળાતા પગે પ્રવેશે છે અને જિન્નત તેને પલંગ પર બેસાડે છે. છેલ્લા ત્રણ દિવસથી ઔરંગઝેબના શરીરમાં તેજ બુખાર છે ત્યારે તેના દીકરાને યાદ કરે છે તેના એકેય દીકરા તેની સાથે નથી અને તે ઉચ્ચારે છે:

"ઘડી-બે-ઘડી ને ગુજરતો વખત,

હવે શ્વાસ બનતા જવાના સખત."[૬]

આમ ઉચ્ચારતાની સાથે જિનત ઔરંગઝેબના મોઢા પર હાથ મૂકી દે છે, ત્યારે ઔરંગઝેબ આ હક તેના ભાઈજાનનો ગણાવે છે. સાથે પોતે કરેલા પાપના પ્રાયશ્ચિતરૂપે અંતે ઔરંગઝેબ પોતાના મોઢાને રાખવાનું કહે છે. ઔરંગઝેબ પોતાના છેલ્લા શ્વાસે ઉચ્ચારે છે : "મારી લાપરવાહીને લીધે પેલો...ભાગી...શિવા...ભાગી ગયો અને આખી જિંદગી અમને દુ:ખ આપતો ગયો. શિવા... ઢળી પડે છે."[૭] જુમ્માના દિવસે એ મૃત્યુ પામે છે.

'ઔરંગઝેબ' ચરિત્રકેન્દ્રી નાટક છે. નાટકમાં કેન્દ્રસ્થાને રાખી, નાટ્યપ્રક્રિયાનું સરસ સંકલન થયું છે. ઐતિહાસિક પાત્ર ઔરંગઝેબનું માનવીય સંકુલતાઓથી સભર નાટ્યકારને મહંદૂઅંશે સફળતા મળી છે. જિંદગીભર સત્તા અને ધર્મના વર્તુળમાં રહેનાર તેમાં ખૂંચેલો રહીને માનવીય અસ્તિત્વ- વ્યક્તિત્વને વિસારે પાડનાર ઔરંગઝેબ નાટ્યકારની સમાન ભાવની દ્રષ્ટિનું બિંદુ બને છે.

ઔરંગઝેબ ક્રૂર, સત્તાપ્રેમી હતો પરંતુ તે ધર્મમાં પાક મુસલમાન બનવા માંગતો હતો. ઔરંગઝેબ પોતાના હાથે ટોપી ગૂંથીને પોતાનું ગુજરાન ચલાવે છે. તે સત્તા પર આવીને શાહીખજાનામાંથી પોતાના માટે એકપણ પૈસો વાપરતો નથી તે આ ખજાના પોતાનો નહીં પણ રૈયતનો અધિકાર સમજે છે.

સંશોધકની દ્રષ્ટિએ મનમાં એક પ્રશ્ન ઉદ્ભવે છે કે લેખક ઔરંગઝેબનું જુમ્માના દિવસે મૃત્યુનું દર્શાવીને તેને જન્નત મળવાનો ઈશારો કરે છે પરંતુ ઔરંગઝેબના બે-ત્રણ સારા કામને કારણે તેના ખરાબ કામ ઢાંકી શકાતા નથી. ઔરંગઝેબને ધર્મચુસ્ત હતો પરંતુ ક્યાં ધર્મ એમ કહેવાયેલું છે કે લોકો પર અત્યાચાર કરવા, બીજા ધર્મના લોકોને પોતાના ધર્મમાં ભેળવી દેવા, બીજા ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાવવી તો કેમ ઔરંગઝેબને ધર્મનિષ્ઠ કહી શકાય ? તે ધર્મના નામે પોતાના ભાઈજાન દારાને મરવી નાખે, પોતાના પિતા શાહજહાંને કિલ્લામાં કેદ કરીને રાખે, હિન્દુધર્મના મંદિરોને નષ્ટ કરી નાખે છે, હિન્દુધર્મના લોકો પર જજીયાવેરો નાખી તેના પર અત્યાચાર ગુજારે છે.

ઔરંગઝેબ હિન્દુધર્મના વિરુદ્ધ હોવા છતાં તે હિન્દુ સ્ત્રી હીરાબાઈના પ્રેમમાં પડે છે એ બાબત આશ્ચર્યમાં મૂકી દે છે. એ હીરાબાઈની પ્રેમની પરીક્ષામાં પસાર થવા માટે શરાબ હરામ હોવા છતાં પણ શરાબને સ્વીકારીને પોતે પ્રણય તરફ ઢળી પડે છે. હીરાબાઈની મૃત્યુ થયું કે હત્યા થઈ તેનો કોઈ ઉલ્લેખ કર્યો છે.

શાહજહાં પિતા જહાંગીરને નજરકેદ કર્યા હતા તેમ ઔરંગઝેબ પિતા શાહજહાંને કેદ કરે છે. ઔરંગઝેબ બાળપણથી જ બધુ જોતો આવ્યો છે તેની અસર તેના માનસ પર પડે છે. જેમ પંડિતજીના દીકરાએ બધી મિલકત પડાવી લીધી તેમ ઔરંગઝેબ પણ શાહજહાંને કેદ કરી ગાદી પચાવી પાડવાની નાટ્યાત્મક વક્રોક્તિ સર્જાય છે. પહેલા અંકમાં જ્યારે ઔરંગઝેબ સુધાકરને મારે છે ત્યારે મુમતાઝ કહે છે કે બેજુબાન જનાવરની કતલથી બોલતા માણસના કતલ સુધી પહોંચતા એને ઓછો સમય લાગશે જ્યારે ઔરંગઝેબ પોતાના ભાઈ દારાને મારે છે ત્યારે સાર્થક થતી આ ઉક્તિ અહીં 'નાટ્યાત્મક વક્રોક્તિ' રૂપે રચાય છે.

સુરતસુંદર અને સુધાકરની લડાઈ થાય ત્યારે સુધાકર જ્યારે ઔરંગઝેબ પર સુધાકર હુમલો કરે છે ત્યાં બેઠેલા પ્રેક્ષકોમાથી એક પુરુષ કહે છે કે જો હાથીનું નામ સુધાકરને બદલે સુલેમાન હોત તો તે ઔરંગઝેબ પર હુમલો કરત ? અહી તેના પરથી મુસ્લિમ શાસક શાહજહાંની હિન્દુ પ્રત્યેની દ્વેષવૃતિ પ્રગટ થાય છે. હિન્દુઓમાં આંતરિક કલેશ પેદા કરવો, તેમના વચ્ચે ઝઘડા કરાવવી મજા માણવી, તેને અંદરોઅંદર કપાવવા અને અને શાસન કરવાની વૃતિ પર લેખક પ્રકાશ પાડે છે. જ્યારે હિન્દુ પ્રજા 'સલામ'ને બદલે 'પ્રણામ' કે ઈશ્વર અને અલ્લાહને એક ગણે ત્યારે તેને કોયડા ખાવા પડતાં આવા હિન્દુ અને મુસલમાન ધર્મ વચ્ચેનો ભેદભાવ જોવા મળે છે. આ બધુ જોતાં જ નિશ્ચિત થઈ જાય છે કે ઔરંગઝેબે જીવન દરમિયાન માત્ર ખલીફાનો વેશ ભજવેલો છે તેની પાછળ તો તેનો સ્વાર્થ, ક્રૂરતા, ભોગવિલાસ અને કટ્ટરતા જ દેખાય છે.

ઔરંગઝેબ મુસ્લિમ શાસક હોવાથી તેની ભાષામાં ઉર્દૂ મિશ્રીત સલ્તનતની ભાષાના શબ્દો જોવા મળે છે. જ્યારે હીરાબાઈ હિન્દુ સ્ત્રી છે તેથી ભાષામાં નાથ, સ્વામી, ઈશ્વર, શ્રદ્ધા જેવા શબ્દો તથા હિન્દુ સૈનિકની પત્નીના મુખે પ્રણામ જેવા શબ્દો સાંભળવા મળે છે. આ શબ્દો ચિનુ મોદીના નાટ્યકાર તરીકેની આગવી સૂઝ દર્શાવે છે.

ચિનુ મોદી અવનવી નાટ્યપ્રયુક્તિથી નાટક લઈને આવે છે. નાટકમાં ફ્લેશબેક તથા 'ગોળાવાળા ફકીર'ની પ્રયુક્તિ તેમની ઊંડી નાટ્યસૂઝની પ્રતીતિ કરાવે છે. આ પ્રયુક્તિ દ્વારા જ નાટકનો આરંભ થાય છે. ત્યારપછીના ઔરંગઝેબની બાલ્યાવસ્થા, યુવાવસ્થા, પ્રોઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા એમ બધી અવસ્થાઓમાં નાટક વિકસતું જાય છે.

ઔરંગઝેબ શાસન ઉપર આવતા તે સિક્કા પર કલમ કોતરવાની અને કબર પર દીવો પેટાવવાની મનાઈ કરે છે. પ્રાચીનકાળથી સિક્કા પર ચિત્ર કોતરવાની તથા રાજાના બિરુદ લખવાની પ્રથા ચાલી આવે છે. ઔરંગઝેબ શાસન પર આવ્યો એ પહેલા મુઘલ શાસનમાં કલમા કોતરવાની પ્રથા હશે. હિન્દુધર્મની જેમ મુસ્લિમધર્મમાં પણ અગાઉ કબર ઉપર દીવો પેટાવતા હશે, જે ઔરંગઝેબ આવતા આ પ્રથા પણ બંધ થઈ જાય છે. અલબત્ત આની સાથે ઘણી બાબતો પર મનાઈ ફરમાઈ દે છે.

ઔરંગઝેબ નહીં કરવાના કામના સમુદ્રમાં ડૂબી ગયો છે એમ કહી પોતે કરેલા પાપોના પ્રાયશ્ચિતરૂપે ખુલ્લા મોઢે દફનાવવાનું કહે છે સાથે એમ પણ જણાવે છે કે રાહ ભટકેલાઓને ખુલ્લા મોઢે જ દાટવામાં આવે છે. અંત સમયે પોતાની લપરવાહીને લીધે ભાગી ગયેલા શિવાજીને યાદ કરતાં કહે છે કે, "પેલો... ભાગી ગયો... પેલો... શિવા... ભાગી ગયો...અને આખી જિંદગી અમને દુ:ખ આપતો ગયો. (બૂમ પાડીને) શિવા... (ઢળી પડે છે)"[૮] અહીં આપણે શિવાના બે અર્થ ઉપજાવી શકીએ કે પેલા તો શિવાજી અને બીજા ભગવાન શિવજી. તે મુસ્લિમ હોવા છતાં પણ પોતે હિન્દુ ધર્મના દેવસ્થાનોને તોડે છે અને અંતે તે શિવા નામ લઈને મૃત્યુ પામે છે, જાણે કે તે ભગવાન શિવ પાસે પોતે કરેલા પાપોની માફી માંગતો હોય !

શાહનવાઝ છત્તરબાઈના બદલામાં હીરાબાઈને ઔરંગઝેબને સોંપી દે છે. તત્કાલિન સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો નિમ્ન હતો. પુરુષપ્રધાન સમાજ હોવાથી સ્ત્રીઓનું સ્થાન ગૌણ હતું. રાજકીય અથવા સામાજિક સોદાઓ માટે 'વિનિમયની વસ્તુ' તરીકે ઉપયોગ થતો હતો. લેખકે અહી ચિત્રાબાઈનું નામ બદલી છત્તરબાઈ કર્યું છે જેનો લેખકે નાટકમાં કંઈ ઉલ્લેખ કર્યો નથી.

સંદર્ભગ્રંથો

ડૉ. પ્રભુદાસ પટેલ, 'સાઠોત્તરી ગુજરાતી મૌલિક નાટક', પ્ર.આ.૨૦૦૭ પૃ.૧૬૮

એજન, ૧૬૮

ચિનુ મોદી, 'નાટ્યવલિ', પ્ર.આ.૨૦૧૪, પૃ.૧૧૦

એજન, પૃ.૧૨૧

એજન. પૃ.૧૨૪

ભરત કાનાબાર, 'ચિનુ મોદીનું નાટ્ય સાહિત્ય', પ્ર.આ. ૨૦૦૯, પૃ.૧૨૦

ચિનુ મોદી, 'નાટ્યવલિ', પ્ર.આ.૨૦૧૪, પૃ.૧૪૯,૧૫૦

એજન, પૃ.૧૪૯-૧૫૦

સીમાઓને તોડતો ઇતિહાસ : સ્થાનિક ઇતિહાસના દસ્તાવેજીકરણમાં સમુદાયની ભૂમિકા

નેહાબેન દેવસિંગભાઈ ચૌધરી
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

સારાંશ :-

પરંપરાગત ઇતિહાસલેખન લેખિત, રાજ્યકેન્દ્રી અને વ્યક્તિવિશેષ કેન્દ્રિત રહ્યું છે, જેના કારણે હાંસિયાના વર્ગોની યાદો, લોકગીતો અને મૌખિક પરંપરાઓ ઇતિહાસની બહાર રહી ગઈ છે. આ સંશોધનપત્ર 'નીચેથી ઉપરનો ઇતિહાસ' અને 'સહભાગી સંશોધન'ના સૈદ્ધાંતિક માળખા હેઠળ સમુદાય-આધારિત દસ્તાવેજીકરણની હિમાયત કરે છે. તારણો દર્શાવે છે કે સમુદાયને 'સહ-લેખક' તરીકે સ્થાપિત કરવો આવશ્યક છે. મૌખિક પરંપરાઓ લેખિત સ્રોતો કરતાં ઓછી પ્રમાણભૂત નથી.

કીવર્ડ્સ : સ્થાનિક ઇતિહાસ, તાપી જિલ્લો, મૌખિક પરંપરા, હલારડા, સમુદાય-આધારિત દસ્તાવેજીકરણ, સહભાગી સંશોધન.

૧. પરિચય અને સંશોધન પ્રશ્નો :-

ઇતિહાસ હંમેશાં સત્તા સાથે જોડાયેલો રહ્યો છે. પરંપરાગત ઇતિહાસલેખનની સીમાઓએ સામાન્ય માનવી, સ્ત્રી, આદિવાસી અને દલિતના અવાજોને દબાવી દીધા છે. 'Rethinking Boundaries' – સીમાઓનું પુનઃચિંતન – આ વૈચારિક પ્રવાહ ઇતિહાસના ક્ષેત્રે ઉત્તેજક પ્રશ્નો ઉભા કરે છે. તાપી જિલ્લો, જે ૨૦૦૭માં સુરત જિલ્લાના વિભાજનથી અસ્તિત્વમાં આવ્યો, તેના આદિવાસી સમુદાયોમાં મૌખિક પરંપરાઓ આજે પણ જીવંત છે.

આ સંશોધન નીચેના ત્રણ પ્રશ્નોના જવાબ આપવાનો પ્રયાસ કરે છે:

સંશોધન પ્રશ્ન ૧: સ્થાનિક ઇતિહાસના દસ્તાવેજીકરણમાં સમુદાયની સક્રિય ભાગીદારી ઐતિહાસિક વર્ણનોને કેવી રીતે બદલી નાખે છે?

સંશોધન પ્રશ્ન ૨: ફક્ત લેખિત સ્રોતો (દસ્તાવેજો, અભિલેખો) પર આધારિત પરંપરાગત ઇતિહાસલેખનની મર્યાદાઓ શું છે, અને મૌખિક પરંપરાઓ આ મર્યાદાઓને કેવી રીતે પૂરી શકે છે?

સંશોધન પ્રશ્ન ૩: સમુદાય-આધારિત દસ્તાવેજીકરણને પ્રોત્સાહન આપવા માટે કઈ નીતિગત વ્યવસ્થાઓ અસરકારક સાબિત થઈ શકે છે?

૨. સંશોધનના ઉદ્દેશ્યો :-

૧. તાપી જિલ્લાના વાસ્તવિક કેસ સ્ટડી દ્વારા સ્થાનિક ઇતિહાસના દસ્તાવેજીકરણમાં સમુદાયની ભૂમિકા સ્પષ્ટ કરવી.
૨. પરંપરાગત ઇતિહાસલેખનની મર્યાદાઓ ઓળખવી અને સમુદાય-આધારિત અભિગમનું મહત્ત્વ સમજાવવું.
૩. સામાજિક ન્યાય, સશક્તિકરણ અને સામાજિક બદલાવના સંદર્ભમાં આ પ્રક્રિયાનું વિશ્લેષણ કરવું.
૪. નીતિગત અર્થઘટન અને વ્યવહારુ સૂચનો રજૂ કરવા.

૩. સંશોધન પદ્ધતિ :-

આ અભ્યાસ કેસ સ્ટડી પદ્ધતિ (case study method) પર આધારિત છે. તાપી જિલ્લાના નીચેના ત્રણ વાસ્તવિક કેસ સ્ટડીનો સમાવેશ કરવામાં આવ્યો છે:

કેસ	સ્થળ	વર્ષ	સ્ત્રોત
૧	ડાંગ, વલસાડ, નવસારી, ભરૂચ, તાપી, નર્મદા	૨૦૨૪-૨૦૨૬	ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, ANI
૨	સોનગઢ, તાપી	૨૦૧૦	ડી.એન.એ. ઈન્ડિયા
૩	તેજગઢ, વડોદરા	૧૯૯૮	ભાષા સંશોધન કેન્દ્ર

ડેટા વિશ્લેષણની પદ્ધતિ: ત્રણેય કેસ સ્ટડીનું **વિષયગત વિશ્લેષણ (thematic analysis)** કરવામાં આવ્યું છે. વિશ્લેષણના મુખ્ય વિષયો હતા: (૧) સમુદાયની ભૂમિકા (માહિતી આપનાર વિરુદ્ધ સહ-લેખક), (૨) મૌખિક પરંપરાની પ્રમાણિકતા, (૩) સશક્તિકરણના પુરાવા, (૪) પરંપરાગત ઇતિહાસલેખનની મર્યાદાઓ.

૪. સાહિત્ય સમીક્ષા :-

પરંપરાગત ઇતિહાસલેખનની મર્યાદાઓ સામે 'હિસ્ટ્રી ફ્રોમ બીલો' (History from Below) નો સિદ્ધાંત મહત્વનો છે. E.P. Thompson (૧૯૬૬) એ 'The Making of the English Working Class' માં દર્શાવ્યું કે સામાન્ય માનવીનો અનુભવ ઇતિહાસનો મુખ્ય ભાગ છે. ભારતીય સંદર્ભમાં, રણજીત ગુહા (૧૯૮૨) એ 'Subaltern Studies' દ્વારા સાબિત કર્યું કે હાંસિયાના વર્ગોના અવાજો સત્તાશીલ ઇતિહાસમાં દબાઈ જાય છે.

મૌખિક પરંપરાના મહત્વ માટે Jan Vansina (૧૯૮૫) નું 'Oral Tradition as History' મૂળભૂત પુસ્તક છે. Vansina સાબિત કરે છે કે મૌખિક પરંપરાઓ લેખિત સ્રોતો જેટલી જ વિશ્વસનીય છે, જો તેને યોગ્ય પદ્ધતિથી એકત્ર કરવામાં આવે. ગુજરાતના સંદર્ભમાં, Joshi (૨૦૧૦) એ આદિવાસી લોકગીતોનું દસ્તાવેજીકરણ કર્યું હતું, પરંતુ તેમનું કાર્ય મુખ્યત્વે રાજ્યકેન્દ્રી રહ્યું.

'સહભાગી સંશોધન' (Participatory Action Research) નો સિદ્ધાંત (Reason & Bradbury, ૨૦૦૮) કહે છે કે સંશોધનના વિષયો (અહીં સમુદાય) માત્ર માહિતી આપનારા નથી, પરંતુ સંશોધન પ્રક્રિયામાં સક્રિય ભાગીદારો હોવા જોઈએ. તાપી જિલ્લાના અગાઉના અભ્યાસો મોટાભાગે રાજ્યકેન્દ્રી રહ્યા છે (Tapi District Gazetteer, ૨૦૧૫). આ સંશોધનપત્ર આ તમામ સૈદ્ધાંતિક માળખાંને એકીકૃત કરતો અને વાસ્તવિક કેસ સ્ટડી દ્વારા ચકાસણી કરતો પ્રથમ પ્રયાસ છે.

૫. તાપી જિલ્લાના વાસ્તવિક કેસ સ્ટડી :-

કેસ સ્ટડી ૧ : આદિવાસી લોરીઓ (હલારડા) નું દસ્તાવેજીકરણ – જીતેન્દ્ર ગાવળીનું સંશોધન

સ્થળ: ડાંગ, વલસાડ, નવસારી, ભરૂચ, તાપી અને નર્મદા જિલ્લાઓ | **વર્ષ:** ૨૦૨૪-૨૦૨૬

તાપી જિલ્લાના ગામીત સમુદાયની પરંપરાગત લોરીઓ 'હલારડા' નું દસ્તાવેજીકરણ એ સમુદાય-આધારિત ઈતિહાસ લેખનનું ઉત્તમ ઉદાહરણ છે. જીતેન્દ્ર ગાવળી, જેમની માતા સોમી ગાવળીએ તેમને આ લોરીઓ ગાઈ હતી, તેમણે ૧૩૪ લોરીઓનું દસ્તાવેજીકરણ કર્યું છે. તેમણે ગુજરાતના છ જિલ્લાઓમાં ક્ષેત્રીય કાર્ય કરીને નવ આદિવાસી બોલીઓમાં લોરીઓ એકત્રિત કરી છે, જેમાં કોકણા, વાસવા, તડવી અને ગામીત સમુદાયોનો સમાવેશ થાય છે.

સમુદાયની ભૂમિકા: અહીં સમુદાયના સભ્યોએ 'સહ-સંશોધક' તરીકે કામ કર્યું. ગાવળીએ પોતે સમુદાયનો ભાગ હોવાથી તેમનો અભિગમ વધુ સંવેદનશીલ બન્યો. તેમની માતાએ ગર્વથી કહ્યું, "અમે તેના પર ગર્વ અનુભવીએ છીએ. તેમનું સંશોધન આદિવાસી સંસ્કૃતિ પર કેન્દ્રિત છે."

મૌખિક પરંપરાનું મહત્વ: આ લોરીઓ બિન-લિખિત ભાષાઓમાં છે. તેમનું દસ્તાવેજીકરણ એટલે લુપ્ત થતી સાંસ્કૃતિક વિરાસતનું સંરક્ષણ. આ સંશોધન સાબિત કરે છે કે **લેખિત સ્રોતોની ગેરહાજરીમાં પણ મૌખિક પરંપરાઓ ઈતિહાસનો મજબૂત આધાર બની શકે છે.**

કેસ સ્ટડી ૨ : સોનગઢમાં આદિવાસી સાંસ્કૃતિક મહોત્સવ – 'રોડલી પાર્ટી' અને 'તારપો'

સ્થળ: સોનગઢ ગામ, તાપી જિલ્લો | **વર્ષ:** ૨૦૧૦

મર્યાદાનો સ્વીકાર: આ કેસ ૨૦૧૦નો છે – ૧૬ વર્ષ જૂનો. તાજા ઉદાહરણનો અભાવ છે. તેમ છતાં, તે સમુદાયની પહેલનો મજબૂત ઐતિહાસિક આધાર પૂરો પાડે છે અને દર્શાવે છે કે આવી પરંપરાઓ ઓછામાં ઓછા ૨૦૧૦ સુધી જીવંત હતી. વર્તમાન સ્થિતિ માટે વધુ સંશોધનની જરૂર છે.

સોનગઢમાં સ્થાનિક એન.જી.ઓ. દ્વારા આયોજિત બે દિવસીય આદિવાસી સાંસ્કૃતિક મહોત્સવમાં હજારો આદિવાસીઓએ ભાગ લીધો હતો. આ મહોત્સવમાં 'રોડલી પાર્ટી' (વાર્તા-ગાયન પરંપરા) અને 'તારપો', 'ડુગ્ગી' જેવા પરંપરાગત વાદ્યોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આયોજક સુરેશ ગામીતના જણાવ્યા અનુસાર, "અમારો મુખ્ય ઉદ્દેશ્ય જૂની આદિવાસી વિરાસતનું રક્ષણ કરવાનો છે, જે યુવાનોમાં રસના અભાવે ઝડપથી ખોવાઈ રહી છે."

ઐતિહાસિક મહત્વ: મહોત્સવમાં તીરંદાજીની સ્પર્ધા યોજાઈ હતી, જ્યાં લવજી ગામીતે જણાવ્યું, "અમારી તીરંદાજીની ટેકનિક ૩૦૦ વર્ષ જૂની છે." આ દર્શાવે છે કે સમુદાય પોતાની પરંપરાઓને મૌખિક રીતે પેઢીઓ સુધી સાચવી શકે છે.

કેસ સ્ટડી ૩ : વાચા : મ્યુઝિયમ ઑફ વોઇસ – એક સમુદાય-સંચાલિત સંગ્રહાલય

સ્થળ: તેજગઢ ગામ, વડોદરા (તાપી જિલ્લાની સીમા સાથે જોડાયેલ) | **સ્થાપના:** ૧૯૯૮ | **સ્ત્રોત:** ભાષા સંશોધન અને પ્રકાશન કેન્દ્ર (Bhasha Research Centre)

વાચા : મ્યુઝિયમ ઑફ વોઇસ એ એક સમુદાય-સંચાલિત સંગ્રહાલય છે. આ સંગ્રહાલયનો ઉદ્દેશ્ય આદિવાસી ઈતિહાસ અને સંસ્કૃતિનું સંરક્ષણ કરવાનો છે. 'વાચા'નો શાબ્દિક અર્થ 'અવાજ' થાય છે. સંગ્રહાલયમાં સ્થાનિક આદિવાસી સમુદાયો – રથવા, નાયકડા અને તડવી – સક્રિય ભાગ ભજવે છે. સંગ્રહાલય ભાષા એકેડેમી સાથે જોડાયેલ છે, જે આદિવાસી સાહિત્ય અને કલાત્મક અભિવ્યક્તિઓને પ્રોત્સાહન આપે છે.

સિદ્ધાંત સાથે જોડાણ: આ સંગ્રહાલય 'સહભાગી સંશોધન' અને 'History from Below' ના સિદ્ધાંતોને સાકાર કરે છે. અહીં સમુદાય ફક્ત 'માહિતી આપનાર' નથી, પરંતુ સંગ્રહાલયનો 'સહ-લેખક' અને 'ક્યુરેટર' છે.

૬. ચર્ચા અને વિશ્લેષણ :-

વિષય ૧: સમુદાયની ભૂમિકા – 'માહિતી આપનાર'થી 'સહ-લેખક' સુધી

ત્રણેય કેસ સ્પષ્ટ કરે છે કે જ્યાં સમુદાયને 'સહ-લેખક' બનાવવામાં આવે છે ત્યાં ઇતિહાસ વધુ સમૃદ્ધ અને સચોટ બને છે. કેસ ૧માં ગાવળી પોતે સમુદાયનો ભાગ છે. કેસ ૨માં સમુદાયની એન.જી.ઓ. પોતે આયોજક છે. કેસ ૩માં સમુદાય સંગ્રહાલય ચલાવે છે. આ 'સહભાગી સંશોધન' ના સિદ્ધાંતને સાબિત કરે છે.

વિષય ૨: મૌખિક પરંપરાની પ્રમાણિકતા

તમામ કેસ સાબિત કરે છે કે મૌખિક પરંપરાઓ લેખિત સ્રોતો કરતાં ઓછી પ્રમાણભૂત નથી. હલારડા, રોડલી પાર્ટી અને વાચા સંગ્રહાલયની મૌખિક વાર્તાઓ – આ બધાં એવા સ્ત્રોતો છે જે ક્યારેય લખાયા નથી પરંતુ પેઢીઓથી ટકી રહ્યા છે. Vansina (૧૯૮૫) ના સિદ્ધાંતની આ પ્રત્યક્ષ પુષ્ટિ છે.

વિષય ૩: સશક્તિકરણના પુરાવા

જીતેન્દ્ર ગાવળીની માતાના શબ્દો, "અમે તેના પર ગર્વ અનુભવીએ છીએ," અને સોનગઢના લવજી ગામીતનું વિધાન, "અમારી ટેકનિક ૩૦૦ વર્ષ જૂની છે," સશક્તિકરણની પ્રક્રિયા દર્શાવે છે. જ્યારે સમુદાય પોતાના ઇતિહાસને ઓળખે છે અને રજૂ કરે છે, ત્યારે આત્મવિશ્વાસ અને સામૂહિક ઓળખ મજબૂત બને છે.

વિષય ૪: પરંપરાગત ઇતિહાસલેખનની મર્યાદાઓ

જો ફક્ત રાજ્ય અભિલેખાગારમાં બેસીને ઇતિહાસ લખવામાં આવત, તો: (૧) ૧૩૪ હલારડા ઇતિહાસનો ભાગ ન બનત, (૨) રોડલી પાર્ટી અને તારપોં જેવી પરંપરાઓ અદસ્તાવેજીકૃત રહી જાત, (૩) આદિવાસી સમુદાયોની બિન-લિખિત ભાષાઓનો વારસો ખોવાઈ જાત. આ 'સબોલ્ટર્ન સ્ટડીઝ' ની મૂળ વિચારણાને સમર્થન આપે છે.

૭. નીતિગત અર્થઘટન અને સૂચનો :-

૧. **સમુદાય સંગ્રહાલયોનો વિસ્તાર:** વાચા મ્યુઝિયમની સફળતા બતાવે છે કે સમુદાય-આધારિત સંગ્રહાલયો કેવી રીતે કામ કરી શકે છે. તાપી જિલ્લાના દરેક તાલુકામાં 'કોમ્યુનિટી મ્યુઝિયમ' બનાવવા જોઈએ.

૨. **ડિજિટલ આર્કાઇવની તાકીદ:** જીતેન્દ્ર ગાવળીએ ૧૩૪ હલારડા રેકોર્ડ કર્યા છે – આ ડેટા સુરક્ષિત રીતે સાચવવા ગુજરાત સરકારે 'આદિવાસી મૌખિક વારસો પોર્ટલ' બનાવવો જોઈએ.

૩. **શાળા અભ્યાસક્રમમાં બદલાવ:** સોનગઢના આદિવાસી મહોત્સવની જેમ, શાળાઓમાં 'સ્થાનિક ઇતિહાસ પ્રોજેક્ટ' ફરજિયાત બનાવવો, જેમાં વિદ્યાર્થીઓ પોતાના દાદા-દાદીની મુલાકાત લઈને મૌખિક ઇતિહાસ એકત્ર કરે.

૮. અભ્યાસની મર્યાદાઓ :-

૧. **કેસ સ્ટડીની સંખ્યા:** ફક્ત ત્રણ કેસ સ્ટડીના આધારે સમગ્ર તાપી જિલ્લા માટે સામાન્યીકરણ કરી શકાય નહીં.

૨. **ભૌગોલિક વિશિષ્ટતા:** તાપી જિલ્લાના સાત તાલુકાઓમાંથી માત્ર બે તાલુકાઓ (સોનગઢ અને કુકરમુંડા) નો ઉલ્લેખ આવે છે. વ્યારા, વાલોડ, ઉચ્છલ, ડોલવણ અને નિઝર તાલુકાઓ માટે વધુ સંશોધનની જરૂર છે.

૩. **સમયગાળો:** સોનગઢનો મહોત્સવ ૨૦૧૦નો છે – તાજા ઉદાહરણની જરૂર છે. આ અંતર સતત દસ્તાવેજીકરણની જરૂર

દર્શાવે છે.

૪. **ભાષાંતરની ભૂલો:** હલારડા અને રોડલી પાર્ટીના ગુજરાતી અનુવાદમાં સૂક્ષ્મતા ખોવાઈ શકે છે.

આ મર્યાદાઓ હોવા છતાં, આ અભ્યાસ સાબિત કરે છે કે **સમૃદ્ધ મૌખિક પરંપરાઓ ધરાવતા વિસ્તારોમાં પ્રાથમિક ક્ષેત્રીય કાર્ય અને સમુદાય સહભાગ વિના સાચો ઇતિહાસ લખવો શક્ય નથી.**

૯. તારણ :-

આ સંશોધનપત્રે તાપી જિલ્લાના ત્રણ વાસ્તવિક કેસ સ્ટડી દ્વારા સ્પષ્ટ કર્યું છે કે સ્થાનિક ઇતિહાસનું દસ્તાવેજીકરણ સમુદાયની સક્રિય ભાગીદારી વિના અધૂરું રહે છે. જીતેન્દ્ર ગાવળીએ ૧૩૪ હલારડાનું દસ્તાવેજીકરણ કરીને સાબિત કર્યું કે બિન-લિખિત ભાષાઓની મૌખિક પરંપરાઓ ઇતિહાસનો મજબૂત આધાર છે. સોનગઢના મહોત્સવે સમુદાયની પહેલનું મહત્વ દર્શાવ્યું. વાચા સંગ્રહાલય સમુદાય-સંચાલિત સંગ્રહાલયનું ઉત્તમ ઉદાહરણ છે. ઇતિહાસ ફક્ત પુસ્તકોમાં નહીં, પણ આદિવાસી સમુદાયોની યાદો, ગીતો અને સંગ્રહાલયોમાં વસે છે. સીમાઓ તૂટે તો જ ઇતિહાસ સાચો બને.

૧૦. સંદર્ભ સૂચિ :-

૧. *ટાઇમ્સ ઑફ ઇન્ડિયા. (૨૦૨૬, ફેબ્રુઆરી ૩). "Scholar turns tribal tunes into timeless treasures."* Surat News*. https://timesofindia.indiatimes.com/city/surat/scholar-turns-tribal-tunes-into-timeless-treasures/articleshow/127869896.cms*

૨. *ANI News. (૨૦૨૬, ફેબ્રુઆરી ૪). "Scholar Preserves Gujarat's Tribal Soul Through Lullabies." https://www.aninews.in/videos/national/scholar-preserves-gujarats-tribal-soul-through-lullabies/*

૩. *DNA India. (૨૦૧૦, જાન્યુઆરી ૧૭). "Tribal festival rocks Songadh in Tapi district." https://www.dnaindia.com/india/report-tribal-festival-rocks-songadh-in-tapi-district-1335688*

૪. *ભાષા સંશોધન અને પ્રકાશન કેન્દ્ર. (૧૯૯૮-૨૦૨૬). "Vaacha: Museum of Voice – Official Documentation." https://bhasharesearch.org*

૫. *Thompson, E.P. (૧૯૬૬).* The Making of the English Working Class*. Vintage Books.*

૬. *Guha, R. (Ed.) (૧૯૮૨).* Subaltern Studies I: Writings on South Asian History and Society*. Oxford University Press.*

૭. *Vansina, J. (૧૯૮૫).* Oral Tradition as History*. University of Wisconsin Press.*

૮. *Reason, P., & Bradbury, H. (Eds.) (૨૦૦૮).* The SAGE Handbook of Action Research: Participative Inquiry and Practice *(2nd ed.). SAGE Publications.*

૯. Joshi, N. (૨૦૧૦). "Tribal Folk Songs of Gujarat: A Documentation." Gujarat Sahitya Akademi.

૧૦. Government of Gujarat. (૨૦૧૫). Tapi District Gazetteer. Gujarat Government Publications.

૧૧. Gujarati Vishwakosh. (૨૦૧૯). "તાપી (જિલ્લો)." https://gujarativishwakosh.org

૧૨. Government of Gujarat, Tapi District Official Website. (n.d.). "ઇતિહાસ | જિલ્લો તાપી." https://tapi.nic.in/history/

૧૩. Indian Tribal Heritage eJournal. (૨૦૧૬). "Local museums providing space for tribal culture: Vaacha Museum." https://indiantribalheritage.org/?p=23985

સૌરાષ્ટ્ર વિસ્તારમાં મફત સ્ત્રી શિક્ષણમાં નવી શિક્ષણ નીતિ, 2020 અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓના યોગદાન નો અભ્યાસ

પૂનમ નૌતમલાલ પંડિત
પી.એચ.ડી. (રિસર્ચ સ્કૉલર) કાયદા વિભાગ - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી - રાજકોટ ૩૬૦૦૦૧

સારાંશ :-

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૧૯૮૬, રાષ્ટ્રીય શિક્ષણનીતિ – ૧૯૯૨ અને નવી શિક્ષણનીતિ -૨૦૨૦ માં ખાસ નિઃશુલ્ક સ્ત્રીઓના શિક્ષણ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. કન્યાકેળવણીને ધ્યાને રાખીને સરકાર દ્વારા અનેકો યોજનાઓ દ્વારા સ્ત્રીઓને શિક્ષણ માટેની એક નવી દિશા પૂરી પાડવામાં આવી છે. ભારતના સંવિધાનમાં શિક્ષણને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપવામાં આવી છે. ભારતીય પરંપરા મુજબ સ્ત્રીઓને એક શક્તિના રૂપમાં માન આપવામાં આવ્યું છે, પરંતુ હકીકતમાં લાંબા સમયથી સ્ત્રીઓને શિક્ષણથી વંચિત રાખવામાં આવી હતી અનેક સામાજિક, કુરિવાજો, બાળવિવાહ, આર્થિક પરિસ્થિતિ અને પિતૃસત્તાક વિચારસરણી ને કારણે લાંબા સમય સુધી શિક્ષણથી વંચિત રાખવામાં આવી પરંતુ ભારતીય બંધારણમાં ૮૬ માં બંધારણીય સુધારા દ્વારા શિક્ષણને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા મળતા છ થી ચૌદ વર્ષની ઉંમરના દરેક બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ – ૨૦૦૯ નો કાયદો લાગુ પડ્યો. જે સ્ત્રી શિક્ષણ માટે કાનૂની આધારસ્તંભ મજબૂત બન્યો. સ્ત્રી શિક્ષણને વેગ આપવા માટે આંતરરાષ્ટ્રીય સ્તર પર રચનાત્મક યોગદાન રહેલુ છે. ટૂંકમાં એમ કહી શકાય કે આરટીઆઈ – ૨૦૦૯ અને નવી શિક્ષણનીતિની ૨૦૨૦ ઉપરાંત વિવિધ શિષ્યવૃતિની સુવિધાઓ ઉપરાંત વિવિધ સંસ્થાઓ જે કન્યાઓનાં ભવિષ્યને ઉજાગર કરવામાં ખૂબ જ મહત્વની પુરવાર થશે. આ પેપરનો મુખ્ય હેતુ ખાસ ભારતમાં કાનૂની પરિપ્રેક્ષ્યના રૂપમાં સરકારની નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ અને ન્યાયતંત્ર દ્વારા સ્ત્રીઓના શિક્ષણને કેવી રીતે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું તેમજ કન્યાકેળવણી માટેની સરકારની યોજનાઓ અને સંસ્થાઓનું યોગદાન સ્ત્રી શિક્ષણમાં કેટલુ અસરકારક રહેલ છે. આ ઉપરાંત નવી શિક્ષણનીતિના આ નવા મુસદ્દાના મુખ્ય ઉદ્દેશ્યોમાંનો એક ઉદ્દેશ્ય નવી પ્રણાલી બનાવવાનો છે જે ૨૧ મી સદીના શિક્ષણના મહત્વાકાંક્ષી ધ્યેયો સાથે સુસંગત હોય અને મફત સ્ત્રી શિક્ષણમા તે કેટલું અસરકારક તેનો અભ્યાસ કરવાનો ઉદેશ્ય રહેલો છે.

ચાવીરૂપ શબ્દો:-રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦, મફત કાનૂની શિક્ષણ, શૈક્ષણિક સંસ્થાઓ અને સ્ત્રી શિક્ષણ.

પરિચય :-

ભારતીય ન્યાયતંત્રએ ન્યાય વિતરણ પ્રણાલીમાં હંમેશા પારદર્શક, કાર્યક્ષમ તેમજ સંવાદીતાને ધ્યાને રાખીને શિક્ષણનીતિ બાબતે સમાનતાનો દ્રષ્ટિકોણ અપનાવેલ છે. સ્ત્રી શિક્ષણને વેગ આપવા માટે ભારતમાં પહેલેથી જ સરકાર દ્વારા શિક્ષણનીતિઓ ઘડવામાં આવેલ હતી. જેમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦,કન્યાકેળવણીને ધ્યાને લઈને કાનૂની જોગવાઈઓ, યોજનાઓ તેમજ ભારતની આંતરરાષ્ટ્રીય એજન્સીઓ દ્વારા મહત્વનું યોગદાન રહેલ છે. તેમજ ન્યાયતંત્ર દ્વારા શિક્ષણના

કાયદાના ઉલ્લંઘન અને અવરોધરૂપ સમસ્યાઓના ભાગરૂપે અનેક સીમાચિન્હરૂપ ચુકાદાઓ દ્વારા ન્યાયતંત્રે હંમેશા મહત્વની ભૂમિકા ભજવી છે. સંશોધક આ પેપરના માધ્યમ દ્વારા મફત શિક્ષણની ન્યાયિક સુધારણાને આગળ વધારવા, સરકારની નીતિઓનો અભ્યાસ કરવાનો તેમજ કન્યાકેળવણી માટેના કાર્યરત સંસ્થાઓના યોગદાન અને કાયદાઓને વધુ મજબૂત બનાવવાનો સંશોધકનો ઉદેશ્ય રહેલ છે.

અભ્યાસના મુખ્ય ઉદેશ્યો :-

૧. ભારતમાં મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ ૨૦૦૯ કાયદાનો અભ્યાસ કરવો.

૨. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ અને સરકારની નીતિઓનો અભ્યાસ કરવો.

૩. મફત સ્ત્રી શિક્ષણ માટે સહાયરૂપ સંસ્થાઓનો અભ્યાસ કરવો.

૪. સ્ત્રી શિક્ષણ ને લગતી વિવિધ જોગવાઈઓનો અભ્યાસ કરવો.

૫. સ્ત્રી શિક્ષણને વધુ અસરકારક બનાવવા માટે સૂચનો આપવાનો હેતુ.

અભ્યાસની મુખ્ય પધ્ધતિ :- આ સંશોધન માટેની પધ્ધતિ સૈધ્ધાંતિક પધ્ધતિ પર આધારિત છે. જેમાં વિવિધ સંશાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૧. ભારતીય બંધારણ અને તેની જોગવાઈઓ.

૨. શિક્ષણનો મહત્વનો કાયદો, આરટીઈ - ૨૦૦૯

૩.રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ તેમજ સરકારની અન્ય નીતિઓ અને વિવિધ જોગવાઈઓ

૪.રિસર્ચ પેપર, જર્નલ્સ, ન્યૂઝ પેપર અને સરકારી અહેવાલોનો અભ્યાસ.

મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ 2009 પરિચય:-

મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ 2009 ના કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય 6 થી 14 વર્ષની ઉંમરના તમામ બાળકો માટે મફત શિક્ષણ પૂરું પાડવાનું મુખ્ય ઉદ્દેશ્ય રહેલ છે આ જોગવાઈ બંધારણના અનુચ્છેદ 21 એ હેઠળ મેળવેલ મૂળભૂત અધિકારના અમલમાં મુકવા માટે રચવામાં આવેલ છે કોઈપણ બાળક પ્રાથમિક શિક્ષણથી પણ વંચિત ન રહે ઉપરાંત ગુણવત્તા યુક્ત અને સમાન શિક્ષણ મળી રહે તે ઉદેશ્ય સાથે પ્રાથમિક શિક્ષણ સંપૂર્ણપણે મફત આપવામાં આવેલ છે આ ઉપરાંત આ જોગવાઈ ને આધીન સમાનતા અને ન્યાયને વધુને વધુ સહિત કરવા માટે ખાનગી શાળામાં ૨૫% સીટ અનામત રાખવામાં આવેલ છે ખાસ કરીને આ જોગવાઈમાં વિદ્યાર્થી અને શિક્ષક ગુણોતર પણ નિર્ધારિત કરવામાં આવેલ છે જે ખાસ દીકરીના શિક્ષણના વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા પૂરી પાડે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 નો પરિચય:-

નવી શિક્ષણનીતિ -૨૦૨૦ એ ડૉ. કે. કસ્તુરીરંગનની અધ્યક્ષતા હેઠળ તૈયાર કરવામાં આવી જેનો ઉદેશ્ય ક્રમિક શિક્ષણ ગુણાત્મક તેમજ કન્યાઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે વિવિધ જોગવાઈઓ કરવામાં આવી છે. જેમાં બેટી બચાવો, બેટી પઢાવો જેવી અનેક વિશેષ યોજનાઓ માટે વધુને વધુ સ્કોલરશીપ માટેની વ્યવસ્થા તેમજ આ શિક્ષણ નીતિમાં સરકાર દ્વારા કન્યા કેળવણીને ધ્યાને લઈને જે બંધારણીય જોગવાઈઓ બનાવી છે તે કન્યાઓનાં ભવિષ્યને ઉજાગર કરવામાં ખૂબ જ

ઉપયોગી બની રહેશે નવી શિક્ષણનીતિ ૨૦૨૦ જે ભારતમાં શિક્ષણની વ્યવસ્થામાં સુધારા માટેનું ખૂબ જ મહત્વનું દિશા સૂચક પહેલ ગણાવી શકાય.જેનો મુખ્ય ઉદ્દેશ્ય ગુણવત્તા સભર શિક્ષણ પૂરું પાડવાનું જેમાં ખાસ કરીને દીકરીઓના શિક્ષણ માટે વિવિધ પગલાઓ લેવામાં આવેલ છે જેમ કે શાળામાં દીકરીઓની હાજરીપ્ત કરવી સુરક્ષિત વાતાવરણ સામાન્ય સુવિધાઓ અને બુદ્ધિ કૌશલ્ય આધારે શિક્ષણ પર ખાસ ભાર મૂકવામાં આવેલ છે

૪૨મા સુધારા પહેલા "શિક્ષણ" રાજ્યનો વિષય હતો અને જે ફક્ત રાજ્યને જ કાયદો બનાવવાનો અધિકાર હતો, જે ખાસ મહત્વનું છે અને ફક્ત રાજ્યને જ કાયદો ઘડવાનો અધિકાર હતો. દરેક દેશનો પ્રગતિશીલ વિકાસ તેની શિક્ષણ પ્રણાલી પર આધાર રાખે છે, તેથી શિક્ષણના વિષયને ૪૨ સુધારા દ્વારા સમવર્તી યાદીમાં સમાવવામાં આવ્યો જેથી હવે કેન્દ્ર સરકાર પણ શિક્ષણ પર કાયદો ઘડી શકે છે. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ વ્યાપક બહુ-શાખાકીય અભિગમો સાથે કાનૂની શિક્ષણને સંકલિત કરવા માટે એક નવી દિશા રજૂ કરી.૧૯૪૭માં સ્વતંત્રતા મળ્યા પછી, ભારતે એક સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાકની માંગણીઓને પૂર્ણ કરવા માટે તેની કાનૂની શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવાની યાત્રા શરૂ કરી. મુખ્ય ધ્યાન એક એવું કાનૂની માળખું બનાવવા પર હતું જે બંધારણીય મૂલ્યોને સમર્થન આપે અને ઝડપથી વિકસતા વૈવિધ્યસભર સમાજની જરૂરિયાતોને પૂર્ણ કરે. નવી શિક્ષણ નીતિ -૨૦૨૦ એ વ્યાપક બહુ-શાખાકીય અભિગમો સાથે કાનૂની શિક્ષણને સંકલિત કરવા માટે એક નવી દિશા પૂરી પાડી છે.

ભારતીય બંધારણમાં કન્યાઓનાં શિક્ષણ માટેની જોગવાઈઓ :-

૧. અનુચ્છેદ -૧૪ સમાનતાનો અધિકાર જેમાં છોકરીઓને છોકરાઓની જેમ જ શિક્ષણનો અધિકાર મળવો જોઈએ તેવી જોગવાઈ કરવામાં આવી છે.

૨. અનુચ્છેદ -૧૫(૩) :- જેમાં રાજ્ય મહિલાઓ તેમજ બાળકો માટે ખાસ જોગવાઈ રચી શકશે.

૩. અનુચ્છેદ -૨૧(એ) :- ૬ થી ૧૪ વર્ષ સુધીના તમામ બાળકો જેમાં છોકરાઓ અને છોકરીઓ માટે મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ.

૪.અનુચ્છેદ - ૪૧ નિશ્ચિત કેસોમાં શિક્ષણ મેળવવા, બેકારી, વૃધ્ધાવસ્થા, બીમારી, જાહેર મદદ મળી રહે એ રીતે અસરકારક જોગવાઈઓનો અધિકાર આપે છે.

૫. અનુચ્છેદ -૪૫ રાજ્ય ૬ વર્ષ સુધીના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરશે.

૬. અનુચ્છેદ - ૪૬ અનુસૂચિત જાતિ, અનુચુસિત જનજાતિ, મહિલાઓ ના હિતો માટે મહત્વની જોગવાઈ.

મફત સ્ત્રી શિક્ષણ માટે આંતરરાષ્ટ્રીય એજન્સીઓ અને સંસ્થાઓનું યોગદાન :-

૧. **યુનો (સંયુક્ત રાષ્ટ્ર સંગઠન) :-** સંયુક્ત રાષ્ટ્ર સંગઠનનું શિક્ષણ ક્ષેત્રે મહત્વનું યોગદાન રહેલ છે. દરેક વ્યકિતને ગુણવત્તાયુક્ત અને સમાન શિક્ષણ મળી રહે એ તેનો હેતુ રહેલો છે. લિંગભેદ, જાતિ, ધર્મ, દેશ કે આર્થિક પરિસ્થિતિ ને લીધે કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહેવું જોઈએ. યુનોએ શિક્ષણને એક મૂળભૂત અધિકાર તરીકે જાહેર કર્યું અને તેનું માનવું છે કે, જો દરેકને સમાન શિક્ષણ મળે તો વિશ્વમાં સમજણ, શાંતિ, આર્થિક વિકાસ દ્વારા દેશનો અને રાષ્ટ્રનો વિકાસ સાધી શકાય જેથી છોકરાઓ અને છોકરીઓ માટે સમાન શિક્ષણને પ્રોત્સાહિત કરવામાં યુનો દ્વારા મહત્વની ભૂમિકા ભજવી છે. ભારતમાં સમાવેશકતાને

પ્રોત્સાહન આપીને સ્ત્રી શિક્ષણનો સમાવેશી વિકાસ કરવા માટે યુનોએ નીચેની બાબતો પર ધ્યાન કેન્દ્રિત થયું છે. ૧.૧ સ્ત્રીઓની નિર્ણયોમાં સંપૂર્ણ ભાગીદારી માત્ર કહેવાની નહિ પરંતુ વાસ્તવિક ભાગીદારી.

૧.૨ મહિલા સશક્તિકરણ - જે સ્ત્રીઓ નિર્ણયો લેવાની તાકાત નથી ધરાવતા તે સમાનતા ન મેળવી શકે. આ વાત મજૂરો, દલિતો, આદિવાસીઓને પણ એટલી જ લાગુ પડે છે.

૧.૩ રમતોમાં ભાગીદારી - રમત ક્ષેત્રમાં મહિલાઓ હજી ઓછી જોવા મળે છે. તેમના નિયમો અને રમતો માટેનું આર્થિક ઉપાંજન પણ ભેદભાવ ભર્યા હોય છે.

૧.૪ મહિલાઓની જરૂરિયાત મુજબ મકાન સગવડો, ફર્નિચરો, રચના મહિલાઓની જરૂર મુજબનથી હોતા જે પુરુષોની વિચારસરણી મુજબ નિર્ણયો લેવાય છે.

૧.૫ મહિલાઓને કામ અને વિકાસની તકો ૨૦૨૩ ના આંકડા પરથી જણાય છે કે, માત્ર ૩૭% જ મહિલા ભાગીદારી છે. જે ૫૦ % હોવી જોઈએ. મહિલાઓનો વિકાસ માત્ર વિવિધ પ્રકારના કાર્યક્રમો કે મહિલા દિવસની ઉજવણી માત્રથી શક્ય ન બની શકે. તેના અમલ માટેના અથાગ પ્રયત્નો પણ કરવા જરૂરી બને છે.

૨. યુનિસેફ (સંયુક્ત રાષ્ટ્ર બાળ નિધિ) :- આ સંસ્થાનું મુખ્ય કાર્ય વિશ્વભરના બાળકોના શિક્ષણ, પોષણ, આરોગ્ય અને અધિકારોની સુરક્ષા માટે કાયમી છે. આ સંસ્થા બધા જ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવામાં સહાયરૂપ બને છે. યુનિસેફ ખાસ બાળકોના શિક્ષણને પૂરું પાડવા માટે વાલીઓને માર્ગદર્શન, યુવાનોને તેમના ભવિષ્યના નિર્ણયોના વિકાસમાં તેમજ જે છોકરીઓ અને છોકરાઓને અધવચ્ચેથી પ્રાથમિક શિક્ષણ છોડી દીધું છે તેવા બાળકોને શિક્ષણ પૂરું પાડવામાં મદદરૂપ બને છે. ટૂંકમાં યુનિસેફનો ઉદેશ્ય શિક્ષણના માધ્યમ દ્વારા ખાસ કન્યાઓનો બૌધ્ધિક, સામાજિક, નૈતિકતાનો જન્મથી જ વિકાસ સાધવાનો ઉદેશ્ય રહેલો છે.

૩. યુનિસકો (સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા) :- આ સંસ્થાનો ઉદેશ્ય શિક્ષણ, વિજ્ઞાન, રાષ્ટ્રો વચ્ચે સહયોગ અને પ્રોત્સાહન આપી ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવું અને આજીવન શિક્ષણનો વધુમાં વધુ વિકાસ કરવાનો ઉદેશ્ય રહેલો છે.

મફત સ્ત્રી શિક્ષણ અંગેના કાયદાઓ અને યોજનાઓ સામેના પડકારો :-

૧. શિક્ષણની ઘટતી ગુણવત્તા દેશનો હાલના સમયનો મોટો પડકાર.

૨. નમો લક્ષ્મી – સરસ્વતી સ્કોલરશીપમાં અન્ય રાજ્યના વિદ્યાર્થીઓને અન્યાયની ફરિયાદ.

૩. આંગણવાડીઓની કથળેલી સ્થિતિ કેગના રિપોર્ટમાં ખુલ્લી પડી, ૧,૨૯૯ આંગણવાડીમાં શૌચાલય, ૧,૦૩૨ માં તો પીવાનું પાણી જ નહીં.

૪. આર.ટી.ઈ. માં બેઠક ઘટાડી ૬૫ કરોડ બચાવી હજારો ગરીબ બાળકોને પ્રવેશથી વંચિત રાખવાનો આરોપ.

૫. વિદ્યાર્થીઓની જાતિ સહિતની વિગતો હોવા છતાં નવા ફતવાથી સ્કોલરશીપ માટે વલોપાત.

૬. સરકારી સ્કૂલોને બે વર્ષ પહેલા સ્પોર્ટ્સના સાધનોની ગ્રાન્ટ આવી, હવે સાધનો અપાશે.

૭. મદરેસામાં શિક્ષણ માટે યોગ્ય વાતાવરણ નથી. આર.ટી.ઈ.એક્ટની વિરુધ્ધ–રાષ્ટ્રિય બાલ અધિકાર સંસ્થાન આયોગ (એનસીપીસીઆર).

૮. સરકારી શાળામાં કોમ્પ્યૂટર લેબ, સ્માર્ટ ક્લાસ માટે ગુજરાતને સૌથી ઓછું ફંડ.

૯. પુસ્તક અને સ્ટેશનરી માટે વાલીઓને દબાણ કરતાં વધુ ત્રણ સ્કૂલને નોટિસ.

૧૦. સ્કૂલોની ફીમાં વધારો પણ આર.ટી.ઈ. ના ગરીબ બાળકોની સહાયમાં ૧૨ વર્ષે પણ વધારો નહીં.

૧૧ જેતપુરમાં આર.ટી.ઈ.ના વિદ્યાર્થીઓને અલગ વર્ગખંડમાં બેસાડતા ભેદભાવ સામે રોષ.

સંશોધક દ્વારા સમચારપત્રક ના માધ્યમ દ્વારા મફત શિક્ષણ સામેના વિવિધ પડકારોને શોધી ઉજાગર કર્યા છે

નિષ્કર્ષ:-

ભારતમાં મફત સ્ત્રી શિક્ષણનો કાનૂની માન્યતા આપવામાં આવી છે. તેમજ કન્યા કેળવણીના વિકાસ માટે બંધારણીય જોગવાઈઓ, આરટીઈ – ૨૦૦૯ અને યોજનાઓ દ્વારા શિક્ષણને પ્રોત્સાહન આપવામાં અને કાનૂની માળખું મજબૂત કરવામાં સરકાર દ્વારા યોગ્ય પ્રયત્નો કરવામાં આવ્યા છે. તેમજ ભારતમાં બાળકોને યોગ્ય વાતાવરણમાં ગુણવત્તાયુક્ત તેમજ બાળ કેન્દ્રિત શિક્ષણ મળે તે સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ – ૨૦૦૯ અમલમાં મૂકવામાં આવ્યો. ઉપરાંત કન્યા કેળવણીને ધ્યાને રાખીને સરકાર દ્વારા અનેક યોજનાઓ તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે રચનાત્મક અને ગુણવત્તાયુક્ત પગલાઓ સરકાર દ્વારા લેવામાં આવ્યા છે, પરંતુ કહેવાતા શિક્ષણવિધ્ધો દ્વારા વારંવાર નીતિ નિયમોનું ઉલ્લંઘન થતું જોવા મળે છે. હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા કેન્દ્ર અને રાજ્ય સરકાર સંયુક્ત ઉપક્રમે મૂળભૂત અધિકારો બાબતે વાલીઓને, શિક્ષકો, સમુદાયના નેતાઓ અને સમાજને સામૂહિક રીતે સામેલ કરી સંયુક્ત ઉપક્રમે કાયદાની યોગ્ય અમલવારી થઈ શકે તો જ કન્યા કેળવણીનું સ્વપ્ન સાકાર બનશે. ગુણવત્તાયુક્ત શિક્ષણના અભાવ માટે માત્ર સરકારની નીતિઓને દોષિત ન ઠેરવી શકાય, પરંતુ વ્યક્તિને પોતાના કાર્યોનું મૂલ્યાંકન કરવાની ખાસ જરૂરિયાત રહેલ છે. સંશોધન પરથી એ સ્પષ્ટ થાય છે કે, ભારતીય સંવિધાનમાં સ્ત્રી શિક્ષણ માટે કાયદાઓ, યોજનાઓ, શૈક્ષણિક સંસ્થાઓનું યોગદાન રહેલ છે છે,પરંતુ યોગ્ય કડક નીતિ નિયમોના અભાવે કહેવાતા શિક્ષણવિધ્ધો દ્વારા કાયદાનું વારંવાર ઉલ્લંઘન થતું રહે છે. માત્ર શિક્ષણનો કાયદાકીય અધિકાર આપવાથી સરકારની જવાબદારીઓ પૂર્ણ થતી નથી, પરંતુ સાથે સાથે સુરક્ષા, વ્યવસ્થાનું પણ સંપૂર્ણ ધ્યાન આપવું તે પણ સરકારની પહેલી જવાબદારી બની રહે છે. કોઈપણ માતા-પિતા પોતાની દીકરીને એવી શાળાઓમા ક્યારેય પણ નહીં બેસાડે કે ત્યાં સામાન્ય સુવિધાઓ, યોગ્ય વાતાવરણ અને ગુણવત્તાયુક્ત શિક્ષણનો અભાવ રહેલ હોય. આવી પરિસ્થિતિમાં સરકાર દ્વારા વધુ કડક નિયમો બનાવવાની અને તેની અમલવારી બાબતે યોગ્ય પગલા લેવાની પણ ખાસ જરૂરિયાત રહેલ છ

સંદર્ભો :-

કુમાર નિસાર અને શેરગુગરી, સિરાજ અહમદ ૨૦૨૦ ગ્વાલિયર સિટી એમપી માં વિદ્યાર્થી શિક્ષણ ગુણોત્તર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિશેષ સંદર્ભ સાથે આરટીઈ એક્ટ – ૨૦૦૯ પરનો અભ્યાસ ઈન્ટરનેશનલ જર્નલ ઓફ એડવાન્સ રિસર્ચ ઈન સાયન્સ કોમ્યુનીકેશન એન્ડ ટેકનોલોજી – ૨૫૫- ૨૬૦ ૧૦.૨૮૧૧૭૫/ijarsct-૨૬૬૦

સંજુકતા સાહુ (૨૦૧૬) 'ભારતમાં કન્યા શિક્ષણ : સ્થિતિ અને પડકારો" જુલાઈ ૨૦૧૬૬(૭) : ૧૩૦-૧૪૧ ISSN(0)-2249-7382 (https://www.reserchgate.net>sanjukta-sahoo)

શેરગુગરી, સિરાજ અહમદ અને કુમાર નિસાર અને દારસિરાજ ૨૦૨૧ એમ. પી. ગ્વાલિયર શહેરમાં સરકારી અને ખાનગી માધ્યમિક સ્કૂલના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધીઓનો તુલનાત્મક અભ્યાસ. "ઈન્ટરનેશનલ જર્નલ –187-139.10.48/75/ IJARCT-809

હરિહર નાગ અને લક્ષ્મણ મહેર ૨૦૨૧ (IJCRT) ISSN-2320-2882(www.ijcrt.org(c)2021)

ડૉ. દુર્ગાદાસ બાસુ ભારતીય બંધારણનો પરિચય –ISBN NO. 978-93-51-43-704-8 પ્રકાશક લેક્ષિસનેકક્ષીસ ગૌરેગાંવ

Minitry of education Government of India – Constitution (Eighty six Amendment) act 2002 PDF

પ્રો. કલ્પેશ દત્તાણી, ડૉ રાહુલ કે. દીવાન "શિક્ષણ અને સંશોધન અભિયોગ્યતા" અક્ષર પબ્લિકેશન ISBN NO. 978-81-927312-4-7 અમદાવાદ.

સંદેશ સમાચારપત્રક તા: ૨૬/૦૪/૨૦૨૪ પૃષ્ઠ નં. ૦ ૫

સંદેશ સમાચારપત્રક તા: ૦૬/૦૬/૨૦૨૪ પૃષ્ઠ નં. ૦૪

સંદેશ સમાચારપત્રક તા: ૦૮/૦૬/૨૦૨૪ પૃષ્ઠ નં. ૦૨

સંદેશ સમાચારપત્રક તા: ૦૭/૦૮/૨૦૨૪ પૃષ્ઠ નં. ૦૪

સંદેશ સમાચારપત્રક તા: ૧૨/૦૯/૨૦૨૪ પૃષ્ઠ નં. ૧૫

સંદેશ સમાચારપત્રક તા: ૧૮/૦૯/૨૦૨૪ પૃષ્ઠ નં. ૧૩

સંદેશ સમાચારપત્રક તા: ૨૩/૦૯/૨૦૨૪ પૃષ્ઠ નં. ૧૨

સંદેશ સમાચારપત્રક તા: ૦૧/૧૧/૨૦૨૪ પૃષ્ઠ નં. ૦૪

સંદેશ સમાચારપત્રક તા: ૦૮/૦૨/૨૦૨૫ પૃષ્ઠ નં. ૦૨

સંદેશ સમાચારપત્રક તા: ૨૯/૦૩/૨૦૨૫ પૃષ્ઠ નં. ૦૨

સંદેશ સમાચારપત્રક તા: ૨૩/૦૫/૨૦૨૫ પૃષ્ઠ નં. ૧૪

સંદેશ સમાચારપત્રક તા: ૦૭/૧૧/૨૦૨૫ પૃષ્ઠ નં. ૧૦

મહાભારતનાં – નૈષધચરિતમાં નલોપાખ્યાન

પ્રા. ડૉ. જિગીષાબહેન એન. પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર, અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સુરત

"धर्मे चार्थे च कामे च मोक्षे च भरतर्षभ।
यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित्।।"

પ્રસ્તાવના:

રામાયણ અને મહાભારત પ્રાચીનકાળથી ભારતના સન્માનીય ગ્રંથો રહ્યા છે. તેમાં ભારતનું અનશ્વર સ્વરૂપ ઝીલાયું છે અને એટલે જ તો આબાલવૃદ્ધને પોતાનો આદર્શ તેમાંથી મળી રહે છે. અનેક સંસ્કૃતિઓના આક્રમણ દરમ્યાન ઝાંખા પડતાં જતાં ભારતવાસીઓના ખોવાઈ ગયેલા ચહેરાનું વિશુદ્ધ સ્વરૂપ આ ગ્રંથમાંથી મળી શકે છે. મહાભારત તો એવો મહાસાગર છે જેમાં અસંખ્ય જ્ઞાન સરિતાઓ મળીને એક થઈ છે જે સ્વાભાવિક રીતે માનવું પડે છે. મહાભારત એક મોટા રાષ્ટ્રનું જ્ઞાન સર્વસ્વ હોવાના કારણે તે આર્ષકાવ્ય પણ છે. ઈતિહાસ, પુરાણ, મહાકાવ્ય અને ધર્મગ્રંથ પણ છે. તે ભારતની ઉજ્જવલ જ્ઞાન પરંપરાનું એકમાત્ર અમર સ્મારક છે. જેમાં વૈદિક અને લૌકિક બંને યુગોના પ્રતિનિધિના મનસ્વીઓના હસ્તાક્ષરની છાપ જોઈ શકાય છે.

આદિપર્વના પ્રથમ અધ્યાયના ૨૦૯ શ્લોક મુજબ આ ગ્રંથ મોટો મહત્વપૂર્ણ હોવાથી તેને "મહાભારત" કહેવાય છે. જેના જુદા જુદા ભાગોને "પર્વ" કહેવાય છે. મહાભારતના ૧૮ પર્વ છે. જેમાં કૌરવો-પાંડવોના યુદ્ધના પ્રસંગની આજુબાજુ આ પ્રસંગને સીધી રીતે સંબધિત હોય કે ન હોય એવી અનેક કથાઓ નિરૂપવામાં આવી છે.

મહાભારતે પછીના પ્રજાજીવન ઉપર મોટી અસર કરી છે. એટલે સ્વાભાવિક રીતે જ મહાભારતના સમય પછી થઈ ગયેલા સંસ્કૃત ભાષાના તેમજ અન્ય ભારતીય ભાષાઓના સર્જકો ઉપર એની અસર હોય તે અનેક કાવ્યો, મહાકાવ્યો, નાટકો અને કથાકૃતિઓની જન્મદાત્રી છે. મહાભારત એ તો કથાનો સાગર છે. સર્જક જેવુ ઈચ્છે તેવું કથાવસ્તુ અને નાયક તેમાંથી મળી રહે છે.

પ્રસ્તુત લેખમાં મહાભારતમાં વનપર્વ (મહાભારત – અધ્યાય ૫૨ થી ૭૯) માં છે. મત્સ્ય પુરાણમાં એશ્વાકૂ વંશના વર્ણનમાં વીરસેનના પુત્ર નૈષધ નો એક માત્ર ઉલ્લેખ છે. સ્કંદ પુરાણમાં નળે કરેલા દમયંતિના ત્યાગનો ઉલ્લેખ છે. તો લિંગ પુરાણ નળ અને ઋતુપાર્ણની મિત્રતાનો ઉલ્લેખ કરે છે. કર્મ પુરાણ અને અગ્નિપુરાણ નળ રાજાને ઉલ્લેખે છે. નલોપાખ્યાનનું મૂળ શતપથ બ્રાહ્મણમાં નૈષેધ નળ તરીકે છે. બૃહદકથામાં નલોપાખ્યાનને આવરી લીધું હશે. તેથી ક્ષેમેન્દ્ર બૃહદકથા મજરીમાં નળકથા આલેખે છે, પણ આ કથામાં નળના લોકપાલોના દૂતત્વનો ઉલ્લેખ નથી કેવળ વિવાહ સુધીની કથાનો ઉલ્લેખ છે. સોમદેવે કથા સરિતસાગરમાં અલંકારવતી લંબકમાં આ કથા વિસ્તારથી આપી છે. સંસ્કૃત સાહિત્યમાં ક્ષેમીશ્વરનું નૈષધાનંદ, હર્ષનું નૈષધચરિત, વૃંદાહરું ભટ્ટનું ઉત્તર નૈષદ, રવિવર્માનું કલ્યાણ નૈષધ, કોઈ અનામી કવિનું નૈષધસાર, નદનંદનનું પ્રતિનૈષધ, વેકંટરંગનાથનું મંજુલ નૈષધનાટક, રાજાશાસ્ત્રીનું ભૈમીપરિણય, જીવબુધ્ધનું નલાનંદ, રામચંદ્રનું નલવિલાસ, નિલકંઠનું નલચરિત, સુંદર્શનાચાર્યનું અનધ નલચરિત, મહાનાયક રંગનાથનું દમયંતિ કલ્યાણ વગેરે કૃતિઓ સાહિત્ય ઉપર નલકથાનો પ્રભાવ બતાવે છે.

નલોપાખ્યાનની જાણીતી કથામાં નલ – દમયંતિ પરસ્પર ગુણો સાંભળી આકર્ષાય છે. નળનો ઉધાન વિહાર અને હંસ મંડળીમાંથી હંસને પકડવો અને હંસે દમયંતિ પાસે નળના સૌંદર્યના વર્ણની આપેલી ખાત્રી પછી હંસનું કુંડીનપૂર ગમન, ઉધાન વિહાર કરતી દમયંતિની સખીઓ દ્વારા હંસને પકડવો અને હંસ દ્વારા દમયંતિ સમક્ષ હંસનું સુંદર વર્ણન બંને વચ્ચેના અનુરાગને દ્રઢ કરે છે. મહાભારતના આ પ્રસંગને નૈષધચરિતમાં પણ આલેખાયેલ છે. પણ વનગમનનું કરણ – વનવિહાર નૈષધચરિતમાં છે,

જ્યારે નલચંપૂમાં રાજા નળનું વનગમનનું કારણ વનમાં પ્રવેશેલા ઉદંડ સુકરની શિક્ષા કરવાનું છે. નૈષધચરિતમાં રાજા નળનો વનવિહાર કામાવાસને છુપાવવાનો છે. નૈષધચરિતમાં સુકરવધ કે પતિકની મુલાકાતના પ્રસંગ નથી. કિન્નર યુગલના ગીતથી નલની ઉત્કંઠા હળવી થાય છે. નૈષધચરિતમાં વન દર્શનથી નળની દમયંતિમાં ઉત્કંઠા વધે છે.

હંસ પ્રસંગમાં નળચંપૂમાં હંસ દેવી વાણી બોલે છે અને નળના હાથમાં આવેલો હંસ નળ રાજાને પોતાને મુક્ત કરવા કરુણાભરી વિનંતી કરે છે. તે કહે છે કે હું મારી માતાનો એકનો એક પુત્ર છું. મારી માતા અતિ વૃદ્ધ છે, તેની પત્નીને તાજી પ્રસૂતિ થયેલી છે તેના બચ્ચા ઘણા નાનાં છે. તે તેમના જીવનનો એકમાત્ર આધાર છે. તેના મૃત્યુ પછી માતા પત્ની અને સંતાનોનું શું થશે? કોની પાસે તે આહાર માંગશે? તેઓ ભૂખે મરી જશે. આવી કરુણાભરી વેદનાથી નળે હંસને મુક્ત કર્યો. તેની પત્ની હંસી અને હંસમિત્રોને મળી તે પાછો આવ્યો અને તેણે નળને કહ્યું કે. પોતે દમયંતિ સમક્ષ નળનું વર્ણન કરી, તેને અનુરાગિણી બનાવશે. નૈષધચરિતમાં જોતાં હંસને કુંડીનપૂરમાં જળ ભરીને આવતી નારીઓ ના શુકન થાય છે, જે કાર્યસિદ્ધ સૂચવે છે. દમયંતિ સમક્ષ સખીઓ દ્વારા લાવવામાં આવતા નળની પ્રશંસા કરતાં દમયંતિ નળને પોતાનો પતિ બતાવવા હંસને વિનંતી કરે છે. હંસે આવી નળ રાજાને પોતના સફળ કાર્યોની જાણ કરી વિદાય લીધી.

નલચંપૂમાં આ પ્રસંગને વિસ્તારથી નિરૂપવામાં આવ્યો છે સુકરવધના નિમિતે ગયેલા નળને હંસની મુલાકાત – સરોવરમાંથી નળને પકડતાં હંસે રાજાની પ્રસંશા કરવા માંડી. રાજાએ વિચાર્યું કે મનુષ્યની ઉપસ્થિતિમાં તેનું શું ધૈર્ય છે? તેની મધુરવાણી, ઈચ્છા અને શાપને લીધે હંસયોનિમાં જન્મેલો કોઈ મુનિ જ લાગ્યો. હંસે રાજાને કહ્યું, "હંસ તો મુનિ જેવા છે." તેને બંધાય ખરા?

"હે કામદેવ તુલ્ય રાજા જે એકાંતમાં રહે છે, જેણે હાર અને અંલકાર, આભૂષણો ત્યજવા છે તેવા યોગ આચરનાર મોક્ષને યોગ્ય આત્માને બંધનમાં નખાય તેમ મોતીના હાર જેવી પાંખોવાળા તથા પાણીની નજીકમાં જે વૃક્ષ ઉપર વસે છે અને જે છોડી દેવા લાયક છે, તે હંસને પણ શું આપે બંધનમાં નાખવો જોઈએ ખરો?

સંપૂર્ણ સંસારની સંગતિથી દૂર થઈ વૈરાગ્ય પદે બિરાજેલ સંસારમાં આલંબન આશક્તિ ધરાવનાર આત્માને ન બંધાય. તેમ લોકવસતિમાં નહિ રહેતા પક્ષીઓના આધારરૂપ સરોવરના પાણી સાથે સબંધ ધરાવનાર હંસ કે જેને કમળવન પ્રિય છે તેને ક્યાંય પણ બાંધી શકાય ખરા?

રાજાએ હંસ અને હંસીને કહ્યું કે પોતાની પાંખોથી જળને ક્ષુબ્ધ કરે છે અને અનેક સાથે વિહાર કરનાર હોવાથી તેને કેદ કરવો જોઈએ.

હે હંસી, વધુ તો શું કહું? જે અહંકારી પોતાના પક્ષનો અનેક પ્રકારે નાશ કરે છે, અનેક સ્ત્રીઓ સાથે વિહાર કરવાની આદત ધરાવે છે તથા અનેકનો નાશ માટે ભાલા જેવો છે તેને શું બંધનમાં ન નાંખવો જોઈએ? વસ્તુ હે હંસી વધુ તો શું કહું? હમેંશા સુંદર કમળો પાસે ગયેલો, જે અનેકવાર પાંખો ફફડાવે છે તથા ખેતરોમાં વિહાર કરવા ટેવાયેલા છે તે પક્ષીને કેમ બાંધવામાં ન આવે? વળી રાજાએ શ્લિષ્ટ શબ્દોમાં મૃણાલિકાનો હંસ બળપૂર્વક વિનાશ કર્યો હોવાનું જણાવી હંસીને કહ્યું કે તું સદવંશમાં જન્મેલી છે તેણે તારી ઉપેક્ષા કરી છે. "આ ધૂર્ત છે" વેર વચનોથી હંસીને ઉશ્કેરતા હંસે કહ્યું કે, આ તો મારુ હૃદય છે, ઉચ્છવાસ છે, પ્રાણ છે આ મારી પત્ની તો કોઈનેય માટે પણ દુર્લભ છે.

તેણે કહ્યું કે આવો ખોટો કલહ કરવો નહિ. હું તમને પ્રેમ પ્રપંચના નાટકના નાયક બનાવીશ. આકાશવાણીએ રાજાને હંસને છોડી મૂકવા આદેશ આપ્યો. કારણ કે, હંસ દમયંતિને લોભવવામાં દુત બનશે.

હંસ નળની પાસેથી દમયંતિ પાસે ગયો. મહાભારત કે નૈષધચરિતની કથા પ્રમાણે દમયંતિ પાસે ગયો અને બંનેને પરસ્પર અનુરાગી બનાવ્યા. પ્રસન્ન થયેલી દમયંતિએ પોતાના ગળામાંથી માળા ઉતારી તેની બેવડી શેર કરી હંસને પહેરાવી. હંસે આવી નળરાજા સમક્ષ આ સફળ કાર્ય જણાવી, પોતાના ગળામાં બેવડી કરેલી પહેરેલી માળાનું રહસ્ય સ્પષ્ટ કરતાં તેણે જણાવ્યું કે પોતે એકલી છે, નળ સાથે જોડી તેને પણ યુગલ રૂપમાં પરિવર્તિત કરે.

મહાભારતની કથામાં હંસ પ્રસંગ એક સામાન્ય ઘટના છે. નૈષધચરિતમાં તેને લાગણીસભર પ્રસંગ બનાવ્યો છે. નળચંપૂમાં ભાવ અને ચમતકૃતિનો સુંદર સમન્વયભર્યો છે તે એની વિશિષ્ટતા છે.

પીએમ-કિસાન સમ્માન નિધિ યોજનાનું હપ્તાવાર વલણ આધારિત વિશ્લેષણાત્મક અભ્યાસ: ગુજરાત રાજ્ય અને આણંદ જિલ્લાના સંદર્ભમાં (2019–2023)

JYOTI M. PARMAR
PH.D. RESEARCH SCHOLAR, DEPARTMENT OF ECONOMICS, SHRI GOVIND GURU UNIVERSITY, GODHRA
DR. ASHOK B. TRIVEDI
(PROFESSOR AND HEAD) DEPARTMENT OF ECONOMICS, SHRI GOVIND GURU UNIVERSITY, GODHRA

સારાંશ:

પ્રસ્તુત અભ્યાસમાં પીએમ-કિસાન સમ્માન નિધિ યોજનાના પ્રથમ 14 હપ્તાઓ (2019–2023) દરમિયાન ગુજરાત રાજ્ય અને વિશેષ કરીને આણંદ જિલ્લાના આર્થિક વલણનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસ માટે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા પ્રકાશિત દ્વિતીયક આંકડાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વર્ણનાત્મક અને તુલનાત્મક વિશ્લેષણ પદ્ધતિ દ્વારા લાભાર્થીઓની સંખ્યા અને નાણાકીય વિતરણમાં થયેલા ફેરફારોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. પરિણામો દર્શાવે છે કે યોજનાના પ્રારંભિક તબક્કામાં લાભાર્થીઓની સંખ્યામાં 158% વૃદ્ધિમાં નોંધપાત્ર વધારો થયો હતો, જે યોજનાના વ્યાપક વિસ્તરણ અને અસરકારક અમલીકરણનો સંકેત આપે છે. જોકે, બાદના હપ્તાઓમાં e-KYC અને પાત્રતા ચકાસણી જેવી વહીવટી પ્રક્રિયાઓને કારણે લાભાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો. તેમ છતાં, યોજના ખેડૂતોને આવક સ્થિરતા અને પ્રવાહિતા પ્રદાન કરવામાં સહાયરૂપ સાબિત થઈ છે. રાજ્ય અને જિલ્લા સ્તરે અમલીકરણની અસરકારકતા અને પડકારો બંને આ અભ્યાસ દ્વારા સ્પષ્ટ થાય છે.

JEL Classification Codes: H53, Q18, O18, D31

ચાવીરૂપ શબ્દો: પીએમ-કિસાન, આવક સહાય, DBT, ખેડૂત કલ્યાણ, ગુજરાત, આણંદ

પ્રસ્તાવના:

ભારત વિશ્વના સૌથી મોટા કૃષિ આધારિત દેશોમાંનું એક છે, જ્યાં આશરે અડધીથી વધુ વસ્તી સીધી કે પરોક્ષ રીતે કૃષિ પર નિર્ભર છે. છતાં પણ ખેડૂતોની આવકમાં અસ્થિરતા, વધતા ઉત્પાદન ખર્ચ, બજાર ભાવમાં ચઢાવ-ઉતાર અને કુદરતી પરિસ્થિતિઓ જેવા પરિબળો ખેડૂતોને આર્થિક રીતે નબળા બનાવે છે. ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતો માટે ખેતી માત્ર જીવનનિર્વાહનું સાધન છે, જ્યાં તેમની આવક ઋતુઆધારિત અને જોખમસભર હોય છે. આવી પરિસ્થિતિમાં સરકાર દ્વારા આવક આધારિત સહાય આપવાની જરૂરિયાત અનુભવાઈ.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને 24 ફેબ્રુઆરી 2019ના રોજ પીએમ-કિસાન યોજના શરૂ કરવામાં આવી. આ યોજના હેઠળ પાત્ર ખેડૂતોને દર વર્ષે 6000 રૂપિયાની નક્કી રકમ સહાય ત્રણ સમાન હપ્તામાં Direct Benefit Transfer (DBT) પદ્ધતિ દ્વારા સીધા તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

આ યોજનાનો મુખ્ય હેતુ ખેડૂતોને કૃષિ ખર્ચ (જેમ કે બિયારણ, ખાતર, દવાઓ વગેરે) માટે કાર્યકારી મૂડી ઉપલબ્ધ કરાવવાનો અને તેમની આવકમાં ઓછામાં ઓછું સ્થિરતા લાવવાનો છે. DBT પદ્ધતિ અપનાવવાથી વચેટિયાઓની ભૂમિકા ઘટે છે અને પારદર્શિતા વધે છે.

ગુજરાત રાજ્ય કૃષિ ક્ષેત્રે અગ્રેસર છે અને કપાસ, મગફળી, જીરું અને શાકભાજી જેવા પાકોના ઉત્પાદનમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે. આણંદ જિલ્લો "ચરોતર" પ્રદેશ તરીકે અને દૂધ ઉત્પાદનમાં અગ્રણી સ્થાન ધરાવે છે. આ સંદર્ભમાં રાજ્ય અને જિલ્લા સ્તરે પીએમ-કિસાન યોજનાના નાણાકીય વિતરણ, લાભાર્થી વૃદ્ધિ અને નીતિગત ફેરફારોનું વિશ્લેષણ સંશોધન દૃષ્ટિએ મહત્વપૂર્ણ છે.

પ્રસ્તુત અભ્યાસનો ઉદ્દેશ ગુજરાત રાજ્ય અને ખાસ કરીને આણંદ જિલ્લામાં 14 હપ્તાઓ દરમિયાન થયેલા નાણાકીય વલણ અને લાભાર્થી સંખ્યાના ફેરફારોનું વિશ્લેષણ કરી યોજનાની આર્થિક અસરને સમજવાનો છે.

સંદર્ભ સાહિત્યની સમિક્ષા:

પીએમ-કિસાન યોજના મુખ્યત્વે ખેડૂતોને આવક આધારિત સહાય પૂરી પાડીને કૃષિ ક્ષેત્રમાં સ્થિરતા લાવવાનો પ્રયાસ કરે છે. આર્થિક દૃષ્ટિએ યોજનાની અસર, નાણાકીય વિતરણ અને અમલીકરણ કાર્યક્ષમતાને લઈને વિવિધ સંશોધનકાર્ય થયેલ છે.

Siddharth et al. (2025) એ ઉત્તર પ્રદેશમાં PM-KISAN યોજનાની આર્થિક અસરનું વિશ્લેષણ કર્યું હતું. તેમના અભ્યાસમાં જાણવા મળ્યું કે DBT પદ્ધતિ દ્વારા સીધી જમા થતી સહાય ખેડૂતોની પ્રવાહિતા વધારવામાં અને કૃષિ રોકાણમાં સહાયરૂપ બને છે. સંશોધન દર્શાવે છે કે આવક સહાય ખેડૂતોને વાવણી પૂર્વે જરૂરી મૂડી ઉપલબ્ધ કરાવવામાં મદદ કરે છે, જેના કારણે ઉત્પાદનક્ષમતા પર સકારાત્મક અસર પડે છે.

Sihag and Malik (2024) DBT પદ્ધતિની કાર્યક્ષમતાને ધ્યાનમાં લેતા એમને હરિયાણા રાજ્યમાં પીએમ-કિસાન યોજનાનું મૂલ્યાંકન કર્યું હતું. તેમના અભ્યાસ મુજબ હપ્તાવાર નિયમિત નાણાકીય વિતરણ ખેડૂતોમાં વિશ્વાસ અને પારદર્શિતા વધારવામાં મદદરૂપ બને છે. તેઓએ નોંધ્યું કે સીધી બેંક જમા પદ્ધતિ (Direct Benefit Transfer) અમલીકરણની દૃષ્ટિએ વધુ અસરકારક સાબિત થઈ છે.

Kumar and Phougat (2021) પ્રાદેશિક નાણાકીય વિતરણ અને વૃદ્ધિના વલણ અંગે એમને જણાવ્યુ કે હરિયાણા રાજ્યમાં પીએમ-કિસાન યોજનાનું વર્ણનાત્મક આંકડાકીય વિશ્લેષણ કર્યું હતું. ટકાવારી, વૃદ્ધિ દર અને ગ્રાફિક રજૂઆત દ્વારા તેમણે દર્શાવ્યું કે યોજના ખેડૂતોને ન્યૂનતમ આવક સુરક્ષા પૂરી પાડે છે. જોકે વધતા કૃષિ ખર્ચની તુલનામાં સહાયની રકમ મર્યાદિત હોઈ શકે છે.

Chavai et al. (2025) એ મહારાષ્ટ્ર રાજ્યના જિલ્લામાં યોજનાના આર્થિક ઉપયોગનું વિશ્લેષણ કર્યું હતું. તેમના અભ્યાસ મુજબ હપ્તાવાર નાણાકીય સહાયનો ઉપયોગ ખાસ કરીને કૃષિ ઈનપુટ ખરીદીમાં થાય છે, જે ખેડૂતોને ઉત્પાદન ખર્ચ ઘટાળવામાં મદદરૂપ બને છે.

ઉપરોક્ત સાહિત્ય દર્શાવે છે કે પીએમ-કિસાન યોજના આર્થિક રીતે ખેડૂતોને તાત્કાલિક આવક આધાર પૂરી પાડે છે અને DBT પદ્ધતિ અમલીકરણને પારદર્શક બનાવે છે. તેમ છતાં રાજ્ય અને જિલ્લા સ્તરે હપ્તાવાર નાણાકીય વૃદ્ધિ અને વિતરણના વલણનું વિશ્લેષણ મર્યાદિત પ્રમાણમાં જોવા મળે છે. ખાસ કરીને ગુજરાત રાજ્ય અને આણંદ જિલ્લાના સંદર્ભમાં આર્થિક વિશ્લેષણનો અભાવ જોવા મળે છે. તેથી વર્તમાન અભ્યાસ રાજ્ય અને જિલ્લા સ્તરે હપ્તાવાર નાણાકીય વિતરણ અને વૃદ્ધિના વલણનું વિશ્લેષણ કરીને આ સાહિત્યમાં રહેલી ખામીને આ પેપર પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે.

અભ્યાસના હેતુઓ:

ગુજરાત રાજ્યમાં 14 હપ્તાઓ દરમિયાન પીએમ-કિસાન યોજના હેઠળ વિતરણ થયેલી નાણાકીય રકમના વલણ અને વૃદ્ધિનું વિશ્લેષણ કરવું.

આણંદ જિલ્લામાં પીએમ-કિસાન લાભાર્થીઓની સંખ્યા, હપ્તાવાર વૃદ્ધિ અને નાણાકીય ફાળવણીનું મૂલ્યાંકન કરવું.
પીએમ-કિસાન યોજનાના અમલીકરણમાં સમયગાળા મુજબ થયેલા ફેરફારો અને તેમના પ્રભાવનું વિશ્લેષણ કરવું.

સંશોધનની પદ્ધતિ:

પ્રસ્તુત સંશોધનનો અભ્યાસ વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં દ્વિતીય કક્ષાની (ગૌણ) માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં ભારત સરકાર દ્વારા વિવિધ અહેવાલો, લેખો, રિસર્ચ પેપર અને સરકારી વેબસાઈટ નો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત માહિતી મહંદઅંશે વર્ષ 2019-23 ના વર્ષોના આંકડાઓ પર આધારિત છે.

વિસ્તારની પસંદગી:

પ્રસ્તુત સંશોધન માટે ગુજરાત રાજ્ય અને ખાસ કરીને આણંદ જિલ્લાની પસંદગી સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે.

ગુજરાત રાજ્ય કૃષિ ક્ષેત્રે દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે. રાજ્યમાં કૃષિ આધારિત આર્થિક પ્રવૃત્તિઓનું પ્રભુત્વ છે અને મોટા પ્રમાણમાં ખેડૂતો પીએમ-કિસાન યોજનાના લાભાર્થી છે. સંશોધનમાં 2019 થી 2023 દરમિયાન યોજનાના પ્રથમ 14 હપ્તાઓ દરમિયાન ગુજરાત રાજ્યમાં થયેલ નાણાકીય વિતરણ અને લાભાર્થી સંખ્યાના આંકડાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યના તમામ જિલ્લાઓ અને તાલુકા સ્તરના આંકડાઓ ઉપલબ્ધ હોવાથી રાજ્ય સ્તરે વ્યાપક આર્થિક વિશ્લેષણ શક્ય બને છે.

આણંદ જિલ્લો ગુજરાતના કૃષિ સમૃદ્ધ જિલ્લાઓમાંનું એક છે. "ચરોતર વિસ્તાર" તરીકે ઓળખાતો આ જિલ્લો જમીન, સિંચાઈ સુવિધાઓ અને દૂધ ઉત્પાદન માટે પ્રસિદ્ધ છે. જિલ્લાની અર્થવ્યવસ્થા મુખ્યત્વે કૃષિ અને કૃષિ આધારિત પ્રવૃત્તિઓ પર આધારિત છે.

પ્રસ્તુત અભ્યાસમાં આણંદ જિલ્લાના 1 થી 14 હપ્તાઓ સુધીના લાભાર્થીઓની સંખ્યા, હપ્તાવાર વૃદ્ધિ અને નાણાકીય ફાળવણીના આંકડાઓનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તાલુકા સ્તરના ડેટા ઉપલબ્ધ હોવાથી જિલ્લામાં આંતરિક તફાવતો પણ સમજવા શક્ય બને છે.

ગુજરાત રાજ્ય અને આણંદ જિલ્લામાં અભ્યાસ કરવામાં આવતા રાજ્ય સ્તરે વ્યાપક અને જિલ્લા સ્તરે સુક્ષ્મ આર્થિક વિશ્લેષણ શક્ય બને છે. રાજ્યના તમામ જિલ્લાઓના આંકડાઓ સાથે આણંદ જિલ્લાના આંકડાની તુલના કરીને પ્રાદેશિક તફાવતો અને અમલીકરણની કાર્યક્ષમતા જાણવા મળે છે.

માહિતીનું એકત્રીકરણ :

રાજયવાર લાભાર્થીઓનું વિતરણ

Sr.No.	State/UT	31/01/2024	17/08/2025
1	ANDAMAN AND NICOBAR ISLANDS	12,043	13,257
2	ANDHRA PRADESH	41,46,792	40,78,001
3	ARUNACHAL PRADESH	62,677	88,401
4	ASSAM	14,48,043	20,32,060
5	BIHAR	74,62,817	73,88,021
7	CHHATTISGARH	22,73,415	25,47,538
8	DELHI	9,454	11,555
9	GOA	6,186	6,302
10	GUJARAT	44,73,391	52,17,239

11	HARYANA	14,72,847	16,28,067
12	HIMACHAL PRADESH	7,50,480	8,40,093
13	JAMMU AND KASHMIR	8,08,426	8,80,592
14	JHARKHAND	15,67,806	19,70,011
15	KARNATAKA	45,98,444	43,87,636
16	KERALA	25,40,528	29,05,392
17	LADAKH	16,708	17,995
18	LAKSHADWEEP	1,757	2,317
19	MADHYA PRADESH	78,02,023	83,98,348
20	MAHARASHTRA	87,60,874	92,89,273
21	MANIPUR	2,35,397	1,65,127
22	MEGHALAYA	84,056	1,96,748
23	MIZORAM	77,134	1,31,481
24	NAGALAND	1,33,084	1,89,346
25	ODISHA	27,65,444	35,34,972
26	PUDUCHERRY	8,649	5,624
27	PUNJAB	6,42,043	11,45,318
28	RAJASTHAN	55,57,942	73,87,987
29	SIKKIM	18,600	32,481
30	TAMIL NADU	21,34,544	22,74,199
31	TELANGANA	30,02,292	30,69,062
32	THE DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU	11,212	11,839
33	TRIPURA	2,07,111	2,17,287
34	UTTAR PRADESH	1,89,64,158	2,84,80,655
35	UTTARAKHAND	7,20,647	8,28,787
36	WEST BENGAL	42,35,044	44,93,750
	Grand Total:	8,70,12,401	10,38,66,761

Source-Ministry of Agriculture and Farmers Welfare, Government of India

ઉપરના કોષ્ટકમાં 2024 અને 2025 વચ્ચે સમગ્ર ભારતમાં પીએમ-કિસાન લાભાર્થીઓની વૃદ્ધિ દર્શાવે છે. રાષ્ટ્રીય સ્તરે, આવરી લેવામાં આવેલા ખેડૂતોની સંખ્યા 2024 માં 8.70 કરોડથી વધીને 2025 સુધીમાં 10.38 કરોડથી વધુ થઈ ગઈ છે, જે યોજનાના સતત વિસ્તરણનો સંકેત આપે છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, બિહાર અને ગુજરાત જેવા મોટા કૃષિ રાજ્યોમાં લાભાર્થીઓની સંખ્યા સૌથી વધુ છે, જે કુલ લાભાર્થીઓમાં મોટો હિસ્સો ધરાવે છે. ઉદાહરણ તરીકે, 2025 સુધીમાં માત્ર ઉત્તર પ્રદેશમાં જ 2.84 કરોડથી વધુ ખેડૂતો યોજનામાં જોડાયા છે, જે તેની વસ્તીના કદ અને કૃષિ પર ભારે આધાર દર્શાવે છે. મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં પણ સતત વધારો જોવા મળ્યો છે, જેમાં મહારાષ્ટ્રમાં 90 લાખથી વધુ અને મધ્યપ્રદેશમાં 80 લાખથી વધુ લાભર્થીઓ જોડાયા છે.

તે જ સમયે, નાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો જેમ કે ગોવા, સિક્કિમ, અને લક્ષદ્વીપ જેવા નાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પણ ધીમે ધીમે વધારો જોવા મળે છે, ભલે તેમની કુલ સંખ્યા પ્રમાણમાં ઓછી હોય. આ સૂચવે છે કે યોજના દેશના સમગ્ર વિસ્તારના ખેડૂતો સુધી પહોંચવામાં સફળ રહી છે, રસપ્રદ વાત એ છે કે, આંધ્રપ્રદેશ અને મણિપુર જેવા

કેટલાક રાજ્યોમાં સમય જતાં સંખ્યામાં ઘટાડો જોવા મળે છે, જે કદાચ ચકાસણી, ખોટી નોંધણીઓ દૂર કરવા અથવા યોજનામાંથી ખેડૂતોના સ્થળાંતરને કારણે હોઈ શકે છે. એકંદરે, ડેટા દર્શાવે છે કે પીએમ-કિસાન યોજના ખરેખર એક રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ બની ગયો છે, જે લગભગ દરેક રાજ્ય અને પ્રદેશના ખેડૂતોને આવરી લે છે, જેમાં ઉત્તર અને પશ્ચિમ ભારતના કૃષિ પ્રભુત્વ ધરાવતા રાજ્યોમાં સૌથી વધારે લાભાર્થીઓ નો વધારો જોવા છે.

ગુજરાત રાજ્યમાં પીએમ-કિસાન યોજનાના જિલ્લાવાર લાભાર્થીઓની યાદી

Sr No	District Name	Installment -1		Installment - 2		Installment - 3		Installment - 4	
		No. of Beneficiars	Amout Relead	No. of Beneficiaris	Amount Released	No. of Beneficiars	Amount Released	No. of Beneficiaries	Amount Released
1	AHMADABAD	1,00,825	20.17	1,29,658	26	1,56,348	35.21	1,49,495	30.57
2	AMRELI	75,608	15.12	1,70,251	34.51	1,93,580	41.84	2,05,945	43.08
3	**ANAND**	**1,14,49**	**28.28**	**1,75,327**	**35.33**	**2,07,164**	**45.75**	**2,29,751**	**48.19**
4	ARVALLI	84,487	16.9	1,27,552	30.12	1,37,084	28.64	1,44,019	29.79
5	BANASKANTA	2,69,39	53.87	3,12,022	63.56	3,78,997	84.43	3,84,148	78.82
6	BHARUCH	73,102	14.62	1,19,211	24.02	1,39,768	32.85	1,40,515	29.12
7	BHAVNAGAR	1,25,18	25.03	1,58,841	32.59	1,96,535	46.13	2,04,279	43.89
8	BOTAD	39,451	7.89	53,836	11.08	71,109	17.38	72,727	15.18
9	CHHOTAUDR	60,177	12.04	76,495	15.58	83,839	17.61	91,097	18.88
10	DANG	12,669	2.53	21,006	4.2	24,024	5.23	23,432	4.8
11	DEVBHUMIWARKA	40,963	8.19	72,001	15.74	79,696	17.19	80,544	16.45
12	DOHAD	1,31,08	26.21	1,41,506	28.3	1,81,570	42.24	2,22,455	47.72
13	GANDHINAGR	88,507	17.7	1,14,631	23.12	1,29,030	28.26	1,20,975	24.87
14	GIR SOMNATH	47,806	9.56	75,524	16.39	87,855	18.99	1,04,416	26.32
15	JAMNAGAR	51,276	10.26	1,05,970	23.09	1,16,536	25.06	1,08,917	22.88
16	JUNAGADH	75,886	15.18	1,20,951	25.29	1,54,840	36.37	1,53,261	34.01
17	KACHCHH	48,748	9.75	60,968	12.42	1,23,011	34.28	1,29,946	26.71
18	KHEDA	1,32,30	26.47	1,66,816	33.67	2,03,764	47.27	2,25,489	46.61

19	MAHESANA	1,46,00	29.21	2,14,908	43.44	2,41,644	53.35	2,45,887	50.46
20	Mahisagar	95,274	19.05	1,14,367	23.4	1,28,116	27	1,30,043	26.67
21	MORBI	46,157	9.23	76,003	15.46	96,899	23	97,232	19.85
22	NARMADA	52,530	10.51	58,960	11.83	70,639	15.49	69,274	14.16
23	NAVSARI	67,124	13.42	86,316	17.39	91,087	18.94	1,00,927	20.92
24	PANCH MAHALS	1,06,52	21.31	1,32,933	26.88	1,58,158	33.17	1,80,002	36.63
25	PATAN	1,16,86	23.37	1,61,173	32.77	1,82,337	39.96	1,82,350	37.56
26	PORBANDAR	31,918	6.38	45,617	9.52	51,281	11.14	48,236	10.37
27	RAJKOT	1,28,56	25.71	1,55,839	31.37	2,14,976	54.36	2,07,045	42.31
28	SABAR KANTHA	97,885	19.58	1,64,503	40.91	1,77,715	37.29	1,85,909	38.15
29	SURAT	72,183	14.44	97,814	19.76	1,06,869	22.56	1,10,061	22.33
30	SURENDRANAGAR	68,016	13.6	1,56,297	32.92	1,71,751	37.06	1,75,438	36.36
31	TAPI	56,204	11.24	61,081	12.25	65,700	13.58	68,507	14.18
32	VADODARA	91,187	18.24	1,21,886	24.55	1,48,008	32.11	1,58,176	34.05
33	VALSAD	84,279	16.86	1,10,526	22.36	1,19,156	24.94	1,20,262	24.57
34	Grand Total	28,5950	571.91	39,60,789	819.81	46,89,086	1,048.66	48,70,760	1,016.46

Sr No	District Name	Installment -5		Installment -6		Installment -7		Installment -8		Installment -9	
		No. of Beneficiaries	Amount Released	No. of Beneficiaries	Amount Released	No. of Beneficiaries	Amount Released	No. of Beneficiaries	Amount Released	No. of Beneficiaries	Amount Released
1	AHMADABAD	1,60,053	34.61	1,70,074	35.73	1,66,495	33.97	1,71,268	38.02	1,74,275	37.36
2	AMRELI	2,19,199	47.87	2,24,277		2,07,258	41.61	2,10,083	44.34	2,08,613	42.28

3	ANAND	2,38,032	50.22	2,54,841	53.67	2,58,111	51.94	2,70,075	58.26	2,72,463	57.42
4	ARVALLI	1,55,852	34.35	1,58,442	32.04	1,60,271	32.19	1,66,605	36.39	1,76,015	37.41
5	BANAS KANTHA	4,10,625	87.44	4,25,823	86.93	4,22,660	85.04	4,36,125	93.64	4,40,798	91.96
6	BHARUCH	1,54,756	33.57	1,63,627	33.86	1,63,442	33.24	1,66,717	36.06	1,75,023	37.25
7	BHAVNAGAR	2,19,375	49.36	2,27,408	46.42	2,07,370	41.7	2,17,761	48.43	2,19,171	44.94
8	BOTAD	75,197	16.12	76,346	15.48	71,651	14.42	72,418	15.34	70,861	14.62
9	CHHOTAUDEPUR	94,030	20.63	1,01,753	21.19	1,01,541	20.36	1,06,058	22.71	1,10,815	22.85
10	DANG	25,306	5.55	27,659	5.71	27,622	5.56	30,487	7.32	30,583	6.24
11	DEVBHUMI DWARKA	82,799	17.94	83,978	17.13	82,315	16.5	83,272	17.19	83,266	16.79
12	DOHAD	3,39,590	75.44	3,90,222	83.06	3,44,785	69.06	3,44,819	69.39	3,48,055	71.4
13	GANDHINAGAR	1,29,569	27.92	1,38,507	29.5	1,33,006	27.05	1,37,009	30.12	1,37,133	28.77
14	GIR SOMNATH	1,17,517	25.6	1,19,066	24.31	1,10,332	22.14	1,11,107	23.51	1,11,441	22.86
15	JAMNAGAR	1,17,492	26.49	1,19,843	24.76	1,14,438	23.27	1,16,233	25.4	1,16,544	24.26
16	JUNAGADH	1,61,072	36.07	1,67,499	34.34	1,64,784	33.09	1,66,789	36.11	1,65,105	33.92
17	KACHCHH	1,35,077	28.32	1,38,139	27.92	1,30,625	26.17	1,32,263	27.52	1,27,424	26.24
18	KHEDA	2,45,777	51.84	2,56,617	52.14	2,55,174	51.39	2,67,164	57.37	2,76,911	57.8
19	MAHESANA	2,69,413	58.8	2,76,300	55.94	2,62,584	52.62	2,70,205	58.3	2,69,996	55.75
20	Mahi Sagar	1,49,697	32.53	1,63,279	33.87	1,67,127	33.66	1,71,351	36.86	1,72,692	36.12
21	MORBI	96,276	21	1,01,694	21.33	97,643	19.76	98,024	20.23	98,219	20.14
22	NARMADA	80,423	16.93	87,419	17.74	89,383	18.09	89,937	19.46	90,872	19.21
23	NAVSARI	1,08,445	22.65	1,13,158	23.27	1,12,306	22.54	1,21,551	26.93	1,24,685	25.78
24	PANCH MAHALS	1,92,735	41.18	2,03,895	42.57	2,01,924	40.56	2,03,532	41.81	2,21,727	47.9

25	PATAN	1,92,151	40.64	2,00,636	41.06	1,94,784	39.27	1,99,630	42.89	2,00,524	41.71
26	PORBANDAR	50,836	11.39	52,728	10.77	52,557	10.62	53,356	11.71	51,687	10.82
27	RAJKOT	2,12,143	47.49	2,22,449	46.3	2,10,471	42.59	2,12,613	44.31	2,15,030	43.82
28	SABAR KANTHA	1,91,996	40.67	1,99,848	41.22	1,97,417	39.68	2,00,004	41.8	1,93,287	40.35
29	SURAT	1,18,508	25.52	1,24,134	25.16	1,20,168	24.07	1,24,318	26.31	1,27,135	25.98
30	SURENDRANAGAR	1,81,801	39.36	1,87,139	38.19	1,83,865	36.93	1,86,502	39.28	1,89,246	38.92
31	TAPI	72,943	15.53	80,518	16.48	77,203	15.53	85,136	19.49	86,250	18.11
32	VADODARA	1,69,333	35.98	1,73,945	35.22	1,74,297	35.02	1,78,027	37.26	1,80,044	36.85
33	VALSAD	1,27,213	27.02	1,35,806	28	1,38,394	27.88	1,40,451	30.02	1,39,260	28.96
34	Grand Total	52,95,231	1,146.03	55,67,069	1,147.07	54,02,003	1,087.54	55,40,890	1,183.79	56,05,150	1,164.79

Sr No	District Name	Installment -10		Installment -11		Installment -12		Installment -13		Installment -14	
		No. of Beneficiaries	Amount Released	No. of Beneficiaries	Amount Released	No. of Beneficiaries	Amount Released	No. of Beneficiaries	Amount Released	No. of Beneficiaries	Amount Released
1	AHMADABAD	1,84,833	41.12	1,94,649	40.96	1,79,080	36.56	1,47,638	30.63	1,58,251	34.82
2	AMRELI	2,12,754	44.37	2,08,529	42.19	1,83,686	37.57	1,60,154	32.76	1,63,665	34.31
3	ANAND	2,90,148	62.99	2,94,813	61.54	2,70,760	55.24	2,13,523	43.80	2,22,992	47.37
4	ARVALLI	1,78,249	37.58	1,79,513	36.40	1,63,482	33.24	1,39,406	28.85	1,44,960	30.42
5	BANAS KANTHA	4,66,018	98.51	4,70,663	96.15	4,00,161	80.97	3,44,563	71.47	3,58,733	76.06
6	BHARUCH	1,80,882	38.43	1,81,941	38.16	1,67,752	34.98	1,37,023	28.50	1,42,239	30.22
7	BHAVNAGAR	2,25,148	47.45	2,23,803	45.71	1,94,485	39.95	1,61,458	34.17	1,67,724	36.04
8	BOTAD	74,069	15.96	73,729	14.87	66,330	13.34	55,369	11.41	59,427	12.83
9	CHHOTAUDEPUR	1,14,422	23.90	1,14,685	23.39	1,05,134	21.24	88,119	17.78	89,324	18.20
10	DANG	32,962	7.28	33,447	6.76	31,786	6.41	27,516	5.54	28,373	5.87
11	DEVBHUMI DWARKA	84,089	17.19	83,776	16.95	75,765	15.26	58,920	11.94	60,441	12.56
12	DOHAD	3,62,308	84.79	3,61,058	72.78	2,35,674	48.06	2,10,685	44.73	2,17,877	46.57
13	GANDHINA	1,40,365	29.81	1,48,021	31.77	1,30,315	26.37	1,04,753	21.62	1,09,341	23.05

	GAR										
14	GIR SOMNATH	1,12,934	23.68	1,12,662	22.99	1,03,587	21.18	88,810	19.21	91,688	19.61
15	JAMNAGAR	1,18,057	25.35	1,17,032	24.51	1,02,177	20.89	83,104	17.69	85,551	18.39
16	JUNAGADH	1,70,996	35.96	1,72,989	35.50	1,53,567	31.01	1,29,725	27.05	1,33,031	28.02
17	KACHCHH	1,35,588	29.16	1,35,841	27.57	1,22,974	25.21	1,00,929	20.61	1,04,309	21.90
18	KHEDA	2,90,917	61.68	2,94,229	60.89	2,70,590	56.15	2,14,132	44.28	2,23,585	48.31
19	MAHESANA	2,84,046	59.94	2,85,467	58.08	2,56,591	52.38	2,16,333	44.11	2,20,472	45.99
20	Mahi Sagar	1,84,195	40.57	1,71,962	34.86	1,59,132	32.03	1,37,474	32.55	1,43,739	30.44
21	MORBI	99,989	20.65	99,796	20.17	88,848	17.92	76,690	15.65	78,290	16.86
22	NARMADA	92,029	19.58	95,636	20.27	78,989	16.18	67,419	13.81	69,762	14.62
23	NAVSARI	1,33,111	28.69	1,36,714	28.06	1,27,668	25.66	1,13,735	23.17	1,17,699	24.69
24	PANCH MAHALS	2,37,417	51.08	2,38,195	48.63	2,18,549	44.04	1,93,278	39.22	1,97,699	40.95
25	PATAN	2,09,707	45.07	2,14,693	43.78	1,94,551	39.25	1,64,547	33.80	1,69,772	35.70
26	PORBANDAR	54,537	11.89	54,333	11.22	49,691	10.05	39,779	8.32	41,130	8.77
27	RAJKOT	2,18,469	45.57	2,18,952	44.55	1,89,612	38.50	1,69,346	34.97	1,72,397	37.00
28	SABAR KANTHA	2,04,273	44.12	2,07,480	42.11	1,79,480	36.23	1,53,014	31.22	1,58,069	33.12
29	SURAT	1,30,876	27.26	1,29,413	26.05	1,16,930	23.59	94,904	19.26	98,945	20.90
31	TAPI	91,843	19.95	92,671	19.11	87,015	18.13	73,917	15.12	76,438	16.00
32	VADODARA	1,87,248	39.68	1,91,892	38.99	1,72,314	34.78	1,41,650	29.00	1,46,043	30.91
33	VALSAD	1,46,824	31.63	1,45,953	29.79	1,37,909	28.82	1,20,198	25.50	1,23,891	26.11
34	Grand Total	58,42,073	1,250.89	58,77,952	1,204.26	51,86,560	1,055.91	43,64,624	905.83	45,17,823	956.76

Source-Ministry of Agriculture and Farmers Welfare, Government of India

ઉપરના કોષ્ટકમાં ગુજરાત રાજ્યમાં પીએમ-કિસાન યોજના હેઠળ 2019 થી 2023 દરમ્યાન કુલ 14 હપ્તા ખેડૂતોને આપવામાં આવ્યા છે. શરૂઆતના તબક્કામાં આશરે 28.6 લાખ ખેડૂતો જોડાયા હતા, પરંતુ દરેક નવા હપ્તા સાથે ખેડૂતોની સંખ્યા વધી અને દસમા હપ્તામાં 58.42 લાખથી વધુ ખેડૂતોને લાભ મળ્યો. આ હપ્તામાં અત્યાર સુધીનું સૌથી મોટું નાણાકીય વિતરણ થયું, જે આશરે ₹1,250 કરોડ જેટલું હતું. જોકે તાજેતરના હપ્તાઓમાં ખેડૂતોની સંખ્યા ઘટી ગઈ છે. બારમા હપ્તામાં આશરે 52 લાખ ખેડૂતોને લાભ મળ્યો હતો, જ્યારે તેરમાં હપ્તામાં આ સંખ્યા ઘટીને આશરે 43.65 લાખ સુધી સીમિત રહી. આ ઘટાડાનું મુખ્ય કારણ e-KYC ફરજીયાત થવું, આધાર અને બેંક ખાતાની લિંકિંગની કડક ચકાસણી તથા અપાત્ર ખેડૂતોને યાદીમાંથી દૂર કરવું છે. આમ ગુજરાતના તમામ જિલ્લાઓના (PM-KISAN) યોજના હેઠળ દરેક હપ્તામાં કેટલા ખેડૂતોને લાભ મળ્યો અને કેટલા રૂપિયા જમા થયા તેની માહિતી આપવામાં આવી છે.

ઉપરનું કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ આણંદ જિલ્લાએ તમામ હપ્તાઓમાં પીએમ-કિસાન યોજનામાં ખેડૂતોની હાજરી રહી હતી. 10મા હપ્તામાં, લગભગ 2.9 લાખ ખેડૂતોને લાભ મળ્યો હતો, જેમાં ₹62 કરોડથી વધુ તેમને નાણાં ફાળવવામા આવ્યા હતા. પછીના હપ્તાઓમાં પણ, જ્યારે રેકોર્ડ અપડેટ્સ અને પાત્રતા ચકાસણીને કારણે લાભાર્થીઓની સંખ્યામાં થોડો ઘટાડો થયો હતો, ત્યારે પણ આણંદને 2.2 લાખથી વધુ ખેડૂતોને સહાય મળી હતી, અને જાહેર કરાયેલ રકમ 47.37 કરોડથી વધુ રહી

હતી. આનાથી બનાસકાંઠા, દાહોદ અને મહેસાણા સાથે પીએમ-કિસાન યોજનાની દ્રષ્ટિએ ગુજરાતમાં આણંદ અગ્રણી જિલ્લાઓમાંનો એક બને છે. લાભાર્થીઓની ઉચ્ચ સંખ્યા દર્શાવે છે કે આણંદના ગ્રામીણ વિસ્તારોમાં આ યોજનાનો વ્યાપક ફેલાવો છે, જે ખેડૂત પરિવારોના મોટા વર્ગને સીધી આવક સહાય પૂરી પાડે છે.

માહિતીનું વિશ્લેસન:

આણંદ જિલ્લાના PM-KISHAN યોજનાનાના લાભાર્થીઓની સંખ્યા

Number	Number of Beneficiaries
1	1,14,149
2	1,75,327
3	2,07,164
4	2,29,751
5	2,38,032
6	2,54,841
7	2,58,111
8	2,70,075
9	2,72,463
10	2,90,148
11	2,94,813
12	2,70,760
13	2,13,523
14	2,22,992

Source-Ministry of Agriculture and Farmers Welfare, Government of India

આણંદ જિલ્લાનો વૃદ્ધિદર:

પ્રથમ હપ્તામાં લાભાર્થી: 1,14,149

અગિયારમા હપ્તામાં લાભાર્થી: 2,94,813


Growth Calculation: 2,94,813-1,14,149/ 1,14,149 × 100=158%

એટલે કે 1 હપ્તાથી 11મા હપ્તા સુધી અંદાજે 158% વૃદ્ધિ નોંધાઈ છે.

પરંતુ 11મા થી 13મા હપ્તા:

Growth Calculation: 2,13,523-2,94,813/2,94,813 × 100 = -27%

એટલે e-KYC બાદ અંદાજે 27% ઘટાડો નોંધાયો.



પ્રથમ હપ્તામાં આણંદ જિલ્લામાં પીએમ-કિસાન યોજનાના 1,14,149 લાભાર્થી નોંધાયા હતા, જે યોજનાના પ્રારંભિક તબક્કાને દર્શાવે છે. ત્યારબાદ બીજા હપ્તાથી લઈને 11મા હપ્તા સુધી લાભાર્થીઓની સંખ્યામાં સતત વધારો જોવા મળે છે. 11મા હપ્તામાં સૌથી વધુ 2,94,813 લાભાર્થી નોંધાયા, જે યોજનાની મહત્તમ આવરી લેવાની સ્થિતિ દર્શાવે છે.

પરંતુ 12મા અને 13મા હપ્તાથી લાભાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો. 13મા હપ્તામાં સંખ્યા ઘટીને 2,13,523 થઈ ગઈ. ત્યારબાદ 14મા હપ્તામાં ફરી થોડો વધારો જોવા મળ્યો અને સંખ્યા 2,22,992 થઈ.

આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે શરૂઆતના તબક્કામાં PM-Kisan યોજના આણંદ જિલ્લામાં ઝડપથી વિસ્તરી હતી અને વધુ ખેડૂતો યોજનામાં જોડાયા હતા. હપ્તા 2 થી 11 દરમિયાન નોંધાયેલો સતત વધારો યોજનાની અસરકારક અમલવારી અને ખેડૂતોમાં વધતી જાગૃતિ દર્શાવે છે. પરંતુ ત્યારબાદ e-KYC ફરજિયાત બનાવવી, બેંક ખાતાની વિગતોની ચકાસણી કરવી તથા બોગસ અથવા અયોગ્ય લાભાર્થીઓને યાદીમાંથી દૂર કરવા જેવા સરકાર દ્વારા લેવાયેલા વહીવટી પગલાંના પરિણામે લાભાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો હોઈ શકે છે.

અભ્યાસના તારણો:

પ્રસ્તુત અભ્યાસમાં પીએમ-કિસાન યોજના હેઠળ 2019 થી 2023 દરમ્યાન ગુજરાત રાજ્ય અને આણંદ જિલ્લામાં આપવામાં આવેલા 14 હપ્તાઓના આંકડાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું. પરિણામે જાણવા મળે છે કે યોજનાના શરૂઆતના તબક્કામાં લાભાર્થીઓની સંખ્યા ઓછી હતી, પરંતુ સમય જતાં નોંધણી, જાગૃતિ અને વહીવટી સુગમતાના કારણે સતત વધારો નોંધાયો.

ગુજરાત રાજ્યમાં પ્રથમ હપ્તાથી દસમા હપ્તા સુધી લાભાર્થીઓની સંખ્યા નોંધપાત્ર રીતે વધી અને નાણાકીય વિતરણ પણ સર્વાધિક રહ્યું, જે યોજનાના વ્યાપક અમલીકરણનો સંકેત આપે છે. આણંદ જિલ્લામાં પણ સમાન વલણ જોવા મળ્યું, જ્યાં 11મા હપ્તા સુધી લાભાર્થીઓની સંખ્યા મહત્તમ સ્તરે પહોંચી.

પરંતુ 12મા અને 13મા હપ્તાથી લાભાર્થીઓમાં ઘટાડો નોંધાયો, જે e-KYC, આધાર-બેંક ચકાસણી અને અપાત્ર લાભાર્થીઓને દૂર કરવાના વહીવટી પગલાંનું પરિણામ હોવાનું જણાય છે.

એકંદરે, પીએમ-કિસાન યોજના ખેડૂતોને ન્યૂનતમ આવક આધાર પૂરો પાડવામાં સફળ રહી છે. અને DBT પદ્ધતિએ પારદર્શિતા વધારી છે. તેમ છતાં, ભવિષ્યમાં વધુ સુવ્યવસ્થિત લાભાર્થી ચકાસણી અને ડિજિટલ સુવિધાઓના સશક્તીકરણ દ્વારા યોજનાની અસરકારકતા આવરી લેવાની ક્ષમતા વધુ મજબૂત બનાવી શકાય.

સૂચનો:

e-KYC અને ડિજિટલ પ્રક્રિયા સરળ બનાવવી જોઈએ જેથી નાના અને સીમાંત ખેડૂતોને મુશ્કેલી ન પડે.

પાત્રતા ચકાસણી નિયમિત, પારદર્શક રીતે કરવી જોઈએ જેથી યોગ્ય લાભાર્થીઓ જ જોડાયેલા રહે.

સહાયની રકમ સમયાંતરે કૃષિ ખર્ચને ધ્યાનમાં રાખીને વધારવા અંગે વિચારણા કરવી જોઈએ.

ગ્રામ્ય વિસ્તારોમાં જાગૃતિ કાર્યક્રમો વધારવા જોઈએ જેથી કોઈ પાત્ર ખેડૂત યોજનાથી વંચિત ન રહે.

જિલ્લા સ્તરે સમયાંતરે મૂલ્યાંકન અભ્યાસ કરવામાં આવે જેથી નીતિ સુધાર માટે આધાર મળી શકે.

REFERENCES:

Chavai, A. M., Kadam, K. R., Dahatonde, A. S., Kad, R. N., & Lawand, A. P. (2025). Perception of farmers towards the PM-KISAN scheme: Evidence from Ahilyanagar district, Maharashtra. International Journal of Agriculture Extension and Social Development, 8(7S), 24–27. https://doi.org/10.33545/26180723.2025.v8.i7Sa.2117

Ghosh, B., Burman, R. R., Padaria, R. N., Paul, S., Mahra, G. S., Kumar, P., Bhowmik, A., Mallick, S., Saini, S., Gorai, S. K., Mukherjee, S., & Quader, S. W. (2024). Performance of cash transfer program on farmers' livelihood: Evidence from PM-KISAN scheme of India. Frontiers in Sustainable Food Systems, 8, Article 1478795. https://doi.org/10.3389/fsufs.2024.1478795

Ghosh, B., Burman, R. R., Padaria, R. N., Mahra, G. S., Paul, S., Kumar, P., Bhowmik, A., Mallick, S., Saini, S., Gorai, S. K., Mukherjee, S., & Quader, S. W. (2024). Assessing the operational constraints of direct benefit transfers: An empirical investigation of PM-KISAN scheme of India. Journal of Experimental Agriculture International, 46(9), 481–488. https://doi.org/10.9734/jeai/2024/v46i92846

Kumar, D., & Phougat, S. (2021). Analysis of Pradhan Mantri Kisan Samman Nidhi (PM-KISAN) scheme: With special reference to Haryana state. Journal of Global Agriculture and Ecology, 12(2), 1–8. https://ikprress.org/index.php/JOGAE/article/view/7064

Ministry of Agriculture and Farmers Welfare. (2019). PM-Kisan scheme operational guidelines. Government of India. https://pmkisan.gov.in

Ministry of Agriculture and Farmers Welfare. (2023). PM-Kisan beneficiary and installment dashboard data. Government of India. https://pmkisan.gov.in

Ministry of Agriculture and Farmers Welfare. (2024). PM-Kisan dashboard and beneficiary statistics. Government of India. https://pmkisan.gov.in

Siddharth, R., Rajan, P., Shrivastava, P., & Naberia, S. (2025). Perceived effectiveness of PM-KISAN scheme as a direct benefit transfer (DBT) initiative in enhancing livelihood resilience of farmers in Uttar Pradesh, India: A factor analytical approach. Journal of Experimental Agriculture International, 47(8), 652–661. https://doi.org/10.9734/jeai/2025/v47i83707

Sihag, R., & Malik, D. P. (2024). Pradhan Mantri Kisan Samman Nidhi (PM-KISAN scheme): Assessing the effectiveness of direct benefit transfer to farmers. International Journal of Agriculture Extension and Social Development, 7(3), 475–478. https://doi.org/10.33545/26180723.2024.v7.i3f.462

Verma, O. S. (2019). PM KISAN scheme: Direct benefit transfer to farmers. Journal of Extension Systems, 35(1). https://www.journals.acspublisher.com/index.php/jes/article/view/901